હતા કવિ નર્મદાશંકર જ ઘણુંખરું હતા. પુષ્ટિમાર્ગ અને વૈષ્ણવ મહારાજ તથા તેના અનુયાયી પ્રત્યે તેને ભારે અણગમો હતો એ હકીકત સર્વવિદિત છે. આથી મને લાગે છે – હું માનું છું કે અખાની ઉક્ત કાવ્યપંક્તિને ટાંકીને પુષ્ટિમાર્ગને હીન ચીતરવાની તક તેણે લીધી હતી. પરંતુ ધન હરે......[૯૦] કાવ્ય પંક્તિઓનું ગુરુ કર્યા..... વગેરે કાવ્ય પંક્તિઓનું જોડાણ કઇ રીતે થવા પામ્યું એ પ્રશ્ન બની રહે છે.

શ્રીગોકુલનાથજી અને અખો કદાપિ રૂબરૂમાં મળ્યા હતા કે કેમ એ પ્રશ્નની બીજી રીતે ચકાસણી થઇ શકે – એટલે કે ગુરુ કર્યા.... વગેરે તેમજ "ત્રણ મહાપુરુષ અને ચોથો આપ"[૯૧] વગેરે એ કાવ્યંપક્તિ છપ્પાની રચના કરી ત્યારે શું અખો ગોકુલ ગયો હતો ખરો ? શ્રીગોકુલનાથજીના જીવન વિશે થયેલાં લખાણો જોતાં તેમાં એવું લખેલ છે કે વિક્રમ સંવત ૧૬૪૬-૪૭ આપશ્રી ગુજરાત પધાર્યા હતા અને અસારવા નામક સ્થળે સારો એવો સમય રહ્યા હતા. અખાનો સમયકાળ અનિશ્ચિત છે એ એક હકીકત છે. "ગુરુ કર્યા....." એ કાવ્યપંક્તિ છપ્પો જે તેણે લખ્યો છે એના આધારે અને કવિશ્રી ઉમાશંકરે લખ્યું છે તે પ્રમાણે[૯૨] કવિ અખાનો જીવનકાળ જો લગભગ ૧૬૪૭-૧૭૧૦નો હોય તો, તેનો મિલાપ શ્રીગોકુલનાથજી સાથે થયો હોય એ સંભવિત નથી જણાતું. વળી, કોઇપણ વૈષ્ણવ લેખકના લખાણમાં અખા અને શ્રીગોકુલનાથજીના મિલન થયા બાબતનો ઉલ્લેખ થયો નથી. આનો આધાર લઇને આપણે અખો ગોકુલ ગયો નહોતો એમ નિશ્ચિતપણે કહી શકીએ નહીં. પરંતુ અખાના લખાણમાં થયેલ વિધાન "ગુરુ કર્યા...."[૯૩] આ મુદ્દો સર્વથા સ્પષ્ટપણે કહે છે એટલે તેની ખરાઇ વિશે આપણે શંકા કરી શકીએ નહીં. પરંતુ શ્રી ઉમાશંકર જોષીએ "પ્રપંચ અંગ" એ અખાની કાવ્યપંક્તિઓનું જે લખાણ કર્યું છે તે તેમણે તેની આઠ પાંડુલિપિ-હસ્તપ્રતોનો[૯૪] અભ્યાસ કર્યા પછીનું છે અને ગુરુ કર્યા.....નો એ અખાને લખેલો છપ્પો તેમણે જોયેલી ઘણીખરી હસ્તપત્રોમાં હોવાનું માલૂમ પડેલું. ત હકીકતને જોતાં અખાએ પોતે ઉક્ત છપ્પો તેણે જ લખ્યો છે એ હકીકતની સચ્ચાઇને અસાબિત કરવા માટે આપણી પાસે કોઇ આધાર રહેતો નથી.

આ સંજોગોમાં હકીકત એવી બને છે કે અખો ગોકુલ જઇને શ્રીગોકુલનાથજીને મળ્યો હશે અને આપશ્રીએ તેને પુષ્ટિમાર્ગમાં પ્રવેશ આપતી દીક્ષા દઇને શરણે લીધો હશે. તે પછી, અખાએ ઘણા સમય સુધી પુષ્ટિમાર્ગીય ભક્તિ[૯૫] કરી હશે, પરંતુ તેના આત્માને એ પ્રકારની પૂજા-ભક્તિ કરવાથી સંતોષ થયો નહિ હોય એવું શક્ય છે. આથી ગુજરાતી સાહિત્યમાં માત્ર કેટલેક સ્થળે લખાણ થયું છે, તેથી પુષ્ટિમાર્ગ વિશે ભારે હીણપતભર્યું વિચારવા-લખવા અખો પ્રેરાયો હતો એવું તારણ આપણે કાઢી શકીએ નહીં. જો એમ હોત તો, તેણે ત્રણ પુરુષ અને ચોથો આપ એવી અન્ય કાવ્ય પંક્તિઓ લખી ન હોત જેનો અર્થ થાય છે કે, તેને પુષ્ટિમાર્ગના થયેલા ત્રણ આચાર્યો વિશે સંપૂર્ણ

સંદર્ભ નોંધ : ૯૦ આ પંક્તિઓ જડભક્તિ અંગમાં જોવા મળે છે. જુઓ અખાના છપ્પા ઉમાશંકર જોશીનું પ્રકાશિત પુસ્તક પૃ. ૩૦૦

સંદર્ભ નોંધ : ૯૧ ત્રણ મહાપુરુષ ને ચોથો આપ, જેહની ન થાયે વેદે થાપ, એને ઉર અંતર સીધો જાણ, ત્યારપછી ઉઘડી મુજ વાણ- ઉમાશંકર જોષી - અખો.અંક અધ્યયન-પૃ.૨૭

સંદર્ભ નોંધ : ૯૨ જુઓ ઉપર્યુક્ત પુસ્તકનું પૃ. ૭૧

સંદર્ભ નોંધ : ૯૩ જુઓ પછે ગુરુકરવાને ગોકુલ ગયો (ક્રમાંક ૧૬૭) અખાના છપ્પા પૃ. ૩૨

સંદર્ભ નોંધ : ૯૪ જુઓ-અખાના છપ્પા પૃ. ૧૪૮

સંદર્ભ નોંધ : ૯૫ નીચે દર્શાવેલ અખાના લખેલા છપ્પામાં અખાની આત્મકથાના અંશ જોવા મળે છે. તિલક કરતાં ત્રેપન વહ્યાં, જપમાળાનાં નાકાં ગયા, તીરથ ફરી ફરી થાક્યાં ચરણ તોય ન પહોંચ્યા હરિને શરણ-"જુઓ અખો એક અધ્યયન" પૃ. ૬૫

આદરભાવ હતો. વળી અખા ઉપર ભક્તિમાર્ગની ભારે ઊંડી અસર[૬૬] ત્યારપછી પણ રહેવા પામી હતી અને તેથી જ તેણે તેની રચનાઓમાં ભક્તિનો[૬૭] એટલે કે અલબત્ત નિર્ગુણ ભક્તિનો સગુણ ભક્તિના બદલે પરમઆનંદ-બ્રહ્મની પ્રાપ્તિ કરવાની દિશામાં પ્રગતિનાં પ્રથમ સોપાન-ઉપાય તરીકે અપનાવવો એવું ભારપૂર્વક કહ્યું છે.

(૯) શ્રીગોકુલનાથજીનું નિજી વ્યક્તિત્વ

તિલક-માલાના પ્રસંગની ઐતિહાસિક ઘટના વખતે શ્રીગોકુલનાથજીના નિજી આત્મબળની કસોટી થઇ હતી. તે કસોટીમાં આપશ્રી દૃઢતાપૂર્વક પાર ઉતરતાં ભારે કીર્તિ પ્રાપ્ત થઇ હતી. આપશ્રી માત્ર તે ઘટનાને કારણે મહાન બન્યા નહોતા, પણ આપનામાં રહેલા નિજી ગુણોએ આપને મહાન બનાવ્યા હતા. આપશ્રી વિદ્વાન છતાં ભારે નમ્ર હતા. આપશ્રીના શિષ્યો આપશ્રીની બેહદ પ્રશંસા કરતા હતા, છતાં અભિમાની બન્યા નહોતા. આપશ્રીએ પિતાજીએ કરેલા દેવાંની અદાયગી કરવાની સમગ્ર જવાબદારી શિર પર લઇને નિજી ઉદારચિત્તતા દર્શાવી હતી. વળી બીજાનાં સુખ સગવડ સારુ કદાપિ નિજી સુખસગવડની પરવા-દરકાર આપશ્રી કરતા નહિ, એટલે કે હૃદયથી ઉદાર હતા. નયનસુખ નામનો આપશ્રીને પ્રિય એવો અશ્વ હતો તે ભત્રીજા મુરલીધરે માંગતા, ક્ષણભર પણ વિચાર કર્યા વિના ઉદારતાપૂર્વક તેને આપી દીધો હતો અને બંધુ બાલકૃષ્ણ ચાલી શકતો નથી તે જોતાં-વેંત આપશ્રીએ તેને આપની ચરણપાદુકા આપી દીધી હતી.[૬૮]

શ્રીગોકુલનાથજી કુશાગ્રબુદ્ધિ પંડિત હતા, પણ આપે નર્યા તત્ત્વજ્ઞાનને બદલે ધર્મને વ્યાવહારિક દૃષ્ટિથી પ્રબોધ્યો હતો. આપશ્રીના સમયમાં ઉપનિષદો, સ્મૃતિઓ અને પુરાણો જેવાં ઉપલબ્ધ વૈદિક અને સ્મૃતિ-સાહિત્યના ગ્રંથોમાંથી લગભગ બધાંનું અધ્યયન આપશ્રીએ કર્યું હતું જેની પ્રતીતિ આપશ્રીની કૃતિઓમાં આપશ્રીએ કરેલ વ્યાપક પ્રમાણમાં ઉદ્ધરણો ટાંક્યાં છે તે જોતાં થાય છે. આપશ્રીએ શ્રીમદ્ ભાગવત અને શ્રીસુબોધિનીજીનું આકંઠ અમૃતપાન કર્યું હતું અને તે ગ્રંથો પરનું આપનું પ્રભુત્વ અનન્ય હતું. સંસ્કૃત ભાષા પર પણ તેમનું પ્રભુત્વ અનેરું હતું તથા ભાષ્ય શૈલીમાં તેમજ સાદગીભરી વૃત્તિશૈલીમાં સુંદર રીતે લખતા હતા.[૬૯] આપશ્રી વૈદિક ઋચાઓનું સારી અને શાસ્ત્રીય ઉચ્ચારણ કરવાનું-ગાન કરવાનું જ્ઞાન[૭૦] ધરાવતા હતા, એ સર્વવિદિત છે પરંતુ આપશ્રીએ જોયું અનુભવ્યું કે સંસ્કૃત ભાષાને જાણતા લોકોની સંખ્યા નહિવત્ હતી અને તેથી લોકભાષા જેવી કે વ્રજભાષામાં આપે

સંદર્ભ નોંધ : ૬૬ આથી ઊલટું, 'અખે ગીતા'ની રચના બાબતમાં તો એટલુ જરૂર કહી શકાય તેની ખરાઇ - વિશ્વસનીયતાને પડકારી શકાય નહિ એવી તે છે કારણ કે આખી રચના વલ્લભ-સંપ્રદાયના શાસ્ત્રીય ગ્રંથો પર ઘણુખરુ આધારિત છે. આમ છતાં, અખાના વ્યક્તિત્વની વિવિધતાને આભારી કહી શકાય એવી કેટલીક મુશ્કેલી અનુભવ્યા બાદ આપણે એવા વાજબી નિર્ણય પર જરૂર આવી શકીએ કે તેની ઉક્ત રચનામાં વૈષ્ણવ સંપ્રદાયના ગ્રંથોના સિદ્ધાંતોની વિશુદ્ધ વિચારધારાની શુદ્ધ રત્નોની માળા છે જેમાં શંકરમતના વેદાંતમાં કેટલાંક કંકર વેરાયેલ છે.

ડૉ. એન.એ. ટુથી લિખિત સન ૧૯૩૫ પ્રકાશિત પુસ્તક ગુજરાતના વૈષ્ણવો પૃ. ૨૪૦ પર જુઓ

સંદર્ભ નોંધ : ૬૭ જીવઇશ્વર અંગ ભક્તિ અંગ (પૃ. ૩૬ પૃ. ૪૨) અખાના છપ્પા.

સંદર્ભ નોંધ : ૬૮ જુઓ-સંદર્ભ નોંધ ૧૯ અને વળી એમ.એલ.ગાંધી લિખિત શ્રીગોકુલનાથજીનું જીવન-ચરિત્ર પૃ. ૧૯૧

સંદર્ભ નોંધ : ૬૯ જુઓ 'અસ્મત્ કુલમ્' અને 'ગાયત્રીભાષ્ય' પરની આપશ્રીની ટીકા-ગ્રંથો અને 'સર્વોત્તમ સ્તોત્ર' પરની આપની લાંબી ટીકા

સંદર્ભ નોંધ : ૭૦ તે અક્ષર સ્વર માત્રા ચૂકે તો તેને કર નીખાને કરી વરજે। જુઓ તત્ત્વાર્થ દોહન-અનુગ્રહ ગ્રંથ ૧૪ - પૃ ૪૧૭

ઉપદેશ આપવાનું પસંદ કર્યું હતું. આપના ગ્રંથોમાં ઘણાખરા ગ્રંથો આપે સંસ્કૃત ભાષામાં લખ્યા હતા અને તે બધા આપશ્રીના પિતા અને પિતામહના ગ્રંથો પર લખેલાં ભાષ્યોરૂપે હતા. ઉક્ત ભાષ્ય-ટીકા ગ્રંથોમાં આપશ્રીએ તેમના ધર્મ-સિદ્ધાંતોનું સર્વથા સુંદર વિવેચન કર્યું હતું. વ્રજભાષામાં આપશ્રીએ કરેલા ઉપદેશોમાં ખાસ કરીને લખેલી વાર્તા અને વચનામૃતોમાં આપશ્રી મૌલિક હતા. વળી આપશ્રી કવિ પણ હતા એમ શ્રીગિરધરજી (વિ.સં. ૧૮૫૪-૧૯૩૩) જેવા કેટલાક ગ્રંથકારોએ કહ્યું છે પરંતુ આપશ્રીના લિખિત એવાં પદો અને દોહાઓની સંખ્યા જૂજ હોવાનું જણાયું છે. આપશ્રી એક અચ્છા કવિ તરીકે પ્રસિદ્ધ થયા નહોતા એમ લાગે છે.[૭૧]

જ્યારે પણ આપશ્રીની સાથે તત્ત્વજ્ઞાન અને ધર્મશાસ્ત્રોની ચર્ચા માટે એટલે કે વાદવિવાદ કે પ્રવચનો કરવાની માંગણી થઇ આવતી ત્યારે તેમ કરવામાંથી આપશ્રી કદાપિ પાછીપાની કરતા નહીં. આપશ્રી માલા અને તિલકના પ્રશ્ન અંગે-તેના મહત્ત્વ અંગે સન્યાસી ચિદ્રૂપ સાથે ચર્ચા કરવા સદૈવ તત્પર હતા, પરંતુ સંન્યાસી ચિદ્રૂપનું તેમ કરવા માટે કોઇ જ વલણ હોય કે તત્પરતા હોય તેવું જણાયું નહીં. જ્યારે આપશ્રી ગુજરાતમાં નિવાસ કરતા હતા તે સમય દરમિયાન સૂરત અને અમદાવાદમાં[૭૨] મુકામ વખતે આપશ્રીને તત્ત્વજ્ઞાનના પ્રશ્નો અંગે-પ્રવચનો કરવાના સંજોગો ઊભા થયા હતા. કાશ્મીર નિવાસ દરમિયાન એક કાશ્મીરી પંડિતે તત્ત્વજ્ઞાન વિષયક ચર્ચા-વિચારણા આપશ્રી સાથે થઇ હતી અને તેમાં તેને ભારે આનંદની અનુભૂતિ થઇ હતી. તે પંડિતે શ્રીગોકુલનાથજીને પોતાની બે કૃતિઓની નામે વિષ્ણુ-ધર્મોત્તર અને વ્યાકરણની ભેટ અર્પણ કરી હતી એવો અહેવાલ છે.[૭૩]

ગૌમાતા માટે આપશ્રીને અત્યંત પ્રેમ હતો અને આપશ્રી ગૌમાતા-ગાયને પરમધન ગણી પાલન કરતા. આપશ્રી જ્યારે ગોકુલથી સોરમજીમાં બાદશાહ જહાંગીરને મળવા ગયા ત્યારે આપશ્રી પ્રવાસ દરમિયાન પણ પોતાની ગાયોને લઇ જવાનું ભૂલ્યા નહોતા. જ્યારે પુરુષોત્તમદાસે વિનંતિ કરી કે માત્ર થોડી ગાયોને કાશ્મીર લઇ જઇએ ત્યારે આપે આજ્ઞા કરી કે હું જયાં જઇશ અને જ્યારે પણ જઇશ ત્યારે મારી તમામ ગૌમાતા મારી સાથે જ આવશે[૭૪] જ્યારે આપશ્રી સોરમજીથી પરત ગોકુલ આવવા આપશ્રીએ પ્રવાસ કર્યો હતો ત્યારે આપશ્રી પ્રવાસ ધીમી ગતિએ કરવા આજ્ઞા કરી હતી જેનો આશય હતો કે પ્રવાસ કરવામાં ગૌમાતા અને વાછરડાંઓને અધિક શ્રમ પડે નહિ અને થાકી જાય નહીં.

શ્રીવિઠ્ઠલનાથજીને-આપશ્રીના પિતાશ્રીને શ્રીગોકુલનાથજીમાં ભાવિઆચાર્યનાં દર્શન થયાં હતાં અને શ્રીવિઠ્ઠલનાથજીને આપશ્રી માટે ભારે પ્રેમ હતો તથા આપશ્રીમાં ભારે વિશ્વાસ હતો.[૭૫] આથી શ્રીવિઠ્ઠલનાથજીએ અન્ય પુત્રોને ચતુર્થ બાલક એવા વલ્લભ એટલે કે શ્રીગોકુલનાથજીની[૭૬] આજ્ઞામાં રહેવાની સૂચના કરી હતી.

સંદર્ભ નોંધ : ૭૧ જુઓ પ્રકરણ ૩(ઇ)

સંદર્ભ નોંધ : ૭૨ જુઓ આ પ્રકરણનું પૃ. ૬૪

સંદર્ભ નોંધ : ૭૩ જુઓ શ્રી એમ.એલ.ગાંધી લિખિત શ્રીગોકુલનાથજીનું જીવન-ચરિત્ર પૃ-૨૩૩

સંદર્ભ નોંધ : ૭૪ જુઓ પાદટીપ ક્રમાંક ૬

સંદર્ભ નોંધ : ૭૫ એક વખત શ્રીવિઠ્ઠલનાથજીએ કાકા શ્રીહરિવંશજીને આજ્ઞા કરતાં કહ્યું હતું
કહા તુમ્હારી ઔર કી અરુ એતન માર્ગસાથ। મેરી ઔર શ્રીનાથજી કી દોરી ઇન કે હાથ।
-પ્રાકટ્ય સિદ્ધાંત સ્તોત્ર ૧૦૭

સંદર્ભ નોંધ : ૭૬ એક વખત કોઇ પ્રવાસમાં જતી વખતે એક શિષ્યે શ્રીવિઠ્ઠલનાથજી પર છત્ર રાખ્યું હતું
તેને આજ્ઞા કરી કે અડધું છત્ર શ્રીવલ્લભજી અર્થાત શ્રીગોકુલનાથજીને ધરો.
સ્તોત્ર ૧૧૪ જુઓ-કહા પરત મોહી ઉપર ધર શ્રીવલ્લભ કે શીશ।

શ્રીગોકુલનાથજી એક સારા વહીવટકર્તા અને વૈષ્ણવો તથા સાધુઓની સારી સારસંભાળ રાખનાર હતા. જ્યારે પણ કોઇ વૈષ્ણવ આપની પાસે આવતો ત્યારે આપશ્રી તેનામાં વ્યક્તિગત રસ દાખવતા અને તેની બધી જ સુખસગવડો અને જરૂરીઆતો પ્રત્યે ધ્યાન અપાય તેવો પ્રબંધ થાય તે જોતા. ભગવદીયો માટેના તેમના પ્રેમને દાખવતા એવા અનેક પ્રસંગો જાણીતા છે. આપશ્રી જ્યારે ગુજરાત અને કાશ્મીરના પ્રવાસમાં હતા ત્યારે ઘણા લોકો, શિષ્યો તેમજ સેવકો આપની સાથે હતા. ત્યારે આપશ્રીએ તેમાંના દરેકને કંઇને કંઇ કામગીરી કરવાની જવાબદારી સોંપી હતી પરંતુ તે બધાનાં સ્વાસ્થ્ય અને સુખસગવડનું સ્વયં ધ્યાન રાખતા હતા. એક વખત કાશ્મીરની યાત્રા દરમિયાન બન્યું એવું કે સુંદરદાસ સુલકનપુરી અશ્વના (ખાવું) ખાવાનું આપવાના તોબરાને ઉતારી શક્યા નહિ, પરંતુ આપશ્રીએ તેના માટે તેમને ઠપકો આપ્યો નહિ અને સ્વયં શ્રીગોકુલનાથજીએ તે કાઢી નાંખ્યો હતો. વળી એક વખત, ગિરધર દરજીને એક સેવકે તેનો કોઇ જ વાંક ન હોવા છતાં માર્યો અને તેની જાણ શ્રીગોકુલનાથજીને થતાં તેમણે તુરત જ સેવામાંથી હાંકી કાઢ્યો હતો, કારણ કે તેનું વૈષ્ણવ પ્રત્યેનું એ કૃત્ય દુર્વ્યવહારપૂર્ણ હતું. તેવી જ રીતે, ચતુરનાગ અને અન્ય સાધુસંતો તેમના અતિથિ બન્યા હતા. અને આ પ્રસંગ આપશ્રી કાશ્મીરના પ્રવાસમાં હતા. તે વખતે આપશ્રીએ તેમના સ્વાગત અને ભોજનની સ્વયં વ્યવસ્થા કરી હતી. તે પ્રવાસ દરમિયાન આપશ્રીએ તેમણે શિષ્યો - સેવકોને બધાને ભોજન, જલપાન તથા ઊંઘમાં સંયમ રાખવા આજ્ઞા કરી હતી તથા આપે પોતે પણ તે પ્રકારે તેનું આચરણ કર્યું હતું. બીજું એક ઉદાહરણ એવું છે કે સોરમજી ખાતે આપના સેવકોને ભોજન માટે કાષ્ટ વગેરેનું બળતણ મળ્યું નહિ, તેથી આપ સ્વયં ભયંકર ઠંડીમાં બળતણ લાવવા બહાર નીકળી પડ્યા હતા. આપશ્રીને ભગવદીયો માટે ભારે આદરભાવ હતો[૭૭] અને તેમને આપશ્રી સ્વયં સમાન ગણતા તથા નિજ શિષ્યોને પણ તે અંગે પોતાના જેવો જ ભગવદીયો પ્રત્યે વ્યવહાર કરવા ખાસ આજ્ઞા કરી હતી. આપે આપના ઘણાં બધાં વચનામૃતમાં શિષ્યોને આજ્ઞા કરી છે કે આપણે ભગવદીયો પ્રતિ દુર્વ્યવહાર કદાપિ કરવો નહિ અને આપણે ભગવાન પર જેવી પ્રીતિ ધરાવીએ છીએ તેવી અને તેટલી જ પ્રીતિ ભગવદીય પર રાખવી જોઇએ. શ્રીવિઠ્ઠલનાથજી નિત્ય લીલામાં પધાર્યા ત્યારબાદ શ્રી માણેકચંદ ક્ષત્રિય નામના શ્રીવિઠ્ઠલનાથજીના કૃપાપાત્ર શિષ્યને સદૈવ શ્રીગોકુલનાથજી પોતાની સાથે જ રાખતા અને તેમના માટે ખૂબ આદરભાવ રાખતા હતા. એક વખત નિજમંદિર સેવકો એટલે કે ભીતરિયાઓએ શ્રી માણેકચંદ ક્ષત્રિયને ખબર ના પડે તે રીતે ગાયનુ છાણ રાંધેલા ચોખા ભાતમાં છુપાવીને ભોજનમાં આપ્યુ હતું, કારણ કે તે બધાને તેમની રાહ લાંબા સમય સુધી ઘણીવાર ભોજન કરતાં પહેલાં જોવી પડી હતી. શ્રીગોકુલનાથજીને આ ઘટનાની જાણ થતાં જ આપશ્રીએ તે બધા સેવકોને સેવા-વિલંબિત કરી દીધા હતા. તે બધા સાંચોરા બ્રાહ્મણો હતા. આજે પણ સાંચારા બ્રાહ્મણોને ગોકુલના મંદિરમાં રાખવામાં આવતા નથી.[૭૮] આથી આપની ન્યાયપ્રિયતા અને વૈષ્ણવો પ્રત્યેનો પ્રેમભાવ કેવો ઉચ્ચ પ્રકારનો હતો તેની પ્રતીતિ થાય છે, આપશ્રી જ્યારે ગુજરાતમાં પધાર્યા ત્યારે જોયું કે ગુજરાતી વૈષ્ણવો આપશ્રીને કેટલો બધો પ્રેમ કરતા હતા અને તેથી આપશ્રી કહેતા કે આવા

સંદર્ભ નોંધ : ૭૭ મહદંતઃ કરણમેવ પ્રમાણમ્ । તત્ત્વાર્થ દોહન પૃ. ૩૩૮ (અનુગ્રહ ગ્રંથ ૧૦)

સંદર્ભ નોંધ : ૭૮ જુઓ - હરિહરનાથ ટંડન વાર્તાસાહિત્ય પૃ. -૩૦૫ (પાદટીપ)

ભગવદીયોનાં દર્શન કરવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.[૭૯] તેવી જ રીતે એક હસ્તપ્રત(હિન્દી ક્રમાંકઃ૧૦૧ કાંકરોલી વિદ્યા વિભાગ) જે વિક્રમ સંવત ૧૭૪૬ની લિખિત છે. તેમાં એવું લખ્યું છે કે શ્રી ગોકુલનાથજી વૈષ્ણવોની વાર્તાઓ ભારે પૂજ્યભાવથી વાંચતા અને જ્યારે વાંચી ન શકતા ત્યારે ભાવવિભોર થઇ તે કૃતિઓને નિજ આંખે લગાડતા.

શ્રીગોકુલનાથજીના જીવન-ચરિત્રના બે પ્રસંગો નાભદાસની ભક્તમાલા નામક કૃતિમાં લખેલા જોવા મળે છે. (વિક્રમ સંવત ૧૬૪૦)

શ્રીગોકુલનાથજી પ્રેમશાસ્ત્રના સિદ્ધાંતોના અચ્છા જ્ઞાતા હતા; તે પ્રમાણે એ સમજતા હતા કે મનુષ્યના હૃદયમાં પ્રેમભાવ ઉત્પન્ન જ થયો ન હોય તો પછી તે કોઇ વસ્તુ કે કોઇપણ વ્યક્તિને પ્રેમ કેવી રીતે કરી શકે ? આવી સમજ એવું પણ દર્શાવે છે કે આપશ્રી નિસ્વાર્થી હતા અને આપનામાં લોકવૃત્તિનો અભાવ હતો, અને આપે લખપતિ વ્યક્તિને પોતાના શિષ્ય તરીકે સ્વીકાર્યો નહોતો. બીજો પ્રસંગ દર્શાવે છે કે આપશ્રીને ભગવદીયો માટે કેવો પ્રેમ હતો.

ગુસાંઇ ગોકુલનાથજી કે પાસ એક ધનીને લાખોં રૂપયે ભેંટ દેને કે લિયે લાકર વિનય કિયા કી મુઝે શિષ્ય કિજિયે। આપને ઉસસે પૂછા કિ કિસ વસ્તુમેં તુમ્હારી વિશેષ પ્રીતિ યા આસક્તિ હૈ। ઉસને ઉત્તર દિયા કી ' કિસી મેં નહીં।' આપને કહા કિ જબ તુમ મેં પ્રીતિકા બીજ હી નહીં, તો મૈ તુમ્હે શિષ્ય નહીં કર સકતા, યદિ કિસી મેં પ્રેમ હોતા તો ઉસે મોડ કર શ્રી શોભાધામકે ચરણોં મેં લગા દિયા જાતા।[૮૦]

કાન્હા નામક એક ભંગી મંદિર કે બાહર ઝાડુ લગાયા કરતા થા ઔર સામને સે શ્રીનાથજી કા દર્શન કર પ્રેમમેં મગ્ન હુઆ કરતા થા।

સબકી દૃષ્ટિ બાલક (ઠાકુરજી) પર ન પડે ઇસ લીએ આપને એક ભીંત (દિવાર) ખીંચવા દી। દર્શન ન પાને સે કાન્હા વ્યાકુલ હુઆ। શ્રી ઠાકુરજીને તીન રાત બરાબર સ્વપ્ન મેં આજ્ઞા કી કિ ગોકુલનાથ સે કહા કિ યહ ભીંત ગિરવા દે। કાન્હાજી આપસે તો વિનય નહીં કર સકે, પર કિસીસે કહ દિયા। જબ ગોસાંઇજીને ઉસસે પૂછા તબ ઉસને સબ વાર્તા કહી। આપ પ્રેમ મેં ડૂબે, કાન્હા કો કૃપાપાત્ર જાન હૃદય સે લગા લિયા ઔર નઇ ભીંત ગિરવા દી કયોંકિ ઉસસે સ્વપ્ન કા પ્રમાણ મિલા। પ્રેમ કી ગ્રાહકતા કી જય, પ્રેમિયોં કી જય।[૮૧]

સંદર્ભ નોંધ : ૭૯ જુઓ ઉહાં લો જાનો ભયો નહીં તો બહોરી પશ્ચાતાપ રહે તો, એસે ભગવદીયકું કૈસે દેખતે ઐસે ઐસે ભગવદીય કો દર્શન ભયો જે કહાં કહીએ। ગોપાલદાસ રસિકા-રસ-અનુગ્રહ ગ્રંથ ૪-પૃ ૩૮૧-વળી વાંચો એક બાર બાગને પ્રસંગે આગરે શ્રીવિઠ્ઠલરાયજીને ગોપાલજી ગયા હુતા॥

ત્યાંથી આવીને આપશ્રી શ્રીમહાપ્રભુજીને નમસ્કાર કરયો।
ત્યારે કરુણાસમુદ્ર અતિ દયાલુ મેં પૂછૂં જે॥
વૈષ્ણવ સબ સાથ આયે થે બાર કહ્યું જે।
વૈષ્ણવ કું તો છોડ કે હમ આગે આયેં॥
વૈષ્ણવ પાછેં તે આવેગે ત્યારે પરમઉદાર રાજ બોલ્યા જે।
વૈષ્ણવકું છોડ આયે તો લે કહા આયે॥ પ્રસંગ ૩॥

વચનામૃતની શ્રીચીમનલાલ એમ. વૈદ્યની એક હસ્તપ્રત

સંદર્ભ નોંધ : ૮૦ જુઓ હરિહરનાથ ટંડન-વાર્તાસાહિત્ય પૃ. ૪૮૨

ભક્તમાલા કવિતમાંથી ૫૧૯-૨૧ આયો કોઉ શિષ્ય....ઢરંગી।

શ્રીવિઠ્ઠલનાથજીના જીવનમાં આ પ્રસંગ બન્યો હતો.

શ્રીગોકુલનાથજી એક અચ્છા તરવૈયા હતા અને અશ્વ-સવાર હતા. આપશ્રી પ્રવાસ દરમિયાન અશ્વ પર સવાર થઈને ફરતા. આપશ્રી જ્યારે ગુજરાત પધાર્યા હતા ત્યારે ચંચલ નામના ઘોડા પર આપશ્રીએ સવારી કરી હતી. વળી, ફરવા જતા ત્યારે પણ અશ્વ પર જ જતા. આપ જ્યારે નવ વર્ષની વયના હતા ત્યારે નદીના જોરદાર પ્રવાહમાંથી એક વ્યાપારીના ઘોડાને આપે બચાવી બહાર કાઢ્યો હતો, તે પ્રસંગ તરવૈયા તરીકેની આપની હિંમતની સાક્ષી પૂરે છે.[૮૨]

આપશ્રીના અંગ-સૌષ્ઠવનું વર્ણન આપશ્રીના શિષ્યોનાં રચેલાં સ્તોત્રોમાં જોવા મળે છે આપશ્રીનું દેહસૌષ્ઠવ ભવ્ય અને આકર્ષક હતું એવું નિરૂપણ થયું છે. આપશ્રી[૮૩] દેહ-સૌષ્ઠવ સ્વભાવ અને ગુણોની બાબતોમાં આપશ્રીના પિતાશ્રીવિઠ્ઠલનાથજીની સાથે ગજબનું સામ્ય ધરાવતા હતા.[૮૪] સાધારણતયા, આપશ્રી ધોતી અને રૂની બનેલી એક શાલ (ઉત્તરીય) વસ્ત્ર અંગ પર ધારણ કરતા. આપનો કેશ-કલાપ અત્યંત લાંબો હતો.[૮૫] આપશ્રી કાનમાં કુંડળ અને કેશ-કલાપમાં કુસુમની નાની માળા બાંધતા. આપના અંગોનો વર્ણ ઘનશ્યામ હતો.[૮૬] આપશ્રી આખો દિવસ પાનનાં બીડાંને મુખમાં રાખી તેના રસનો આસ્વાદ લેતા.

શ્રીગોકુલનાથજી મહાન ગુરુ અને શિક્ષક હતા. એક સારા શિક્ષક-ગુરુમાં જે ગુણો હોવાં જોઈએ તે બન્ને ગુણો આપશ્રીમાં હતાં - એટલે કે આપશ્રીમાં જ્ઞાનનો વિશાળ ભંડાર હતો અને તે આપવાની - વિતરણ કરવાની અદ્‌ભુત શક્તિ-શૈલી હતી જેને કાલિદાસે ક્રિયા અને સંક્રાંતિ કહી છે.[૮૭] વચનામૃત સાહિત્યમાં આપશ્રીની ગુરુ તરીકેની શક્તિનું વિપુલ પ્રમાણમાં નિરૂપણ થયું જોવા મળે છે. આપશ્રીની શિક્ષણ આપવાની શૈલી વ્યાખ્યાન પદ્ધતિ નહોતી પણ પ્રશ્નોત્તર દ્વારા બોધ આપવાની હતી. ઘણું ખરું, આપશ્રી સંધ્યાકાળે કે રાત્રિના સમયે શિષ્યવૃંદની વચ્ચે બેસતા અને ધાર્મિક ચર્ચા-વિચારણા કરતા અને શિષ્યો આપશ્રીને સ્નાન કરતી વેળા અથવા તો માર્ગમાં ફરવા જાય કે પછી અંગે માલીસ અથવા ચંપી કરાવતા હોય તે વખતે પણ પ્રશ્નો પૂછી શકતા હતા. આપશ્રી જ્ઞાન-માહિતી અને દંતકથાઓના ભંડાર સમાન હતા જે ધાર્મિક વિષય કે પછી સાંસારિક પ્રશ્નોની પણ હોઈ શકે. વળી આપશ્રી ધાર્મિક અને તાત્ત્વિક સિદ્ધાંતોને ઉદહારણોસહ તથા આનંદ આપે તેવી સરળ અને હાસ્યપૂર્ણ રીતે સમજાવતા. આપશ્રી નિજના શિષ્યોથી કદાપિ દૂરનું અંતર રાખતા નહીં. આપશ્રીનું વાર્તા સાહિત્ય (૮૪ અને ૨૫૨ વૈષ્ણવોની વાર્તા નિજ વાર્તા, ભાવ-સિંધુ ઈત્યાદિ) લોકપ્રિય થયું હતું. આપશ્રીનું આ સાહિત્ય વૈષ્ણવોની ભાવદૃઢતામાં સ્થિત

સંદર્ભ નોંધ : ૮૧ આ પ્રસંગ શ્રીગોવર્ધનનાથજીના પ્રાકટ્યની વાર્તામાં પણ નોંધાયેલો છે.

સંદર્ભ નોંધ : ૮૨ જુઓ-શ્રી એમ.એલ.ગાંધી લિખિત શ્રીગોકુલનાથજીનું જીવનચરિત્ર પૃ-૧૬૪ અને હરિદાસની વિરહ-ગીતા નચાવે વિવિધ પ્રકારે પેશ્ય....

સંદર્ભ નોંધ : ૮૩ જુઓ - ભવ્યમૂર્તયે નમઃ। હરિરાયજી લિખિત શ્રીગોકુલેશજીની નામાવલી-અનુગ્રહ ગ્રંથ ૧૫-૧૧-૧૨-પૃ.૫

સંદર્ભ નોંધ : ૮૪ જુઓ તાતતણો પ્રતિબિંબ રે...
ગોપાલદાસ, નવકયન ક્રમાંક ૯ અને
તાતતુલ્ય સ્વભાવસ્યો.... અનગ્રહગ્રંથ ૧૫-૧૧-૧૨ પૃ.૪

સંદર્ભ નોંધ : ૮૫ જુઓ ચોકીએ બેઠા ભોમે સ્પરશે, એવા દોરઘ કેશ। - ગોપાલદાસ ગુજરાત ગમનલીલા - XIII- ૭૬ (અનુગ્રહ ૧૫ પૃ-૪૧૧)

સંદર્ભ નોંધ : ૮૬ ગોધૂમ મેચક મનોહર વર્ણદેહો-હરિરાયજી-ગોકુલેશાષ્ટક સ્તોત્ર-૭

સંદર્ભ નોંધ : ૮૭ શિષ્ટા ક્રિયા કલ્યચિદાત્મ સંસ્થા, સંક્રાન્તિરન્ય વિશેષયુક્તા।- કાલિદાસ માલવિકાગ્નિન્મત્ર I-૩

કરવામાં અત્યંત ઉપકારક બન્યું છે તે હકીકત સર્વથા કોઇપણ વ્યક્તિ નકારી શકે તેમ નથી. આપશ્રી નામસેવા અને સ્વરૂપ-સેવા બન્નેનો ભારપૂર્વક બોધ કરતાં અને આપશ્રીએ સ્વયં નિજ જીવનમાં તેનું પ્રત્યક્ષ આચરણ કર્યું હતું. [૮૮]

શ્રીગોકુલનાથજી ભાગવત અને સુબોધિનીજી પર પ્રભુત્વ ધરાવતા હતા. સુબોધિનીજી ભાગવત પરની ટીકા હતી. આપનું તે બંને મહાન ગ્રંથો પરનું પ્રભુત્વ અનેરું હતું, તેની આપશ્રી લિખિત બડી ટીકા નામક ગ્રંથમાં જોવા મળે છે-ખાતરી થાય છે. આપશ્રી આપના પિતાજી અને પિતામહના પગલે પગલે આગળ વધ્યા હતા અને પુષ્ટિમાર્ગના પ્રચાર અને સંગઠિત કરવામાં સાધનરૂપ-નિમિત્ત બન્યા હતા. શ્રીવલ્લભાચાર્યજીએ પુષ્ટિમાર્ગની સ્થાપના કરી હતી. શ્રીવિઠ્ઠલનાથજીએ તેના પર એક વિશાળ મહાલય બાંધ્યો હતો અને શ્રીગોકુલનાથજીએ તેનો વિકાસ કર્યો હતો અને તેનું સંરક્ષણ કર્યું હતું એમ કહીએ તો તેમાં કોઇ અતિશયોક્તિ થતી નથી. આપશ્રી પુષ્ટિભક્તિના સિદ્ધાંતોનું વ્યાખ્યા-વિવેચન કરનાર સમર્થ પ્રવર્તકોમાં એક સાચા પ્રવર્તક-અર્થપ્રદર્શક હતા. જે પુષ્ટિમાર્ગ ભગવત્ કૃપાને તેની આધારશીલા ગણે છે અને પ્રમેયને સિદ્ધાંત ગણે છે તથા ભગવત્ સેવાને જ વૈષ્ણવનું કર્તવ્ય-કર્મ ગણે છે. અન્ય બીજાં કર્તવ્યો અને પરંપરાઓ ભલે પછી તે વૈદિક હોય કે સાંસારિક હોય તેને તેનાથી ગૌણ માને છે. સ્વયં આપશ્રી પોતે પણ તદનુસાર જીવનમાં આચરણ કર્યું હતું. [૮૯-અ] અને છતાં પણ આપે વૈદિક કે સ્મૃતિના આદેશોની અવજ્ઞા કરી નહોતી. આપશ્રી જાતે જ ભગવત્ સેવા કરતા અને જ્યારે પણ [૮૯-બ] આપશ્રી અન્ય સ્થળે બહારગામ કે પ્રવાસમાં જતા ત્યારે આપ સગાં અને સેવકોને ભગવત્ સેવા સાવધાની પૂર્વક કરવી એવી ખાસ સૂચના આપીને જતા. ભગવત્ પ્રેમ આપશ્રીનો કેવો અનન્ય હતો તેનો એક પ્રસંગ સાક્ષાત્ ઉદાહરણરૂપ છે. જ્યારે શ્રીનવનીતપ્રિયાજીના રાજભોગ માટે આવશ્યક સામગ્રી પૂરી પાડતા વ્યાપારીઓએ તે આપવાની ના કહી અને રાજભોગ અટકાવ્યો, ત્યારે આપને ઘણું દુઃખ થયું અને આપશ્રીએ અન્ન ત્યાગ કર્યો હતો. આપશ્રીએ વ્યાપારીઓને તેમના લેણાં નાણાં ભરપાઇ કરવાની બાંહેધરી આપી અને શ્રીનવનીતપ્રિયાજીની સેવામાં ઊભી થયેલી અડચણને દૂર કરી હતી. આ રીતે, આપશ્રીએ વૈષ્ણવોને એવી ખાસ આજ્ઞા કરી કે ભગવત્ સેવા કરવા માટે કોઇપણ જાતનું ઉધાર-દેવું કરવું નહિ અને પોતાની પાસે હોય તેવી સાધન-સંપત્તિમાં રહીને જ ભગવત્-સેવા કરવી. [૮૯-ક]

સંદર્ભ નોંધ : ૮૮ જુઓ આપ સેવા કરો શીખયે શ્રીહરિ... નવાખ્યાન નં ૭ શ્રીગોકુલનાથજીને પણ લાગે છે.

સંદર્ભ નોંધ : ૮૯(અ) કલ્લોલ ૧૨ તરંગ ૩માં લાગ્યું છે કે આપશ્રી કેવી રીતે અમૂલ્ય અલંકારો
- વાંચો
(યાનિ યાનિ સુવર્ણસ્ય મંજુનિરજતસ્યવા) સ્વયં એકઠા કરતા અને એક પેટીમાં રાખતા અને બધી ચીજ અલંકારો વગેરે સુરક્ષિત પેટીમાં મૂકી છે કે કેમ તેમ જોઇ-સાવધાનપૂર્વક પેટી બંધ કરીને પછી જ પથારીમાં શયન કરતા હતા.

પ્રસ્થાપિતે પ્રોક્તરીત્યા શ્રીનાથે ભગવાનયં ।
દીપમાદાય ગેહેસ્ય પરિભ્રમતિ સર્વતઃ ।
નિરીક્ષ્ય સર્વનિર્દોષ નિષ્કંટકમધોશ્વર : ।
ઘડીકૃત્ય ભૃશં દ્વારે મુખ્યે દત્વા ચ તાલ કં ।
શ્રીમતા પાણીકજેન ગૃહીત્વા તસ્ય કુંચિકાં ।
તત્રૈવ રક્ષતિ શ્રીમાન્ ઉચ્છલદ્દ્ભાવભુષિતઃ ॥
કલ્લોલ-બાર-૩

સંદર્ભ નોંધ : ૮૯(બ) જુઓ ત્રિવારસંધ્યા વંદનાય નમઃ ।
હરિરાયજી-ગોકુલેશ-નામાવલી

સંદર્ભ નોંધ : ૮૯(ક) જુઓ અસમર્થ-દ્રવ્ય નું હોય તો મૂઠી
છોલા સમારીને આગળ રાખવા, એ માર્ગકર્તા શ્રીઆચાર્યજીનો સિદ્ધાંત છે-માટે એ રીતે ભાવપૂર્વક સેવા કરવી.-ગોપાલદાસઃ તત્ત્વાર્થ દોહન અનુગ્રહ ચૌદ પૃ ૩૫૯

આપશ્રી કહેતા કે પુષ્ટિમાર્ગમાં તમામ લોકોને કોઇપણ જાતના ભેદભાવ પછી ભલે તે ગમે તે વર્ણના કે નીચ જાતિના કે મોભો ધરાવતા હોય તો પણ પ્રવેશ આપવા દ્વાર ખુલ્લાં છે અને આપશ્રીએ આપના પિતાનાં પગલે ચાલીને પુષ્ટિમાર્ગમાં નીચ જ્ઞાતિના લોકોને પ્રવેશ આપ્યો હતો. ઉદારતા, સહનશીલતા સંયમ જેવા ઉમદા ગુણોને અને ભગવત્ સેવા અને નામ-સેવાને જીવનમાં સ્વયં અપનાવી - આચરણ કરી ઉમદા અને આદર્શ જીવન કેવું હોવું જોઇએ તેનું ઉદાહરણ આપશ્રીએ પ્રસ્થાપિત કર્યું હતું. આપશ્રીને સંગીત પ્રત્યે અત્યંત પ્રેમ હતો અને કીર્તન સેવા કરવા માટે આપે સંગીતકારોને સેવામાં રાખ્યા હતાં ધરમદાસે પોતાના એક પદમાં ગાયુ છે કે, “સારંગી કે પ્રતાપ મેં પાયો ગોકુલનાથ”[૯૦] ભારતના વિવિધ પ્રદેશોમાંથી અને ઘણુ ખરું ગુજરાતમાંથી ઘણા વૈષ્ણવોને આપના ગુણોએ આકર્ષિત કર્યા હતા.

શ્રીગોકુલનાથજીના શિષ્યોમાંથી કેટલાક જે પાછળથી ભરુચી વૈષ્ણવ તરીકે ઓળખાયા તેમણે તો આપશ્રીને આપના જીવનકાળ દરમિયાન જ પરમેશ્વર કહી એવું સંબોધન કરવાનું શરૂ કરી દીધું અને પોતાની રચનાઓ-કૃતિઓમાં નિરૂપણ કરવા માંડ્યુ, પરંતુ આપશ્રી અત્યંત વિનમ્રભાવે તેમને ઉપદેશ આપી કહેતા કે ભગવાન જ સર્વોચ્ચ[૯૧] છે. માધવદાસે તો એટલી હદ સુધી કહ્યુ છે. શ્રીગોકુલનાથજીના સ્વરૂપ જ ભગવાન કૃષ્ણનું સ્વરૂપ છે.[૯૨]

આ વૈષ્ણવોએ આપશ્રીની નિત્યની દિનચર્યા વિશે અને આપશ્રીના ભૌતિક વ્યક્તિત્વ વિશે પણ વિગતવાર લખ્યું છે[૯૩] આમાંનું ઘણું ખરું વર્ણન અતિશયોક્તિભર્યું લાગે તેવું છે પરંતુ તેમાંથી આપણને આપશ્રીની નિત્યની દિનચર્યા એટલે કે આપશ્રી શયનમાંથી ઊઠતા ત્યારથી આરંભીને જે કાર્યો કરતા જેવાં કે આપશ્રી કેવી રીતે સ્નાન કરતા, વસ્ત્રો ધારણ કરતા, સેવા કરતા, નિજ બાલકો વગેરેને ભણાવતા હતા, તેનો ખ્યાલ આપણને મળી રહે છે. માધવદાસ લિખિત વલ્લભ-ગીતામાં તો આપશ્રીના મુખારવિંદ, કેશ, ચરણોનું વિગતે અને આપશ્રીની કીર્તિ, ગુણો વગેરેનું નિરૂપણ થયેલું જોવા મળે છે. શક્ય છે કે આ બધું સાહિત્ય કોઇને રુચિકર લાગે નહિ, પરંતુ તેના દ્વારા એટલું

સંદર્ભ નોંધ : ૯૦ હરિહરનાથ ટંડન-વાર્તાસાહિત્ય પૃ. ૨૯૦ અને વાચો સારંગીનાથપ્રિયાય નમઃ। - હરિરાયજીની શ્રીગોકુલેશ નામાવલી

સંદર્ભ નોંધ : ૯૧ જુઓ

મદિયાઃ મામ્ પુરુષોત્તમં નિશ્ચિત્ય ભજન્તે તેન કિં પ્રકટિત શુદ્ધપુષ્ટિ ભક્તિમાર્ગાચાર્યાણામ્ પ્રસન્નતા સિદ્ધયતિ ? ન કદાપીતિ-સર્વોત્તમસ્તોત્ર-બડીટીકા- વિવુધેશ્વર ઇતિ નામોપરિ ।

તત્ત્વાર્થદોહનમાંનો લખેલો એક પ્રસંગ પણ જુઓઃ-

વળી એક સમય મહાભાગ્યવાન મોહનભાઇજી ગોકુલભાઈજીએ શ્રીગોકુલમાં નવા ઘર બંધાવ્યા ત્યાં શ્રીજીએ ત્યાં પધારવાની વિનંતિ કી થી, ત્યારે શ્રીજીએ પૂછયું જે “તુમ્હારો ઠાકરવા ઘરમે પધરાયો હૈ” ત્યારે એણે વિનતિ કીધી જે “ના રાજ, પ્રથમ રાજ પધારો પછી સેવા પધરાવીશું” ત્યારે આજ્ઞા દીધી જે “ના, યોં નહિ, પહેલે તમારે ઠાકુરકુ પધરાવો પછો મૈં પધારુંગો ।” અનુગ્રહ ચૌદ પૃ. ૩૬૧

સંદર્ભ નોંધ : ૯૨ જુઓ - જસોદાસુત થયા અને ચારી વ્રજમાંહાં ગાય ॥

“તે શ્રી વિઠ્ઠલ સુત હુવા, શ્રી ગોકુલરાય ॥”

રસ કોશ-સોળ-૧૪૬ (અપ્રકાશિત)

અને યો નંદગેહે વ્રજસુંદરીણાં કામાવતારો નયનાભિરામઃ ।
સિક્ય દધ્યાદિક ચોર એવં શ્રી વલ્લભોઙયં રમતે વ્રજેશઃ ।
વલ્લભ ગીતા-સ્કંધ-૫-પુષ્ટિ સુધા-ગ્રંથ પાંચ પૃ ૭-૮ ।

સંદર્ભ નોંધ : ૯૩ જુઓ શ્રી હરિરાયજી લિખિત ગોકુલાષ્ટક અને માધવદાસ લિખિત વલ્લભગીતા અને વલ્લભચરિત્ર તથા ગોપાલદાસ લિખિત વલ્લભ-રત્ન-રસાલય ભક્ત-રાજ નામક તત્ત્વાર્થ દોહન તથા નિત્યચરિત્ર લખનાર વિવિધ લેખકોના લેખ

તો જરૂર સિદ્ધ થાય છે કે શ્રીગોકુલનાથજી માટે શિષ્યોને અનહદ પ્રેમભાવ હતો અને આપશ્રીના આશ્રયમાં રહેવામાં તે બધાંને પરમ આનંદ થતો હતો.[૯૪]

શ્રીહરિરાયજી કે જેઓ શ્રીગોકુલનાથજીના આંધળા અનુયાયી નહોતા તથા કૃષ્ણરાય કે જે શ્રીગોકુલનાથજીનાં બહેનના પુત્ર હતા તેમણે તથા અન્ય લેખકોએ શ્રીગોકુલનાથજીના યશનું ગાન કરતાં વિવિધ અષ્ટકોની અને નામાવલિઓની રચના કરી છે.[૯૫] જે એવું સિદ્ધ કરે છે કે શ્રીગોકુલનાથજીની પ્રતિભા ગોસ્વામી તરીકે અનન્ય હતી અને આપશ્રી અત્યંત લોકપ્રિય પણ હતા. શ્રી એમ.સી. પારેખ નામના એક તટસ્થ અને બિનસાંપ્રદાયિક વિવેચકે લખ્યું છે :

શ્રીગોકુલનાથજી કાર્યતત્પર વ્યક્તિ હોવા ઉપરાંત કંઇક અંશે મૌલિક ધર્મોપદેશક પણ હતા. આ બાબતમાં એમ કહી શકાય કે આપશ્રીના શિરે પિતાશ્રી અને પિતામહના પ્રસ્થાપિત પુષ્ટિમાર્ગની જવાબદારી વહન કરવાની આવી હતી જે આપે માર્ગના વિરોધીઓને હરાવી વિજય હાંસલ કરીને તથા પુષ્ટિમાર્ગને અનેકવિધપણે સુસંગઠિત કરીને સફળતાપૂર્વક અદા કરી હતી અને વળી પિતાજીના અધૂરાં રહેલાં સાંપ્રદાયિક કામોને આગળ વધારીને તથા સંપ્રદાયના પ્રસારને વધુ વેગવાન બનાવ્યો હતો. આપશ્રીનું વ્યક્તિત્વ એવું તો પ્રભાવશીલ હતું કે, પુષ્ટિમાર્ગના અનુયાયી આપશ્રીને સંપ્રદાયના ત્રીજા મહાન માર્ગદર્શક ગણે છે.

શ્રીગોકુલનાથજીને છ ભાઇ હતા. તેમાંથી ત્રણ તેમનાથી મોટા હતા તો ત્રણ ભાઇ નાના હતા. બુદ્ધિચાતુર્યને કારણે, ચારિત્ર્યબલ તથા ઉચ્ચ આધ્યાત્મિકતાને કારણે આપશ્રી તે બધા ભાઈથી ચડિયાતા અને પ્રભાવશાળી નીવડ્યા હતા અને તે બધાને પાછળ રાખી દીધા હતા. વળી તે કાળ જ એવો કરાલ હતો કે જુલમ અને ત્રાસ તથા સતામણીનો ભોગ-સંતાપ સંપ્રદાયને પણ વેઠવો પડતો હતો-ઠીક એવા સંક્રાન્તિ કાળમાં પુષ્ટિ સંપ્રદાયને પ્રેરક માર્ગદર્શન આપવાની અને તેનું સંરક્ષણ કરવાની કાર્યધૂરા શ્રીગોકુલનાથજીના શ્રીહસ્તમાં સર્વથા સહજપણે આવી પડી હતી જે આપશ્રીએ કુશળતા અને સફળતાપૂર્વક વહન કરી હતી. આના પરિણામે, ઘણા બધા વૈષ્ણવો આપશ્રીને આપના પિતાના ખરા અર્થમાં વારસદાર ગણતા હતા અને તે દષ્ટિથી જોતા હતા.[૯૬]

શ્રીવિઠ્ઠલનાથજી ઈસ્વીસન ૧૫૮૩માં ૯૦ વર્ષની વયે નિત્યલીલાસ્થ થયા (મૃત્યુ પામ્યા) હતા અને પાછળ સાત બાલકો મૂકી ગયા હતા જેના શિરે સાત સ્વરૂપો પધરાવ્યાં હતાં અને તેમાંના પ્રત્યેકે નિજની એક અલગ એવી ગાદી પ્રસ્થાપિત કરી હતી. તે પૈકી ચતુર્થ બાલક શ્રીગોકુલનાથજી ભારે વિદ્વાન અને કાર્યકુશળ નીવડ્યા હતા.

શ્રીગોકુલનાથજી પ્રત્યે આપની પેઢી પછીના ઉત્તરાધિકારી ગોસ્વામી બાળકો ભારે આદરભાવ ધરાવતા અને આપનું માર્ગદર્શન મેળવતા. શ્રીહરિરાયજી જે આપશ્રીના વડીલબંધુ ગોવિંદરાયજીના પૌત્ર હતા તેમને આપશ્રીએ

સંદર્ભ નોંધ : ૯૪ વલ્લભદાસની (અપ્રકાશિત) કૃતિ રચના માઘ શુકલપક્ષ પંચમી વિક્રમ સંવત ૧૭૩૩ની છે અને તે સૂર્યાજી ભાર્ગવ લિખિત કૃતિમાં તો શ્રી ગોકુલનાથજીના શિષ્યોનાં નામ તેમના વતન સાથે આપ્યાં છે તે મુજબ વિક્રમ સંવત ૧૭૩૩માં શિષ્યોની સંખ્યા આશરે પાંચ હજારની હતી.

સંદર્ભ નોંધ : ૯૫ જુઓ અનુગ્રહ ગ્રંથ પંદર ક્રમાંક ૧૧ અને ૧૨

સંદર્ભ નોંધ : ૯૬ શ્રી એમ.સી. પારેખ શ્રી વલ્લભાચાર્ય વિશેનું લખાણ પૃ. ૨૯૨-૩૦૦, વળી, મુંબઇ ગેઝેટિયરનો ગ્રંથ ભાગ-૯મો.

"શ્રીવિઠ્ઠલનાથજી ૧૫૮૩મા ૯૦ વર્ષની ઉંમરે સાત લાલ, સાત સ્વરૂપને છોડીને લીલામાં પધાર્યા. દરેક પાસે અલગ ગાદી આવી, પરંતુ તે પૈકી ચોથા લાલ શ્રી ગોુકલનાથજી ખુબ જ જ્ઞાની તેમજ વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવતા હતા."

પુષ્ટિમાર્ગની દીક્ષા આપી હતી. શ્રીહરિરાયજીએ શ્રીગોકુલનાથજીની સ્તુતિ કરતાં સ્તોત્રોની રચના કરી હતી. જ્યારે પણ કોઇ વિવાદ ઉભરતો ત્યારે ગોસ્વામી બાળકો આપશ્રીની સાથે પરામર્શ કરતા સલાહ-માર્ગદર્શન મેળવતા એવો એક પ્રસંગ બન્યો હતો, જે નીચે પ્રમાણેનો છે.

તૃતીય પીઠાધીશ્વર દ્વારકેશજીએ છઠ્ઠી પીઠ - ગૃહના અધીશ્વર એવા મધુસૂદનજીને નિજ સેવ્ય સ્વરૂપ આપવાની મના કરી હતી અને તેથી વિવાદ થયો - જે શ્રીગોકુલનાથજી સમક્ષ પેશ થયો. આપશ્રીએ તે પ્રશ્ન અંગે કહ્યું કે ન્યાયાલયમાં આ વિવાદ જો લઇ જવાશે, તો સમગ્ર ગોસ્વામી કુટુંબની પ્રતિષ્ઠાને તે હાનિકારક થશે અને આથી દ્વારકેશજીને મધુસૂદનજીનું સેવ્યસ્વરૂપ બાલકૃષ્ણજી હતું તે સોંપી દેવાને ભારે આગ્રહપૂર્વક આપે સમજાવી સંમતિ સાધી હતી.

ભગવાનમાં છ ગુણો હોય છે. ઐશ્વર્ય, વીર્ય, શ્રી યશ, જ્ઞાન અને વૈરાગ્ય શ્રીગોકુલનાથજીને ભગવાનના યશસ્વરૂપ લેખવામાં આવે છે અને ભગવાનના અન્ય ગુણો થવા આપશ્રીમાં અપ્રકટ સુષુપ્ત દશામાં રહ્યાં હતાં.

(૧૦) શ્રીગોકુલનાથજીના જીવનકાળના છેલ્લા દિવસો:

માલા-પ્રસંગની ઐતિહાસિક ઘટના બન્યા પછી આપના ભૌતિક જીવનકાળના ઉત્તરાર્ધમાં ખાસ કોઇ નોંધવાલાયક ઘટના બની નહોતી એમ લાગે છે. એમના જીવનના ઉત્તરાર્ધમાં આ રીતે જોતાં, જીવન રાબેતા મુજબનું અને શાંતિમય હતું. આપશ્રીને ભગવત્ સેવામાં અને નિજના શિષ્યોને ધાર્મિક સિદ્ધાંતો તથા પુષ્ટિમાર્ગીય સેવા-રીતિ ઇત્યાદિ ભણાવવામાં અનેરો આનંદ આવતો હતો. જીવનકાળના ઉત્તરાર્ધમાં આપશ્રીએ કેટલાક પુષ્ટિમાર્ગીય ગ્રંથોની રચના કરી હોય એવી પણ શક્યતા લાગે છે.

કાંકરોલીના સરસ્વતી ભંડારમાં એક હસ્તલિખિત પોથી (હિંદી વિભાગનો ક્રમાંક ૧૦૧-૧) જેની રચના વિક્રમ સંવત ૧૭૪૬ તવારીખ ધરાવે છે તેમાં શ્રીગોકુલનાથજીના જીવનની એક ઘટના નોંધાયેલી છે.[૯૭]

કૃષ્ણ ભાટિયા જે ઉજ્જૈનના રહેવાસી હતા તેમણે પોતાના પુત્રને એવી સૂચના આપતું લખાણ કર્યું હતું કે જે પોથી (કૃષ્ણ ભાટિયાએ)તેણે ખુદે લખી હતી, તે તેણે શ્રીગોકુલનાથજીને સાદર મોકલી આપવી. ઉક્ત પોથીમાં ૮૪ અને ૨૫૨ વાર્તાઓ લખાયેલી હતી અને શ્રીગોકુલનાથજીને તે વાર્તાઓ વાંચતાં જ તેના પ્રત્યે ભારે પૂજયભાવ ઉત્પન્ન થયો હતો એવું લાગે છે. આથી આપશ્રી તે પોથી-પુસ્તકનું નિત્યવાંચન કરતા હતા. એવું પણ જાણવા મળે છે કે, ઘણાં વર્ષો આ પ્રકારે નિત્યવાંચન કર્યા પછી, આપશ્રી નબળી આંખોને કારણે તે વાંચી શકવાને સમર્થ ન રહ્યા ત્યારે પણ તે વાર્તાઓની પુસ્તક-પોથીને એવા અને એટલા જ આદર અને પૂજ્યભાવથી આંખે લગાડતા હતા. આથી, આપણે એવું તારણ કાઢી શકીએ કે, શ્રીગોકુલનાથજીના જીવનના ઉત્તરકાળમાં આપશ્રીએ જોવા-વાંચવાની આંખની દૃષ્ટિ ગુમાવી હતી અથવા તો આપની આંખોની વાંચવાની શક્તિ અત્યંત નબળી થઇ ગઇ હતી. શરૂઆતમાં તો, આપશ્રી સ્વહસ્તે તે પોથી-પુસ્તકોને લોંખંડની પેટીમાં રાખતા અને તેને તાળું લગાવતા હતા પરંતુ ત્યારપછીના સમયગાળામાં આ કામગીરી કરવાની જવાબદારી આપશ્રીએ પુત્ર શ્રીવિઠ્ઠલરાયજીને સોંપી હતી. આથી શક્ય છે કે આપની આંખની દૃષ્ટિ અત્યંત નબળી પડી ગઇ હોય પરંતુ આ બાબતની અન્ય કોઇએ નોંધ લીધી નથી એકમાત્ર શ્રીગિરધરજીએ આનો ઉલ્લેખ કર્યો છે.[૯૮]

સંદર્ભ નોંધ : ૯૭ જુઓ પ્રકરણ ૩(બ)(બે) સંભવિત ઉદ્ધરણ અંગે

સંદર્ભ નોંધ : ૯૮ જુઓ શ્રીગિરિધરજીનું વચનામૃત-૧૨૦ પૃ. ૮૦

"શ્રીગોકુલનાથજી કું નેત્રબલ થોડો હુતો ।"

પુષ્ટિમાર્ગમાં શ્રીગોકુલનાથજીનો પ્રાકટ્ય ઉત્સવને ભવ્યરીતે ઉજવવાની રસમ વિક્રમ સંવત ૧૬૯૧ કે વિ.સં.૧૬૯૨ થી ચાલી આવે છે અને તેનાં ભવ્ય વર્ણનો આપતી રચનાઓ પણ જોવા મળે છે. દાખલા તરીકે શ્રીહરિદાસભાઇની સતશોભનમાં ઉત્સવનું જે વર્ણન છે તે સ્વયં શ્રીહરિદાસભાઇએ આપશ્રીની નિશ્રામાં ઉપસ્થિત રહીને તેનું ગાન કર્યું હતું. તેવી જ રીતે એક બીજી મહાન રચના નામે સ્વરૂપાનુભવ મહા-ઉત્સવ જેમાં ૧૧૩ મંગલો છે, તેમાં શ્રીગોકુલનાથજીનું જાગ્રત થવું, આસનસ્થ થવું, એક સ્થળેથી અન્ય સ્થળે વિચરવું વગેરે ક્રિયાનું વિગતવાર વર્ણન થયું છે. તે બધી ક્રિયા સ્વયં અન્ય કોઇની સહાય વિના આપશ્રી કરતા હતા એવું વર્ણન છે અને તેમાં કયાંય આપશ્રીએ આંખોની દષ્ટિ ગુમાવી હતી એવો ઉલ્લેખ થયેલો જોવા મળતો નથી. ગોપાલદાસના ભક્ત-ભાવાર્થમાં આપશ્રીની નબળી-તંદુરસ્તીનો ઉલ્લેખ છે પણ આંખો ગુમાવ્યાનો ઉલ્લેખ નથી. આથી એ શક્ય છે કે, આપશ્રીએ પોથી-પુસ્તકનું અનેકવાર વાંચન કર્યું હતું. તેથી ફરી ફરીને તે ન વાંચતાં તેના તરફનો પૂજયભાવ દર્શાવતાં આંખથી સ્પર્શ કરવા - આંખે લગાડવાનું રાખ્યું હોય. આથી શ્રીગોકુલનાથજીએ આપના જીવનના ઉત્તરકાળમાં[૯૯] આંખો ગુમાવી હતી, તે હકીકત ઉત્સવના થયેલાં વર્ણનને જોતાં સત્ય હોવાનું સર્વથા સાબિત થતું નથી.

શ્રીગોકુલનાથજીએ આ ભૌતિક જગત ત્યજી વિક્રમ સંવત ૧૬૯૭ના માઘ માસના કૃષ્ણપક્ષની ૯ને દિને નિત્યલીલામાં ગોલોક પ્રવેશ કર્યો હતો. આપશ્રી ૮૯ વર્ષનું દીર્ઘ અને ધ્યેયનિષ્ઠ જીવન જીવ્યા હતા. આપશ્રીનો નિત્યલીલા પ્રવેશ કેટલાક શિષ્યો-અનુયાયી જે અંતરંગ હતા અને ૭૮ ભગવદીયોના[૧૦૦] નામે જાણીતા હતા, તેમના માટે એટલો તો અસહ્ય બની ગયો હતો કે આપના પ્રતિની વિરહાવસ્થાને કારણે તેમણે વિષ ઘોળીને કે નદી-સરોવરોમાં જલસમાધિ લઇને પોતાના જીવનનો સ્વેચ્છાએ ત્યાગ કર્યો હતો.

પુષ્ટિમાર્ગના ઇતિહાસમાં શ્રીગોકુલનાથજી ગોસ્વામી તરીકેની નિજી અમીટ છાપ છોડી ગયા છે તેમાંય તે તેના એટલે કે પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોના પરમ વિશ્લેષણકર્તા અને માર્ગના સંરક્ષણકર્તાની. ભારત દૈવત્વ કરતાં પણ મનુષ્યના શ્રેષ્ઠત્વને આદર આપે છે. ભગવાન વ્યાસે મહાભારતમાં લખ્યું છે ગુહ્યં બ્રહ્મ તદિદં વો બ્રવીમિ, ન માનૂષાત્ શ્રેષ્ઠતરં હિ-કિંચિત્....[૧૦૧] (હું તમને સૌને પરમ રહસ્યની વાત કહું છું કે, મનુષ્ય કરતાં કોઇ જ મોટું નથી) શ્રીગોકુલનાથજીના શિષ્યોએ તેમને ભગવત્ કક્ષાનું ઉચ્ચ સ્થાન આપ્યું, પરંતુ શ્રીગોકુલનાથજીમાં રહેલું "મનુષ્યત્વ" એ જ આપશ્રીનો આકર્ષક મહાન સદ્ગુણ છે. પુષ્ટિમાર્ગના અનુયાયીઓને પૂર્ણ વૈષ્ણવ બનવા આપના એ પરમ સદગુણ જ પ્રેરણારૂપ બની રહેશે.

(૧૧) શ્રીગોકુલનાથજીના સેવ્યસ્વરૂપ અને શ્રીગોકુલનાથજી વિશે પૌરાણિક ઉલ્લેખો

અંતમાં બે વસ્તુઓ વિશે કહેવું જરૂરી છે : એક આપશ્રીનું સેવ્યસ્વરૂપ એટલે કે ઇષ્ટદેવ અને બીજું ગોકુલનાથજી વિશેના પૌરાણિક ઉલ્લેખો.

શ્રીગોકુલનાથજીનું સેવ્યસ્વરૂપ હતું શ્રીગોકુલનાથજી (શ્રીનાથજી) શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીગોકુલને પોતાનું કાયમી નિવાસસ્થાન બનાવ્યા બાદ. પોતાના સાત બાલકોને-પ્રત્યેકને માથે એક સેવ્યસ્વરૂપ પધરાવ્યું હતું જેની પ્રત્યેક

સંદર્ભ નોંધ : ૯૯ શ્રી દિનદયાળ ગુપ્તાએ તેમના મહાનિબંધ નામે અષ્ટછાપ અને વલ્લભસંપ્રદાયમાં પૃ. ૧૩૭માં પાદટીપમાં નોંધ્યું છે કે, શ્રી કંઠમણિ શાસ્ત્રીના કરેલાં વિધાનને આધારે કહી શકાય કે શ્રીગોકુલનાથજીના ઉત્તરજીવનમાં આંખો ગુમાવી હતી. પરંતુ ઉપરની નોંધ જોતાં આ અંગે નિર્ણાયક પુરાવો જોવા નથી મળતો.

સંદર્ભ નોંધ :૧૦૦ જુઓ પરિશિષ્ટ ૪

સંદર્ભ નોંધ : ૧૦૧ જુઓ - શાંતિ પર્વમ્ પ્રકરણ ૨૧૯-૨૦

બાલકે નિત્ય પૂજા (સેવા) કરવી એવી આજ્ઞા કરી હતી. શ્રીગોકુલનાથજીને શ્રી ગોકુલનાથનું સેવ્યસ્વરૂપ તદનુસાર પ્રાપ્ત થયું હતુ. શ્રીવલ્લભાચાર્યના શ્વશુરગૃહે પાંચ દેવોની પંચાયતનની પૂજા હતી. તે પાંચે દેવોની પ્રતિમા શ્રીવલ્લભાચાર્યને તેમના સાસુએ આપી હતી. શ્રીવલ્લભાચાર્યે શ્રીગોકુલનાથની પ્રતિમાને નિજના સેવ્યસ્વરૂપ તરીકે રાખી અને અન્ય ચાર (શિવ, સૂર્ય ભવાની અને ગણેશની) પ્રતિમાને ગંગાજીમાં સમર્પિત કરી દીધી હતી.[૧૦૨]

આમ છતાં મુરલીધરદાસ[૧૦૩] કહે છે કે શ્રીવલ્લભાચાર્યે માત્ર શાલીગ્રામને રાખ્યા હતા અને શ્રીગોકુલનાથજીની પ્રતિમા વિશે કંઇ જ કહેતા નથી. પરંપરાથી પ્રાપ્ત માહિતી અનુસાર શ્રીગોકુલનાથજીની આ પ્રતિમાની ઇન્દ્ર પૂજા કરતો હતો. શ્રીકૃષ્ણ દ્વારા તે જ્યારે પરાજીત થયો હતો ત્યારે તેણે શ્રીકૃષ્ણને વિનંતિ કરી હતી કે શ્રીકૃષ્ણની સેવા તેને કરવા દેવી. આથી શ્રીકૃષ્ણે ઉક્ત પ્રતિમા ઇન્દ્રને આપી હતી જેને તેણે ઘણાં વર્ષો સુધી પૂજા કરી હતી. ત્યારબાદ ઉક્ત પ્રતિમા રાવણના હાથમાં આવી હતી અને તેણે પણ ઘણાં વર્ષો સુધી તેની પૂજા-અર્ચના કરી હતી. સમયના જતાં એક કાળે તે પ્રતિમા શ્રીવલ્લભાચાર્યના શ્વશુરગૃહને પ્રાપ્ત થઇ હતી. આમ, આ પ્રતિમાની આસપાસ કાલક્રમાનુસારી નહિ એવી દંતકથાની રચના વીંટળાયેલી જોવા મળે છે.

શ્રીગોકુલનાથની પ્રતિમા પાંચ થી છ ઇંચ ઊંચી અને કાળા પથ્થરની બનેલી છે. તેને ચાર ભુજા છે. તે પૈકી, જમણી ભુજા પર શ્રી ગિરિરાજ ગોવર્ધનને ધારણ કરેલો છે અને ડાબી ભુજામાં શંખ ધારણ કરેલો છે જેમાં કહેવાય છે કે જે બધા મેઘો ખાંગા થઇને વરસ્યા હતા તેનું જલ સમસ્ત તેમાં સમાઇ ગયું, ચૂસાઇ ગયું, હતું અને અન્ય બે ભુજામાં ભગવાન વેણુ ધારણ કરીને વગાડે છે. ભગવાનનું આસન કમળનું છે. કહે છે કે, જ્યારે વ્રજ પર ખાંગા થઇને મેઘ વરસ્યા હતા ત્યારે ગિરિરાજ ગોવર્ધનને[૧૦૪] ભગવાને ટચલી આંગળી-ડાબી ભુજાની તેના પર ધારણ કર્યો હતો, તેનું આ સ્વરૂપ- પ્રતિમા સાક્ષાત્ નિદર્શન કરે છે. આજે પણ પ્રત્યેક વર્ષે આસો મહિનાની વદ અષ્ટમીએ શ્રીગોકુલથી તે સ્વરૂપને સુખપાલમાં પધરાવીને ગિરિરાજ એટલે કે જતિપુરા ખાતે લાવવામાં આવે છે અને ત્યારે શ્રીગોવર્ધન-પૂજા જે કરાય છે તે 'ચતુર્થગૃહ'ના ગોસ્વામી બાલક કરે છે અને તેમનો તે હક્ક અબાધિતપણે ચાલુ છે.

શ્રીગોકુલનાથજીના જીવન વિશે[૧૦૫] અને ભગવાન શ્રીવલ્લભાચાર્ય, શ્રીવિઠ્ઠલનાથ અને શ્રીગોકુલનાથજી સ્વરૂપે અવતરશે એવી આગાહી કરતી કેટલીક ગુજરાતી ગ્રંથ-રચનાઓને ટાંકવામાં આવી છે. દા.ત. બ્રહ્માનંદ પુરાણમાંનું વિધાન એવું છે કે ભગવાન કૃષ્ણ, બુદ્ધ, વિઠ્ઠલેશ અને કલ્કિરૂપે અવતરશે.[૧૦૬]

સંદર્ભ નોંધ :૧૦૨ જુઓ - નિજવાર્તા (સંપાદિત-લલ્લુભાઇ સી. દેસાઇ) પ્રસંગ ક્રમાંક ૩૪-પૃ ૬૯ અને વળી જુઓ - ગિરિધરજી મહારાજ કે ૧૨૦ વચનામૃતો ક્રમાંક ૬૩ અને ૧૧૪ તથા તત્ત્વાર્થદોહન-અનુગ્રહ ગ્રંથ-૧૦ પૃ. ૩૪૪-બ તદુપરાંત જુઓ-કાંકરોલીની હસ્તપ્રત (હિંદી બંધ ક્રમાંક ૧૦૧-૧) સાલ ૧૭૬૪ વાર્તા ક્રમાંક ૫૦ શ્રી એચ.ટંડને તેના વાર્તા સાહિત્યમાં ટાંક્યા મુજબ પૃ. ૧૩૫

સંદર્ભ નોંધ : ૧૦૩ જુઓ શાલીગ્રામં વિના દેવતાન્તર પ્રતિકૃતિરૂપવિગ્રહચતુષ્ટદમપિ ગંગાયાં પ્રાક્ષિપત્ - મુરલીધરઃ શ્રીવલ્લભાચાર્ય ચરિતમ્ પૃ. ૬

સંદર્ભ નોંધ : ૧૦૪ જુઓ પદ - ગિરિધાર્યો ગોકુલનાથ-કાકા વલ્લભજીનું બિલાવલ

સંદર્ભ નોંધ : ૧૦૫ જુઓ મગનલાલ એલ.ગાંધી કૃત શ્રીગોકુલનાથજીનું જીવનચરિત્ર-પ્રકરણ ૩-ભાગ ૧

સંદર્ભ નોંધ : ૧૦૬ એ જ પુસ્તક પૃ. ૬૨

તેવી જ રીતે આદિ-પુરાણ ઉત્તર ખંડમાં વસિષ્ઠ અને રામચંદ્રનો સંવાદ ટાંકવામાં આવે છે જેમાં વસિષ્ઠ કહે છે કે, પરમાત્મા શ્રીગોકુલનાથજીના રૂપે કલિયુગમાં અવતરશે.[૧૦૭]

કલ્યાણ ભટ્ટ પણ તેવું જ લખે છે અને આદિ-પુરાણમાં લખેલું છે કે ભગવાન શ્રીગોકુલનાથજી રૂપે અવતરશે.[૧૦૮]

આ બધી ગ્રંથ-રચનાનો આધાર લઇને કરવામાં-ટાંકવામાં આવેલ વિધાનો અપ્રમાણિત છે. મેં 'વલ્લભ-વિલાસ'માં[૧૦૯] ટાંકેલી ઉક્ત કાવ્ય-પંક્તિઓ શોધી કાઢવા પ્રયાસ કર્યા હતા પણ આદિ-પુરાણમાં એવી કોઇ કાવ્ય-પંક્તિઓ- કડી અને શોધી જડી નથી. આથી મને લાગે છે કે શ્રીગોકુલનાથજીના કોઇ વધુ પડતા ઉત્સાહી શિષ્યોએ આ રચનાઓને અધિકૃત કહી ટાંકવાની કાર્યવાહી કરી હોય જેથી કરીને પુરાતનકાલિનપણું તેને પ્રાપ્ત થાય. આવા પ્રયાસો કરવાથી સંપ્રદાયની સારી સેવા થતી નથી પણ તેથી સંપ્રદાયનું જ ખરેખર નુકસાન થાય છે.

સંદર્ભ નોંધ : ૧૦૭ તત્માદ્ ગોકુલનાથો યો ભાવિ પરમો મતઃ ।
મત્તોડન્યેભ્યશ્ત સર્વેમ્યોડવતારેભ્યઃ કૃપાર્ણવઃ ॥૧૭॥
સ પુરૂષોત્તમો ભક્તવત્સલો ગુણસાગરઃ ।
પુનાતિ સકલાં પૃથ્વીંયો વિહરતા વ્રજે વ્રજે ॥૧૮॥
પૃ ૬૮-૬૯ એ જ પુસ્તકમાંથી

સંદર્ભ નોંધ : ૧૦૮ જુઓ કલ્લોલ ૧ તરંગ ૩૯ કડી ૧૮-૨૦

સંદર્ભ નોંધ : ૧૦૯ મેં ઉક્ત રચનાના ભાગ-૩ અને ૪ જોયા છે મને પ્રથમ બે ભાગ જોવા મળ્યા નથી.

પ્રકરણ - ૩

શ્રીગોકુલનાથજીની રચનાઓ - ગ્રંથો

પ્રાવેશિક :

પુષ્ટિમાર્ગમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીના ઉત્તરાધિકારી શ્રીગોકુલનાથજીનું વિપુલ સાહિત્યના સર્જક તરીકેનું સ્થાન તેમનાં પછી તુરતમાં જ આવે છે. એક પારંપારિક માન્યતા અનુસાર, લગભગ ૯ લાખ શ્લોકો (૩૨ અક્ષરોના એક શ્લોકની ગણના થતાં)ની રચના આપશ્રીએ કરી છે.[1] પરંતુ આપશ્રીનું આટલું વિપુલ પ્રમાણમાં સાહિત્ય ઉપલબ્ધ આજે થતું નથી, એ હકીકત છે. સંભવ છે કે, આ સર્વ લોકવાયકા છે જે આપશ્રીના શિષ્યોને જ આભારી છે. ગમે તેમ પણ એટલુ ચોક્કસ છે કે, આપની રચનાઓની સંખ્યા કંઇ અલ્પ નથી.

શ્રીગોકુલનાથજીની રચનાઓ બે ભાષામાં થયેલી જોવા મળે છે : સંસ્કૃત અને વ્રજભાષા કે જે વ્રજપ્રદેશની તત્કાલીન લોકપ્રિય બોલી હતી, જે પછીથી સાહિત્ય રચનાઓની ભાષા બની હતી.

શ્રીવિઠ્ઠલનાથ ભટ્ટ લિખિત સાંપ્રદાયિક-કલ્પદ્રુમમાં[2] લખ્યું છે કે, શ્રી ગોકુલનાથજીએ નીચે દર્શાવેલી ૧૩ રચનાઓ કરી હતી :

(૧) सर्वोत्तम टीका
(२) सुबोधिनी - वेणुगीत आदि स्वतंत्र लेख

સંદર્ભ નોંધ - ૧ : જુઓ - મુંબઇ ગેઝેટિયર જે સરકાર તરફથી પ્રકટ કરવામાં આવે છે તે ગ્રંથોમાં શ્રીગુસાંઇજીના ચોથા લાલજી શ્રી ગોકુલનાથજી જેવાની વિદ્વત્તા માટે સુંદર લખાણો થયાં છે. લેખવાળાં અનુસાર આપશ્રીના ગ્રંથોના સાહિત્યને એકઠું કરવામાં આવે તો તેનું કદ મહાભારતનું જે હયાત કદ છે તેના ૯ ગણા જેટલું કદ થાય એ સંભવ છે. અથવા૧૮ પુરાણો છે તેના બેવડા કરતા ગ્રંથનું જે કદ થાય, તેટલા કદનું તે સાહિત્ય છે. શ્રી ગટ્ટુલાલજી સંસ્થાની પુષ્ટિમાર્ગીય ઉત્સવો કી દો વર્ષો (પુસ્તિકા-સં. ૧૯૭૩-૭૪ અને ૧૯૭૪-૭૫)ની ટિપ્પણી (- સંપાદક પં. પોપટલાલ મુલજી) પૃ.૧૮૦

શ્રીપુરુષોત્તમજીના કિસ્સામાં પણ તે જ પારંપારિક માન્યતા દર્શાવી છે. અલબત, ટિપ્પણીના પ્રકાશકે - સંપાદકે આ માહિતીનો આધાર છાપ્યો નથી.

સંદર્ભ નોંધ - ૨ : જુઓ -

ग्रंथ त्रयोदश भूप किय गोकुलनाथ प्रवीन ॥ २६॥
सर्वोत्तम सुबोधिनी, वेणुगीत परमांन ॥
गोकुलनाथ स्वतंत्र किय, भक्तिसुथी सुखदांन ॥ २७ ॥
सर्वोत्तम अरू गुप्तरस, गद्य रु षोडश ग्रंथ ॥
वल्लभाष्टक अर्थ किय, प्राकृत सुगम पंथ ॥ २८ ॥
दंडीमदमर्दन जु फिर, मालावाद सूजान ॥
भावरसायन ग्रंथ किय, निर्णयार्थ नृपमांन ॥ २९ ॥
वचनामृत चौबीस किय, दैवीजन सुखदांन ॥
वल्लभविठ्ठल वार्ता प्रकट कौन नृपमांन ॥ ३० ॥
-સાંપ્રદાયિક કલ્પદ્રુપ -પૃ -૧૪૦

આ રચનાની પ્રામાણિતતા અંગે શંકાઓ થઇ છે એ નોંધવુ જોઇએ.

"પ્રાકૃત સુગમ પંથ" એ શબ્દોનો અર્થ શ્રી એચ. ટંડન એવો કરે છે કે શ્રીગોકુલનાથજીનું સમગ્ર સાહિત્ય વ્રજભાષામાં લખાયેલું છે અને "નિર્ણયાર્થ" ને તેથી અલગ ગણે છે, જે શંકાસ્પદ છે.

(३) सर्वोत्तम टीका - बृहति अथवा स्वातंत्र

(४) गुप्तरस टीका

(५) गद्यमंत्र टीका

(६) षोडश ग्रंथ टीका

(७) वल्लभाष्टक ग्रंथ टीका

* (८) दंडीमदमर्दन[३]

* (९) मालावाद

* (१०) भावरसायन

(११) २४ वचनामृत

(१२,१३) वल्लभविठ्ठल वार्ता (८४ तथा २५२ वैष्णवन की वार्ता)

"વલ્લભીય સુધા"[૪] નામક સામયિક પત્ર પણ નીચે દર્શાવેલ રચનાઓને શ્રી ગોકુલનાથજી કૃત લેખે છે :

गद्यमंत्र टीका

* दंडीमदमर्दन

* मालाकार

* सुबोधिनी प्रश्न टीका

* प्रकीर्ण स्तोत्र व्याख्यान

* उत्सव निर्णय

* भाव रसायन

* वाद ग्रंथ

वचनामृत

सर्वोत्तम स्तोत्र टीका

८४-२५२ वैष्णवन की वार्ता

निज वार्ता

धरू वार्ता

दोहा

स्फूटपद रचना

તે જ સામાયિક પત્ર[૫] એક અન્ય સ્થળે, ઉપર દર્શાવેલ રચનાઓ ઉપરાંત નીચેની રચનાઓ શ્રી ગોકુલનાથજીની હોવાનું નોંધે છે :

रहस्य भावना

उत्सवभावना

* नित्य सेवा प्रकार

* श्रीजी के स्वरुप की भावना

* हांसी प्रसंग

श्रीआचार्यजी

श्री वर वाकयामृत रत्नकोष

* श्री गुसाईजी दामोदर के संवाद का अनुवाद

* ८४ अपराध

* सात स्वरूप कि भावना

पत्रादि

श्रीगुसांईजी के स्वरूप के विचार

શ્રી વસંતરામ શાસ્ત્રી કૃત (ગુજરાતી ગ્રંથ)[૬] નામે "પુષ્ટિમાર્ગનો ઇતિહાસ" છે, તેમાં આ બધી જ રચનાઓ શ્રીગોકુલનાથજીની હોવાનું લખ્યું નથી, પરંતુ જેનો "વલ્લભીય સુધા" માં ઉલ્લેખ થયો નથી એવી કેટલીક અન્ય રચનાઓનો તેમાં ઉમેરો થયો જણાય છે, જે નીચે દર્શાવેલ છે :

સંદર્ભ નોંધ : ૩ ઉપર દર્શાવેલી * વાળી નિશાન કરેલ રચનાઓ જે આ પ્રકરણમાં સમાવેશ કરેલ છે તે મારા સંશોધન કાર્ય - અધ્યયનના વિષય નહોતી બની કારણ કે તેની અપ્રમાણિતતા કે બિન-ઉપલભ્યતા મારા કિસ્સામાં હતી.

સંદર્ભ નોંધ : ૪ જુઓ - ગ્રંથ ભાગ નં. ૬, ક્રમાંક-૨, પૃ. ૧૭ અને ૨૩

સંદર્ભ નોંધ : ૫ જુઓ - ગ્રંથ ભાગ નં. ૧૧, ક્રમાક -૪, પૃ. ૧૬

સંદર્ભ નોંધ : ૬ જુઓ પૃ. ૮૪ (પ્રથમ આવૃત્તિ વિ.સં. ૧૯૮૨ની)

''अस्मत् कुलम निष्कलंकं''की व्याख्या

✱ सार संग्रह

गायत्रीभाष्य विवरण

भावरत्न मंजुषा (श्लोक)

વળી, શ્રી જવાહરલાલ ચતુર્વેદી - મથુરાના હતા, તેમણે પુષ્ટિમાર્ગીય સાહિત્ય ગ્રંથો તમામની ગ્રંથ સૂચિ એક યાદી બનાવી છે. તેમની યાદીમાં શ્રી ગોકુલનાથજી કૃત રચનાઓ નીચે પ્રમાણે આપવામાં આવી છે :

સંસ્કૃતમાં રચના ગ્રંથો :

ષોડશ ગ્રંથ ટીકા

સિદ્ધાંતમુકતાવલિ (SM), જલભેદ, પુષ્ટિપ્રવાહમર્યાદા ભેદ અંતઃકરણ પ્રબોધ (AP) નિરોધલક્ષણ (NL) ભકિતવર્ધિની, વિવેકધૈર્યાશ્રય (PPM) સંન્યાસ નિર્ણય (SN) સિદ્ધાંત રહસ્ય (SR) સેવાફલ

✱ उत्सव निर्णय
क्रिया सर्वापि टीका
गद्यमंत्र टीका
✱ प्रपंच संसार भेद
मधुराष्टक टीका
वल्लभाष्टक टीका
सर्वोत्तम टीका लघु (सूक्ष्म)
सर्वोत्तम टीका (बृहति)
✱ स्कुरत्प्रेमामृत दो महति और सूक्ष्म
✱ सुबोधिनी के उपर प्रश्न टीका
गायत्री भाष्य विवरण

✱ मालाकार
✱ भक्तिरसायन
प्रकीर्ण स्तोत्र व्याख्या
✱ दंडीमदमर्दन
गुप्तरस टीका
✱ भावरसायन
अस्मत्कुल निष्कलंकं व्याख्या
✱ वेणुणीत टीका
विज्ञप्ति (३० श्लोका:)

વ્રજભાષા :

८४ वैष्णवन की वार्ता
२५२ वैष्णवन की वार्ता
✱ माला प्रसंग
वचनामृत
वनयात्रा

२८ वचनामृत
निजवार्ता
गुसांईजी की वार्ता
उत्सवभावना
✱ वल्लभविलास

गुर्जर रचना-पुष्टिमार्गना दश मर्मनुं धोळ

"વલ્લભીય સુધા" માં દર્શાવેલ રચનાઓ ઉપરાંતની શ્રી ગોકુલનાથજીની વધારાની રચનાઓ શ્રી દ્વારકાદાસ પરીખ નીચે પ્રમાણે દર્શાવે છે :

૨૮ બેઠક ચરિત્ર
ગિરિધરજીકો બેઠક ચરિત્ર
ચરણ ચિહ્ન કી ભાવના
✱ભાવના વચનામૃત
ભાવસિંધુ
સ્ફુટ વચનામૃત

૮૪ વચનામૃત
૮૪ બેઠન કે ચરિત્ર
વનયાત્રા
ગુસાંઈજી ઔર દામોદરદાસ સંવાદ
ષડઋતુ કી વાર્તા
સ્ફુટ પદ

કામવનના દેવકીનંદન પુસ્તકાલયની હસ્તલિખિત પ્રતમાં નીચે દર્શાવેલી રચનાઓ શ્રીગોકુલનાથજીની હોવાનું દર્શાવ્યું છે :

* (સંસ્કૃત) ભકિત હેતુ - શ્રીગોકુલશજી વિઠ્ઠલજી (અપૂર્ણ)
* (સંસ્કૃત) ભકિત હેતુ નિર્ણય - શ્રી ગોકુલેશજી (પૂર્ણ)
(વ્રજ) ધોલ શ્રીગોકુલેશજી કે (અપૂર્ણ)
(સંસ્કૃત) તિલક નિર્ણય
(સંસ્કૃત) સૌંદર્ય ભિત્યસ્ય વ્યાખ્યા - શ્રીગોકુલનાથજી
(વ્રજ) શ્રીગોકુલનાથજી કી પ્રશ્નાવલિ
* (સંસ્કૃત) રાસ પંચાધ્યાયી તાત્પર્ય
* (સંસ્કૃત) વિજ્ઞપ્ત્યષ્ટકમ્ - શ્રી ગોકુલનાથજી વિઠ્ઠલનાથજી
* (સંસ્કૃત) રામચંદ્ર સ્તુતિ કૃષ્ણમંગલ સ્તોત્ર - શ્રી ગોકુલેશજી
(વ્રજ) મહાવાકય શરણમંત્ર વ્યાખ્યા, નિબંધીય શિક્ષા શ્લોકા : ગોવિંદાષ્ટકમ્-શ્રીગોકુલેશજી
(સંસ્કૃત) નવરત્ન પ્રકાશ સટિપ્પણ ટીકા-શ્રીવિઠ્ઠલાત્મજ ગોકુલેશજી શ્રી વલ્લભદીક્ષિત.

શ્રી નાથદ્વારા - ભંડારની હસ્ત લિખિત યાદીમાં પણ શ્રીગોકુલનાથજીની કેટલીક રચનાઓ હોવાનુ દર્શાવ્યુ છે. તેમાં એક રચના છે જેનો અન્ય કોઇએ ઉલ્લેખ સુદ્ધાં કર્યો નથી. તે રચનાનુ નામ છે "વિવરણ ગોકુલેશ કૃત વ્યાકરણ" જે મને જોવા મળ્યું નથી. બીજી એક રચના છે "યમુનાષ્ટક - પ્રથમ શ્લોક પર સ્વતંત્ર લેખ" જે શ્રીગોકુલનાથજીને નામે હોવાનું કહે છે પણ તેનો ઉલ્લેખ કોઇએ કર્યો નથી. અલબત આનો ઉલ્લેખ શ્રીગટ્ટુલાલજી સંસ્થાની હસ્તપ્રતમાં છે.

શ્રીગોકુલનાથજીએ સ્વયં પોતાની રચનાઓ નીચે મુજબ દર્શાવી છે :

વ્યકિતવિવૃત્તિ [૭]

સ્વાતંત્ર્યક [૮]

ભાવમંજુષા [૯]

સ્વતંત્ર [૧૦]

સંદર્ભ નોંધ : ૭ સરખાવો
સાત્વગ્નિકુમારેષ્વેત્યુદ્ભાવ્યેવ મયા વ્યકિતવિવૃતૌ લિખિતમસ્તિ - બડી ટીકા - પોરબંદરની હસ્તપ્રત- પૃ. ૨૮૬

સંદર્ભ નોંધ : ૮ સરખાવો
મદુકત સ્વાતંત્ર્યકવિવૃત્તિ ગૂઢાભિસન્દયન્તરિતનિખિલ તાત્પર્ય તત્વયતિ - અસ્મત કુલમ્ નિષ્કલંકમ્ વ્યાખ્યા પૃ.૯ (કપડવંજના શ્રી યુ.એસ.પરીખે પ્રકાશિત કરેલ શ્રીમદ્ વલ્લભાચાર્ય વંશસ્વરૂપ નિરૂપણમ્)

સંદર્ભ નોંધ : ૯ સરખાવો
ઇત્યત્ર મહાવાકાયાથરહસ્યં મયા ભાવનામંજુષાપાયામુદધાટિતંવિજ્ઞેયં ।- શ્રીમદ્ ગાયત્રી ભાષ્ય (ત્રીજી આવૃત્તિ) પૃ. ૫

સંદર્ભ નોંધ : ૧૦ સરખાવો : મયા સ્વતંત્રૈ હરિણાનાં શુદ્ધજ્ઞાનક્રિયા પ્રાચુર્યપ્રસ્તાવેસર્વોત્તમસ્યાપિ વિવૃતૌ પ્રપંચિંતમસ્તિ-એના એજ પુસ્તકમાં સંદર્ભ પૃ-૨

સર્વોત્તમ સ્તોત્ર પરની બડી ટીકાનો અભ્યાસ કરતાં જણાય છે કે, ભાવમંજુષા (કદાચિત શ્રી વસંતરામ શાસ્ત્રીએ ઉલ્લેખ કરેલ ભાવરથ - મંજુષા જ છે) અને સ્વાતંત્ર્યક[૧૦અ] એ બડી ટીકાનાં જ અન્ય ગ્રંથનામો છે તથા વ્યકિત-વિવૃતિ એ પણ સર્વોત્તમ સ્તોત્ર[૧૧] પરની જ સૂક્ષ્મ ટીકા છે. સ્વાતંત્ર એ જ ઘણું ખરું શ્રીમદ્ ભાગવતના શ્લોકો પરની અથવા સુબોધિનીજીની કારિકા પરની ટીકા છે.

હરિરાયજી શ્રીવિઠ્ઠલનાથજી રચિત યમુનાષ્ટક વિવૃતિ વિશે કહે છે જે વિવૃત્તિને શ્રીગોકુલનાથજીએ પછીથી પૂર્ણ કરેલી.[૧૨]

શ્રીગોકુલનાથજીના કોઇપણ અંતરંગ શિષ્યોએ આપશ્રીની રચનાઓની પ્રમાણિત યાદી સંપૂર્ણતયા આપવાની દરકાર કરી નથી. કલ્યાણ ભટ્ટે સર્વોત્તમ સ્તોત્ર, વલ્લભાષ્ટક, સંન્યાસ નિર્ણય, ભકિતવર્ધિની, સિદ્ધાંત રહસ્ય, પુષ્ટિ પ્રવાહ મર્યાદા પરની ટીકા અને ધન્યાસ્તુ મૂઢમતયઃ અને મણિધરઃ કવચિદાગણયન્ જેવા શ્લોકોને શ્રીગોકુલનાથજીની રચનાઓ કહી છે.[૧૩] ગોપાલદાસે તો વળી એવી નોંધ લખી છે કે, શ્રીગોકુલનાથજીએ પોતાની કોઇ મૌલિક રચનાઓ લખી નથી, પરંતુ શ્રીવલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીની રચનાઓ પર ટીકા જ લખી છે. તેણે શ્રીગોકુલનાથજીની ટીકાઓ અને ગ્રંથ-રચનાની સંખ્યા કે તેમણે લખેલી ટીકા તે ગ્રંથોનાં નામો પણ લખેલ નથી.[૧૪]

કહે છે કે, શ્રીગોકુલનાથજીએ શ્રીમદ્ ભગવદ્ગીતા પર "રસિક રંજિની" નામક ટીકા લખી હતી. પરંતુ મને તેની કોઇ હસ્તપ્રત હાથ લાગી નથી. કેટલાક લોકોના મતાનુસાર તે રચના કલ્યાણ ભટ્ટની હતી.[૧૫] મારાં સંશોધન કાર્ય દરમ્યાન શ્રીગોકુલનાથજીની મેં બીજી કેટલીક રચનાઓ ઉપર દર્શાવેલી તે ઉપરાંત જોઇ છે. જે નીચે દર્શાવી છે.

અષ્ટાક્ષર વિવૃતિ	(કપડવંજમાં જોયેલી)
સમર્પણ વિવૃતિ	(કપડવંજમાં જોયેલી)
કૃષ્ણાશ્રય ટીકા (વ્રજ)	(કપડવંજમાં જોયેલી)
ગોકુલાષ્ટક ટીકા (વ્રજ)	(કપડવંજમાં જોયેલી તથા કાંકરોલીમાં)

આ પ્રમાણે જોતાં શ્રીગોકુલનાથજીની રચનાઓ વિશે કોઇ એકવાકયતા જણાતી નથી અને તે રચનાઓનાં શીર્ષકો પૈકી કેટલાકની બાબતમાં પણ તેવી જ પરિસ્થિતિ પ્રવર્તે છે.[૧૬] શ્રીગોકુલનાથજીની રચનાઓની વિવિધ યાદીઓને હું અત્યંત

સંદર્ભ નોંધ : ૧૦(અ)શ્રી જટાશંકર શાસ્ત્રીએ નોંધ્યું છે કે બડી ટીકાને સ્વાતંત્ર કહી છે. સર્વોત્તમ સ્તોત્ર બ્રહટિકા (સ્વાતંત્રાખ્યા)
-શુદ્ધાદ્વૈત અને ભક્તિ માર્તંડ ભાગ-૯, ક્રમાંક - ૩-૪, ૫-૧૯

સંદર્ભ નોંધ : ૧૧ જુઓ - પ્રકરણ ૩ (અ) (૨) શ્રીવિઠ્ઠલનાથજીનાં કેટલાક લખાણો પર ટીકા

સંદર્ભ નોંધ : ૧૨ જુઓ - શ્રીવલ્લભાચાર્યનાં કેટલાંક લખાણો પર ટીકા

સંદર્ભ નોંધ : ૧૩ કલ્લોલ ૧૨ તરંગ --૧ (જુઓ)

સંદર્ભ નોંધ : ૧૪ સરખાવો : તત્ત્વાર્થદોહન - અનુગ્રહ - ગ્રંથ-૧૦ પૃ.૩૩૫ અને પાદટીપ - ૫૪ આ પ્રકરણની.

સંદર્ભ નોંધ : ૧૫ રસિક રંજિનીનું ગુજરાતી પ્રકાશન છે જે "અનુગ્રહ" નામક સામયિકના કેટલાંક પ્રકાશનોમાં છપાયેલું છે, પરંતુ તેમાં તેની રચના કરનાર વિશે કે તેનું નામ ઉલ્લેખ થયો જોવા મળતો નથી.

સંદર્ભ નોંધ : ૧૬ ડૉ. એસ. એન. દાસગુપ્તાએ પણ શ્રીગોકુલનાથજી તેમજ શ્રીવલ્લભાચાર્ય તથા શ્રીવિઠ્ઠલનાથજીની ગ્રંથ-રચનાઓની સંપૂર્ણ કે સાચી યાદી આપી જણાતી નથી. તેમની યાદીમાં પણ અપૂર્ણતા અને ક્ષતિઓ જણાય છે. - જુઓ ભારતીય તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ - ગ્રંથ ૪ - પૃ. ૩૭૩ - ૩૮૧

સંભાળપૂર્વક જોઇ ગયો છું અને તેમાંની કોઇપણ મને સર્વથા સાચી કે સંપૂર્ણ જણાઇ નથી, બલકે ઉકત યાદીઓ બહુધા લોકવાયકા પર આધારિત હોવાનું અને કોઇએ પણ ઉકત યાદીઓને વર્ગીકૃત કરવાની દરકાર કરી નથી એવું જણાયું છે. સંભવતઃ શ્રીગોકુલનાથજીની કેટલીક રચનાઓ સદાને માટે નષ્ટ કે અપ્રાપ્ય બની છે અથવા તો જે કેટલીક આપે લખી હોવાનું કહેવાય છે. આપશ્રી તેના રચનાકાર હતા તે બાબત જ શંકાસ્પદ છે. આ પ્રકરણના હવે પછીના ભાગમાં આવી કેટલીક રચનાઓ વિશે આપણે ચર્ચા - વિચારણા કરીશું.

શ્રીગોકુલનાથજીની રચનાઓ જે ઉપલબ્ધ છે તેનું વર્ગીકરણ નીચે દર્શાવ્યા મુજબ થઇ શકે એવું મારું માનવું છે :

સંસ્કૃત રચના - ગ્રંથો :- (અ)

(૧) પ્રાથમિક ગ્રંથો તિલકનિર્ણય, વિજ્ઞપ્તિ, શ્રીવલ્લભાચાર્યભકતાનાંનામાવલિ

(૨) શ્રીવિઠ્ઠલનાથજીલિખિત શ્રીસર્વોત્તમ સ્તોત્ર, વલ્લભાષ્ટક, અસ્મત્ કુલમ્ નિષ્કલંકમ્ ગોકુલાષ્ટકમ્ અને ગુપ્તરસ વગેરે પર શ્રીગોકુલનાથજીએ લખેલ વિવૃતિ કે લેખો

(૩) શ્રીવલ્લભાચાર્યજીની નીચે દર્શાવેલ રચના ગ્રંથો[૧૭] પર લખેલી ટીકા : યમુનાષ્ટક, સિદ્ધાંત મુકતાવલિ, પુષ્ટિપ્રવાહમર્યાદા, સિદ્ધાંત રહસ્ય, અંતઃકરણપ્રબોધ, કૃષ્ણાશ્રય, નિરોધલક્ષણ, જલભેદ, સંન્યાસનિર્ણય, મધુરાષ્ટક અને ગાયત્રી ભાષ્ય પરનો સંક્ષિપ્ત લેખ.

(૪) ગદ્યમંત્ર અને અષ્ટાક્ષરની ટીકા અને અન્ય સંક્ષિપ્ત લખાણો તથા “ક્રિયા સર્વાપિ સર્વત્ર, ધન્યાસ્તુ... મૂઢમતયઃ” એ શ્લોક પંકિત પરનું નિરૂપણાત્મક સંક્ષિપ્ત લખાણ.

(બ)

વાર્તા સાહિત્ય :- ૮૪ અને ૨૫૨ વાર્તા
ભાવસિંધુ, ઘરુ વાર્તા, બેઠક ચરિત્ર નિજવાર્તા વગેરે[૧૮]

(ક) ભાવના સાહિત્ય :- રહસ્ય ભાવના, લીલા ભાવના, સ્વરૂપ ભાવના, ઉત્સવ ભાવના વગેરે[૧૯]

(ડ) વચનામૃત સાહિત્ય :- વિવિધ લેખો[૨૦]

(ઇ) દોહા, પદો પત્રો, જયોતિષશાસ્ત્રના લેખો વગેરે[૨૧]

સંદર્ભ નોંધ : ૧૭ શ્રી કેશવલાલ ભાવનગરીએ શ્રીગોકુલનાથજી લિખિત સંન્યાસ નિર્ણય પરની ટીકાનું જે ભાષાંતર કર્યું તેની પૂર્વપીઠિકા લખી છે. તેમાં તેમણે લખ્યું છે કે, શ્રીગોકુલનાથજીએ માત્ર સાત ટીકાઓ લખી છે - સર્વોત્તમસ્તોત્ર, વલ્લભાષ્ટક, સિદ્ધાંત રહસ્ય, ભાવસિંધુ, પુષ્ટિપ્રવાહમર્યાદા, અંતઃકરણપ્રબોધ અને સંન્યાસ નિર્ણય જેમાં ૬ ભગવદ્ ગુણધર્મો અને ૧ ધર્મીનું નિરૂપણ કરવાનો હેતુ તેમનો હતો.

વાંચો : આપશ્રી ગોકુલેશજીને સાત ટીકા કરી અને અધિક ન કરી । ઔર ગ્રંથ પર ટીપણિ કિયો અથવા સ્વતંત્ર કહી શ્રીભાગવતસુબોધિની ઉપર લેના ગૂઢભાવ - દુર્બોધ અતિ કઠિણ હતે તાકુ પ્રકાશ કરવેકુ લિખે ।

બાલાસિનોરના શ્રી ઓ. સી. મોદી પાસેની હસ્ત-તમાંથી ઉતારો- શ્રીગોકુલનાથજીએ માત્ર સાત ટીકા લખી હતી, તે વિધાન સાચું નથી, કારણ કે તેમની લખેલી કેટલીક બીજી ટીકાઓ જેવી કે ગદ્યમંત્ર પરની ઉપલબ્ધ છે. વળી એવું જે વિધાન છે કે , બીજી બધી ટિપ્પણી હતી તે પણ વૈજ્ઞાનિક દષ્ટિએ સાચું નથી. આથી “સાત” શબ્દનો ઉપયોગ ૬ ભગવાનના ગુણ અને ૧ ધર્મીનો જ નિર્દેશ કરે છે.

સંદર્ભ નોંધ : ૧૮ જુઓ, પ્રકરણ ૩ (બ)
સંદર્ભ નોંધ : ૧૯ જુઓ, પ્રકરણ ૩ (ક)
સંદર્ભ નોંધ : ૨૦ જુઓ, પ્રકરણ ૩ (ડ)
સંદર્ભ નોંધ : ૨૧ જુઓ, પ્રકરણ ૩ (ઇ)

(૨) શ્રીગોકુલનાથજીની અપ્રાપ્ય રચનાઓ અથવા શંકાસ્પદ રચનાઓ વિશે.

ઉપર મુજબ કરેલું પાંચ પ્રકારનું વર્ગીકરણ થયું છે. શ્રીગોકુલનાથજીની જે રચનાઓનો તેમાં સમાવેશ થતો નથી એવી રચનાઓ વિશે આપણે હવે જોઇશું :

"દંડીમદ મર્દન", "માલાવાદ" અને "ભાવ-રસાયણ" નામક ત્રણ રચનાઓ જેનો ઉલ્લેખ સંપ્રદાય કલ્પદ્રુમમાં થયો છે, તે ત્રણે રચનાઓ મને જોવા મળી નથી. તેમાંની પહેલી બે રચનાઓમાં "માલા-પ્રસંગ" તરીકે જાણીતી બનેલી ઘટનાનો સંદર્ભ સંભવતઃ થયો છે. કહે છે કે, શ્રીગોકુલનાથજીએ તુલસી-માલાની બાબતમાં સમર્થન કરતાં બધાં જ શાસ્ત્રીય પ્રમાણો એકઠાં કર્યાં હતાં અને ચિદ્રૂપ સંન્યાસી સમક્ષ તે રજૂ કર્યાં હતાં અને તે બધાનું ખંડન કરવા તેને પડકાર કર્યો હતો. આ રીતે એકઠાં કરેલાં પ્રમાણોની સમસ્તની રચના "માલાવાદ" ને નામે જાણીતી થઇ હશે. "દંડીમદ મર્દન" એ અલગ એવી અન્ય રચના હશે, અથવા તો "માલાવાદ" રચનાનું એક અન્ય શીર્ષક હશે. આ બધાં પ્રમાણો કલ્યાણ ભટ્ટ કૃત -"૭મા કલ્લોલ" (તરંગ, ૧૫,૧૬,૧૭) માં એકત્રિત દર્શાવ્યાં છે અને તેમાં એવો પણ નિર્દેશ થયો છે કે, તુલસી-માલા પ્રસંગ માટે શ્રીગોકુલનાથજીએ તે એકઠાં કર્યાં હતાં અને તે બધાં ચિદ્રૂપ સંન્યાસીની સમક્ષ રજૂ કરવા સ્વયં પધાર્યા હતા. આ દૃષ્ટિએ જોતાં આપણે શું માની શકીએ કે, ૭મા કલ્લોલમાં દર્શાવેલ પ્રમાણો તે જ છે, કે પછી "માલાવાદ" માં છે તેનાં જેવાં જ છે ? જો એમ હોય તો, "૭મા કલ્લોલ"માં દર્શાવેલાં પ્રમાણો માત્ર સંગ્રહિત કરેલાં છે અને તે મૌલિક રચનાઓરૂપે નથી. શ્રી જવાહરલાલ ચતુર્વેદી કૃત યાદીમાં "માલાકાર" એવું શીર્ષક ધરાવતી રચના તથા વલ્લભીય સુધામાં (ગ્રંથભાગ -દ્દટ્ઠા ૨માં પૃષ્ઠ ૧૭) પણ જેનો ઉલ્લેખ થયો છે તેની બાબતમાં એમ કહી શકાય કે, તેનું "માલાકાર" નામનું રચનાનું શીર્ષક એક ખોટો શબ્દ પ્રયોગ છે અને તે "માલાવાદ" જ હોવું જોઇએ.

ભાવરસાયનની બાબતમાં ગોપાલદાસ વ્યારાવાળા કહે છે.

એકાદશીતણો ગ્રંથ નિર્ણયનો એક
મહાપ્રભુજીએ કરો કહયો છે વિવેક ।
તે ગ્રંથનું નામ ભાવરસાયન ધરિયે
લખ્યું છે બહુ ભાતે નિર્ણય કરીએ ॥ [૨૨]

આ બાબતે છે કે, "ભાવ-રસાયન" એ અન્ય કંઇ નથી પણ "એકાદશી - નિર્ણય" છે. આનો ઉલ્લેખ પ્રકરણ ૩ (ઇ) માં થયો છે. કેટલાક ભરુચી વૈષ્ણવોના કથનાનુસાર શ્રીગોકુલનાથજીએ "એકાદશી" "જન્માષ્ટમી" વગેરેના પ્રશ્નોની ચર્ચા-વિચારણા કરી હતી અને તે વાદ એટલે "ભાવ રસાયન" ગ્રંથ જે આજે ઉપલબ્ધ નથી.

સુબોધિની - પ્રશ્ન-ટીકા નામે અલગ એવી કોઇ રચના મળતી નથી. શ્રીમદ્ ભાગવત અને સુબોધિનીની કેટલીક કાવ્ય-કડી ઉપર શ્રીગોકુલનાથજીએ લેખો અથવા ટીકા લખેલ છે, પરંતુ આપશ્રીએ ખરેખર કેટલા આવા લેખો-લખાણો લખ્યાં હતાં, તેની ચોકકસ સંખ્યા આપણે જાણી શકતા નથી. શ્રીમદ્ ભાગવતના શ્લોકો અને સુબોધિનીજીની પંકિતઓ વિશે આપશ્રીએ વિવિધ વચનામૃતો કહેલાં જે તેની સમજૂતી આપવા અને શંકાઓને નિર્મૂળ કરવા માટેનાં હતાં પરંતુ આવી રચનાનો કોઇ ગ્રંથ કયાંય મારા જોવામાં આવ્યો નથી.

"ઉત્સવ - નિર્ણય"[૨૩] નામની કોઇ અલગ ગ્રંથ રચના થઇ નથી. શ્રી ગોપાલદાસ વ્યારાવાળા[૨૪] લખે છે કે, રાજા ટોડરમલ અને બિરબલની ઉપસ્થિતિમાં જન્માષ્ટમી મહોત્સવનું વ્રત કેવી રીતે કરવું જોઇએ એ વિશે

સંદર્ભ નોંધ : ૨૨ જુઓ, તૃતીય તરંગ-મંગલ ૧૨ કડી - ૧૧૬-૧૭

સંદર્ભ નોંધ : ૨૩ કાંકરોલીમાં એક હસ્તપ્રત (હિંદી વિભાગ - ક્રમાંક ૮૭-૪-૧) છે જેનું નામ છે "ભાવના વચનામૃત" તેના અંતમાં પ્રકાશકની નોંધ આ પ્રમાણે છે - "ઇતનો શ્રીજીને કૃપા કરો ઉત્સવ નિર્ણય સંક્ષેપ મેં લીખ્યો હે ! આ હસ્તપ્રત એ અન્ય કોઇ નથી પણ "ઉત્સવભાવના" છે.

સંદર્ભ નોંધ : ૨૪ સરખાવો - શ્રીજી એ જન્માષ્ટમી નિર્ણય કીધાં છે જી. . . . ।
પ્રાકટય સિદ્ધાંત મંગલ ૨૨, કડી ૧૪૪ વગેરે

શ્રીગોકુલનાથજીએ પ્રબોધ સરસ્વતી નામના સંન્યાસી સાથે ચર્ચા વિચારણા કરી હતી. આ પ્રકારની થયેલી ચર્ચા વિચારણાઓને “ઉત્સવ -નિર્ણય” એવું શીર્ષક આપવામાં આવ્યું હોય, પરંતુ “એકાદશી નિર્ણય” સિવાય અન્ય કોઇ “નિર્ણય ગ્રંથ આજે જોવા મળતો નથી. આવો કોઇ “વાદ-ગ્રંથ” શ્રીગોકુલનાથજીના નામે નથી.

“રહસ્યભાવના” અને “નિત્ય સેવા પ્રકાર” એમ બે અલગ ગ્રંથ-રચના આપની કરેલી હતી એવું ઉપરોક્ત લેખકો કહે છે, પરંતુ વિવિધ હસ્તપ્રતો જોતાં એવો નિર્દેશ થાય છે કે તે બન્ને એક જ છે અને અલગ નથી.[૨૫]

“શ્રીજી કે સ્વરૂપકી ભાવના” ૮૭નો ઉલ્લેખ કાંકરોલીના વિદ્યા વિભાગમાં જોવા મળે છે પરંતુ તેના રચયિતા વિશે કોઇ ઉલ્લેખ તેમાં જોવા મળતો નથી.[૨૬] “સાત સ્વરૂપ કી ભાવના” એ નામક રચના પણ શ્રીગોકુલનાથજીની હોવાનુ કહેવાય છે પણ એવી કોઇ ગ્રંથ-રચના અદ્યાપિ હાથવગી થઇ નથી. બીજી એક રચના નામે “સ્વરૂપ ભાવના” મળે છે તેમાં સાત સ્વરૂપની ભાવનાઓનું નિરૂપણ થયું છે, પરંતુ તેના રચનાકાર શ્રીદ્વારકેશજી છે.

“ભાવના વચનામૃત” એ કાંકરોલીની હસ્તપ્રત છે, પરંતુ એ અન્ય કાંઈ નહિ પણ “ઉત્સવ ભાવના” છે.[૨૭] “હાંસી પ્રસંગ વચનામૃત” ૨૪ વચનામૃત અને “વરવાકયામૃતરત્ન કોશ” એ બધા ગ્રંથો શ્રીગોકુલનાથજીના કહેલાં વિવિધ વચનામૃતોના સંગ્રહરૂપ છે.[૨૮]

કાંકરોલીમાં એક હસ્તપ્રત[૨૯] નામે “ગુસાંઇજી દામોદરદાસજી સંવાદ” ની મળે છે, પરતુ તેના રચનાકારનુ નામ લખેલું મળતું નથી. ઉકત હસ્તપ્રતમાં શ્રીદામોદરદાસજીનો પુનર્જન્મ શ્રીગોકુલનાથજી સ્વરૂપમાં થયો હતો એવો ઉલ્લેખ થયેલો જોવા મળે છે.[૩૦] બીજું આ રચનામાં લખ્યું છે કે,

“સો જીતની બાત દામોદરદાસજીને કહી સો શ્રી ગુસાંઇજીને સંસ્કૃત મેં કહી એક ગ્રંથ કોનો હે સો શ્રીગોકુલનાથજી કે પાસ હતો। તા કી વિસ્તાર યા ગ્રંથ વિશે હે।”

આથી તો એવું સિદ્ધ થાય છે કે, આ ગ્રંથ- રચના શ્રીગોકુલનાથજીની નથી. બીજી પણ એક હસ્તપ્રત છે.[૩૧] જેના અંતે એવું લખાણ વંચાય છે કે “ઇતિ શ્રીગુસાંઇજી કો ઓર દામોદરદાસ હરસાંનિ કો સંવાદ સંપૂર્ણ”-તેથી પણ એવું સિદ્ધ થાય છે કે, આ ગ્રંથ રચના શ્રીગોકુલનાથજીની લખેલી નથી.[૩૨]

કાંકરોલીના વિદ્યા વિભાગમાં એક હસ્તપ્રત[૩૩] ૮૪ અપરાધ વિશેની જોવા મળે છે. તેનો પ્રારંભ આ પ્રમાણે છે. “અબ શ્રી આચાર્યજી મહાપ્રભુજી કુંભનદાસ પ્રત પુષ્ટિમાર્ગ સો સિદ્ધાંત કહતે હૈ” તેમાં ગ્રંથ - રચનાકારના નામનો ઉલ્લેખ થયો નથી.

“સાર - સંગ્રહ” ની[૩૪] હસ્તપ્રતો કાંકરોલીમાં જોવા મળે છે. એકાદશી, મહાપ્રસાદ - મહિમા વગેરેના વિષયોની બાબતમાં જુદા જુદા પુરાણોમાંથી લઇ ટાંકેલા કેટલાક શ્લોકો તેમાં સંગ્રહિત થયેલા જોવા મળે છે. અલબત,

---

સંદર્ભ નોંધ : ૨૫ જુઓ, પ્રકરણ ૩ (ક)

સંદર્ભ નોંધ : ૨૬ જુઓ, પ્રકરણ ૩ (ક)

સંદર્ભ નોંધ : ૨૭ જુઓ, પ્રકરણ ૩ (ક)

સંદર્ભ નોંધ : ૨૮ જુઓ, પ્રકરણ ૩ (ડ)

સંદર્ભ નોંધ : ૨૯ જુઓ, હિંદી વિભાગ ૯૨-૪-૧ પૃ.૧૧ થી ૭૧

સંદર્ભ નોંધ : ૩૦ એના જ પૃ. ૨૩ અને ૨૪ જુઓ અને પ્રકરણ - ૨ ની પાદટીપ ૩ જુઓ

સંદર્ભ નોંધ : ૩૧ જુઓ, હસ્તપ્રત હિંદી વિભાગ ક્રમાંક ૧૩૭-૬

સંદર્ભ નોંધ : ૩૨ જુઓ, પ્રકરણ ૩ (બ) - પાદટીપ ૭૯

સંદર્ભ નોંધ : ૩૩ જુઓ, હસ્તપ્રત હિંદી વિભાગ ૯૫-૩-૨ અને ૯૨-૫

સંદર્ભ નોંધ : ૩૪ જુઓ સંસ્કૃત હસ્તપ્રત ક્ર:૭૯/૧૩, ૮૨ / ૮, ૮૨ / ૧૮ વળી જુઓ - હસ્તપ્રત ક્ર. ૧૯૪૯ સંસ્કૃત વિભાગ અમદાવાદની ગુજરાત વિદ્યાસભા. તેમાં વિવિધ ઉત્સવોની ઉજવણી બાબત પૌરાણિક પ્રમાણે દર્શાવ્યાં છે - પુરાણોમાંથી તારણ કરેલાં છે. તેમાં પ્રહલાદ - સ્તુતિ પણ આપી છે. અલબત્ત, તેમાં કોઇ તારીખ લખેલ નથી અને ન તો કોઇ રચયિતાનું નામ લખ્યું છે.

આ હસ્તપ્રતોમાં તેના રચનાકાર - લેખકોના નામનો ઉલ્લેખ થયો નથી. જો આ સાર-સંગ્રહને શ્રીગોકુલનાથજીની રચના ગણીએ, તો તેના પરથી એવું સ્પષ્ટ જણાય કે, શ્રીગોકુલનાથજી પુરાણોના સારા જ્ઞાતા હતા. કેટલાક લોકો એમ માને છે કે, તુલસી-માલા અંગેના અધિકૃત પ્રમાણો "સાતમા" કલ્લોલમાં જોવા મળે છે અને તે રચના જ "સારસંગ્રહ" છે. પરંતુ આ બાબતનું કોઇ અધિકૃત પ્રમાણ પ્રાપ્ત થતું નથી. તેથી ઉકત સંગ્રહને આપણે "માલાવાદ" કે "સારસંગ્રહ" કહી શકીએ તેમ નથી.

"પ્રપંચ-સંસાર-ભેદ" એ રચના પણ શ્રીગોકુલનાથજીની કહેવાય છે. "વાદ-વલ્લી" ના[૩૫] સંપાદકે પણ તે ગ્રંથના અંતિમ ભાગે નોંધ લખી તેવો જ અભિપ્રાય વ્યકત કર્યો છે કે, તે રચના શ્રીગોકુલનાથજીની નથી, પરંતુ અન્ય શ્રીવલ્લભજીની[૩૬ (અ)] છે.

"સ્ફુરત્પ્રેમામૃત, ભકત રસાયન માલાપ્રસંગ" અને "વલ્લભવિલાસ" નામક બે ટીકાઓ શ્રીગોકુલનાથજીએ લખી છે એવો મત શ્રી જવાહરલાલ ચતુર્વેદી ધરાવે છે , અલબત શ્રી જટાશંકર શાસ્ત્રીએ[૩૬(બ)] કહયું છે કે, "સ્ફુરત્પ્રેમામૃત ટીકા" ના નામની રચના ગોકુલમાં ઉપલબ્ધ છે. તેની લખી સાલ વિ.સં. ૧૮૬૮ છે અને તે અપ્રકાશિત છે.

તેમણે "સ્ફુરત્પ્રેમામૃત ટીકા (મહતી)" નો પણ ઉલ્લેખ કર્યો છે પરંતુ મને એકપણ રચના મારા સંશોધનકાર્ય દરમ્યાન એટલે કે શ્રી ગોકુલનાથજીની ગ્રંથ - રચનાઓની બાબતમાં હાથવગી થઇ નહોતી. કહેવાય છે કે, ગોકુલમાં વલ્લભ-ઘાટમાં રહેતા કેટલાક ભરુચી વૈષ્ણવો પાસે શ્રીગોકુલનાથજીની રચનાઓની હસ્તપ્રતો અપ્રાપ્ય પ્રકારની છે, પરંતુ તે લોકો તે રચનાઓ કોઇને પણ વાંચવા કે નકલ કરવા આપતા નથી, કારણ કે તેમને તે લોકો શ્રીગોકુલનાથજીનું સ્વરૂપ ગણે છે. માલા-પ્રસંગની રચના શ્રીગોપાલદાસ કૃત છે. વલ્લભ-વિલાસ એ રચના શ્રીગોકુલનાથજીની નથી, પણ કોઇ ભરુચી વૈષ્ણવની છે અને તે કાશીમાંથી પ્રકાશિત થઇ છે. તેમાં શ્રીગોકુલનાથજીનું પુરુષોત્તમ લેખે નિરુપણ થયું છે. આથી એ નિશ્ચિત બને છે કે, ઉકત રચના શ્રીગોકુલનાથજીની નથી, કારણ કે આપશ્રી કદાપિ ભગવાનના અવતાર તરીકે પોતાને માનતા ન હોતા.[૩૭]

વેણુ-ગીત-ટીકાની બાબતમાં એમ કહી શકાય કે, શ્રીગોકુલનાથજીએ તેમના વચનામૃતમાં તે વિશે કહયું છે. ૧૧મી કડી પર એક સંક્ષિપ્ત લખાણ ઉપલબ્ધ છે, પરંતુ વેણુગીત પર એક સંપૂર્ણ એવી ટીકા આજે ઉપલબ્ધ નથી.

ભકિત હેતુ અથવા ભકિત હેતુ નિર્ણય[૩૮] એ રચના શ્રીવિઠ્ઠલનાથજીની છે, પરંતુ હસ્તપ્રતોની કામવનની યાદી તે રચનાને શ્રીગોકુલનાથજીની હોવાનું કહે છે. મૂળ હસ્તપ્રતો ઉપલબ્ધ નથી[૩૯] અને તેથી તે રચના વિશે કંઇ કહી શકાય નહિ, તેમજ કામવનની યાદીમાં દર્શાવેલી અન્ય રચના વિશે પણ કંઇ કહી શકાય નહીં. શ્રીવિઠ્ઠલનાથજી

સંદર્ભ નોંધ : ૩૫ જુઓ "વાદ-વલ્લી" પ્રાવેશિકા પૃ.૧૦

સંદર્ભ નોંધ : ૩૬(અ)શ્રી એમ. ટી. તેલીવાળાએ નિશ્ચિત રીતે કહયું છે કે, તે રચના શ્રીવલ્લભજીએ (જન્મ ૧૭૨૯ વિ.સં.) જે શ્રીવિઠ્ઠલનાથજીના પાંચમા લાલજીના વંશજ હતા તેમની જ છે - જુઓ "પુષ્ટિ સુધા" ગ્રંથ ૭મો પૃ.૯૫ ક્રમાંક ૯

સંદર્ભ નોંધ : ૩૬(બ)શુદ્ધાદ્વૈત અને ભકિતમાર્તંડ ગ્રંથ લ્મો ૩-૪, પૃ.૧૬, ૧૭, ૧૯

સંદર્ભ નોંધ : ૩૭ જુઓ પ્રકરણ ૩ (અ) ટીકા ૮૮

સંદર્ભ નોંધ : ૩૮ મુંબઇની પુષ્ટિમાર્ગીય યુવક પરિષદે તેનું પ્રકાશન કર્યું છે. શ્રીરઘુનાથજીની ટીકામાં "ભકિત-હેતુ" શીર્ષકનો ઉલ્લેખ થયો છે.

સંદર્ભ નોંધ : ૩૯ વરસાદને કારણે એક નાનકડી ઓરડીમાં હસ્તપ્રતો ઢગલારૂપે રાખવામાં આવેલી એવું મેં જયારે ઓકટો. ૧૯૬૧ માં કાંકરોલીની મુલાકાત વખતે જોયું હતું અને તે પરિસ્થિતિમાં હું સંબંધિત હસ્તપ્રત જોઇ શકયો નહોતો. ત્યારબાદ, મેં તે હસ્તપ્રત વિશે તપાસ કરતું લખાણ કર્યું હતું, પણ કોઇ જ ઉત્તર મળ્યો નહતો.

પોતાની રચના ગ્રંથો શ્રીગોકુલનાથજીને બતાવતા તથા તેમના સૂચનો-નોંધ આપવા જણાવતા અને શક્ય ત્યાં, તેમનાં સૂચનો-નોંધ સ્વીકારી પોતાની રચનામાં તેનો સમાવેશ કરી લેતા હતા, એમ કહેવાય છે એટલે સંભવ છે કે, શ્રીવિઠ્ઠલનાથજીની કેટલીક ગ્રંથ-રચનામાં શ્રીગોકુલનાથજીનો કોઇક પ્રકારનો ફાળો રહ્યો હોય, પરંતુ મૂળ હસ્તપ્રતો જોયા પહેલાં આવી ગ્રંથ રચનાના સંયુકત આલેખન વિશે કંઇ પણ કહેવું કઠિન છે. રાસ પંચાધ્યાયી તાત્પર્ય અને વિજ્ઞપ્ત્યષ્ટકમ્‌ની બાબતમાં પણ એવું જ કહી શકાય. વિજ્ઞપ્તિ સિવાયની અન્ય સર્વ ગ્રંથ - રચના શ્રીવિઠ્ઠલનાથજીની લખેલી કહેવાય છે.

પ્રકીર્ણ સ્તોત્ર વ્યાખ્યાની બાબતમાં જેનો ઉલ્લેખ વલ્લભીય સુધામાં છે, તે પૈકી વલ્લભાષ્ટક, સર્વોત્તમ સ્તોત્ર અને ગોકુલાષ્ટક પરની ટીકાઓ લખેલી જોવા મળે છે.[૪૦]

શ્રીહરિહરનાથ ટંડને શ્રુંગાર-રસમદન પર શ્રીગોકુલનાથજીની ટીકા હોવાનું લખ્યું છે.[૪૧] પરંતુ (કાંકરોલી, નાથદ્વારા કે કામવનની) હસ્તપ્રતોની યાદીમાં તેનો કોઇ જ ઉલ્લેખ થયો નથી. શ્રુંગાર-રસ-મદનની[૪૨] ઉપલબ્ધ પ્રતમાં પણ શ્રીગોકુલનાથજીનો કોઇ ઉલ્લેખ જોવા મળતો નથી.

૨૫૨ વાર્તામાં કિશોરીબાઇની વાર્તામાં નીચે મુજબ લખાણ થયું જોવા મળે છે.

જો કેદાર રસ ભર્યો ગાઇ રહી હૈ । સો રસ કી વાર્તા હૈ ।
સો શ્રીગોકુલનાથજી રસમંજરી કી ટીકા લીખી હૈ.।[૪૩]

આપણને માહિતી મળે છે કે, ઉપરોકત પંકિતમાં લખ્યા મુજબ શ્રીગોકુલનાથજીએ રસ-મંજરી પર ટીકા લખી હતી જે રચના નંદદાસની લખેલી છે તે જાણીતી વાત છે.[૪૪] શ્રીગોકુલનાથજીની ટીકાની ભાળ આજદિન સુધી મળતી નથી. આથી આપણે જો ઉપરોકત પંકિતના આધારે એવું માની લઇએ કે, શ્રીગોકુલનાથજીએ રસ-મંજરી પર ટીકા લખી હતી તો તેનો અર્થ એવો થાય કે શ્રીગોકુલનાથજી પુષ્ટિમાર્ગના એક અનુયાયીની રચના પર પણ ટીકા લખવા જેટલા વિનમ્ર હતા.

શ્રીહરિરાયજીએ શ્રીગોકુલનાથજીની સ્તુતિરૂપે ગોકુલાષ્ટક લખ્યું હતું. તેમાં તેઓ લખે છે કે શ્રીગોકુલનાથજીએ શ્રીમદ્દ ભાગવત પર અર્થ તત્ત્વ વિવૃતિ[૪૫] નામક સુપ્રસિદ્ધ ગ્રંથ-રચના કરી હતી. તેમની લખેલી ઉકત પંકિતનો અર્થ એવો પણ થાય છે કે, શ્રીગોકુલનાથજીએ શ્રીવિઠ્ઠલનાથજી લિખિત સુબોધિનીજી કે પછી શ્રીગોકુલનાથજીની અન્ય રચના પર અર્થ - તત્ત્વ- વિવૃતિ લખેલી હતી એવો પ્રશ્ર પણ થાય છે. અલબત્ત, આવું શીર્ષક ધરાવતી એવી કોઇ ગ્રંથ-રચના અદ્યાપિ પર્યંત ઉપલબ્ધ થઇ નથી. ઉપર જણાવ્યા મુજબ, શ્રીગોકુલનાથજીએ શ્રીમદ્દ ભાગવત અને સુબોધિનીજીની કેટલીક કાવ્ય પંકિતઓ પર સંક્ષેપમાં લખાણો કર્યાં હતાં, પરંતુ તે બધાં જ ઉપલબ્ધ થતાં નથી. સંભવતઃ હરિરાયજીનું કહેવું કદાચિત શ્રીગોકુલનાથજીના શ્રીમદ્દ ભાગવત પરના તેમના ઉપદેશોના સંદર્ભમાં છે,

---

સંદર્ભ નોંધ : ૪૦ જુઓ, પ્રકરણ (૩) (અ)

સંદર્ભ નોંધ : ૪૧ જુઓ, વાર્તા સાહિત્ય, પૃ. ૫૬૧

સંદર્ભ નોંધ : ૪૨ ઉકત પ્રકાશનનું સંપાદન શ્રી તેલીવાળાએ કર્યું હતું અને તે ૧૯૭૫ વિ.સં. માં પ્રકાશિત થયું હતું. તેમાં સંપાદકશ્રીએ શ્રીગોકુલનાથજીની ટીકા લખેલી છે એવો ઉલ્લેખ છે.

સંદર્ભ નોંધ : ૪૩ ૨૫૨ વાર્તા (સંપાદન ડી. પરીખ) ભાગ ૩ - પૃ. ૧૫૨

સંદર્ભ નોંધ : ૪૪ સરખાવો - શ્રી રામચંદ્ર શુકલ હિંદી સાહિત્ય કા ઇતિહાસ (વિ.સં. ૨૦૧૪ની આવૃત્તિ પૃ-૧૬૧) વળી જુઓ - શ્રી કંઠમણિ શાસ્ત્રીની મંજરી-પંચક કાંકરોલી વિદ્યા-વિભાગ દ્વારા પ્રકાશન છે તે શ્રી કંઠમણિજીએ મને લખ્યું હતું કે તેમણે શ્રીગોકુલનાથજી રચિત રસ મંજરીની ટીકા જોઇ નથી.

સંદર્ભ નોંધ : ૪૫ સરખાવો યઃ શ્રી ભાગવતાર્થતત્ત્વ-વિવૃતેઃ ચક્રે પ્રચારં (પ્રવાહ). . . । હરિરાય-વાહ-મુક્તાવલી-ભાગ-૨ - પૃ. ૨૩૬ - ૧ કડી

જે શ્રીગોકુલનાથજીના કેટલાંક વચનામૃતોમાં જોવા મળે છે.

કાંકરોલી સ્થિત વિદ્યા વિભાગમાં "લલિત-ત્રિભંગ" શીર્ષકવાળી એક હસ્તપ્રત છે.[૪૬] શ્રીગોકુલનાથજી લિખિત ભાષ્ય-ટીકા તેમાં છે. લખનારના હસ્તાક્ષર અવાચ્ય છે, તેથી હું તે વાંચી શકયો નહોતો અને તેથી તેમાં લિખિત વિષય-વસ્તુ વિશે વિવેચન થઇ શકે તેમ નથી. સંભવ છે કે, ઉકત રચના શ્રીવિઠ્ઠલનાથજીની ગુપ્તરસ નામક ટીકાની વ્રજભાષામાં અનુવાદિત આવૃત્તિ હોય. નિર્ણય સાગર પ્રેસ દ્વારા પ્રકાશિત કાવ્યમાલા શ્રેણી (ક્રમાંક ૫૯) માં શ્રીગોકુલનાથજી લિખિત અમૃતોદયમ્ નામક નાટક પ્રસિદ્ધ થયેલો જોવા મળે છે. આનો લેખક શ્રીશંકરાચાર્યનો અનુયાયી લાગે છે. ઉકત નાટકમાં વૈદિક તત્ત્વજ્ઞાન અને બૌદ્ધધર્મના તત્ત્વજ્ઞાનનું રૂપકાત્મક આલેખન થયું જોવા મળે છે. આથી એટલું નિશ્ચિતપણે કહી શકાય તેમ છે કે, શ્રીવિઠ્ઠલનાથજીના ચતુર્થ લાલજી શ્રીગોકુલનાથજી આ નાટક-રચનાના કર્તા કદાપિ હોઇ શકે નહીં.

શ્રી એલ. પી. પરીખ નોંધે છે કે, શ્રી ભાગવત પીઠિકા નામક કૃતિ શ્રીવિઠ્ઠલનાથજી લિખિત છે, તો કેટલાક તેને શ્રીગોકુલનાથજીની કહે છે-માને છે.[૪૭]

વળી એમ પણ કહેવાય છે કે, ભાગવત પીઠિકા નામક કૃતિની રચના શ્રીમદ્ વલ્લભાચાર્યની છે. પરંતુ સમગ્ર દૃષ્ટિથી જોતાં કોઇ વિશ્વસનીય પ્રમાણ મળતું નથી એટલે ઉકત શ્રીભાગવતપીઠિકા નામની રચના વાસ્તવમાં કોની લખેલી છે તે વિશે ચોકકસાઇ-પૂર્વક કંઇ કહી શકાય તેમ નથી.

(૩) શ્રીગોકુલનાથજીની ગ્રંથ-રચનાઓની બાબતમાં કાલક્રમાનુસારી એટલે કે સાલવાર યાદી વિશે.

શ્રીગોકુલનાથજીની ગ્રંથ - રચનાઓની બાબતમાં પૂરતા પ્રમાણમાં બાહ્ય અને આંતરિક પ્રમાણો પ્રાપ્ત થતાં નથી. તેથી, તેમણે કરેલી ગ્રંથ-રચનાઓ વાસ્તવમાં કયારે થઇ હતી તેની કોઇ ચોકકસ તારીખ કે સમય નિશ્ચિત કરવાનું મુશ્કેલ છે. વળી, આપશ્રીની ગ્રંથ-રચનાઓની તારીખની બાબતમાં તેમની રચના ખુદમાં કે અન્યત્ર કોઇપણ જગ્યાએ તેની નોંધ કરેલી કે લખેલી જોવા મળતી નથી. આમ છતાં તે અંગે અત્રે પ્રયાસ કરવામાં આવ્યો છે અને તેના આધાર લેખે વિવિધ લખાણોમાં જે કેટલાંક વિધાનો જોવા મળે છે તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

(૧) ગોપાલદાસ કહે છે કે, વડોદરાના માલાજી પંચોલીએ શ્રીગોકુલનાથજીને ગુજરાતમાં પધારવા વિનંતી કરી હતી.[૪૮] તદનુસાર વિક્રમ સંવત ૧૬૪૬-૪૭ માં શ્રીગોકુલનાથજી ગુજરાતમાં પધાર્યા હતા. આના પરથી એવું આપણે એવું અનુમાન કરી શકીએ કે આપશ્રીનાં વચનામૃતોમાં જયાં પણ માલાજીનો ઉલ્લેખ થયો છે તે બધાં જ વચનામૃતો ૧૬૪૭ વિ.સં. પછીના સમયગાળામાં આપશ્રીએ કહેલાં છે અથવા તો માલાજી ગોકુલમાં આવ્યા પછી રહેવાસી બન્યા ત્યારના સમયગાળાના છે. માલા પ્રસંગની ઐતિહાસિક ઘટના બન્યા પછી ઘણા બધા વૈષ્ણવો શ્રીગોકુલનાથજીના અનુયાયી બન્યા હતા જેમને આપશ્રી ધર્મના સિદ્ધાંતો વિશે પ્રવચનો આપતા હતા. આથી ઘણા ખરાં વચનામૃતો આપશ્રીએ વિ.સં. ૧૬૭૫ પછી કહ્યાં હશે અને વિ.સં. ૧૬૮૦-૯૦ના સમયગાળા પછી તે બધાંનું સંકલન થયું હશે સૌથી જૂનું વચનામૃત વિ.સં. ૧૬૯૩ની રચના-સાલ ધરાવે છે.[૪૯]

(૨) રસખાન અને વિષ્ણુદાસ છીપા તેમનાં રચેલાં પદોમાં વૈષ્ણવોનો ઉલ્લેખ કરે છે. તે બન્ને, વિક્રમ સંવતની ૧૭મી સદીના પૂર્વાર્ધમાં થઇ ગયા હતા. આથી આપણે ૮૪ વાર્તાઓની બાબતમાં અનુમાન કરી શકીએ

સંદર્ભ નોંધ : ૪૬ સંસ્કૃત વિભાગ ક્રમાંક : ૯૩ / ૧૩

સંદર્ભ નોંધ : ૪૭ સરખાવો - શ્રી એલ.પી. પરીખ કૃત શ્રીમદ્ વલ્લભાચાર્ય (ત્રીજી આવૃત્તિ) પૃ. ૩૮૮

સંદર્ભ નોંધ : ૪૮ સરખાવો - ગુજરાત પ્રસંગ-માંગલ્ય-૧૩ શ્લોક -૭

સંદર્ભ નોંધ : ૪૯ વિદ્યા વિભાગ, કાંકરોલી - હિંદી વિભાગ ક્રમાંક : ૧૪૧-૩

કે, તે સંભવતઃ વિક્રમ સંવત ૧૬૫૦ના ગાળા દરમિયાન કહેવાઇ હશે કે તેનું સંકલન થયું હશે.

(૩) "અસ્મતકુલમ્ નિષ્કલંકમ્" નામક ટીકામાં સર્વોત્તમ સ્તોત્રની ટીકાનો ઉલ્લેખ છે તથા સ્વતંત્ર વિવૃતિનો ઉલ્લેખ "મણિધરઃ દેવચિદાગણયન્" ની કાવ્ય પંકિતમાં છે. આથી આપણે એવું ચોકકસપણે અનુમાન કરી શકીએ કે, "અસ્મતકુલમ્ નિષ્કલંકમ્ " ની ટીકા લખાઇ તેની પૂર્વેની ઉકત બે રચના લખાઇ હતી.[૫૦]

(૪) "ગાયત્રી ભાષ્ય" પરની એક હસ્તપ્રતમાં "સર્વોત્તમસ્તોત્ર" પરની ટીકાનો ઉલ્લેખ છે અને "ધન્યાસ્તુ મૂઢમતયઃ" ની કાવ્ય પંકિત પરનો "સ્વતંત્ર" લેખ હોવાનો ઉલ્લેખ થયો જોવા મળે છે.[૫૧] આથી ઉપરોકત બન્ને રચનાઓ "ગાયત્રી ભાષ્ય" ની હસ્તપ્રત લખાઇ તે પૂર્વેની લખાઇ હતી. "સર્વોત્તમ સ્તોત્ર" પરની "બડીટીકા"માં અસ્મતકુલમ્ નિષ્કલંકમ્ નો ઉલ્લેખ થયો છે. આથી બડીટીકાનો ક્રમમાં અસ્મતકુલમ્ નિષ્કલંકમ્ પછી તુરત જ આવે છે અને કારણ કે "ગાયત્રી ભાષ્ય" ની હસ્તપ્રતમાં "ભાવ-મંજુષા" નો ઉલ્લેખ છે જે સંભવતઃ "બડી-ટીકા" જ છે એટલે "ગાયત્રી ભાષ્યની" ની હસ્તપ્રત ઉપરોકત સર્વ રચનાઓમાં સૌથી છેલ્લી કદાચિત થઇ લખાઇ હતી.

(૫) "અસ્મતકુલમ્" "ગાયત્રી-ભાષ્ય" "સમર્પણ ગદ્યાર્થ, બડી ટીકા" અને "વલ્લભાષ્ટક વિવરણ" ઇત્યિાદિની ભાષાશૈલીમાં પ્રૌઢત્વ જોવા મળે છે અને તે થોડે ઘણે અંશે સમજવી મુશ્કેલ લાગે છે. તેમાંનું વિષય-વસ્તુ પણ ઊંડી વિચારધારાનું દ્યોતક છે. આથી આ રચનાઓ આપશ્રી શ્રીગોકુલનાથજીના જીવનના ઉત્તરકાળમાં લખાઇ હશે એવું અનુમાન કરીએ એ યથાર્થ થશે.

સામાન્ય રીતે, ગોસ્વામીઓ લહિયાઓ પોતાની સાથે રાખતા અને તેઓ પોતાની ગ્રંથ-રચના કે લેખો તેમને લખાવતા હતા. શ્રીગોકુલનાથજીના કિસ્સામાં એવું જણાય છે કે, ગોવર્ધન ભટ્ટ અને કલ્યાણ ભટ્ટ આપશ્રીના લહિયા તરીકેની કામગીરી બજાવતા હતા.[૫૨] આથી શ્રીગોકુલનાથજીના સ્વહસ્તાક્ષરમાં લખાયેલ કોઇપણ ગ્રંથ-રચના કે લખાણ ભાગ્યેજ ઉપલબ્ધ છે. કહેવાય છે કે કેટલાક ભરૂચી વૈષ્ણવો પાસે શ્રીગોકુલનાથજીના સ્વહસ્તાક્ષરમાં લિખિત એવી કેટલીક ગ્રંથ-રચના છે પરંતુ ભાગ્યેજ કોઇને એ હસ્તપ્રતો વાંચવા માટે કે નકલ કરવા અપાઇ છે. શ્રીગોકુલનાથજીની ગાદી ગોકુલમાં છે, પરંતુ આજે ગોકુલમાં આપશ્રી લિખિત કોઇપણ ગ્રંથ-રચના ઉપલબ્ધ નથી. કહે છે કે શ્રીગોકુલનાથજીની કેટલીક રચના જે ગોકુલમાં હતી તેને ગોલોકવાસી શ્રીવલ્લભલાલજી કામવન ખાતેના દેવકીનંદન પુસ્તકાલયમાં લઇ ગયા હતા. હાલમાં ત્યાં બધી હસ્તપ્રતો ઢગલારૂપે ખડકાયેલી છે અને તેથી શ્રીગોકુલનાથજીની નિજહસ્તાક્ષરોમાં લિખિત એવી કોઇ હસ્તપ્રત કે તેની રચના તારીખ શોધવી અશકય છે.

(૪) શ્રીગોકુલનાથજીની અન્ય ગ્રંથ-રચનાને લગતી કેટલીક પ્રકીર્ણ માહિતી

ગોપાલદાસજી તેમના લખેલાં તત્ત્વાર્થ દોહનમાં[૫૩] કહે છે કે, શ્રીગોકુલનાથજીએ કોઇપણ મૌલિક ગ્રંથ-રચના લખી નથી, પરંતુ શ્રીમદ્ વલ્લભચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીની ગ્રંથ-રચનાઓ પર ભાષ્ય-ટીકા લખી છે. તેમ કરવા પાછળનો હેતુ, તેમની લખેલી ગ્રંથ-રચનાના રહસ્યને સ્ફુટ કરવાનો તેમનો હતો. શ્રીગોપાલદાસજી કહે છે કે, શ્રીમદ્ વલ્લભચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીની ગ્રંથ-રચનાનાં રહસ્યં તથા પુષ્ટિમાર્ગના રહસ્યબોધના પરિપાક-

---

સંદર્ભ નોંધ : ૫૦ જુઓ, આ પ્રકરણની પાદટીપ ક્રમાંક - ૮
સંદર્ભ નોંધ : ૫૧ જુઓ, આ પ્રકરણની પાદટીપ ક્રમાંક - ૯
સંદર્ભ નોંધ : ૫૨ સરખાવો - કલ્લોલ - ૧૨ તરંગ - ૯
સંદર્ભ નોંધ : ૫૩ સરખાવો - અનુગ્રહ - ગ્રંથ - ૧૦- પૃ. ૩૩૫

ફલરૂપે શ્રીગોકુલનાથજી (સાક્ષાત્ સ્વરૂપે) સ્વયં હતા. શ્રીમદ્ વલ્લભચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીના કિસ્સામાં મૌલિક ગ્રંથ-

રચનાઓ કરવા પાછળ ખાસ હેતુ હતો તેવો કોઇ જ હેતુ શ્રીગોકુલનાથજીને માટે રહ્યો નહોતો.[૫૪] આથી વિરુદ્ધમાં આપણે સુપેરે કહી શકીએ કે, શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનું સંપૂર્ણ નિરૂપણ શ્રીમદ્ વલ્લભાચાર્ય દ્વારા રચિત અણુભાષ્ય, તત્ત્વદીપ-નિર્ણય ગ્રંથ ઇત્યાદિમાં અને શ્રીવિઠ્ઠલનાથજી દ્વારા લિખિત વિદ્વન્-મંડન, ભકિત-હેતુ ઇત્યાદિ ગ્રંથોમાં થયું હતુ અને તેથી શ્રીગોકુલનાથજીએ શ્રીમદ્ વલ્લભાચાર્ય અને વિઠ્ઠલનાથજીના ગ્રંથોનાં રહસ્યોનો બોધ કરવાનું ઉચિત લાગ્યું અને આપશ્રીએ તદનુસાર પોતાની રીતે વિવરણો ઉકત ગ્રંથોના રહસ્યનો બોધ કરવા લખ્યાં હતાં. આ રહસ્યબોધના વિવરણ પરત્વે પ્રમેય-રીતિને પ્રાધાન્ય આપવું ઘટે એવું આપશ્રી માનતા હતા અને તેથી પ્રમાણને આપશ્રીએ ખાસ કોઇ મહત્ત્વ આપ્યું નથી. શ્રીગોકુલનાથજી શુદ્ધ પુષ્ટિમાર્ગના પુરસ્કર્તા હતા જે ગોપીજનોનો હતો અને આથી જ શ્રીવિઠ્ઠલનાથજી પણ પોતાની ગ્રંથ-રચનાઓમાંનાં વિધાનો અંગે શ્રીગોકુલનાથજીના અભિપ્રાય ઘણી વખત અવશ્ય લેતા હતા. પરંપરાનુસાર એવું પણ કહેવાય છે કે, શ્રીવિઠ્ઠલનાથજીએ પોતાના પુત્ર શ્રીગોકુલનાથજીના આવાં વિવરણો કે સૂચનોનો સમાવેશ પોતાની ગ્રંથ રચનાઓમાં કર્યો હતો.

બેઠક-ચરિત્ર - ૧૩ બેઠકો શ્રીગોકુલનાથજી વિશે નિજવાર્તા, ઘરુવાર્તા, બેઠક ચરિત્ર નામક પ્રકાશિત રચનામાં - (પ્રકાશક શ્રી લલ્લુભાઇ સી. દેસાઇ) શ્રીગોકુલનાથજીની કેટલીક રચનાઓની માહિતી નીચે મુજબ આપી છે :[૫૫]

(૧) વલ્લભાષ્ટકની ટીકા વૃંદાવનમાં બંસીબટ ખાતે લખાઇ હતી.

(૨) સર્વોત્તમ સ્તોત્ર પરની ટીકા ચંદ્રસરોવર ખાતે લખાઇ હતી.

(૩) વેણુગીતના પ્રસંગનું વિવરણ કરહલાની બેઠક ખાતે થયું હતું. વેણુગીત પરની ટીકા કે પુસ્તિકા કે પછી વેણુગીતની કેટલીક કડી અંગેની ઉકત ટીકા કે હસ્તપુસ્તિકાની રચના કરહલા ખાતે થઇ હતી.

(૪) ભ્રમરગીતના પ્રસંગનું દીર્ઘ વિવરણ રસોલી ખાતે થયું હતું. ઉકત દીર્ઘ વિવરણ ત્રણ પ્રહર (એટલે કે ૯ કલાક) સુધી થયું હતું.

આ પ્રમાણેની પ્રારંભિક ચર્ચા-વિચારણા તથા શ્રીગોકુલનાથજીની કેટલીક રચનાઓ વિશેની ઉપલબ્ધ માહિતીને ધ્યાને લઇને આપશ્રીની ઉપર પ્રમાણે વર્ગીકરણ કરેલી રચનાઓના અધ્યયન અને મૂલ્યાંકન કાર્ય પ્રતિ હવે આપણે આગળ વધીશું.

સંદર્ભ નોંધ : ૫૪ સરખાવો

> શ્રી આચાર્યજી શ્રી ગુસાંઇજીએ તો ભવિષ્યમાં એ સ્વરૂપ દેખાડવાને ગ્રંથ કીધા ને તે સ્વરૂપ તો પ્રગટ થયું તો હવે આગળ એ સ્વરૂપ કોને દેખાડવા ગ્રંથ કરે ? માટે પોતે ગ્રંથ ન કીધા ને પોતે વિપ્રયોગ અસહ્ય પરિતાપમુકત શ્લોક પાંત્રીસ કીધા। પૃ. ૩૩૫ - તે જ પુસ્તકમાં

સંદર્ભ નોંધ-૫૫ : સરખાવો-નિજવાર્તા-ઘરુ વાર્તા (પ્રકાશક એલ. સી. દેસાઇ) પૃ. ૩૧૫,૩૧૬ અને ૩૧૮

પ્રકરણ - ૩ (અ)

સંસ્કૃત ગ્રંથ - રચનાઓ

(૧) મૌલિક ગ્રંથ - રચનાઓ

આપણે અગાઉ જાણ્યા મુજબ[૧] શ્રીગોકુલનાથજીએ શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીની જેમ કોઇ મૌલિક કે સ્વતંત્ર બહુ મૂલ્યવાન એવી ગ્રંથ-રચના કરી નથી. આપશ્રીના પિતા અને પિતામહની ગ્રંથ-રચનાઓ પર ટીકા-વિવરણ લખવાનું અને તે દ્વારા તે બંન્ને પૂર્વજોના ગ્રંથોમાં તેઓ શું કહેવા માંગે છે તે લોકોને સમજાવવાનું આપશ્રીએ ઉચિત ગણ્યું હોય એમ લાગે છે. આમ છતાં, નીચે દર્શાવેલ આપશ્રીની મૌલિક ગ્રંથ-રચનાઓ તરીકે ગણવામાં આવે છે, કારણ કે તે કોઇ ગ્રંથ-રચનાઓ પરની ટીકા-વિવરણ લખાયેલ નથી.

૧ - તિલક - નિર્ણય

શ્રીમદ્ વલ્લભચાર્યના એટલે કે પુષ્ટિમાર્ગમાં તેમના અનુયાયીઓના કપાળે જે તિલક કરાય છે તેના બે પ્રકાર છે, એક પ્રકાર જેને "સંયુકત" કહે છે તેમાં વૈષ્ણવની આંખની બે ભ્રમરો વચ્ચે તિલકની બે રેખા વચ્ચેથી જોડાયેલી હોય છે અને બીજો પ્રકાર જેને "વિયુકત" કે દંડાકાર કે દ્વિરેખા કહે છે એટલે કે તિલકની બે રેખા અલગ અલગ રખાય છે. શ્રીગોકુલનાથજીના પુષ્ટિમાર્ગીય અનુયાયીઓ ઉપર જણાવેલા બે પ્રકાર પૈકી બીજા પ્રકારનું તિલક કપાળ પર ધારણ કરે છે અને અન્ય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો પ્રથમ પ્રકારનું તિલક કપાળ પર કરતા હોય છે. શ્રીગોકુલનાથજીના અનુયાયીઓ જ શા માટે બીજા પ્રકારે તિલક કરે છે તેના વિશે વિવિધ દંતકથાઓ[૧-અ] પ્રચલિત છે પણ તે બધી જ દંતકથાઓ પ્રમાણભૂત જણાતી નથી.

શ્રીગોકુલનાથજીના અનુયાયીઓ દાવો કરે છે કે, તત્ત્વદીપ - નિર્ણય ગ્રંથમા[૨] શ્રીમદ્ વલ્લભાચાર્યે લખેલા શબ્દો "દંડાકારમ્ લલાટે સ્યાત્" માં કહેલા સિદ્ધાંતનું પોતે અનુસરણ કરે છે. શ્રીમદ્ વલ્લભાચાર્યના ઉકત શબ્દોનો

સંદર્ભ નોંધ : ૧ પ્રકરણ -૩ (૪) મુજબ

સંદર્ભ નોંધ : ૧ (અ) એક વખત બન્યું એવું કે, શ્રીગોકુલનાથજીએ તિલક કર્યું તેની બે રેખાને જોડવાનું ભૂલી ગયા અને જયારે શ્રીશ્રીનાથજી બાવાએ તે જોયું ત્યારે તેમણે સ્મિત કર્યું અને બોલ્યા કે આ તિલક ઘણું જ સુંદર લાગે છે, તે દિવસથી શ્રીગોકુલનાથજીએ તિલકની બે રેખા જુદી પોતાના ભાલ પર ધારણ કરવા લાગ્યા અને તેમના શિષ્યો પણ તેનું અનુકરણ કરવા લાગ્યા. આ પરંપરાનો અહેવાલ "વૈષ્ણવધર્મ પતાકા" ના ગ્રંથ વિભાગ આઠમાનો ક્રમાંક ૩ પૃષ્ઠ-૮૪ માં આપેલો છે. બીજું કહેવાય છે કે શ્રીગોકુલનાથજી બાદશાહ જહાંગીરને મળવા કાશ્મીર ગયા હતા અને બાબત હતી ચિદ્રુપ સંન્યાસીની ઇચ્છાને અનુસરવાની અને માલાનો ત્યાગ કરવો. જહાંગીરે આ બાબતમાં શ્રીગોકુલનાથજીને કહયું કે મારું માન રાખો અને આ બાબતમાં કંઈક કરો. આથી શ્રીગોકુલનાથજીએ તિલકની બે રેખા વચ્ચેના વળાંકને કાઢી નાખવાની અને પોતે તિલક બે રેખાનું કરશે એમ કહયું. શ્રીગિરધરજી મહારાજ કે વચનામૃતમાં આ પરંપરાની નોંધ વચનામૃત ક્રમાંક - ૪૪ (પૃ. ૮૯ - પ્રકાશક એલ.સી.દેસાઇ) માં થઇ છે.

આ બાબતમાં શ્રીગોકુલનાથજીએ જહાંગીરને કહેલા શબ્દો "હમ તો તુમ્હારે કહે સો નિચે કો તિલક ન કરેંગે" શબ્દો - પ્રસંગે કરીને ઉપજાવી કાઢેલા જણાય છે અને "માલા પ્રસંગ"થી શ્રીગોકુલનાથજીને જે અદ્ભુત કીર્તિ પ્રાપ્ત થયેલ તેમને હીણું દેખાડવા - લાંછન લગાડવાની મેલી મહેચ્છા પ્રેરિત હોવાનું સ્પષ્ટ જણાય છે.

સંદર્ભ નોંધ : ૨ સરખાવો તત્ત્વદીપ નિર્ણય-૨ પંકિત-૨૪૪

અર્થ તેમના અન્ય અનુયાયીઓ બીજી રીતે કરે છે. ગમે તેમ પણ એક ન સમજાય તેવું રહસ્ય એ છે કે, એક જ માર્ગના અનુયાયીઓ કપાળ પર તિલકો - બે પ્રકારનાં ધારણ કરે એ કેવું !

શ્રીગોકુલનાથજીએ કહેવાય છે કે, "તિલક - નિર્ણય"[૩] ગ્રંથ-રચના "દંડકાર તિલક" નું શાસ્ત્રીય પ્રમાણ સિદ્ધ કરવા માટે લખી હતી. તેમાં આપશ્રી અચક્ર-મયૂખ, પદ્મપુરાણ અને શતપથ બ્રાહ્મણના શબ્દો પોતાનાં સમર્થનમાં ટાંકે છે. પૌરાણિક જટિલ વિધાનોનાં હાર્દનું આપશ્રી વ્યાકરણ શુદ્ધ ભાષામાં સૂક્ષ્મપણે નિરૂપણ કરે છે- સમજાવે છે.[૪] આથી એમ કહી શકાય કે, તિલકના આ બે પ્રકાર વિશેનો વિવાદ શ્રીગોકુલનાથજીના સમયમાં પણ ચાલુ હતો અને તેથી આપશ્રીના આ વિવાદ "દંડાકાર તિલક" પરત્વેના મંતવ્યને સિદ્ધ કરવા માટે આપશ્રીએ આ ગ્રંથ - રચના કરી હતી. વળી એમ પણ કહી શકાય કે, "તિલક નિર્ણય" ની બાબતમાં એ ગ્રંથ-રચના શ્રીગોકુલનાથજી લિખિત છે, તેનું કોઇ પ્રમાણ હોવાનું જણાતું નથી મળતું નથી. સંભવ છે કે, ઉક્ત ગ્રંથની રચના આપશ્રીના કોઇ અનુયાયીએ કરી હોય અને તેમના નામે ચઢાવી દીધી હોય. ઉકત ગ્રંથ-રચનામાં કોઇ મંગલાચરણ લખેલું જોવા મળતું નથી અને ન તો ગ્રંથના આરંભમાં કે અંતમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય કે શ્રીવિઠ્ઠલનાથજીને નમસ્કાર - સ્તુતિ કરતી કોઇ પંકિત લખેલી જોવા મળે છે. આથી, ઉકત ગ્રંથ - રચનાના રચનાકાર શ્રીગોકુલનાથજી હતા તે વિશે સહજે શંકા કરી શકાય. પરંતુ આ બાબતમાં કોઇ આધારભૂત પ્રમાણના અભાવને કારણે, કોઇ જ આખરી વિધાન કરવું મુશ્કેલ છે.

૨. વિજ્ઞપ્તિ

શ્રીગોકુલનાથજીની ગ્રંથ-રચનાઓ પૈકી એક મહત્ત્વની ગ્રંથરચના છે વિજ્ઞપ્તિ[૫] તેમાંની કાવ્ય-પંકિતઓ - શ્લોકોની બાબતમાં અભિપ્રાય-ભેદ પ્રવર્તે છે. કલ્યાણ ભટ્ટ કહે છે કે, શ્રીગોકુલનાથજીએ ૩૭ શ્લોકો લખ્યા છે જે ભગવાનના[૬] વિરહના ગૂઢભાવનું નિરૂપણ કરે છે. ગોપાલદાસ કહે છે કે શ્રીગોકુલનાથજીએ માત્ર ૩૫ શ્લોક લખ્યા હતા. આ બંન્ને લેખકો શ્રીગોકુલનાથજીના સમકાલીન હતા અને વળી અંતરંગ શિષ્યો હતા અને તેથી તેમનામાંથી કોણ સાચો તે કહેવું મુશ્કેલ છે. આમ છતાં, આપણે આ બાબતમાં કલ્યાણ ભટ્ટ પર વધારે વિશ્વાસ રાખી શકીએ જે શ્રીગોકુલનાથજીના લહિયા તરીકે કામ કરતા હતા.[૭]

સંદર્ભ નોંધ : ૩ હસ્તપ્રતો ભરૂચ, કપડવંજ અને કામવનમાં ઉપલબ્ધ છે. તેનું પ્રકાશન થયું છે. દંડાકાર દિવાકર એવું નામ છે. (પ્રકાશન વર્ષ-૨૦૦૨) અને પ્રકાશનકર્તા છે બિરપુરના બાલમુકુંદ શર્મા. વળી, શ્રી ઉત્સવલાલ એસ. પરીખની પ્રકાશિત પુસ્તિકા "કર્મરહિત શુદ્ધભક્તિ નિરુપણ અને તિલક-નિર્ણય" (વિ.સ. ૧૯૯૪)

સંદર્ભ નોંધ : ૪ સરખાવો - છિદિ દ્વૈથીકરણે ધાતોર્મુલાદારભ્ય અગ્રભાગપર્યંતમ્ દ્વૈથીકરણમભિજ્ઞાયતે ।.... દંડાકાર દિવાકર- પૃ.૮૮ પ્રકાશિત પુસ્તક

સંદર્ભ નોંધ : ૫ શ્રી એન. એન. ગાંધી લિખિત અને શ્રી ઉત્સવભાઇ એસ. પરીખ પ્રકાશિત (વિ.સં.૨૦૦૯) "શ્રીગોકુલેશ વાક્સુધા"માં આ છપાયેલ છે.

સંદર્ભ નોંધ : ૬ સરખાવો - "શ્રીમહાપ્રભુજીને વિપ્રયોગરસસ્ય અર્થાવારે અત્યંત ગૂઢભાવ અર્થવારે યહ સૈંતિસ પદ રચે હૈ । - કલ્લોલ - ૧૨ - તરંગ-૧૦ અનુવાદકર્તા - શ્રી લોકનાથ પંડિત - જે અપ્રકાશિત અનુવાદ છે. આ રચનાનું કલ્લોલમાં જે કેટલુંક લખાણ છે તે "ગોકુલેશવાક્સુધા" ની ભિન્ન પ્રકારે છે. પરંતુ તે મહત્ત્વનાં ન હોઇ અત્રે નોંધ લીધી નથી.

સંદર્ભ નોંધ : ૭ સરખાવો - "પાંત્રીસ શ્લોક પ્રભુઅના તે માંહે એ સિદ્ધાંત ।" ભકતભાવ - માંગલ્ય-૨ પંકિત -૨ શ્લોક ૩૦૭ (અપ્રકાશિત) વળી જુઓ - તત્ત્વાર્થ દોહન -અનુગ્રહ- વિભાગ- ૯ ક્રમાંક -૧૦ પૃ.૩૩૫ ડાહીલક્ષ્મી પુસ્તકાલય, નડિયાદમાં વિજ્ઞપ્તિની એક પ્રત છે. તેમાં શ્લોક સંખ્યા ૩૪ છે અને તે ગોકુલેશવાકસુધાના ક્રમાનુસાર નથી.

શ્રીગોકુલનાથજી લિખિત "વિજ્ઞપ્તિ" ની બાબતમાં બીજો એક પ્રશ્ન તેના રચનાકાર અંગે ઉપસ્થિત થયો છે આવી તો લગભગ ૧૦ વિજ્ઞપ્તિ શ્રીવિઠ્ઠલનાથજીની લખેલી છે તે બધી બૃહત્ - સ્તોત્ર - સરિત્સાગર[૮] પૃ. ૧૭૧ અને પૃ. ૧૯૮ થી ૨૨૬ માં પ્રકાશિત થયેલી જોવા મળે છે. તેને શ્રી ગોકુલનાથજીની રચના સાથે સરખાવતાં જોવા મળે છે કે, શ્રીગોકુલનાથજીના લખેલા શ્લોકોમાંના ઘણાખરા શ્રીવિઠ્ઠલનાથજીની રચનામાં જોવા મળે છે[૯]. આથી પ્રશ્ન એવો ઊઠે છે કે, શ્રીગોકુલનાથજી લિખિત કહેવાતી "વિજ્ઞપ્તિ" નો સાચો રચનાકાર-લેખક કોણ છે ? આનંદની વાત એ છે કે, ઉકત "વિજ્ઞપ્તિ" ના રચનાકાર શ્રીગોકુલનાથજી જ છે અને નહિ કે શ્રીવિઠ્ઠલનાથજી એવું સિદ્ધ કરતાં પર્યાપ્ત પ્રમાણે આપણી પાસે છે. ઉપર કહી ગયા તેમ, કલ્યાણ ભટ્ટ અને ગોપાલદાસ બંન્ને જણાં તે રચના શ્રીગોકુલનાથજીની હોવાનું કહે છે. વળી શ્રીગોકુલનાથજી સ્વયં તેમની "બડી ટીકા" માં "વિજ્ઞપ્તિ" નો ઉલ્લેખ કરે છે[૧૦] અને પ્રથમ શ્લોકમાં "રાધેશ" નો થયેલો શબ્દ પ્રયોગનો અર્થ લંબાણપૂર્વક સમજાવે છે. વળી એ અશકય લાગે છે કે, શ્રીગોકુલનાથજી પોતાના પિતાશ્રીની રચનાને સ્વરચિતમાં ગણાવે. આ રીતે, આ ગ્રંથ-રચના વિજ્ઞપ્તિની બાબતમાં વાસ્તવિક રચનાકાર વિશેનાં અંતર્ગત પ્રમાણો જ પ્રશ્નનું નિરાકરણ કરી આપે છે. "વિજ્ઞપ્તિ" એ ભગવાન કૃષ્ણની ભકિતનું ગાન - સ્તુતિ ગાન છે. આપણને આ રચનામાં એવો રચનાકાર જોવા મળે છે કે, જે ભગવાનનો સંપૂર્ણ સમર્પિત અને શરણાગત થયેલો જીવ છે. ભગવાનના વિરહતાપાગ્નિથી પીડિત એવા ભગવદીય જીવનું તેમાં નિરૂપણ થયું છે[૧૧]. ભગવાનનું મિલન ન થતાં તે રચનાકારને અત્યંત હતાશા પ્રાપ્ત થઇ છે, પરંતુ તેને સાથો સાથ એવો પણ પાકો ભરોસો છે કે, ભગવાન તેના સાચા ભકતનો કદાપિ ત્યાગ કરતા નથી. આ ભાવ પણ ઉકત રચનામાં સર્વથા વ્યકત થાય છે.

ગ્રંથ-રચનાકાર આલંકારિક નથી અને તેમની લેખન શૈલી પ્રવાહી, અર્થસભર અને સરલ છે. ૧૩મો શ્લોક એક સુંદર અન્યોકિત છે[૧૨]

(૩) શ્રીવલ્લભાચાર્ય ભકતાનાં નામાવલિ[૧૩]

આ એક કદમાં નાની ગ્રંથ-રચના છે. તેના શ્લોક ૧૮ છે અને તેમાં શ્રીમદ્ વલ્લાભાચાર્યના ૮૪ શિષ્યોના નામની યાદી આપી છે. આ સ્ચનાનો હેતુ ૮૪ વૈષ્ણવોના નામોનો દૈનિક પાઠ કરવાનું સુગમ બને એવો છે[૧૪].

સંદર્ભ નોંધ : ૮ પંડિત નારાયણ મૂલજી પુસ્તકાલય, મુંબઇએ સન્ ૧૯૨૭ માં આનું પ્રકાશન કર્યું છે.

સંદર્ભ નોંધ : ૯ શ્રીગોકુલનાથજી કૃત વિજ્ઞપ્તિની કડી - શ્લોક ૧ થી ૨૩ અને ૨૯નું શબ્દશ : લખાણ "બૃહત્ - સ્તોત્ર-સરિતસાગર" માં જોવા મળે છે તેવી જ રીતે ત્રીજી વિજ્ઞપ્તિ (બૃહત્-સ્તોત્ર-સરિતસાગર-પૃ.૨૦૪)માં જે છે તે શ્રીગોકુલનાથજી લિખિત જેવી જ છે. વધુમાં ચોથી વિજ્ઞપ્તિ (બૃહત-સરિતસાગર - પૃ.૨૦૭ ના કેટલાક શ્લોક, શ્લોક ૫મો બીજી વિજ્ઞપ્તિનો અને શ્લોક ૧૦ તે આઠમી વિજ્ઞપ્તિનો શ્રીગોકુલનાથજીની વિજ્ઞપ્તિમાં જોવા મળે છે.

સંદર્ભ નોંધ : ૧૦ સરખાવો "અતો મયોકતમસ્તિ વિજ્ઞપ્તૌ યદૈન્યં કૃપાહેતુર્ન.... વગેરે - બડી ટીકા (પોરબંદરના હસ્તપ્રત જેનો હવે પછી ઉલ્લેખ હસ્તપ્રતો તરીકે થયો છે.) પૃ-૮૩

સંદર્ભ નોંધ : ૧૧ સરખાવો શ્લોક ૮-૧૦ ગોકુલેશ વાક્સુધા- પૃ- ૨૮૦

સંદર્ભ નોંધ : ૧૨ સરખાવો - સ્વભાવતઃ સદા મેઘઃ સર્વેષાં જીવનપ્રદઃ ।
જાનેડર્કસ્યૈવ દૌર્ભાગ્યં સોડપિ યતમુપેક્ષતે ॥
- ગોકલનાથજી વાક્સુધા - પૃ. ૨૮૦

સંદર્ભ નોંધ : ૧૩ આનું પ્રકાશન વિ.સં. ૧૯૭૪ માં ૮૪ વાર્તા સહિત શ્રી લલ્લુભાઇ સી. દેસાઇ, અમદાવાદે કર્યું છે.

સંદર્ભ નોંધ : ૧૪ સરખાવો - "તથાપિ સ્વાત્મયાગર્થે લિખિતાનિ. . .॥" શ્લોક- ૧૮

તેમાં કોઇ કાવ્યત્વ જણાતું નથી. એટલું જ નહિ પણ નામાવલી[૧૫] લેખનમાં વ્યાકરણ દોષો નજરે ચઢે છે. આથી શું આપણે એવા નિર્ણય પર આવી શકીએ કે આ રચનાના રચનાર શ્રીગોકુલનાથજી નથી અને કોઇ અન્યે લખી તે આપશ્રીના નામે ચઢાવી દીધી છે ? આ બાબતમાં કોઇપણ પ્રમાણ મળતું નથી અને આ પ્રશ્ન અંગે આપણે નિર્ણય કરી શકીએ તેમ નથી.

આ નામાવલીને ૮૪ વાર્તાઓ સાથે સરખાવતાં, નામાવલીમાં જે વૈષ્ણવોનાં નામો આપ્યાં છે તેનો અને ૮૪ વાર્તામાં આવતાં નામો એક સરખાં જણાતાં નથી.

બીજું, નામાવલીમાં નીચે દર્શાવેલ વૈષ્ણવોનો ઉલ્લેખ થયો જોવા મળતો નથી :-

"અચ્યુતદાસ સારસ્વત નારાયણદાસ ભાટ, નારાયણ દાસ દિવાન

સિંહનાદ કે સ્ત્રી પુરુષ, અડેલકા સુતાર, ગોવિંદ દૂબે, રામદાસ ચૌહાણ"

ત્રીજું, "સ્ત્રીયાં" અને "ઇન્દ્રપ્રસ્થ ક્ષત્રિ[૧૬] જેનો ઉલ્લેખ નામાવલીમાં છે તેનો ઉલ્લેખ ૮૪ વાર્તાઓમાં નથી.

શ્લોક ૧૬નું બીજું એક લખાણ છે[૧૭] અને તેને જો સાચું માનીએ તો, રામદાસ ચૌહાણનું નામ પણ નીકળી જાય છે.

જે નામાવલીની યાદી ૮૪ વૈષ્ણવોનાં નામ[૧૮] આપવા પ્રયત્ન કરે છે, પરંતુ ૮૪ વાર્તાઓમાં દર્શાવ્યા અનુસાર "તુલસા, પાર્વતી" વગેરેને એકમાં ગણીએ તો વાસ્તવમાં સંખ્યા તેનાથી વધુ ઘટી જાય છે. પરંતુ ઉકત નામાવલી સંખ્યાની બાબતમાં ચોકકસ જણાતી નથી અને કહે છે કે શ્રીમદ્ વલ્લભાચાર્યના શિષ્યો ઘણા બધા હતા.[૧૯]

(૨) શ્રીવિઠ્ઠલનાથજીની કેટલીક ગ્રંથ-રચનાઓ પર ટીકા

નીચે દર્શાવેલી પાંચ ટીકાઓ શ્રીગોકુલનાથજીએ તેમના પિતાશ્રીવિઠ્ઠલનાથજીની ગ્રંથ-રચનાઓ પર લખેલી છે.

સંદર્ભ નોંધ : ૧૫ સરખાવો - "નામાનિ બહદસ્તયા -" શ્લોક ૧૭
અને "સિંહનદે સાસુવહુ" - શ્લોક - ૧૨

સંદર્ભ નોંધ : ૧૬ જુઓ, શ્લોક ૧૪ અને ૧૫

સંદર્ભ નોંધ : ૧૭ સરખાવો - "કૃષ્ણદાસઃ કુંભનશ્ચ વાકયો બાદરાયણઃ" એચ. ટંડન-વાર્તા સાહિત્ય-પૃ. ૧૫૧

સંદર્ભ નોંધ : ૧૮ સરખાવો - "ચતુરશીતિભકતાનાં વ્યક્તિં કુર્બે યથાર્થતઃ। ...... શ્લોક-૧

સંદર્ભ નોંધ : ૧૯ "શ્રીમદાચાર્ય ભકતાનાં નામાનિ બહવસ્તથા" સૂરદાસ વિશેની ૮૪ વાર્તામાંની વાર્તા પણ જુઓ જેમાં લખ્યું છે કે સૂરદાસના શિષ્યો પણ વલ્લભાચાર્યના બન્યા.

(૧) સર્વોત્તમસ્તોત્ર પરની ટીકા

સર્વોત્તમસ્તોત્રની રચના ૩૫ શ્લોકોની છે અને તે શ્રીવિઠ્ઠલનાથજીએ લખેલી છે. તેમાં શ્રીમદ્ વલ્લભાચાર્યના ૧૦૮ નામો આપવામાં આવ્યાં છે અને આચાર્યશ્રીની મહાનતા અને ધર્મોપદેશક તરીકેની દિવ્યતાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ રચનાને "સર્વોત્તમસ્તોત્ર" એવું નામાભિધાન એટલા માટે આપવામાં આવ્યું છે કે, સૌ સ્તુતિમાં એ અત્યંત મહત્ત્વની સ્તુતિ છે, કારણ કે ભારતમાં ગુરુને સાક્ષાત્ પરમેશ્વર લેખવામાં આવે છે અને આ સ્તુતિ પણ એવા એક ગુરુને લગતી છે. ૨૦

શ્રી ગોકુલનાથજીના સ્વહસ્તાક્ષરો

(નડીયાદના કવિ પુરૂષોત્તમદાસ ત્રિભોવનદાસના સૌજન્યથી)


म तत्र नस्य

सेवनं स्वगृहे यत्तत्तु पुष्टिभक्तिमार्गोक्तप्रकारेण तदनुयथा॥ प्रभुभिरेवस्वसेव्यस्वरू
पादिषु कृतं तथैव कर्त्तव्यं वा यथास्मदीयाः कुर्वन्ति तथैव कर्त्तव्यं॥ तस्मात्पुष्टिभक्तिमा
र्गीयैः श्रीमद्वल्लभाग्न्यंगीनंदनजीवैर्मदीयैरपि यत्कर्त्तव्यं॥ तत्साक्षाद्धिधास्यंगारर
मान्यप्रभुस्वारविंदफलवियोगाग्निनिर्देशोशयसमन्वितमेवतत्तु स्वकल्पितव्यव
हारग्रहपूर्वकं॥ तत्त्वनिष्टफलसाधकं भविष्यत्येव नतत्र संशयः यत्तउक्तंमादृशी
सेवनाभोक्तानतस्मिन्द्वोफलोच्यते॥ सेवकैनिगुरास्याबाधनंवाहरीछ्यंत्यादिना २
पुष्टिभक्तिमार्गीयस्यस्वाधनदशायां आचार्योक्तप्रकारेणासेवाकरणेपरमांत

શ્રીગોકુલનાથજી લિખિત બડી કે બૃહતી ટીકા સર્વોત્તમ સ્તોત્ર પરની દુર્લભ હસ્તપ્રત

(પોરબંદર - સૌરાષ્ટ્રના ગોસ્વામીશ્રી માધવરાયજીના સૌજન્યથી)

આ "સર્વોત્તમસ્તોત્ર" ની રચના પર જેટલી ટીકાઓ ઉપલબ્ધ છે. તેના લેખકો છે શ્રીગોકુલનાથજી, રઘુનાથજી, ગોપેશ્વરજી, હરિરાયજી, વલ્લભજી અને દ્વારકેશજી ૨૧. બીજી કેટલીક વધુ ટીકાઓ પણ ઉપરોક્ત છ ટીકા ઉપરાંત લખાઇ હોવાનુ કહેવાય છે. વળી શ્રી બાલકૃષ્ણજીએ "સર્વોત્તમ-ભાષ્ય" લખ્યું હોવાનુ કહેવાય છે, પણ તે આજે

સંદર્ભ નોંધ-૨૦ ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વર : ।
- સરખાવો - વળી કબિર લિખિત જાણીતી કાવ્ય પંકિત છે - ગુરુ ગોવિંદ દોઉ ખડે કાકે લાગું પાયં । બલિહારી ગુરુ આપને, જિન ગોવિંદ દિયા બતાય ॥

સંદર્ભ નોંધ-૨૧ જુઓ, મહાપ્રભુ - સ્તુતિ - મુકતાવલી - ભાગ-૧ પૃ. ૧૬૩

ઉપલબ્ધ નથી.[૨૨] "સર્વોત્તમ-સ્તોત્ર" પર સૌ પ્રથમ ટીકા કદાચિત લખી છે શ્રીગોકુલનાથજીએ, આપશ્રીએ બે જુદી જુદી ટીકા લખી છે. તેમાં એક સંક્ષિપ્ત (લઘુ કે સૂક્ષ્મ) છે અને બીજી દીર્ઘ (બૃહતી) જેને "બડી ટીકા" તરીકે લોકો જાણે છે. સંક્ષિપ્ત ટીકા છે તેનો સમગ્રપણે દીર્ઘ ટીકામાં સમાવેશ થયો જોવા મળે છે. સિવાય કે કેટલાક શબ્દોમાં અહીં કે તહીં ભિન્નતા જણાય છે. સંક્ષિપ્ત ટીકા[૨૩] માં બે મોટા વાકયો છે જે સાત લીટીમાં છપાયેલ છે, જયારે દીર્ઘ ટીકામાં તો અઢાર જેટલાં પાના ભરીને તેની હસ્તપ્રતમાં સુદીર્ઘ વિવેચન થયું જોવા મળે છે.[૨૪] તે વિવેચન શ્રીમદ્ વલ્લભાચાર્યની દિવ્ય પ્રકૃતિ વિશેનું છે અને "વલ્લભાષ્ટક" ના પ્રથમ શ્લોક પરની શ્રીગોકુલનાથજી લિખિત ટીકા જ બ્રહુધા તેમાં જોવા મળે છે.

અમે ઉકત બે ટીકા વચ્ચેની ભિન્નતા દર્શાવવા નીચે મુજબ ઉદાહરણ ટાંકીએ છીએ :-

"યદ્યાયસ્માક..... કથયામીત્યર્થ : ।" સંક્ષિપ્ત ટીકામાંથી[૨૫]

"યદ્યાયસ્માક તદર્થ પ્રકટિતમુખારવિંદફલરૂપાચાર્યાનુગ્રહવશાત્
તદુકતં સુબોધિન્યાદિ પૂર્ણાર્થ વિવોધિડજનિ તથાપિ યેષામુદ્ધારાર્થં
સ્વયં ભૂમિ પ્રાદુરાસી તેષાં મુલ્લીલામધ્યપાતિનાં જીવિત્યેના
ત્પત્બુદ્ધિમત્વાત્ ભુવિપતનદુ:સંસર્ગાત્ ધામનશ્ચિરીજિજ્ઞતત્યાત્ તેન
દેહાધ્યાસન્દ્રિયાધ્યાસાન્તઃ કરણાધ્યાસ પ્રાણાધ્યાસસ્વરૂપાનુંથવાદેરખિલ
પરમારનંદરસાધિકયવિસ્મરણં ચાભૂત્ તેનતેષાં સુબોધિન્યાદીનાં મૂલવાસ્તવતા -
ત્પર્યનદગમાદ્ અફલાપ્તેરેવ સંભવાદ કૃતાર્થતવૈ સંપદ્યેતેતિ યથા
તેષામપિ તત્તાત્પર્યાવબોધિ ભવેત્તદર્થ તેષામેવા -
-ચાર્યણામેવાષ્ટીતરશતખ્યાકાનિ નામાનિ પ્રવદયામિ પ્રકર્શેણ
તત્સ્યવરૂપાનુભવાવિર્ભાદાથિધિકયેન કથયામિત્યર્થ : ।[૨૬] .... બડી ટીકા

સંક્ષિપ્ત ટીકા એ બડી ટીકાનું નાનું સ્વરૂપ છે. પરંતુ ખરેખર તેવું નથી. સંક્ષિપ્ત ટીકા બડી ટીકા લખાઇ તે પહેલાં ઘણા સમય પહેલાં લખાઇ હતી. આ હકીકત, શ્રીગોકુલનાથજીના જ શબ્દોમાં આ રચનાનો ઉલ્લેખ "વ્યકિતવિવૃતિ"

સંદર્ભ નોંધ-૨૨ સરખાવો - "સર્વોત્તમજીકી ટીકા" પાંચ-સાત બાલકનને કરી હૈ । પરંતુ બાલકૃષ્ણજી મહારાજને કહી હૈ સો સર્વોપર હૈ । તા કો નામ સર્વોત્તમ ભાષ્ય હૈ । સો છે હજાર શ્લોક કો પુર હૈ ॥
સો ટીકા હમને સરસ્વતી ભંડાર મૈં ઢુંઢી પરંતુ પાઇ નહી । . . . . . ગિરધરજી મહારાજ કે વચનામૃત - પૃ. પર

સંદર્ભ નોંધ-૨૩ જુઓ - ગોકુલેશવાક્સુધા - પૃ. ૭

સંદર્ભ નોંધ-૨૪ જુઓ - બડી ટીકા - પૃ. ૧-૧૦

સંદર્ભ નોંધ-૨૫ સરખાવો - ગોકુલેશવાક્સુધા - પૃ. ૮

સંદર્ભ નોંધ-૨૬ : હસ્તપ્રત - પૃ.૧૦ - ૧૧ નીચેના શબ્દો સંક્ષિપ્ત ટીકામાં જોવા મળતા નથી.

કે "સ્ફૂટતરવિવૃતિ" કે "પ્રકટ વિવૃતિ"નામે ઘણી બધી જગાએ બડી ટીકામાં કર્યો છે, તેથી થાય છે.[૨૭] "ઇત્યિાદિના વ્યકિતવિવૃતિ કે પછી" ઇતિ તુ વ્યકિતવિવૃતિ વગેરે શબ્દોની અગાઉના વાકયો શબ્દશઃ સંક્ષિપ્ત ટીકામાં લખેલા જોવા મળે છે. બીજું, રોષદૃક્‌પાતસમ્પ્લુષ્ટ: (સર્વોત્તમ સ્તોત્ર - શ્લોક ૧૪) માં પ્રયોજાયેલા શબ્દની સમજૂતી બન્ને ટીકા એટલે કે સંક્ષિપ્ત ટીકા તથા બડી ટીકામાં જુદી જુદી રીતે આપવામાં આવી છે.[૨૮] આથી, "વ્યકિતવિવૃતિ" નામક રચના કે જેનો ઉલ્લેખ "અસ્મત-કુલમ્ નિષ્કલંક"ની અંતિમ કડીમાં છે અને "બડી ટીકામાં" પણ થયો છે તે બીજું કંઇ નથી પણ "સર્વોત્તમસ્તોત્ર" પરની સંક્ષિપ્ત ટીકા જ છે અને બંન્ને ટીકાની સરખામણી કરતાં એવું સ્પષ્ટ થાય કે, સંક્ષિપ્ત ટીકા એ પ્રથમ (અગાઉ થયેલી) રચના છે.

શ્રીગોકુલનાથજીના જીવનના ઉત્તરકાળમાં "બડી ટીકા" ઘણું ખરું લખાઇ હોવી જોઇએ, કારણ કે તેમાં માત્ર ''સંક્ષિપ્ત ટીકા'' જ નહિ પણ "નિરોધલક્ષણ" ''સંન્યાસ નિર્ણય'' "ચતુઃશ્લોકી" "વલ્લભાષ્ટક" આદિ ગ્રંથો પરની ટીકાના કેટલાક અંશો સમાવિષ્ટ થયેલા જોવા મળે છે. વળી, શ્રીગોકુલનાથજીનું નિજ વિધાન પણ એ વાતનું સમર્થન કરે છે જેમાં આપશ્રીએ કહયું છે કે, આપશ્રીના શિષ્યો આપશ્રીને "પુરુષોત્તમ" તરીકે ગણે છે જે બીના આપશ્રીના જીવનના ઉત્તરકાળમાં બની હશે.[૨૯]

"યદસ્મદીયાઃ મામ્ પુરુષોત્તમં નિશ્ચિત્ય ભજન્તિ ।"

જે દીર્ઘ ટીકા - બડી ટીકા છે તે સ્વાતંત્ર્યકવિવૃતિ કે સ્વતંત્ર એવા નામે પણ ઓળખાય છે. શ્રીગોકુલનાથજીએ પોતે આ નામનો ઉલ્લેખ બડી ટીકામાં કર્યો છે.[૩૦] "ગાયત્રી-ભાષ્ય" ના અંતમાં[૩૧] "ભાવનામંજુષા" નો ઉલ્લેખ છે તે એ જ છે કે પછી જેને "ભાવરત્ન-મંજુષા" શ્રી વસંતરામ શાસ્ત્રીએ કહી છે તેમના લખેલા "પુષ્ટિમાર્ગના ઇતિહાસ" માં, તે આ જ છે એ વિશે ચોકકસાઇપૂર્વક કહેવું મુશ્કેલ જણાય છે.[૩૨] પરંતુ એ બાબત ધ્યાને લેવા જેવી છે કે, 'ભાવના-મંજુષા' એવો "બડી ટીકા" માં કેટલીક જગાએ આલંકારિક રીતે પ્રયોજાયેલો જોવા મળે છે.[૩૩]

સંદર્ભ નોંધ-૨૭ : સરખાવો -

(૧)"ભકિતમાર્ગરૂપં યદવૂજં તસ્ય માર્તાંડઃ પ્રકાશક
ઇત્યર્થ ઇત્યાદિના સ્ફૂટતેરવિવૃતાવરમાભિઃ પ્રપંચિમસ્તિ ।"
હસ્તપ્રત પૃ. ૬૪

(૨)"આચાર્યપ્રકટિતપુષ્ટિભકિત.... ફલસાધક ઇત્યાદિના વ્યકિતવિવૃત્યનુપુર્યા
સમં લેવાજિલચરિતાર્થતા અવઘેદાનિં તદન્તર્ગતં યન્નિખિલમ્
વસ્તુવા તવરૂપં સ્વાતંત્રે નિરૂપ્યતે ।" હસ્તપ્રત પૃ. ૬૭.

(૩) "દાહે.... સૂચિતઃ ઇતિ તૂ પ્રકટવિવૃતિ મયા પ્રપંચિતમસ્તિ"
- હસ્તપ્રત પૃ. ૧૭૦ વળી હસ્તપ્રત પૃ.૧૬૭, ૧૮૫, ૧૯૦, ૨૮૬ અને ઉજ્જૈનની
હસ્તપ્રત પૃ ૨૩૧

સંદર્ભ નોંધ - ૨૮ : સરખાવો - હસ્તપ્રત પૃ. ૧૭૦

સંદર્ભ નોંધ - ૨૯ : સરખાવો - યથાસ્મદીયાઃ માં પુરુષોત્તમં નિશ્ચિત્ય ભજન્તિ... હસ્તપ્રત પૃ. ૨૬૪

સંદર્ભ નોંધ - ૩૦ : "તસ્મદિદં તૂ મે પરમસ્વાતંત્રિકં લિખિતં તેષામેવ ભોજયોગ્યં ન તૂ તદિ તદિતરેષામિતિ.... બોધવ્યં ।" હસ્તપ્રત પૃ.૬૫ આ પ્રકરણની પાદટીપ ૨૭ સાથે પણ સરખાવો.

સંદર્ભ નોંધ : ૩૧ સરખાવો -"ઇત્યત્ર મહાવાકયાર્થ રહસ્ય મયા ભાવના મંજુષાયામુદ્ધાટિતં વિજ્ઞેયં ।" ગાયત્રી ભાષ્ય -શ્રી એમ.જી.શાસ્ત્રી સંપાદિત (ત્રીજી આવૃત્તિ) પૃ.૫.

સંદર્ભ નોંધ : ૩૨ સરખાવો - પૃ. ૮૪ (પ્રથમ આવૃત્તિ ૧૯૮૨ વિ.સં.)

સંદર્ભ નોંધ : ૩૩ સરખાવો - તથૈવ શ્રીમદ્વ્રજેન્દ્રસયનિ
પ્રભુશયનાનન્તરે. . . સ્વસ્વભાવનામંજુષામુદ્‌ઘાટ્ય...સર્વા રમંતિ ।
હસ્તપ્રત - પૃ. ૧૫૬. વળી જુઓ - હસ્તપ્રત પૃ. ૧૫૭-૫૮

"બડી ટીકા" જ પુષ્ટિમાર્ગનું અને ગોપીઓના પરમહાર્દને સમજાવે છે અને તેથી શ્રીગોકુલનાથજીએ જ તેને ભાવના-મંજુષા કહી હશે.[૩૪]

બડી ટીકા હજુ સુધી છપાઇ નથી અને સંપૂર્ણ સ્વરૂપમાં ઉપલબ્ધ નથી. સદ્‌નસીબે, મને બે હસ્તપ્રતો જોવા મળી છે જે સારી હાલતમાં અને વાંચી શકાય તેવી હતી જો કે તેમાં ઘણી બધી જગાએ ક્ષતિઓ હતી.[૩૫] એક હસ્તપ્રત મને પોરબંદરથી પ્રાપ્ત થઇ હતી જેમાં ૨૯૭ પૃષ્ઠો ૮.૩" x ૪.૩" ના કદમાં હતાં પણ તેના પર કોઇ તારીખ લખ્યાની જોવા મળી નહોતી. તેનો આરંભ આ વાકયથી થયો હતો -"તેષુ નિમગ્નામેવ તતદર્થાવ બોધાત્ સંસ્પર્શપૂર્વકો ભવંતિ નાન્યેષામિતિ ભાવ:" અને તેનો અંત "વિશ્વરૂપાંતરભજનાદિષ્વન્યાશ્રયાદિષ્વનુસર્તવ્યમિતિ યાવત્ ।" એવા શબ્દોથી થયો જોવા મળે છે. આ રીતે પ્રથમ બે શ્લોક પર અને છેલ્લા ૧૩ શ્લોકો (એટલે કે શ્રીમદ્દ વલ્લભાચાર્યના નામ ક્રમાંક ૬૭ થી લગભગ) પર કોઇ ટીકા ઉપલભ્ય નથી. ઉજજૈનની જે હસ્તપ્રત છે તે તો વળી પોરબંદરની હસ્તપ્રત કરતાં પણ વધુ અપૂર્ણ છે.[૩૬]

શ્રીમદ્દ વલ્લભાચાર્ય પુષ્ટિમાર્ગના પ્રવર્તક છે અને તેથી એ સ્વાભાવિક છે કે, આપશ્રીને તેમના અનુયાયીઓ ભગવાનના અવતારરૂપે ગણે - જુઓ તેથી "સર્વોત્તમ સ્તોત્ર" ને પુષ્ટિમાર્ગની ગાયત્રી લેખવામાં આવે છે.[૩૭] જે રીતે દ્વિજને માટે દરરોજ "ગાયત્રી" નું પઠન પાઠન કરવું અનિવાર્ય છે, તેવી જ રીતે, પુષ્ટિમાર્ગના અનુયાયીઓના માટે નિત્ય સર્વોત્તમસ્તોત્રનું પઠન-પાઠન કરવું, એ તેમનો ધર્મ કહ્યો છે. આમ શ્રીદ્વારકેશજી લિખિત ગુજરાતી અનુવાદમાં જણાવ્યુ છે.

"સર્વોત્તમસ્તોત્ર" પરની સંક્ષિપ્ત ટીકાનું મંગલાચરણ ત્રણ શ્લોકથી થયું છે. તેમાં શ્રીગોકુલનાથજી બીજા શ્લોકમાં વિનમ્રભાવે લખે છે કે, હું શ્રીમદ્દ વલ્લભાચાર્યનાં નામો પર ટીકા - ભાષ્ય લખવાની યોગ્યતા ધરાવતો નથી

સંદર્ભ નોંધ : ૩૪ "પુષ્ટિભકિત - સુધા" ના (ગ્રંથભાગ-૪ અને પમા) આના કેટલાક અંશોનું ગુજરાતી ભાષાંતર થયેલ જોવા મળે છે જેમાં અન્ય ઉપલબ્ધ ટીકાઓનો સારાંશ પણ આપેલો છે.

સંદર્ભ નોંધ : ૩૫ પોરબંદરના ગોસ્વામી શ્રીમાધવરાયજી અને ઉજજૈનના શ્રી જમનાદાસ ઝેલાણીએ મને મોકલેલી હસ્તપ્રતો અંગે હું તેમનો અત્યંત ઋણી છું. અલબત્ત બંન્ને હસ્તપ્રતો અપૂર્ણ છે. પોરબંદરની હસ્તપ્રત બહુ જૂની નથી અને લંડનમાં ઉત્પાદિત વાદળી રંગના કાગળ પર લખાયેલી છે. તેના કેટલાંક પાના પર ૧૮૬૮ની સાલ લખી છે, જે કાગળને સૂર્યપ્રકાશ કે ઇલેકટ્રીક લાઇટ સામે ધરીને જોતાં દેખાય છે. આ હસ્તપ્રત કોઇ જૂની હસ્તપ્રતમાંથી નકલ કરી જણાય છે, કારણ કે કેટલાંક પાના ૧ ક્રમાંકથી ચાલુ થયેલ જોવા મળે છે, પરંતુ આરંભનો કેટલોક ભાગ તેમાં જણાતો નથી. આમ, તે પ્રત ૫૦ થી ૭૫ વર્ષ જૂની હોય તેમ જણાય છે. ઉજજૈનની હસ્તપ્રત છે તે નોટ-બુક કદના કાગળ પર લખેલી છે અને કદાચિત ૨૫ કે ૩૦ વર્ષ જૂની જણાય છે.

સંદર્ભ નોંધ : ૩૬ ઉજજૈનના શ્રી જમનાદાસ ઝેલાણી જેની આ હસ્તપ્રત હતી તેણે મને લખ્યું હતું કે, ઉકત ટીકાની સંપૂર્ણ પ્રત કોઇ ભરૂચી વૈષ્ણવ પાસે હતી, જે ટીકાના આરંભ અને અંત ભાગનું નિત્ય પઠન કરતા હતા. જયારે પણ બહાર જતા ત્યારે પ્રવાસમાં આ પ્રારંભ અને અંતભાગના પાના પોતાની સાથે તેઓ લઇ જતા હતા. એકદા બન્યું એવું કે, આવા-વાસમાં તેમનું મરણ થયું અને આરંભ તથા અંતના ભાગના પાના આથી કાયમ માટે ખોવાઇ ગયાં હતાં. આથી આ અંગે સત્ય શું છે તે નકકી કરવું મુશ્કેલ છે અને હાલ સંજોગોમાં ટીકાની સંપૂર્ણ હસ્તપ્રત અનુપલબ્ધ છે. વળી આ અંગે મેં જાતે કેટલાક જાણીતા ભરુચી વૈષ્ણવોનો સંપર્ક કરેલો અને વલ્લભઘાટ (ગોકુલ) નો પણ સંપર્ક કરેલો, પરંતુ મને તે ટીકા કે તેના ગુમ થયેલા પૃષ્ઠ ભાગો વિશે કોઇ જ માહિતી મળી નથી.

સંદર્ભ નોંધ : ૩૭ સરખાવો - "સર્વોત્તમ સ્તોત્ર આચાર્ય - ચરણ કો નામાત્મક સ્વરૂપ હૈ, જા પ્રકાર શ્રી ભાગવત કૃષ્ણ કો નામાત્મક સ્વરૂપ હૈ । યહી સંપ્રદાય કી બીજાત્મક ગાયત્રી હૈ ।"
- વલ્લભીય સુધા - ગ્રંથભાગ - ૧૦ ક્રમાંક - ૨ . પૃ. ૨૧

પરંતુ તેમની કૃપા થકી મને યોગ્યતા પ્રાપ્ત થશે એવી આશા રાખું છું.[૩૮] આ શબ્દો શ્રીગોકુલનાથજીની વિનમ્રતાના દ્યોતક છે અને આપશ્રીએ "સ્વીયત્વેન" એવો જે શબ્દ તેમાં પ્રયોજયો છે તે દર્શાવે છે કે, આપશ્રીને નિજના "દાસત્વ" માં અને શ્રીમદ્ વલ્લભચાર્ય ગુરુની કૃપા - કરુણામાં અનન્ય અને સંપૂર્ણ ભરોસો છે.

શ્રીગોકુલનાથજી "સ્તોત્ર" ના હેતુ વિશે જણાવે છે જે શ્રીમદ્ વલ્લભાચાર્યના સ્વરૂપ અને તેમના પ્રાગટયના પણ રહસ્યનો બોધ કરવાનો છે. "સ્તોત્ર" ના પ્રત્યેક શબ્દ પર આપે ટીકા એટલા માટે લખી છે કે તેનો સાચો ગૂઢભાવ પ્રકાશિત થાય. ઉદાહરણ તરીકે "શુદ્ધં સાકૃતિ" (સ્તોત્રનો પ્રથમ) ના શબ્દો આ પ્રમાણે સમજાવ્યા છે.

> "આનંદમાત્રકરપાદમુખોદરાદિરૂપં તદપિ સાકૃતિ આકારસહિતં
>
> ન તુ માયાવાદાદિભાવન્તશાસ્ત્ર પ્રતિપાદિતબ્રહ્મવન્નિરાકારમ્ ।"[૩૮ (અ)]

આ ટીકાનો હેતુ ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કરવાનો પણ છે. શ્રીગોકુલનાથજી "સર્વોત્તમસ્તોત્ર" ના એક શ્લોક અને બીજા શ્લોક વચ્ચે અને એક નામ અને તેના પછીના આવતા નામ વચ્ચે રહેલા તાર્કિક સંબંધને પણ દર્શાવે છે. ઉદાહરણ લેખે, સર્વોત્તમ સ્તોત્રના બીજા શ્લોકમાં કહ્યું છે કે, કલિયુગના પ્રભાવને કારણે ભગવાનની મહાનતાનું યથાર્થ જ્ઞાન વિદ્વોનોને પણ હોતું નથી. આના સંદર્ભમાં પ્રથમ દૃષ્ટિએ મુદ્દો ઉઠાવે છે : કે જો તેમ હોય તો શ્રીવિઠ્ઠલનાથજી કે જેમણે સ્તોત્ર લખ્યું છે તેમને ભગવાનની મહાનતા જ્ઞાન સર્વથા હોત ? આનો ઉત્તર આપતાં ટીકાકાર શ્રીગોકુલનાથજી કહે છે કે, સર્વોત્તમસ્તોત્રના રચયિતા લખે છે કે ભગવાન શ્રીહરિ જ નિજની મહાનતાને મારા પર કૃપા કરતાં સ્વયં પ્રકાશિત કરશે. અહીં મહાનતા એટલે કે માહાત્મ્યનો અર્થ પુષ્ટિમાર્ગીય લીલાનો આનંદ (પુષ્ટિમાર્ગીયલીલા રસભાવાત્મક) એવો સમજવાનો છે અને સામાન્ય એવો અર્થ લેવાનો થતો નથી.

સર્વોત્તમસ્તોત્રના પ્રથમ ત્રણ શ્લોકો ભગવાન હરિના સંદર્ભમાં લખાયેલા છે. શ્રીગોકુલનાથજીનું કહેવું છે કે તે શ્લોકો શ્રીમદ્ વલ્લભાચાર્યના સંદર્ભમાં પણ લાગુ પડે છે કારણ કે, શ્રીમદ્ વલ્લભાચાર્ય ભગવાનના જ વદનાવતાર-મુખાવતાર છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યના ૧૦૮ નામોના હેતુ સંબંધમાં બડી ટીકા કહે છે કે, કેટલાંક નામો શ્રીમદ્ વલ્લભાચાર્યના પ્રાગટયની યોગ્યતા વિશેનાં કારણો દર્શાવે છે તો વળી કેટલાંક નામો સર્વોચ્ચ ફલના દાતા એવા આપશ્રીના અગ્નિસ્વરૂપના સૂચક છે અને તેથી જે તે નામોના અર્થને સાચા સ્વરૂપે સમજવામાં જણાતી અડચણ-વિઘ્નો તો ભગવાનના માહાત્મ્યજ્ઞાન દ્વારા જ દૂર થશે.[૩૯]

કેટલાક લાંબા સમાસો અને વાકયો હોવા છતાં, લઘુ સંક્ષિપ્ત ટીકા અત્યંત સાદી-સરલ છે અને ૧૦૮ નામોનો રહસ્યબોધ સુપેરે કરે છે. બડી ટીકા છે તે, પુષ્ટિમાર્ગના વિવિધ વિષયોનું, ચર્ચાના મુખ્ય મુદ્દાને નજર-અંદાજ કરીને પણ નિરૂપણ કરતી જણાય છે.

શ્રીગોકુલનાથજીના શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાન વિશેના વિચારો સંક્ષિપ્તમાં નીચે મુજબ છે :-

શ્રીગોકુલનાથજીના વિચાર અનુસાર શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ અથવા પુરુષોત્તમ છે, શ્રીકૃષ્ણ સ્વયં દ્વિધાશૃંગારરસાત્મક,

---

સંદર્ભ નોંધ : ૩૮ સરખાવો : "યદ્યપ્યયોગમ્ એવાહં, તન્નામવિવૃતૌ સ્વતઃ । સ્વીયત્યેન કૃપયા યોગ્યતામયિ દાસ્યતિ" ગોકુલેશ વાક્સુધા - પૃ. ૧

સંદર્ભ નોંધ : ૩૮(અ) સરખાવો - ગોકુલેશ વાક્સુધા - પૃ. ૨

સંદર્ભ નોંધ : ૩૯ સરખાવો : "તત્રાપિ હેતુઃ । કતિપયાનિ નામાનિ ભૂમાવતારણાનુકૂલ રૂપાણિ તત્કાર્યકારણરૂપાણિ કતિપયાનિ નામાનિ મુખારવિંદ ફલાનુવાગન્યવયવાત્મકાનિ યતઃ તેષામર્થાદવોધસ્તુ વસ્તુ વિચારણ દુર્લભતર એવાત એવંતદર્થવબોધ સિદ્ધયે અસિલાધહદિતિ - હસ્તપ્રત - પૃ.૧૧

અલૌકિક, સાકાર કોટિકંદ ર્પલાવણ્ય અર્થાત્ શુદ્ધ શાશ્વત સર્વવ્યાપી [૪૦] અને પૂર્ણાનંદ છે. તેમની બધી જ લીલા શાશ્વત અને આપણી બુદ્ધિશક્તિથી પર છે.-[૪૧] તેઓ અક્ષરથી પર છે. તથા દેવ અને શબ્દની શક્તિથી પણ પર છે, નિર્દોષ અને વિરોધાભાસી ગુણોથી યુક્ત જણાય છે.[૪૨] તેઓ જ પ્રમેયરૂપ (જાણવા લાયક એવા એકમાત્ર વિષય) છે[૪૩] જે દૈવી જીવોને તેમની અલૌકિક લીલામાં સામેલ થવાને નિજ પ્રમેયબલ દ્વારા અધિકારી બનાવે છે.[૪૪] જેની યત્ર સાધનાનપેક્ષત્વં તત્રૈવ પૂર્ણ પ્રમેયબલત્વં મંતવ્યં ભવતિ....। એવી વ્યાખ્યા થાય છે.[૪૫] શ્રીકૃષ્ણ પૂર્ણાવતાર છે અને બીજા બધા અંશાવતારો છે.[૪૬] બીજા એક સંદર્ભમાં, તેઓ શ્રીસ્વામિનીજીના ગૂઢભાવ રસાત્મક રૂપ છે.[૪૭]

શ્રીગોકુલનાથજી શ્રુતિઓને બ્રહ્મવિદ્યા માટે પ્રમાણ તરીકે સ્વીકારે છે.[૪૮] પરંતુ સાથો સાથ આપશ્રી શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના અધ્યાય ૨૬ થી ૩૨ ને-ફલપ્રકરણને ખાસ ભગવલ્લીલાના રહસ્યને પામવાના એકમાત્ર પ્રમાણ તરીકે ગણે છે.[૪૯] શ્રીગોકુલનાથજીના કહેવા અનુસાર, ફલપ્રકરણ એ ભાગવતના ગૂઢાર્થરૂપ છે.

શ્રીમદ્" વલ્લભચાર્ય કૃષ્ણના મુખારવિંદરૂપ છે જેનું પ્રાગટ્ય દૈવીજીવોનો ઉદ્ધાર કરવા માટે થયું છે. આ દૈવીજીવો ભગવાન કૃષ્ણની અલૌકિક લીલામાં સામેલ થવાના અધિકારી છે અને કાળે કરીને તેઓ પાછળથી તે ઉચ્ચાવસ્થામાંથી અવનત થયા છે. આપશ્રી અલૌકિક અગ્નિસ્વરૂપ છે અને તે અગ્નિ છે ભગવાનનો વિરહાનલ.[૫૦] શ્રીવલ્લભાચાર્યનું સ્વરૂપ ભાવાત્મક છે અને ભાવ ત્રણ પ્રકારનો છે. - (સ્વામિની ભાવ- કૃષ્ણભાવ અને સંયોગાત્મક ભાવ-યુગલભાવ)[૫૧] પુષ્ટિમાર્ગના સિદ્ધાંતને શ્રીમદ્ વલ્લભાચાર્યે પ્રવર્તાવ્યો છે જેનું મૂળતત્ત્વ છે ભગવાન વિરહાગ્નિનો તાપ.[૫૨] અને આથી આપશ્રી જ પુષ્ટિમાર્ગના રહસ્યને નિતાંત સ્વરૂપે સમજાવવાને સમર્થ છે.

નીચે લખેલી પંકિતઓ આને સ્પષ્ટ કરે છે :-

સંદર્ભ નોંધ : ૪૦ ઉદાહરણ - સરખાવો - ભજનાનંદરમણપ્રિયસ્ય બર્હાપીડંનટવરવપુષઃ શ્રીમત્ સ્વામિનીનાં નિગૂઢ ભાવકોટિકંદર્પાત્મકસ્ય નિત્યંકશોરવેરાધરિણ આકૃતેઃ નિત્યત્વાત્ વિકૃતિ તત્વસ્યાસંભયાત્ સદેકસ્થાયિ ભાવરૂપાકૃતિરવેધયા । હસ્તપ્રત પૃ.૧૫૧

સંદર્ભ નોંધ : ૪૧ સરખાવો - "વ્રજે તુ સ્થાયિભવવૈકરુપત્વાત્ ભગવત્પ્રાદુર્ભાવસ્યાપિ સ્થાયિત્વાદ્ વ્રજાલિલસામગ્યાદેર્નિત્યત્વં ....।" - હસ્તપ્રત - પૃ. ૮૦

સંદર્ભ નોંધ : ૪૨ જુઓ-હસ્તપ્રત - પૃષ્ઠો - ૧૧૩, ૧૧૪, ૧૧૮, ૧૪૨, ૧૪૪, ૧૫૦ અને નીચે દર્શાવેલી પાદટીપ.- ૪૭

સંદર્ભ નોંધ : ૪૩ સરખાવો - "પ્રમેયં ચ શુદ્ધં પરબ્રહ્મં -" હસ્તપ્રત પૃ. ૩૫

સંદર્ભ નોંધ : ૪૪ સરખાવો - "વસ્તુ તો મૂલતો વલ્લભાગન્યંગીકૃતજીવાનામેતન્માર્યાગીકારઃ પ્રમેયબલસ્વભાવાત્" - હસ્તપ્રત પૃ. ૨૪-૨૫

સંદર્ભ નોંધ : ૪૫ હસ્તપ્રત - પૃ. ૨૫૩

સંદર્ભ નોંધ : ૪૬ જુઓ - હસ્તપ્રત - પૃષ્ઠો ૭૬-૮૦

સંદર્ભ નોંધ : ૪૭ સરખાવો - "સાક્ષાત્ભજનાનંદ પુરુષોત્તમઃ અક્ષરાતીતવેદાતીતઃ શબ્દાતીતો બ્રહ્માંડાતીતઃ શ્રીમત્-"
સ્વામિનીનાં નિગૂઢભાવ : કૃષ્ણપદાર્થો નાન્યો સ્પર્શઃ ...
હસ્તપ્રત પૃ. ૧૮૯ સરખાવો વળી શબ્દો -
"શ્રીમતસ્વામિની ભાવઃ કૃષ્ણપદાર્થ : પુષ્ટિમાર્ગે તત્ત્વઃ" -હસ્તપ્રત - પૃ. ૨૭

સંદર્ભ નોંધ : ૪૮ સરખાવો - "શ્રુતય એવ બ્રહ્માણં પ્રમાણમ્" ગોકુલેશ વાક્સુધા પૃ.૧૮

સંદર્ભ નોંધ : ૪૯ સરખાવો : શ્રી ભાગવતપદાત્....પરમોપાસ્યરૂપં તસ્મિન્નેવ તન્મૂલજ્ઞાન પ્રકાશત્વ મુક્તિમિતિ।" -હસ્તપ્રત પૃ.૨૫ અને "તતુ ફલપ્રકરણીય એવ રસાત્મકે ભાગવતે, અતો રસસમુહાકત્વં ફલપ્રકરણીયસ્ય રાસાદેરનુક્તસિદ્ધમસ્તિ।" હસ્તપ્રત પૃ.૩૨ વળી જુઓ ભાગવતના ૧-૧-૩ નું વિવેચન હસ્તપ્રત પૃ. ૨૯-૩૫

સંદર્ભ નોંધ : ૫૦ સરખાવો "સ્વસ્થ મુખારવિંદ ફલવિયોગાગ્નિરૂપત્વાત" -હસ્તપ્રત - પૃ.૯૧

સંદર્ભ નોંધ : ૫૧ સરખાવો - "વસ્તુતઃ સ્વત એવં તત્ત્રિતયાત્મકં તથાપિ ભિન્નતયા વક્ષ્યતે।" -હસ્તપ્રત પૃ. ૧૧૪.

સંદર્ભ નોંધ : ૫૨ સરખાવો - "તાપાગ્નિજવાલાસંપ્રદાયપ્રવર્તકં....।" હસ્તપ્રત પૃ. ૯૦

"સ્વસ્યમુખ્યતયાગ્નિબોજાત્મકત્વેન ભકિત માર્ગાબ્જમાર્તંડત્વેન સ્વામિનિસ્ત્રીભાવાગ્ન્યાત્મકસ્ય રસાત્મક બ્રહ્મણો મુખારવિંદાધિષ્ઠાતૃત્વાત્ તૃત્શ્રીવિશિષ્ટત્વેન યઃ ફલરૂપઃ કૃષ્ણતસ્ય સ્વરૂપતો લીલારસભાવતઃ સાધનતઃ ફલતઃ ચીદ્ બહુનિ રૂપાણિ પ્રદર્શકં ભકિતરસનિભૃતં, પુષ્ટિભકિતમાર્ગીયં જ્ઞાનં દદાતિ ઈતિ શ્રીકૃષ્ણજ્ઞાનદઃ ।"[૫૩]

શ્રીગોકુલનાથજી અન્ય ભાષ્યકારો અને શ્રીમદ્ વલ્લભાચાર્ય વચ્ચે રહેલા ભેદને સુપેરે સમજાવે છે શ્રીમદ્ શંકરાચાર્ય અને બીજાઓએ બ્રહ્મસૂત્રો પર ભાષ્ય લખ્યાં છે પરંતુ તેમણે સૂત્રોનાં વિવરણ કરતી વખતે લક્ષ્યાર્થભાવનો આશ્રય લીધો છે, પરંતુ શ્રીમદ્ વલ્લભાચાર્યે સૂત્રોના પ્રત્યક્ષપણે અભિધેય - અર્થોનુ નિરૂપણ કર્યું છે.[૫૪] શ્રીમદ્ ભાગવતના આપશ્રી સૌથી મહાન ભાષ્યકાર છે અને એક રીતે ભકતોને તેમના જીવનમાં આત્યંતિક ફલની પ્રાપ્તિ થાય તે માટે નિમિત્તરૂપ બને છે. શ્રીવિઠ્ઠલનાથજીની જેમ, શ્રીગોકુલનાથજીએ પણ કેટલીક શ્રુતિઓ શ્રીમદ્ વલ્લભાચાર્યનું નિરૂપણ કરે છે એવું ઉત્સાહના અતિરેકમાં કહયું છે.[૫૫] પરંતુ આ પ્રકારનું શ્રુતિઓ શ્રીમદ્ વલ્લભાચાર્યનું નિરૂપણ કરે છે એવું અર્થઘટન કરવું , તે અનુચિત છે.

બડી ટીકા, પુષ્ટિમાર્ગના સાચા સ્વરૂપ અને તેના ફળનું પણ નિરૂપણ કરે છે. પુષ્ટિમાર્ગ એ પ્રમાણાતિરિક્ત તથા લોકવેદાતીત છે અને શાશ્વત છે.[૫૬] આ માર્ગમાં ભગવાનનો વિરહભાવાનુભવ થવો એ સર્વાધિક મહત્ત્વનુ છે.[૫૭] તે તાપાત્મક છે અને ગોપીઓને આદર્શ ભકતો ગણે છે.[૫૮] આથી શ્રીગોકુલનાથજી કહે છે કે, માનવજીવનનો મુખ્ય હેતુ અન્ય કોઈ નહિ, પણ ભગવાનની ભકિત કરવાનો છે. તે જ મુખ્ય પુરુષાર્થ છે.[૫૯] અને તેણે માર્ગમાં દીક્ષા લેવા માત્રથી સંતોષ ન માનવો જોઈએ, પરંતુ ભગવાનના વિરહ તાપનો ઉત્કટ અનુભવ કરવો જોઈએ.[૬૦] જેને સામાન્યપણે મુકિત કહે છે એને પુષ્ટિમાર્ગમાં ફળ તરીકે ગણવામાં આવતું નથી. પરંતુ રસાત્મક બ્રહ્મ કે જેનું નિરૂપણ કૃષ્ણના નીચલા અધર-ઓષ્ઠનાં અમૃતપાન તરીકે કરાય છે તેનો સ્વાદાનુભવ કરવાનો છે.[૬૧] આ ફળની પ્રાપ્તિ સ્વયં સ્વામિનીજીની કૃપા થકી થાય છે.[૬૨]

સંદર્ભ નોંધ : ૫૩ હસ્તપ્રત - પૃ. ૧૫૯

સંદર્ભ નોંધ : ૫૪ "યદ્યપિ શંકરાચાર્યાદીનામપિ વ્યાસસૂત્રભાષ્યકતૃત્વં વર્તતે તથાપિ તત્ર લક્ષણામાશ્રિત્ય સૂત્રાર્થવ્યાખ્યાનાત્તસ્ય "સત્યં જ્ઞાનમનંતં" "બ્રહ્મ" "રસો વૈ સ." ઈત્યાદ્યુપનિદ્ વાકયવિરોધાન્ન સાક્ષાતત્વસૂત્રભાષ્યપ્રતિપાતકત્વામાચાર્યાણાં તુ. . . ઈત્યિાદ્યુપનિષદવાક્યાવિરોધેન બ્રહ્મધર્મપ્રતિપાદનપૂર્વકં સાક્ષાત્ સૂત્રાર્થનિરુપકત્વાજ્ઞાપનાયેકતં તત્ત્વસૂત્ર ભાષ્યપ્રદર્શક ઈતિ । ગોકુલેશ વાક્ સુધા" - પૃ. ७४-७५

સંદર્ભ નોંધ : ૫૫ હસ્તપ્રત પૃ. ૨૨૪

સંદર્ભ નોંધ : ૫૬ સરખાવો - "આવિર્ભાવતિરોભાવાભ્યાં પુષ્ટિભકિતમાર્ગસ્ય નિત્યત્વાત્ ।" હસ્તપ્રત - પૃ. ७४

સંદર્ભ નોંધ : ૫૭ સરખાવો - "અસ્મિન્ મુખારવિંદ ફલવિયોગાગ્નિ ભકિતમાર્ગે ।" હસ્તપ્રત પૃ. ૨૮૩

સંદર્ભ નોંધ : ૫૮ સરખાવો - "વ્રજવરઘોષસીમંતિનીનાં ભકિતમાર્ગોપલક્ષકં . . .ઈત્યાદિ ।" હસ્તપ્રત પૃ.૬૪

સંદર્ભ નોંધ : ૫૯ સરખાવો - "સ્વમાર્ગે ભગવદ્ભજતસ્યૈવ પરમપુરુષાર્થત્વં નાન્યસ્ય ।" હસ્તપ્રત પૃ. ૧૧૬.

સંદર્ભ નોંધ : ૬૦ સરખાવો - "યતોસ્મિન્માર્ગે આગત્ય નામનિવેનાદિકસંસ્કારાન્ સમધિગમ્ય નિશ્ચિતતાં ન વ્રજેયુઃ માર્ગસ્ય પૂર્વોક્ત પ્રકારેણ વિરહાગ્ન્યાત્મકત્વાત્ ... તસ્માત તદોયૈરપિ નિરંતરં પઠનીયમિદં મંત્રં હા કૃષ્ણ મુખારિવંદ વિરહાગ્નિઃ । ગુપ્તયાનિશમ્ ભૃશમ દેહકૃત્યાદાવપિ મનસિ પઠનીયમ્ ।" હસ્તપ્રત - પૃ. ૨૯૫

સંદર્ભ નોંધ : ૬૧ સરખાવો - "સાક્ષાદ્ ભગવન્મુખારવિન્દફલવિયોગાગ્નિ ભકિતમાર્ગીયાણાં મુકિતફલાતિરિકત સાક્ષાદ્દ્વિધાશૃંગાર રસરૂપસ્ય રસાત્મક બ્રહ્મણો ભગવતઃ સ્વરૂપાનુભવ ફલસંબંદ્ધસ્યૈવ ફલત્વાત્" . . . . - હસ્તપ્રત - પૃ. ૨૪ હસ્તપ્રતનું પૃ. ૮७ પણ જુઓ.

સંદર્ભ નોંધ : ૬૨ સરખાવો - "પરંતુ તદ્દાનંતુ વલ્લાભાગ્નિવશેડપિ શ્રીમત્સ્વામિનીનાં કૃપાપૂર્ણપ્રમેયબલેમૈવ ભવતિ, - નાન્યૈ : સાધનૈઃ ।" હસ્તપ્રત - પૃ. ૨૯૦

બડી ટીકામાં જેમનો ઉલ્લેખ થયો છે એવી પુષ્ટિમાર્ગ વિશેની બીજી કેટલીક બાબતો પણ છે. સેવા અંતરાયની બાબતમાં શ્રીગોકુલનાથજી કહે છે કે, પોતાના ઈષ્ટદેવ - સેવ્યસ્વરૂપ સિવાય અન્ય તમામ બાબતનું સ્મરણ થાય તે બાધક બને છે.[૬૩] ભગવાનને ભોગમાં સમર્પિત કરવાની ખાદ્ય-સામગ્રીની બાબતમાં શ્રીગોકુલનાથજી કહે છે કે, તેને તૈયાર કરવાની કાર્યરીતિનું મહત્ત્વ નથી, પણ તેમાં સ્વામિનીભાવ જેવો ભાવ હોવો એનું મહત્ત્વ છે.

વૈદિક ક્રિયાઓની બાબતમાં શાસ્ત્રની આજ્ઞાઓ અંગે શ્રીગોકુલનાથજી અત્યંત સ્પષ્ટપણે કહે છે કે, આવી ક્રિયાઓમાં જે કંઇ સામગ્રીનો વિનિયોગ કરવાનો હોય તે સર્વ પ્રથમ ભગવાનને સમર્પિત કરવી ઘટે, અન્યથા ભકતને અન્યાશ્રયનો દોષ લાગે. વળી, કાષ્ઠની ચરણ-પાદુકાની સેવા- પૂજા કરવાની બાબતમાં આપશ્રી કહે છે કે, તેમાં સ્વયં ભગવાનની સેવા પૂજા કરતાં હોઈએ તેવો ભાવ રાખવો, પરંતુ તેમાં કેટલાંક વિધિ-વિધાનોને સર્વથા અનુસરવા જોઈએ.[૬૪] આ ટીકામાં આપશ્રી એવું કહે છે કે, આપશ્રીના પિતાશ્રી વિઠ્ઠલનાથજીમાં પુષ્ટિમાર્ગીય ફલની પ્રાપ્તિ માટે આવશ્યક એવો સાચો "સ્ત્રીભાવ" હતો.[૬૫]

બડી ટીકા દ્વારા આપણને કેટલીક મહત્ત્વની માહિતી પ્રાપ્ત થાય છે, જે નીચે દર્શાવ્યા મુજબ છે :-

(૧) કહેવાય છે કે, બ્રહ્મસૂત્ર ૩-૨-૩૩ સુધી જ, "અણુભાષ્ય" ની ગ્રંથ રચના શ્રીમદ્ વલ્લભાચાર્યે કરી હતી અને તેનો શેષ ભાગ શ્રીવિઠ્ઠલનાથજીએ લખ્યો હતો. શ્રીગોકુલનાથજીના નીચે દર્શાવેલા વિધાન દ્વારા આ હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે :-

"ઈતિ તુ અસ્મત્ પ્રભુ ચરણેરણુભાષ્ય તૃતીયાધ્યાય તૃતીય ચરણે પ્રપંચિતમસ્તિ"[૬૬]

(૨) શ્રીવિઠ્ઠલનાથજીએ ન્યાસાદેશનો અંતિમ - ભાગ લખ્યો હતો એ વિધાનની પુષ્ટિ નીચે દર્શાવ્યા મુજબ થાય છે :-

"ન્યાસાદેશેષુ ધર્મત્યજનવચનતો . . . . . સિદ્ધિ તદુપરિ પિતૃચરણાનાં જેસ્વયરામર્શાન્તરોયત્વ વિચારણાત. . . ..વગેરે"[૬૭]

ન્યાસાદેશના લેખક વિશે અહીં કોઇ વિધાન થયું જોવા મળતું નથી, પરંતુ સર્વોત્તમસ્તોત્રના શ્લોક ૨૫ પરની ટીકામાં શ્રીમદ્ વલ્લભાચાર્યે તે લખેલ હોવાનું જાણવા મળે છે.[૬૮]

(૩) શ્રીગોકુલનાથજીને તેમના જીવનકાળ દરમ્યિાન તેમના શિષ્યો પરમેશ્વર પરમાત્મા તરીકે માનવા લાગ્યાં હતા એનું પ્રમાણ નીચે દર્શાવેલ વિધાન દ્વારા મળે છે :-

"યથસ્મદીયાઃ માં પુરુષોત્તમં નિશ્ચિત્ય ભજંતિ તેન કિં પ્રકટિતશુદ્ધપુષ્ટિભકિતમાર્ગાચાર્યાણાં"
-"પ્રસન્નતા સિધ્યતિ । ન કદાપિત્યર્થ : । એતેષામાગ્રહવિષય ભગવદિચ્છૈવ (ઇચ્છયા એવ) નિયામકત્વાદસ્માકમપ્યાગ્રહો નાસ્તિ ।"[૬૯]

સંદર્ભ નોંધ : ૬૩ સરખાવો - "સ્વસેવ્યાતિરિકતાનુસંધાનસ્મૃતેશ્ચ એવં ક્રિયન્તઃ સેવાદિષુ પ્રતિબંધકા જીવધર્માઃ ।" . . . હસ્તપ્રત પૃ. ૧૬૫

સંદર્ભ નોંધ : ૬૪ સરખાવો - "પરંતુ તત્રાપિ માર્ગમર્યાદયોત્સવાદિષુ પ્રસ્તાવે તિલકાદિકં વિધાય હસ્તક્ષાલનં કૃત્વા પુનઃ ભગવત્સાયગ્માદિષુ સ્પર્શાદિકં ક્રિયતે । તથાકરણે પ્રત્યુત પ્રત્યવાયો ભવેદેવ ન તત્ર સંદેહ : ।" તસ્માન્માર્ગાચાર્યેષુ પ્રભુબુધ્યા તેષાં ચરણારવિંદયો : સેવનં પ્રભુવદેવ । - હસ્તપ્રત પૃ. ૨૬૧

સંદર્ભ નોંધ : ૬૫ સરખાવો - "અગ્નિકુમારસ્ય સાક્ષાદ્ભજનાનંદ પુરુષોત્તમ મુખારવિંદફલ સ્ત્રીભાવાગ્ન્યખિલભાવ સંપત્ત્યવયવાત્મકત્વાસ્. . ।" - હસ્તપ્રત- પૃ. ૨૯૧

સંદર્ભ નોંધ : ૬૬ હસ્તપ્રત - પૃ. ૧૯૨

સંદર્ભ નોંધ : ૬૭ ઉજ્જૈનની હસ્તપ્રત - પૃ. ૨૩૧-૩૨

સંદર્ભ નોંધ : ૬૮ સરખાવો - "ન્યાસાદેશેષ્વિ" ત્યાદિના સ્વીમેષૂપદેશકર્તા - ગોકુલેશ વાક્સુધા પૃ. ૬૦

સંદર્ભ નોંધ : ૬૯ હસ્તપ્રત - પૃ. ૨૬૪

શ્રીગોકુલનાથજીએ પોતાના શિષ્યોને તેમની ભગવાન તરીકે જોવાની પોતાના પ્રત્યેની દૃષ્ટિને ત્યજી દેવા બાબતમાં વારંવાર કહેવા છતાં તે લોકોએ તેમ કરવાનું ચાલુ રાખ્યું. આજે પણ વૈષ્ણવ સમાજનો એક વિભાગ જેને ભરૂચી વૈષ્ણવો કહે છે તે લોકો શ્રીગોકુલનાથજીને પરમેશ્વર પરમાત્મા તરીકે પૂજે છે.

(૪) શ્રીગોકુલનાથજીએ બાર એટલે કે દ્વાદશ અક્ષરના મંત્રનો ઉલ્લેખ કર્યો છે જેને બહુ ઓછા લોકો જાણે છે અને જે શ્રીવિઠ્ઠલનાથજી દ્વારા પુરસ્કૃત હતો.[૭૦]

(૫) દામોદરદાસ અને પદ્મનાભદાસનો અંતરંગ ભકતો તરીકે અનેકવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે પરંતુ પ્રમુદાસનો ઉલ્લેખ માત્ર એકવાર કરવામાં આવ્યો છે.[૭૧]

આ ગ્રંથમાં શ્રીગોકુલનાથજી વળી એક મહત્ત્વનો એવો પુષ્ટિમાર્ગનો પ્રશ્ન ચર્ચે છે. પરંપરાનુસાર એવી માન્યતા પ્રવર્તે છે કે, શ્રીમદ્ વલ્લભાચાર્યના સમસ્ત વંશજોને શ્રીમદ્ વલ્લભાચાર્યના સાક્ષાત્ સ્વરૂપ ગણવા અને આ માન્યતાના પ્રવર્તક તરીકે શ્રીવિઠ્ઠલનાથજીને ગણવામાં આવે છે.[૭૨] શ્રીગોકુલનાથજી કહે છે કે, "અન્વય" અને "વંશ" એ શબ્દોનો અર્થ "પુત્ર" થાય છે.[૭૩] અને શ્રીમદ્ વલ્લભાચાર્ય "નિજની મહત્તા -મહાનતા" માત્ર નિજપુત્રને પ્રદાન કરી છે.[૭૪] આ વિધાન અત્યંત હિંમતભર્યું અને ક્રાંતિકારી છે. "અસ્મતકુલમ્" ના શ્લોકોની ટીકામાં પણ શ્રીગોકુલનાથજીએ આ જ દૃષ્ટિબિંદુ વ્યકત કર્યું છે.[૭૫] આપશ્રી વળી ભારપૂર્વક કહે છે કે, શ્રીમદ્ વલ્લભાચાર્યના બધા જ વંશરાજોને દિવ્ય માની લેવા કે પછી સ્વયં શ્રીવલ્લભાચાર્ય લેખે માની લેવા જોઇએ નહીં. શ્રીગોકુલનાથજીએ આવું અનોખું દૃષ્ટિબિંદુ કેમ વ્યકત કર્યું હતુ ? આપશ્રીના લઘુબંધુ રઘુનાથજી "સ્વવંશ" નો અર્થ "અપત્યપરંપરા" એવો કરે છે અને "વંશ" કે "અન્વય" નો શબ્દકોષીય અર્થ "પુત્ર" એવો કરે છે. તેથી આનો શબ્દાર્થ જે "વંશ" કે "અન્વય" એટલે "પુત્ર" અને તે પણ "અગ્નિકુમાર" એવો જ અર્થ કરાયો છે. શ્રીગોકુલનાથજી દ્વારા તે "યથાર્થ" નથી. આ શ્લોકના મૂળ રચયિતા એટલે કે શ્રીવિઠ્ઠલનાથજીનો કહેવાનો એવો શો આશય છે કે શ્રીમદ્ વલ્લભાચાર્યે પોતાની મહત્તા - દિવ્યતા પોતાના પુત્ર એવા શ્રીવિઠ્ઠલનાથજીને જ પ્રદાન કરી હતી ? શ્રીવિઠ્ઠલનાથજીનું આ પ્રકારેનું કહેવું સર્વથા અનુચિત છે. આમ કહેવું એ બીજું કંઇ નહિ પણ સ્વ - પ્રશસ્તિ બની જાય. શ્રીવિઠ્ઠલનાથજીએ "વંશ" કે "અન્વય" એવો શબ્દ પ્રયોગ કર્યો છે તે "બધા જ વંશજો" ને અનુલક્ષીને બહુધા કર્યો હોય તેમ લાગે છે. જો તેમ હોય તો પછી પ્રશ્ન એ થાય છે કે, શા માટે શ્રીગોકુલનાથજીએ આ શબ્દનો આવો અનુચિત અર્થ કર્યો હતો ? આ પ્રશ્નનો સંભવિત ઉત્તર આ પ્રમાણે કરી શકાય. શ્રીગોકુલનાથજી ૮૯ વર્ષ જેટલી લાંબી જીંદગી જીવ્યા હતા એ હકીકત છે. આથી આપશ્રીના જીવન-કાળ દરમિયાન, આપશ્રીએ પુષ્ટિમાર્ગને સારી રીતે પ્રસાર પામેલો અને સુરક્ષિત થયેલો જોયો હતો, પણ સાથો સાથ આપશ્રીએ કદાચિત્ કાળક્રમે તેમાં પ્રવર્તનારાં દૂષણોના પ્રારંભને પણ જોયો હતો. તત્કાલિન મોગલ સમ્રાટો ગોસ્વામીઓને ભારે માનની દૃષ્ટિથી જોતા હતા અને રાજકીય એવી કોઇ મુશ્કેલીઓ તમને પડી ન હતી, કારણ કે જહાંગીર અને શાહજહાંના રાજયકાળમાં ભલે શાંતિ અને સમૃદ્ધિ પ્રવર્તતી હતી. ગોસ્વામીઓના અનુયાયીગણમાં પણ સારો એવો વધારો થયેલો જોવા મળતો હતો અને

સંદર્ભ નોંધ : ૭૦ સરખાવો -

"તદીયૈરપિ નિરંતરં પઠનીયમિંદં મંત્રં હા કૃષ્ણ મુખારવિન્દવિરહાગિન : ગુપ્તતયાડનિશં દેહકૃત્યાદાદપિ મનસિ પઠનાયં। એતસ્ય જપ્યતરે કરચન પ્રતિપન્યેનાપિ મધ્યે વ્યવધાનો ન કર્તવ્ય ઈતિ પિતૃચરણૈ: યદુપદિષ્ટમ્ મહ્યં તતદેપાસ્માભિરપ્યૂપદિસ્યતે। ઈતિ તુ દ્વાદશાક્ષરાત્મકં મંત્ર . . . " હસ્તપ્રત - પૃ. ૨૯૫

સંદર્ભ નોંધ : ૭૧ હસ્તપ્રત - પૃ. ૯૩

સંદર્ભ નોંધ : ૭૨ સરખાવો - સર્વોત્તમ સ્તોત્રનો શ્લોક - ૨૨

સંદર્ભ નોંધ : ૭૩ સરખાવો "અવાન્વય પદસ્ય પુત્રપરત્વં જ્ઞેયં . . . . . । " હસ્તપ્રત - પૃ. ૨૮૫

સંદર્ભ નોંધ : ૭૪ સરખાવો - "ઈત્યેનેન સ્વવંશડગ્નિકુમારે એવાશેષ માહાત્મ્યં સ્થાપિતં ।" - હસ્તપ્રત - પૃ. ૨૮૭

સંદર્ભ નોંધ : ૭૫ લલિત ત્રિભંગી - સ્તોત્ર - શ્લોક - ૧

તેમના હજારો અનુયાયી મોટી રકમ અને ભેટ સોગાદો તેમને ચરણે લાવીને ધરતા હતા. આથી આ ગોસ્વામીઓ અઢળક સંપત્તિ વચ્ચે આળોટતાં હતા અને આ હકીકતને કારણે તેઓ અભિમાની બની ગયા હોય અને પોતે પણ શ્રીમદ્ વલ્લભાચાર્ય સમાન મહાન અને દિવ્ય હોવાનુ માનવા લાગ્યા હોય એ સર્વથા શકય છે. આના પરિણામે તેઓ બધા તેમનાં કર્તવ્યકર્મ એટલે કે ભગવત્-સેવા કરવાની અને આધ્યાત્મિક-માર્ગદર્શક તરીકે બની રહેવાના ઉત્તરદાયિત્વને વીસરી ગયા હોય. ભગવાનના સાચા ભકતના સ્વયં આદર્શ બની રહેવા પામ્યા ન હોય. શ્રીગોકુલનાથજીએ તેમના જીવનના ઉત્તરકાળમાં કેટલાક ગોસ્વામી બાળકોની અવનતિને સ્વયં જોઇ હોય.[૭૬]

પુષ્ટિમાર્ગ તથા ગોસ્વામીઓની અવનત દશા જોઇને, શ્રીગોકુલનાથજી "વંશ" અથવા "અન્વય" એ શબ્દોનો અર્થ "પુત્ર" એટલે કે "શ્રીવિઠ્ઠલનાથજી" જ એવો કરવાને પ્રેરાયા હોય. આથી, આપશ્રી તે બધાને એમ કહેતા કે, શ્રીવિઠ્ઠલનાથજી એકમાત્ર શ્રીમદ્ વલ્લભાચાર્ય સમાન મહાન હતા અને બધા જ ગોસ્વામીઓ કંઇ તેમના સમાન નથી. વળી એવું પણ કહેતા કે, માત્ર શ્રીમદ્ વલ્લભાચાર્યના કુળમાં જન્મ થયો હોય એથી કંઇ તેમનાં કુંટુંબો નિષ્કલંક બની જાય નહિ, પરંતુ ભગવાન કૃષ્ણે નિજના ગણી જેમનો સ્વીકાર કર્યો હોય એવાં કૃપા પામેલાં ગોસ્વામિ કુટુંબો જ નિષ્કલંક રહી શકે.[૭૭]

વ્યાવહારિક દૃષ્ટિએ જોતાં, આ શ્લોકનુ શ્રીગોકુલનાથજીનુ કરેલું અર્થઘટન વધારે સ્વાસ્થ્યપ્રદ અને સહાયક છે. આપશ્રીએ તેમાં ગોસ્વામીઓના શ્રીમદ્ વલ્લભાચાર્યના કુળમાં જન્મ થવાની બાબતના કરતાં તેમના ચારિત્ર્યબલ પર વિશેષ ભાર મૂકયો છે. પુષ્ટિમાર્ગની અવનતિનુ કારણ, આ શ્લોક બન્યો છે. આને કારણે, વૈષ્ણવો ગોસ્વામી બાળકોને ભગવાનના અવતાર એટલે કે સ્વયં ભગવાન માનવા લાગ્યા હતા અને તેમને સમર્પિત થઇ જવુ તેને પોતાનુ કર્તવ્યકર્મ માનવા લાગ્યા હતા. પરિણામે, ગોસ્વામી બાળકો પોતાને દિવ્ય ગણવા લાગ્યાં અને પોતાની આધ્યાત્મિક - ઉન્નતિ થાય એના પ્રત્યે ભાગ્યેજ ધ્યાન આપતા થયા હતા. શ્રીગોકુલનાથજીને, થનાર આ અવનત દશાનો અને ભયાવહ પરિસ્થિતિનો અગાઉથી અણસાર આવી ગયો હોય એ સંભવ છે અને તેથી બધા જ ગોસ્વામિ બાળકોને શ્રીમદ્ વલ્લભાચાર્યના કુળમાં જન્મ્યા હોઇ તેમના સમાન મહાન તથા દિવ્ય ગણવા સામે લાલબત્તી ધરતું અને શ્રીવિઠ્ઠલનાથજી એકમાત્ર શ્રીમદ્ વલ્લભ સમાન હતા એવું અર્થઘટન તેમણે આ શ્લોકનું કર્યું હશે, એમ આપણે સમજવું જોઇએ.[૭૮]

ગુરુભકિતની પ્રણાલી ઘણા જ પુરાતન સમયથી ચાલી આવે છે. આનો પુષ્ટિમાર્ગમાં પ્રારંભ શ્રીવિઠ્ઠલનાથજીએ[૭૯] કર્યો હતો અને શ્રીગોકુલનાથજી પિતાશ્રીના પગલે ચાલ્યા હતા. આપશ્રીએ સર્વોત્તમસ્તોત્ર અને વલ્લભાષ્ટક પર જે ટીકાઓ લખી તેમાં ગુરુસેવા કરવા ઉપર પણ વિશેષ ભાર મૂકયો હતો અને શ્રીમદ્ વલ્લભાચાર્યના માહાત્મ્યનું નિરૂપણ કર્યું હતું.

સર્વોત્તમસ્તોત્ર પરની આ બે ટીકાનો અભ્યાસ કરતાં જોવા મળે છે કે, લઘુ- છોટી ટીકા અત્યંત સરળ અને બહુધા મુદ્દાસર લખાયેલી છે. દીર્ઘ એટલે કે બડી ટીકા માત્ર સર્વોત્તમ સ્તોત્ર સમજાવતી નથી પણ, ઉપર કહી ગયા તેમ વિવિધ ધાર્મિક વિષયો અને તેના પ્રશ્નોની વિશદ ચર્ચા કરે છે. તે શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના પ્રવર્તાવેલા પુષ્ટિમાર્ગનું સાચું સ્વરૂપ સમજાવે છે, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવભકતની આદર્શ જીવન - પ્રણાલીનું નિરૂપણ કરે છે, વૈદિક

સંદર્ભ નોંધ : ૭૬ કહે છે કે, શ્રીગોકુલનાથજીના પુત્ર ગોપાલજીએ જયગોપાલીય પંથ સ્થાપ્યો હતો પોતાના નામે. બીજા એક મત પ્રમાણે, તે પુત્ર રઘુનાથજીનો હોવાનું કહે છે, જેણે આ પ્રમાણે કર્યું હતું.

સંદર્ભ નોંધ : ૭૭ "અસ્મત્ કુલમ્" નો અંતિમ ભાગ જુઓ. શ્રીગોકુલનાથજી રચિત -

સંદર્ભ નોંધ : ૭૮ જુઓ આ બાબતે શ્રીગોકુલનાથજીનાં અવલોકનો - "પ્રકટિત સાક્ષાદ્ ભગવન્મુખારવિંદ ફલવિયોગાગિન ભકિતમાર્ગડપિ મુખ્યભજનપરા અન્યભજનપરા વ્યભિચારાવ્યભિચારાસ્પષ્ટકા : પ્રદર્શકાઃ પરનિષ્ઠા : સ્વ સ્વમૂલપીઠિકાં ભજનાનન્દબ્રહ્માનાન્દરૂપાં - પ્રદર્શયન્તઃ ક્રિયતઃ સન્તિ પ્રભુચરણા કુલેડ પિ...। -" હસ્તપ્રત-પૃ. ૧૮૮

સંદર્ભ નોંધ : ૭૯ જુઓ - શ્રીવિઠ્ઠલનાથજી લિખિત વલ્લભાષ્ટક અને સર્વોત્તમસ્તોત્ર.

ક્રિયાકાંડોનું શુદ્ધાદ્વૈત દૃષ્ટિબિન્દુ રજૂ કરે છે, સેવા - ભકિતની સાચી ભાવના વિશે ઉપદેશ કરે છે - શીખવાડે છે તથા મોક્ષ તથા પરબ્રહ્મ કૃષ્ણના સ્વરૂપને સમજાવે છે. આથી, સર્વોત્તમસ્તોત્ર પરની બડી ટીકા એ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના ધર્મ-સિદ્ધાંતો (અને કેટલાક અંશે અધિકૃત વિધિ-વિધાનો) નું દર્શન કરાવતું સુંદર ભાષ્ય છે એમ કહી શકાય.

બડી ટીકામાં શ્રીગોકુલનાથજીને આપણને તેમની બુદ્ધિપ્રતિભાની સર્વોચ્ચ શકિતની પ્રતીતિ થાય છે. પુષ્ટિમાર્ગના એક મહાન ભાષ્યકાર - પથપ્રદર્શક આપશ્રી હતા તે દર્શાવે છે. શ્રીમદ્ વલ્લભાચાર્યની તમામ ગ્રંથ - રચના, પુરાણો ખાસ કરીને શ્રીમદ્ ભાગવત, શ્રુતિ અને ગીતાનું આપશ્રીનું જ્ઞાન તલસ્પર્શી હતુ એની આપણને ખાતરી કરાવે છે. વિદ્વતામાં સમર્થ ભાષ્યકાર અને મહાન પંડિતની કક્ષાથી આપશ્રી સર્વથા ન્યૂન ન હતા. આપશ્રી ગ્રંથરચનાને સમજાવતી વખતે મૂળભૂત પ્રશ્નો ઉપસ્થિત કરે છે, તેમને તપાસે છે અને તેમનું ખંડન કરે છે અને પુષ્ટિમાર્ગીય દૃષ્ટિબિંદુનું મંડન કરે છે - તેનું સ્થાપન કરે છે, વૈકલ્પિક સર્વ સમજૂતીને જુએ છે-આવકારે છે અને ઘણી વખત તો પરમ વિદ્વત્તાપૂર્ણ અર્થઘટનો કરે છે જેમાં વ્યાકરણ અને વ્યુત્પતિશાસ્ત્રની દૃષ્ટિનાં અર્થઘટનો પણ સમાવિષ્ટ થયેલાં જોવા મળે છે.[૮૦] કેટલાક સ્થળે, આવી સમજૂતીઓ તાણીતુંસીને કરી હોય એવું પણ જણાય છે. ઉદાહરણ લેખે, સર્વોત્તમસ્તોત્રના શ્લોક ૪માં આવતો "પ્રવક્ષ્યાપિ" શબ્દનો અર્થ કરતી વખતે આપશ્રી કહે છે - "અત્ર કથને પ્રશબ્દોપાદાનેન સિદ્ધાનામેવ નામ્નાં પ્રકાશકત્વં તૂ કત્યથિત્વા કથનમિતિ જ્ઞપિતમ્ ।"[૮૧] "પ્ર" નો અર્થ આવો કરવો એ યોગ્ય નથી. જે નામો લખેલાં છે તેના રચયિતા શ્રીવિઠ્ઠલનાથજી છે અને તેથી એમ કહેવું કે, આ નામો સ્વતઃ હતાં એ ઉચિત નથી. શ્રીમદ્ વલ્લભાચાર્યની ગ્રંથ રચનાઓ, શ્રીમદ્ ભાગવત અને ગીતામાંથી આપશ્રી શબ્દશઃ ઉતારેલાં ઉદ્ધરણો ટાંકે છે અને કેટલીક વાર આવા ઉદ્ધરણોનું પોતાનું અર્થઘટન આપે છે, આ પ્રમાણે બડી ટીકાના કેટલાક ભાગો વલ્લભાષ્ટક, નિરોધલક્ષણની આપશ્રીએ લખેલી ટીકા તથા કેટલાક શ્રીમદ્ ભાગવતના શ્લોકો, સુબોધિનીજી અને ઉપનિષદો પરના આપનાં મંતવ્યો દર્શાવે છે.

આ બડી ટીકાની શૈલી ભાષ્ય પ્રકારની છે. તેમાં પ્રત્યેક શબ્દનો તર્કશુદ્ધ અને કેટલાક શબ્દોના કિસ્સામાં લક્ષ્યાર્થ બતાવવામાં આવ્યો છે. ઘણું ખરું શબ્દોનું અર્થઘટન સરળ જણાય છે, પરંતુ કેટલાક જૂજ કિસ્સામાં તે સદંતર ગૂંચવાડાભર્યું અને લાંબાં લાંબાં વાકયોને કારણે તેને સમજવાનું મુશ્કેલ જણાય છે. આ ટીકાનું વાંચન લહિયાઓએ કરેલ અનિયમિત વિરામચિહ્નોને કારણે મુશ્કેલીભર્યું બને છે. વળી કેટલાક શબ્દ-સમૂહોનો, વાકયોનો અવારનવાર ઉપયોગ થયો હોવાથી આ ટીકાનું કદ મોટું બન્યું હોય તેમ જણાય છે. દા.ત. "મુલ્લોલામધ્ય પાતિનઃ દિવ્યાશૃંગારસાત્મક પુરુષોત્તમ, સાક્ષાદ્ભગવદમુખારવિંદફલવિયોગાગિનઃ વ્રજપુરઘોષરત્ન સીમંતિનૌનાં . . . ." વગેરે જો આવા શબ્દસમૂહો - વાકયોને જો દૂર કરવામાં આવે તો બડી ટીકાનું ગ્રંથનું કદ સારું એવું નાનું કરી શકાય-ઘટાડી શકાય. આ બડી ટીકાની રચના ભારે ઊંડા આધ્યાત્મિક ભાવાવેશમાં લખાઇ હોય એમ જણાય છે.

ઉપરોકત છ ટીકાઓ જે સર્વોત્તમ સ્તોત્ર પર લખાઇ છે, તે પૈકી મને શ્રીગોકુલનાથજી અને શ્રીરઘુનાથજી દ્વારા લખાયેલી એમ બે ટીકા જોવા મળી છે. શ્રીરઘુનાથજીની ટીકા સંક્ષિપ્ત અને સરળ છે, જે સામાન્ય ભકતો માટે લખાઇ છે અને તેમના માટે ઉપયોગી છે. શ્રીગોકુલનાથજીની ટીકા સરખામણીમાં વિશદ અને પૂર્ણ ભકિતભાવાવેશમાં લખાઇ છે.

સંદર્ભ નોંધ : ૮૦ જુઓ - ઉદાહરણાર્થે - "રોષદફપાતસમ્પ્લુષ્ટઃ " (હસ્તપ્રત - પૃ. ૧૭૦) "વિરહ" વગેરે (હસ્તપ્રત પૃ. ૨૨૨), "ભકિતમાર્ગાબ્જમાર્તંડ :" (હસ્તપ્રત પૃ. ૬૬) "નિગમતરુ" (હસ્તપ્રત પૃ.૨૯) વગેરે

સંદર્ભ નોંધ : ૮૧ ગોકુલેશવાક્સુધા - પૃ. ૭૯ "વિલોકભૂષણમ્" શબ્દ - ની વ્યાખ્યા જે કરી છે તે ભારે યુકિતપુરઃ સરની છે અને તાણીતૂસીને કરી છે તે પણ જુઓ.

૨. વલ્લભાષ્ટકની પરની ટીકા

વલ્લભાષ્ટકની રચના શ્રીવિઠ્ઠલનાથજીની કરેલી છે અને ૮ શ્લોકની છે. તે શ્રીમદ્ વલ્લભાચાર્યની સ્તુતિ છે. વલ્લભાષ્ટક પર લખાયેલી ૪ ટીકા ઉપલબ્ધ છે.[૮૧-અ] તેમાં પ્રથમ ટીકા શ્રીગોકુલનાથજી લિખિત છે અને બીજી ટીકા શ્રીપુરુષોત્તમજીની તથા ત્રીજી ટીકા શ્રી રઘુનાથજીની અને છેલ્લી ટીકા કોઇક અનામી લેખકની છે. શ્રીપુરુષોત્તમજી લિખિત ટીકા એ શ્રીગોકુલનાથજી ટીકાની ઉપ-ટીકા લેખે લખાઇ[૮૨] છે અને તે સૌથી લાંબી છે અને શાસ્ત્રોમાંથી અનેક ઉદાહરણો ટાંકતી તથા તેના અર્થો વિશદપણે સમજાવતી છે. શ્રીરઘુનાથજીની ટીકા સંક્ષિપ્ત અને સરળ છે અને શ્લોકોનો અન્વય કરી અર્થ સમજાવે છે. અનામી લેખકની લખેલી ટીકાનું નામ છે "ભકિત-રસ-જલધિ" તે કહે છે કે, પ્રથમ બે શ્લોક શ્રીમદ્ વલ્લભાચાર્યના "ધર્મિ-સ્વરૂપ" નું નિરૂપણ કરે છે અને પછીના શ્લોક તેમના ધર્મો-ગુણોનું નિરૂપણ કરે છે. શ્રીગોકુલનાથજીની ટીકાનો ઉલ્લેખ પ્રારંભમાં અને અંતમાં "વિવરણ" તરીકે થયો છે જયારે મંગલાચરણના બીજા શ્લોકમાં "વિવૃતિ" તરીકે ઉલ્લેખ થયો છે.[૮૩] "વિવરણ" અને "વિવૃતિ" વચ્ચે પારિભાષિક એવો કોઈ ભેદ છે નહિ, પરંતુ તેના પરથી એવું તારણ કાઢી શકાય કે, પ્રારંભ અને અંતની પંકિતઓ લહિયાએ લખી હશે.

આ સ્તુતિ લખવા પાછળનો હેતુ શ્રીમદ્ વલ્લભાચાર્ય કે જે ભગવાન કૃષ્ણના મુખારવિંદ છે તેમના અલૌકિક સ્વરૂપનું નિરૂપણ કરવાનો છે. શ્રીમદ્ વલ્લભાચાર્ય અલૌકિક અગ્નિસ્વરૂપ છે, જે લૌકિક અગ્નિથી પ્રકારે કરીને ભિન્ન છે. આપશ્રીના જન્મનો હેતુ, વેદોના સત્યાર્થને પ્રકાશિત કરવાનો અને સેવાની સાચી રીતિનું નિદર્શન કરવાનો તથા દૈવીજીવોનો ઉદ્ધાર કરવાનો અને તેમ કરીને તે બધાને કૃષ્ણ ભગવાનની અલૌકિક લીલાના માર્ગે અગ્રેસર સામેલ થવામાં અધિકારી બનાવવાનો છે. શ્રીમદ્ વલ્લભાચાર્ય ભગવાનના મુખારવિંદરૂપ હોવાથી તેઓ વેદોને સાચા અર્થમાં જાણે છે અને આપનો શબ્દ પ્રમાણરૂપ છે.[૮૪] અંતમાં, શ્રીમદ્ વલ્લભાચાર્ય એ જ ભગવાન કૃષ્ણ સ્વયં છે એમ કહ્યું છે.

શ્રીગોકુલનાથજી પોતાના પિતાને નમસ્કાર કરીને ટીકાનો પ્રારંભ કરે છે અને અંતમાં કહે છે કે, પિતાશ્રીની કૃપા થકી શ્રીમદ્ વલ્લભાચાર્યનાં સ્વરૂપનુ અર્થનિરૂપણ કરવાની પોતે હિંમત કરી છે તથા તે બદલ શ્રીમદ્ વલ્લભાચાર્યની ક્ષમાયાચના કરે છે. આ ટીકા લખવા પાછળનો હેતુ આપશ્રીએ સુપેરે દર્શાવ્યો છે. અન્ય આચાર્યો કરતાં શ્રીમદ્ વલ્લભાચાર્યનો ઉપદેશ કેવી રીતે ભિન્ન પ્રકારનો છે તે સમજાવ્યું છે. મર્યાદા માર્ગનું અંતિમ ફલ મોક્ષ છે જયારે ભકિત માર્ગ - કૃપા માર્ગનો સ્વયં ભગવાનના સતત સાન્નિધ્યમાં રહેવાનું શીખવે છે.[૮૫] બીજા શ્લોકની ટીકામાં "મોક્ષ" શબ્દ વિચારનો સાચો અર્થ વિવિધ તત્ત્વજ્ઞાન પ્રણાલીને ધ્યાને રાખીને આપશ્રીએ કહયો છે. ચોથા

સંદર્ભ નોંધ : ૮૧અ આને, ચાર ટીકાઓ સાથે નડિયાદના શ્રી ત્રિભોવનદાસ પી. શાહે પ્રકાશિત કરી છે.

સંદર્ભ નોંધ : ૮૨ સરખાવો - "શ્રીમત્પ્રભુચરણાઃ શ્રી વલ્લભાષ્ટકં ચકુઃ સદપિ વ્યાખ્યાનમન્તરેણ ન સુબોધમિતિ શ્રીગોકુલનાથચરણાસ્તદિવરિતું પ્રતિજાનતે યતપાદરજસેવ્યાદિદાભ્યાં. . . . . આહુ નન્ચિત્યાદિ" એજન - પૃ. ૧૬

સંદર્ભ નોંધ : ૮૩ "ઇતિ શ્રીમત્પ્રભુચરણૈકશરણ શ્રીવલ્લભવિરચિતં શ્રીવલ્લભાષ્ટકવિવરણમ્ સંપૂર્ણમ્ ।-ગોકુલેશ વાક્સુધા પૃ. ૧૦૧ અને વિવૃતિ - (વિવૃતિ) કર્તુપારદ્ધ્ધાઃ" પૃ-૮૩

સંદર્ભ નોંધ : ૮૪ સરખાવો-ત્વદુદિતવચનાદન્યથા રૂપયન્તિ ભ્રાન્તા તે . . . . . શ્લોક ૩.

સંદર્ભ નોંધ : ૮૫ સરખાવો - "યથા મર્યાદામાર્ગ મુકિતઃ ફલં તથા પુષ્ટિમાર્ગ સાક્ષાત્ પુરુષોત્તમ સ્વરૂપસંબંધઃ ફલમ્" । - ગોકુલનાથજી વાક્ સુધા - પૃ. ૮૮

શ્લોકની ટીકામાં ''સેવા'' અને ''પૂજા'' વચ્ચેનો ભેદ આપશ્રીએ કહ્યો છે.[૮૬] શ્રીમદ્ વલ્લભાચાર્ય એ અન્ય કોઇ નથી, પરંતુ શ્રીકૃષ્ણ સ્વયં છે.[૮૭] અને તેની અનુભૂતિ પ્રમાણ એ વેદ પ્રતિપાદિત છે એમ જયારે શ્રીવિઠ્ઠલનાથજી કહે છે ત્યારે શ્રીગોકુલનાથજી તે વિધાનના સમર્થનમાં કૃષ્ણદાસનો પ્રસંગ ટાંકે છે જેણે હાથમાં અગ્નિ લઇને પ્રતિજ્ઞાપૂર્વક કહ્યું હતું કે, જો શ્રીમદ્ વલ્લભાચાર્ય પુરુષોત્તમ ન હોય તો આ અગ્નિ મારા હાથને બાળી-જલાવી દો.[૮૮] આપશ્રી સમર્થનમાં બીજું ઉદાહરણ વેદગ્રંથોમાંથી ટાંકે છે જે આ મુજબ છેઃ વેદોમાં બ્રહ્મને પુરુષોત્તમ, પરબ્રહ્મ અને આનંદરૂપ કહ્યા છે, શ્રીમદ્ વલ્લભાચાર્ય એવા જ છે. તેથી શ્રીમદ્ વલ્લભાચાર્ય પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ શ્રીકૃષ્ણથી ભિન્ન નથી, સ્વયં શ્રીકૃષ્ણ સ્વરૂપ જ છે.

ન તો સ્તુતિ કે શ્રીગોકુલનાથજી લિખિત ટીકા, ફલ-શ્રુતિનો નિર્દેશ કરે છે. ટીકાની ભાષા શૈલી સરળ અને સાદી નથી, પરંતુ લાંબી અને કેટલાક સ્થળે જરા વધુ પડતી ભારેખમ છે. વાકયોમાં લાંબા અને મોટા સમાસ જોવા મળે છે.

અહીં એક મુદ્દો નોંધનીય છે. શ્રીવિઠ્ઠલનાથજી શ્રીમદ્ વલ્લભાચાર્યને સ્વયં કૃષ્ણ ગણે છે અને શ્રીગોકુલનાથજી પણ આ વિધાનનું સમર્થન કરે છે અને ઉદાહરણો આપે છે. આ વિધાન અને શ્રીમદ્ વલ્લભાચાર્યની સ્તુતિમાં ''સ્વવંશે સ્થાપિતાશેષમાહાત્મ્ય''[૮૯] એવા શબ્દો જોવા મળે છે તેના કારણે સંભવ છે કે, શ્રીમદ્ વલ્લાભાચાર્યના તમામ વંશજોને ભગવાનના અવતાર છે એવી માન્યતા પછીથી પ્રચલિત થઇ ગઇ હોય. શ્રીવિઠ્ઠલનાથજી શ્રીમદ્ વલ્લભાચાર્યને જ ભગવાનનો અવતાર કહે છે.[૯૦] પરંતુ, શ્રીગોકુલનાથજી તો શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીને જ ભગવાન કૃષ્ણના અવતાર ગણે છે - અલૌકિક અવતારો ગણે છે. શ્રી એચ. વી. ગ્લેસેનપ્પે સાચું જ કહ્યું છે કે, આ શબ્દોને (જો તેને પછીથી ઉમેરેલા નથી એમ ધારીએ તો) કોઇ મર્યાદિત અર્થ થતો નથી, પરંતુ જે ગુરુએ તમામ જીવોને શ્રીકૃષ્ણ સાથે સંબંધ છે એવો ઉપદેશ કર્યો હતો.[૯૧] એવા એ ગુરુનાં આવાં સ્તુતિ-વચનો કહેવાય એ અત્યંત ઉચિત ભાવાંજલિરૂપ છે અને વળી પરંપરાનુસાર ગુરુને ભગવાન કહેવામાં આવે છે.[૯૨] અને તેથી શ્રીવિઠ્ઠલનાથજી શ્રીમદ્ વલ્લભાચાર્યને જ ભગવાન કહે તેમાં કોઇ જ દોષ - ક્ષતિ નથી.

૩. ''અસ્મત્ - કુલં-નિષ્કલંકમ્'' પરની ટીકા

શ્રીવિઠ્ઠલનાથજીએ ''લલિત-ત્રિભંગ-સ્તોત્ર'' નામની ૫૧ શ્લોકવાળી રચના કરી હતી.[૯૩] તેમાં ભગવાન શ્રીકૃષ્ણના રસાત્મક અને લીલા સ્વરૂપનું નિરૂપણ થયું છે. પ્રથમ શ્લોક શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રત્યે નમસ્કારાત્મક ભાવ દર્શાવતો લખ્યો છે જે નીચે મુજબનો છે :-

''નમઃ પિતૃપદાંમ્મોજરેણુભ્યો યન્તિયેદનાત ।
અસ્મત્કુલમ્ નિષ્કલંકં શ્રીકૃષ્ણેનાત્મસાત્કૃતમ્ ॥''

સંદર્ભ નોંધ : ૮૬ જુઓ - ગોકુલનાથજી વાક્સુધા - પૃ. ૯૩

સંદર્ભ નોંધ : ૮૭ જુઓ, ''વસ્તુતઃ કૃષ્ણ એવં ।'' શ્લોક-૮ ગોકુલેશ વાક્સુધા પૃ. ૯૯

સંદર્ભ નોંધ : ૮૮ જુઓ - ગોકુલેશ વાક્સુધા - પૃ. ૧૦૦ અને ૮૪ વાર્તામાંની વાર્તા -૧.

સંદર્ભ નોંધ : ૮૯ સર્વોત્તમસ્તોત્ર - શ્લોક - ૨૨

સંદર્ભ નોંધ : ૯૦ જુઓ - સર્વોત્તમસ્તોત્ર - શ્લોક-૨૨ પરની ટીકા અને પછી ''અસ્મત્કુલમ્'' ના શ્લોકની ટીકા''

સંદર્ભ નોંધ : ૯૧ ડૉ. ગ્લેસેનપ્પેનું ''વલ્લભાચાર્યનો સિદ્ધાંત'' - પૃ. ૨૨-૨૩ (પાદટીપ-૨)

સંદર્ભ નોંધ : ૯૨ ઉપરના લેખની પાદટીપ-૨૦ જુઓ - અને સરખાવો - ''યસ્ય દેવે પરાભકિતર્મયા દેવે તથા ગુરૌ । તસ્યૈતે કવિતા હ્યર્થાઃ પ્રકાશન્તે મહાત્મનઃ ॥'' શ્વેત શ્વેતાવતર ઉપનિષદ - પ્રકરણ છ - ૨૩

સંદર્ભ નોંધ : ૯૩ જુઓ - બૃહદ્ સરિત્સ્તોત્રસાગર સ્તોત્ર - પૃ. ૧૬૩

શ્રીગોકુલનાથજીએ આ શ્લોક પર એક બોધદાયક વિવેચન[૯૪] કર્યું છે જેનો અર્થ એવો થાય છે કે, "હું મારા પિતાશ્રીના ચરણારવિંદની પુનિત-પદરેણુને નમસ્કાર કરું છું જે અમારા કુળને નિષ્કલંકતા પ્રદાન કરે છે અને જે ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા સ્વીકૃતિ પામી છે." આપશ્રી પ્રથમ યન્નિવેદનાથ શબ્દની સમજૂતી આપે છે અને પછી શ્રીમદ્ વલ્લભાચાર્યના માહાત્મ્યને સમજાવે છે આપશ્રી કહે છે કે, શ્રીમદ્ વલ્લભાચાર્ય કે જેઓ દિવ્ય અગ્નિ અને ભગવાન શ્રીકૃષ્ણના સાક્ષાન્મુખારવિંદ રૂપ છે તેમના વંશમાં જન્મ "વંશજ" તરીકે થયો એટલા કારણમાત્રથી ગોસ્વામી બાલકો - શ્રીવિઠ્ઠલનાથજીના કુટુંબના સદસ્યો કંઇ દોષારોપણ અને પાપથી પર થઇ જતા નથી. શ્રીગોકુલનાથજી નિજનો અભિપ્રાય વ્યકત કરતાં કહે છે કે, વ્યકિત જયાં સુધી વલ્લભાગ્નિને સર્વાત્મભાવથી સંપૂર્ણતયા પોતાની જાતને સમર્પિત થાય નહિ અને અહમ્ ભાવને ત્યજે નહિ તથા પોતાની તમામ ઈન્દ્રિયો તથા બુદ્ધિશકિતનો ભગવત્ પૂજા - ભકિતમાં વિનિયોગ કરે નહિ, ત્યાં સુધી તે વ્યકિતનું કુળ નિષ્કલંક સર્વથા બની શકે નહીં. જો આ સત્ય ન હોય તો પછી પ્રસિદ્ધ શિક્ષાશ્લોકોમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય નિજના બાલકોને આ અંગે સાવધાન રહેવાની આજ્ઞા શા માટે કરે ? શ્રીગોકુલનાથજી એમ વધુમાં કહે છે કે, તમામ ગોસ્વામી બાલકો માટે "આત્મનિવેદન" એટલે કે ભગવાનશ્રી કૃષ્ણની સેવામાં સ્વયં સમર્પિત થવું એ તેમનો અનિવાર્ય ધર્મ બને છે.[૯૫]

અહીં શ્રીગોકુલનાથજી "સર્વોત્તમસ્તોત્ર" પરની લખેલી ટીકાનો ઉલ્લેખ કરે છે અને "વંશ" નો અર્થ "પુત્ર" એવો જે તેમાં કરેલ છે તેવા અર્થઘટનની યાદી આપે છે. આ અંગેની કેટલીક અંતિમ પંકિતઓ દર્શાવે છે :-

"કિંચોકત નિખિલાનંદ પરમાનંદરસાત્મકસાકાર બ્રહ્મણો વિવિધસંચિત વિચિત્ર ભાવાત્મકવિભૂતિ સંદર્ભાશ્રયે સાક્ષાચ્છુદ્ધ રસાત્મકર્મણ પુરુષોત્તમ મુખારવિંદ વલ્લભાગ્નૌ અગ્નિકુલસ્ય નિવેદનસંસ્કાર પરિણામફલાનુભૂત્યભાવાત્ સાક્ષાન્મુખારવિંદાગ્ન્યાનંદસંદોહ નિષ્કર્ષસ્યાપ્યભાવાન્ નિજવિરહાગ્નેઃ કુલેગ્નિપદભાવાર્થસ્યા વિનિયોગાદ્ અગ્નિકુલત્વમેવ નાપદ્યેત । અત ઉકતં યન્નિયેદનાદ્ . . . . .।"

સાક્ષાન્મુખારવિંદવલ્લભાગ્નાકગ્નિકુલસ્યાત્મનિવેદને સતિ. . . . . દેહેન્દ્રિયપ્રાણાન્તઃકરણધર્માણાં સ્વસત્તાયા અપચયાત્ અગ્નિકુલે નિજાનન્દાનુભયાગ્નેઃ પ્રાચુર્યમવેદયૈવ સ્વયં સદાનંદઃ ફલરૂપઃ શ્રીકૃષ્ણઃ આત્મારામ આત્મસાત્કરોતિ ।[૯૬]

આ ટીકા ભાગના અંતે નિરોધ, ત્યાગ, વૈરાગ્ય વગેરેની વ્યાખ્યા કરી છે જે શ્રીગોકુલનાથજી ટીકા લખવાની સૂક્ષ્મ - બુદ્ધિપ્રતિભાનો પરિચય આપે છે. સર્વોત્તમસ્તોત્રની ટીકાની જેમ, અત્રે પણ શ્રીમદ્ વલ્લભાચાર્યના "પૂર્ણત્વ" નું નિરૂપણ કરવામાં આવ્યું છે.

સર્વોત્તમસ્તોત્રના શ્લોક ક્રમાંક ૨૨ પરની[૯૭] દીર્ઘ ટીકા સહિત અત્રેની ટીકામાં, ગોસ્વામીઓની અલૌકિકતા - દિવ્યતા વિશે ક્રાંતિકારી વિચાર વ્યકત થયો છે અને સાથો સાથ તેનો મૂળ વિચાર વ્યકત થતો જોવા મળે છે. શ્રીગોકુલનાથજી શ્રીમદ્ વલ્લભાચાર્યના કોઇ પણ વંશજની અલૌકિકતાને માત્ર તેનો જન્મ શ્રીવલ્લભકુળમાં થયો હોય એ કારણે સ્વીકારવા તૈયાર નથી. પરંતુ ભગવાનની સેવા ભકિત પરત્વેની તેની નિષ્ઠા હોવા પર ભાર મૂકે છે. આ અર્થઘટન પરત્વે જોવા મળતી ભાવના, શ્રીમદ વલ્લભાચાર્યે તત્ત્વદીપ - નિબંધમાં જે કહયું છે તેને મળતી છે-

---

સંદર્ભ નોંધ : ૯૪ અનુગ્રહ ગ્રંથવિભાગના ક્રમાંક ૨ માં આ છપાયેલું છે અને શ્રીમદ્ વલ્લભાચાર્ય વંશ સ્વરૂપ નિરૂપણની નાની પુસ્તિકામાં પાના ક્રમાંક ૪ પર છપાયેલું છે.૧૦"x૬$^{૧}/_{૨}$"

સંદર્ભ નોંધ : ૯૫ સરખાવો - પૃ. ૬ - એજ પુસ્તિકામાં
દ્વિધાશૃંગારરસનિખિલ સંપત્ત્યાશ્રયે નિવેદકાદૈવ અસ્મકુલસ્ય નિષ્કલંકતા નિષ્પ્રત્પૂસ્ત્મેવ સેત્સ્પતિ

સંદર્ભ નોંધ : ૯૬ સરખાવો - પૃ. ૭ - એજ પુસ્તિકામાં

સંદર્ભ નોંધ : ૯૭ "અસ્મત્કુલમ્" ની ટીકાનો ઉલ્લેખ બડી ટીકામાં પણ થયો છે. - જુઓ - "યદ્યપ્યસ્મત્કુલમ્ નિષ્કલંકમિત્યુકતમગ્નિકુમારેઃ પરંતુ ભગવન્મુખારવિંદફલ વલ્લભાગ્નિન્યભિસ્વાનુભવ-દાહાધિસુખનુભયે એવં ન તદ્રહિતે ।" - હસ્તપ્રત - પૃ-૨૯૨

સમાન છે. શ્રીમદ્ વલ્લભાચાર્યની આજ્ઞાનુસાર ભકતે એવો ગુરુ કરવો કે જે ઢોંગ - બાહ્યાચારથી મુકત હોય અને ભાગવતના અર્થનો જ્ઞાતા અને ભગવાનની જાતે સેવા કરનારો હોય : આવો ગુરુ ન મળે તો ભકતે પોતે ભગવાનની સેવ્ય મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરવી અને ભગવત્ સેવા કરવી જોઇએ.[૯૮]

આ લઘુ નિબંધ - ટીકા અત્યંત સંક્ષિપ્ત છે, પરંતુ શ્રીગોકુલનાથજી પુષ્ટિમાર્ગના હાર્દના સાચા ભાષ્યકાર છે એની પ્રતીતિ કરાવે છે. શ્રીગોકુલનાથજી મૌલિક અને બિન-પરંપરાગત વિચારક હોવાનું તે દર્શાવે છે આ લઘુ નિબંધની ભાષા અત્યંત કિલષ્ટ છે, લાંબા સમાસો અને વાકયોથી ભરપૂર છે અને તેથી સામાન્ય લોકોની સમજ-શકિતની બહાર છે. માત્ર જે લોકો ભારે સંસ્કૃત ગદ્યને વાંચવાને ટેવાયેલા હોય તે આ નિબંધને સમજી શકે છે. આપણને તે વાંચતા બાણભટ્ટ લિખિત કાદંબરીની સ્મૃતિ કરાવે છે.[૯૯]

૪. ગોકુલાષ્ટક પરની ટીકા

ગોકુલાષ્ટક એક લઘુ રચના છે - તેમાં ૯ શ્લોક છે. તેમાં શ્રીગોકુલેશનાં ૩૨ નામો આપ્યાં છે. તેમાં કોઇ કાવ્યત્વ જણાતું નથી. શ્રીવિઠ્ઠલનાથજી એ લખી છે. તેમાં ભગવાન કૃષ્ણની જીવન - લીલા અને ગોકુલના આત્મા હોવાનું નિરૂપણ થયું છે.

કાંકરોલીમાં ગોકુલાષ્ટક પર લખેલી શ્રીગોકુલનાથજીની કેટલીક હસ્તપ્રતો [૧૦૦] છે જે વ્રજભાષામાં લખાયેલી છે. હસ્તપ્રત ક્રમાંક : ૮૯/૧૬ (પૃ-૨૬૬) નો પ્રારંભ આ પ્રમાણે થયો છે : અથ શ્રીગોકુલાષ્ટક કી ટીકા લિખ્યતે । તહાં પ્રથમ શ્રીગુસાંઇજી આચાર્યજી મહાપ્રભુન કો નમસ્કાર કરતે હૈ । શ્લોક - નમો આચાર્ય સર્વસ્વં. . . . . મહાનિધિ ॥ ૧ ॥ યાકો અર્થ અબ શ્રી હરિરાયજી કરત હૈ . . . . . વગેરે . . . . । હસ્તપ્રત ક્રમાંક ૯૦/૨ - પૃ. ૯૦ [૧૦૧] પ્રારંભ આ પ્રમાણે છે. "અબ શ્રીગોકુલનાથજી પ્રથમ શ્રીઆચાર્યજી કો, શ્રીગુસાંઇજી કો નમસ્કાર કરતે હૈં । કાહે તેં શ્રી ગોકુલાષ્ટક કી ટીકા કરિવે મેં મોકો યોગ્યતા હોઇ, તબ શ્રીગોકુલાષ્ટક કી ટીકા કરી જાઇ ॥ યા ભાંતિ મનમેં વિચારી પાછે પ્રાર્થના કો શ્લોક કરત હૈ । શ્લોક - નમો આચાર્ય સર્વસ્વં. . . . .. મહાનિધિઃ । યા કો અર્થ અબ શ્રીગોકુલનાથજી કહતે હૈ . . . . . આ હસ્તપ્રતના અંત ભાગે આવું વંચાય છે - યા પ્રકાર શ્રીગોકુલનાથજી વૈષ્ણવકોં શિક્ષા દેત હૈ જો વૈષ્ણવ તુમ શ્રી ગુસાંઇજી કે વચન મેં વિશ્વાસ માની નેમ કરી શ્રીગોકુલાષ્ટક કી પાઠ કરો । એહુ શિક્ષા કીએ । ઇતિશ્રીગોકુલાષ્ટક શ્રીગુસાંઇજી કૃતકી ટીકા શ્રીગોકુલનાથજીકૃત સંપૂર્ણ ।

સંદર્ભ નોંધ : ૯૮ સરખાવો- તત્વદીપનિર્ણય પ્રકરણ-૨-૨૨૫-૨૨૬

સંદર્ભ નોંધ : ૯૯ શ્રીરઘુનાથજીના પુત્ર વ્રજનાથે પણ લલિત-ત્રિભંગ-સ્તોત્ર પર ટીકા લખી છે જે નડિયાદની ડાહી લક્ષ્મી લાઇબ્રેરી - પુસ્તકાલયમાં ઉપલબ્ધ છે, તે અત્યંત સરળ છે અને તેમાં શ્લોકોનો અન્વય કરેલો છે. ઘનશ્યામજીએ પણ ટીકા લખી આપી હતી એવું કહે છે અને તેની હસ્તપ્રત કાંકરોલીમાં સંગ્રહિત છે. કમનસીબે, મને તે પ્રાપ્ત થઇ ન હતી. જયારે હું ત્યાં ગયો હતો.

સંદર્ભ નોંધ : ૧૦૦ કેટલીક હસ્તપ્રતો (હિંદી - ક્રમાંક : ૯૨/૧ અને ૮૫/૧/૫) આ ટીકા શ્રીવલ્લભાચાર્ય લિખિત હોવાનું કહેવાયું છે, પરંતુ સામાન્યતયા આ રચના શ્રીવિઠ્ઠલનાથજીની હોવાનું કહેવાય છે. મધુરાષ્ટક પરની એક ટીકા જે વલ્લભ ઉર્ફે શ્રીગોકુલનાથજીની કહેવાય છે તેમાં લખ્યું છે - "અત એવ પ્રભુમિઃ તથૈવોકતં શ્રીમદ્ ગોકુલાષ્ટકે "શ્રીમદ્ ગોકુલતારક" ઇતિ । પૃ. ૫૦ - "મધુરાષ્ટક" - મુંબઇ પુષ્ટિમાર્ગીય યુવક પરિષદ દ્વારા પ્રકાશિત અને શ્રીતેલીવાળા સંપાદિત

સંદર્ભ નોંધ : ૧૦૧ આ ટીકાની મેં એક વધુ હસ્તપ્રત જોઇ છે. તે કપડવંજના શ્રી ચીમનલાલ એમ. વૈદ્ય પાસે છે. કાંકરોલીની હસ્તપ્રત ક્રમાંક ૯૦/૨ ની એ બહુધા મળતી આવે છે, પરંતુ અંતિમ ભાગના લખાણમાં કેટલીક ભિન્નતા જણાય છે - તેમાં લખ્યું છે - "તાતે શ્રી હરિરાયજી કહત હૈ જો શ્રી ગુસાંઇજી કિયો જો ગ્રન્થ શ્રીગોકુલાષ્ટક રસરૂપ તાકો ટીકા ભાષામેં કહિ હૈ તાતેં શ્રીગુસાંઇજી મોકહં પ્રસન્ન રહિયો"- હસ્તપ્રત-પૃ. ૩૭૦

ટીકામાંથી ઉદ્ધરણ કરેલા ભાગોને જોતાં, પ્રથમ હસ્તપ્રત અનુસાર શ્રીહરિરાયજી દ્વારા ટીકા લખાઈ છે, જયારે બીજી હસ્તપ્રત અનુસાર તે શ્રીગોકુલનાથજી દ્વારા લખાઈ છે એમ લાગે છે. પ્રથમ હસ્તપ્રત બીજી કરતાં કેટલાક સ્થળે જુદી પડે છે, પરંતુ તે બન્ને ઘણું ખરું એક સરખી જણાય છે. અલબત્ત બીજી હસ્તપ્રત સ્પષ્ટપણે કહે છે કે, શ્રીગોકુલનાથજી ટીકાના લેખક છે. આપશ્રીએ તે પ્રથમ સંસ્કૃતમાં લખી અને પછીથી વ્રજભાષામાં એનું ભાષાંતર કર્યું હતું કે કેમ, તે મુદ્દો સ્પષ્ટ થતો નથી. પ્રથમ શ્રીગોકુલનાથજીએ તે સંસ્કૃતમાં લખી હતી અને હરિરાયજીએ તેને વ્રજભાષામાં અનુવાદિત કરી હતી એવું પણ શકય છે. વળી એવી પણ શકયતા છે કે, આપશ્રીએ તે ફકત વ્રજભાષામાં લખી હોય.

ઉકત્ ભાષ્ય - ટીકાનો પ્રારંભ નિત્યનિયમાનુસાર આચાર્યશ્રી અને શ્રીવિઠ્ઠલનાથજીને નમસ્કાર કરીને થયો છે. ત્યાર પછી, પ્રત્યેક નામનું માહાત્મ્ય આપશ્રી સમજાવે છે. શ્રીગોકુલમાં શ્રીકૃષ્ણની કરેલી લીલા શાશ્વત અને મનુષ્યની સમજણ - શકિતથી પર છે એવું આપશ્રી ભારપૂર્વક કહે છે અને તેથી અવર્ણનીય છે. આ સર્વ લીલા પૂર્ણ પુરુષોત્તમની છે અને શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજી ગોકુલમાં સદા વિદ્યમાન છે અને તેથી તે સુંદર છે. ગોકુલ શ્રીકૃષ્ણની લીલાનું દિવ્યધામ છે અને આથી વૈષ્ણવભકતોને માટે ગોકુલમાં નિવાસ કરવો હિતાવહ છે, કારણ કે તેના દ્વારા તેમને તમામ પ્રકારની દિવ્યાનુભૂતિ થવામાં સહાય પ્રાપ્ત થવા સંભવ છે. [૧૦૨]

આ ટીકા - ગ્રંથ સાદી અને સરલ વ્રજભાષામાં છે [૧૦૩] અને અષ્ટકનું અત્યંત સારું અર્થઘટન કરતો છે. તેની શૈલી-ભાષા અત્યંત રોચક છે. તેનું વાંચન કરવાથી ભગવાન શ્રી કૃષ્ણની દિવ્યલીલાની અમીટ છાપ ભકતના હૃદયમાં દૃઢતાપૂર્વક મૂકી જાય છે.

૫. "ગુપ્તરસ" પરની ટીકા

"ગુપ્તરસ" નામક એક નાની રચના શ્રીવિઠ્ઠલનાથજી લિખિત છે [૧૦૪] તેના શ્લોક ૩૧ છે. આ ટીકાના શીર્ષકનો અર્થ "ગૂઢભાવ" એવો થાય છે. આ રચનાનો હેતુ છે તે એ દર્શાવવાનો છે કે, ભગવાન શ્રીકૃષ્ણને કેવા ઊંડા હૃદયભાવથી ગોપીઓ ચાહતી હતી. તેઓ સર્વ ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન અને સામીપ્યને સખ્યભાવને પોતાનું અહોભાગ્ય માનતી હતી - ગણતી હતી, એ દર્શાવે છે. તે બધી ભગવાન માટે કેવાં મેવા - મીઠાઈ બનાવતી અને તેના પર મિસરી ભભરાવતી અને તેને શીંકામાં ભરી લટકાવતી એટલું જ નહિ, પણ બાલકૃષ્ણને તેની ચોરી કરી ખાવામાં સહાયભૂત બને તે રીતે - શીંકાને ઊંચે પહોંચી શકે તે સારુ મોટા બાજઠ વગેરે વાસણો અને શીંકા તોડવામાં મદદરૂપ થાય તે સારુ લાકડી - દંડા વગેરે જાણી જોઈને આજુબાજુમાં જ ગોઠવીને કેવી રીતે રાખતી તેનું પણ સુંદર નિરૂપણ કર્યું છે. વળી, ચતુર ગોપીઓ તે પણ જાણતી હતી કે, જયાં સુધી તેમના ઘરમાં અન્ય વડીલ સ્ત્રી-પુરુષો હોય ત્યાં સુધી કૃષ્ણ ચોરી છૂપીથી પણ તેમના ઘરમાં પ્રવેશ કરી શકે નહિ એટલે તે વડીલો ઘર છોડી બહાર જવા પ્રેરાય કે અન્ય કાર્યમાં રોકાય તેવા કેટલાક અવસર ઉપસ્થિત કરવા માટે ભગવાનને કેવી કેવી પ્રાર્થના કરતી હતી.

સંદર્ભ નોંધ : ૧૦૨ સરખાવો - "જો કોઈ સંસારરૂપી તાપ કે ભસ્મ ભયે જીવ દુઃખી જે આઈ કે શ્રી ગોકુલરૂપી ચંદ્રમા કો જો આશ્રય કરત હૈ તિન કોં શ્રી ગોકુલ ભગવાન દાસરૂપી અમૃત સોં સિંચ કે ઉન કો સીતલ કરત હૈ । તાને શ્રી ગુસાંઈજીને શ્રીમદ્દ ગોકુલ રાકેશ કહેં ।". . . કાંકરોલીની હસ્તપ્રત ક્રમાંક ૮૯/૧૬ પૃ. ૯૭ મે કયાંય આ ટીકા જોઈ કે સાંભળી નથી. તે પ્રકાશિત કરવા જોગ છે.

સંદર્ભ નોંધ : ૧૦૩ આ પ્રકરણ "સંસ્કૃત રચના" ના શીર્ષક હેઠળનું છે, છતાં આ ટીકાનો સમાવેશ સુગમતા ખાતર આમાં કરાયો છે.

સંદર્ભ નોંધ : ૧૦૪ "બૃહત્ સ્તોત્ર સરિત્સાગર" માં પ્રકાશિત છે. પૃ. ૧૯૨ - ૧૯૫



શ્રી ગોકુલનાથજીની શ્રી વિઠ્ઠલનાથજીના "ગુપ્તરસ"ના પ્રથમઅને છેલ્લા પાનાની નકલ
(નડિયાદની ડાહીલક્ષ્મી લાયબ્રેરીનાં સૌજન્યથી)



વળી, તે બધી ગોપીઓ ભગવાન કૃષ્ણ તેમનાં બાંધેલાં ગાયનાં વાછરડાંને છોડીને છૂટાં મૂકી ભગાવે તથા પોતાનાં ઊંઘતાં ગોપ બાળકોને તેઓ જગાડે અને ભગવાન કૃષ્ણ ગોપ સખાઓ સાથે મળીને ગોરસ - મીઠાઈ ઈત્યાદિ ચોરી કરીને આનંદથી આરોગે એવી અપેક્ષા રાખતી હતી. ત્યારબાદ આ ચતુર ગોપીઓ કૃષ્ણની આ અદ્ભુત લીલા -ચૌર્યલીલા અંગે માતા જસોદા સમક્ષ રાવ - ફરિયાદ કરવા જઈ શકે અને કૃષ્ણને ઠપકો આપવાનો બાહ્ય ઢોંગ કરી શકે એવો તેનો અંતરનો અવર્ણનીય આનંદ અનુભવી શકે અને કૃષ્ણદર્શનનો લહાવો લઈ શકે તે આ બધા પાછળનો ભગવદ્ભાવ તે ચતુર ગોપીઓ ધરાવતી હતી.[૧૦૫]

આ રીતે, આ ગ્રંથમાં ભગવાન કૃષ્ણની કેટલીક અદ્ભુત લીલાઓનું વર્ણન થયું છે, પરંતુ તેનો અર્થ ઉપર જણાવ્યો તે પ્રકારનો દેખીતો થાય છે. આ ગ્રંથના શીર્ષકનો સૂચક અર્થ એટલો જ કે, આમાં ચતુર ગોપીઓનો કૃષ્ણ ભગવાન પ્રત્યે ગૂઢ અલૌકિક ભાવ નિરૂપિત છે. આમ આ ગ્રંથ-રચના પ્રકારે કરીને પ્રતીકાત્મક છે.

આ ગ્રંથ-રચના પર શ્રીગોકુલનાથજીએ ટીકા લખી છે અને ગ્રંથનો રહસ્ય-બોધ સુપેરે કહી બતાવ્યો છે. પ્રત્યેક શ્લોકના પ્રારંભમાં જ ટીકાકાર શ્રીગોકુલનાથજીએ ટીકા લખી છે અને તેનો હેતુ કહી બતાવ્યો છે. પ્રત્યેક શ્લોકમાં ભગવાને કરેલી શંકા જાણે કે અપેક્ષિત પ્રશ્નના ઉત્તરરૂપે હોય તે પ્રકારે, સમગ્ર રચના ગોપી અને ભગવાનના સંવાદના અર્થમાં છે અને ભગવાનની શંકા-પ્રશ્નોને નિર્મૂળ કરે એવા ગોપીઓના ઉત્તરો તેમાં છે.

પ્રત્યેક શ્લોક જાણે કે ભગવાન દ્વારા કરેલી શંકાના ઉત્તરરૂપે ગોપી અને કૃષ્ણના સંવાદના અર્થમાં સમગ્ર રચના લખાયેલી છે અને ભગવાનનાં વકતવ્યો-શંકાને નિર્મૂળ કરનારી છે.

આ ગ્રંથ-રચનાની ટીકા દર્શાવે છે કે, આ ગ્રંથના બે અર્થો અભિપ્રેત છે - એક છે શબ્દાર્થ અને અન્વયાર્થ અને બીજો છે ભાવાર્થ, એટલે કે પ્રેમીઓના અંતરનો ઊંડો અને ગૂઢરસ[૧૦૬] આ અંગે ટીકાકાર લખે છે : અયં મૂલાર્થઃ । ભાવાર્થસ્તુ વગેરે.

શ્લોક ક્રમાંક ૧ પરની ટીકામાં શ્રીગોકુલનાથજી કહે છે કે તેમાં ભગવાન સાદા અને અત્યંત ભોળા દર્શાવ્યા છે અને તેથી તેમાં ગોપીઓ ભગવાનને ખાદ્ય ચીજોની સુગંધનો સ્વાદ કેવી રીતે લેવો એ તેમને શીખવે છે[૧૦૭] આ શ્લોકમાં સાત ખાદ્ય સામગ્રીનો ઉલ્લેખ છે અને ટીકાકાર કહે છે કે તે બધી સામગ્રીમાં "ઘી" સર્વ સામાન્ય છે અને

સંદર્ભ નોંધ : ૧૦૫ સરખાવો - યદીપાલંમમિવ તા : કર્તુ માતૃપદાંતિકે ।
ગતાસ્તદા પ્રિયતમપ્રક્ષણેન વિલક્ષણાઃ ॥
તરંગાઈવ રાગામ્રૂધેરુદિતઃ પ્રિયયોર્મિયઃ ।
ભાવા વકતુમશકયાસ્તે વિજ્ઞેયાસ્ત્વત્કૃપાલવલાત્ ॥
- ગુપ્ત રસ - શ્લોક - ૨૮ - ૨૯

સંદર્ભ નોંધ : ૧૦૬ અત્યાર સુધી આનું પ્રકાશન થયું નથી. મેં આ નડિયાદની ધનલક્ષ્મી લાઈબ્રેરીમાં આ હસ્તપ્રત વાંચી હતી. હસ્તપ્રતનાં ૧૯ પાનાં છે અને કદ છે ૪॥"X૯॥"પરંતુ તેમાં ૧૨, ૧૩ અને ૧૪ ક્રમાંકના પૃષ્ઠ લાપતા છે એટલે શ્લોક ૧૩ થી ૧૯ મળતા નથી. બાકી બધા શ્લોકો વાંચતાં તે પુષ્ટિ સુધાના ગ્રંથ ભાગ ચાર - ના ક્રમાંક ૨-૩ તેમના જેવા જ છે, જેમાં ટીકાનો વ્રજભાષામાં ભાવાનુવાદ થયેલો જોવા મળે છે વળી મેં નડિયાદના શ્રીપી. ટી. કવિની પાસેની ટીકાનો વ્રજભાષામાં થયેલ અનુવાદ જોયા હતો જે અપૂર્ણ હતો. જે અનુવાદ છે તેમાં પણ ઘણી બધી ક્ષતિ જોવા મળી હતી, પરંતુ આ હસ્તપ્રતનું મહત્ત્વ છે કારણ કે ગુપ્તરસના કેટલાક ભાગો વાંચતાં તેમાં તે ભિન્ન પ્રકારના છે. દા.ત. શોણે શિકયે (શ્લોક ૬) ધ્રૃત - દુગ્ધં (શ્લોક ૯) જ્ઞાતાપ્યન્યો ન સા વિના (શ્લોક ૩૧) જે શોણિ શિકયે, ઘૃતદુગ્ધં અને જ્ઞાત્વાપ્યન્યોન ભાવિતઃ વગેરેની અવેજીમાં લખાયેલાં છે.

ટીકાની બે હસ્તપ્રતો (ક્રમાંક ૬૧ / ૨૯ અને ૭૪/૪૩, વિક્રમ સંવત ૧૮૧૩ અને ૧૯૦૦) કાંકરોલીમાં ઉપલબ્ધ છે. બીજી બે પ્રતો અમદાવાદની ગુજરાત વિદ્યાસભામાં એમ. એસ. લાઈબ્રેરીમાં ઉપલબ્ધ છે. આ બધી જ હસ્તપ્રતો શ્રીગોકુલનાથજીના નામે છે.

સંદર્ભ નોંધ : ૧૦૭ સરખાવો - "કિમપિ બાલશિક્ષારૂપં પ્રિયોડઘુના મુગ્ધ ઈતિ રસાનુભવશિક્ષારૂપં ભવોચત પ્રિયતમા ભગવત ઈતિ શેષ : ॥ " - નડિયાદની હસ્તપ્રત - પૃ. ૧ (મેં હસ્તપ્રતમાં જે ક્ષતિઓ જણાઈ તે સુધારીને ટાંકી છે).

બાકીની છ સામગ્રી છ ભાવોને દર્શાવે છે જે કુલ નવ રસ છે - ભાવ છે તેમાંથી ભયાનક, રૌદ્ર અને બિભત્સ જે શૃંગારનાં સાધનો - પોષક નથી તે બાકાત રહે છે.[૧૦૮] શ્લોક ૧લાની ટીકાના અંતભાગે, શ્રીગોકુલનાથજી ભગવાનની અલૌકિક લીલાનાં દર્શન અને તેમાં સામેલ થવા અને તે દ્વારા "નિરોધ"ની પ્રાપ્તિ અર્થે ઇચ્છુક હતી એ વિશે નિર્દેશ કરે છે. શ્લોક ૨ અને ૩ ની ટીકા પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતને કહે છે જેના પ્રમાણે જીવાત્માનું જે કંઇ માલિકીનું દેખાય છે તે વાસ્તવમાં ભગવાનનું જ છે અને તેથી ભગવાન કે જે ગોપીઓના પ્રાણ સ્વયં છે તેને સંબોધીને તેઓ પ્રાર્થે છે કે, હે ભગવાન, આપ તમારા ગણીને સ્વીકાર કરો અને અમારાં સાંસારિક જીવનોનો અંત આણો-જેથી અમે ગોપીઓ પ્રેમના વિવિધ ભાવોની અનુભૂતિ કરી શકીએ અને ભગવાનનું સખ્ય માણી શકીએ.

ત્યારે શ્રીગોકુલનાથજી કહે છે કે, આ ગ્રંથ-રચનામાં (શ્લોક ૬ થી ૧૫ માં) વિવિધ પ્રકારની નાયિકા, જેવી કે મુગ્ધા, મધ્યા અને પ્રગલ્લભાનો ઉલ્લેખ છે. આ પ્રત્યેકના ત્રણ પેટા-વિભાગ છે, જેવા કે અજ્ઞાતયૌવના, જ્ઞાતાજ્ઞાતયૌવના અને જ્ઞાતયૌવના[૧૦૯]. આ સર્વ ગોપીઓ ભગવાનને સમર્પિત છે અને તેથી તે બધી પોતાની જાતને ભગવાનને આગ્રહ કરતાં કહે છે કે, અમને અને અમારી તમામ વસ્તુને આપની જ ગણવા અને તે વિશે કોઇજ પ્રકારની શંકા ન રાખવી જોઇએ. આ ટીકાના અંતે ટીકાકાર કહે છે કે, પોતે ગૂઢભાવનો નિર્દેશ કર્યો છે અને શ્રીવિઠ્ઠલની કૃપા થકી ભકત ગમે તેવો સાદો અને અજ્ઞાની હોય તથાપિ તેને તે ભાવની અનુભૂતિ સર્વથા થાય છે.

ઉપર જણાવ્યું તેમ, આ રચના પ્રતીકાત્મક છે. શ્રીગોકુલનાથજી આ બાબતમાં ટીકામાં કહે છે કે, પ્રત્યેક શ્લોકમાં કેવાં કેવાં પ્રકારનાં પ્રતીકો સમાવિષ્ટ છે. દાખલા તરીકે, શ્લોક ૧૦માં માટીનાં બનાવેલાં વાસણોનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે. તેના દ્વારા ગ્રામ્યતાની સુગંધ-સ્વાદનું અને તે વાસણો પરનાં ઢાંકણ દ્વારા ઉકત સુગંધ-સ્વાદ શુદ્ધ અને અસ્પૃષ્ટ છે એવું કહેવાનું થાય છે. "દુગ્ધમોદકાનિ" શબ્દનો પ્રયોગ સ્તન - ભાગના પ્રતીકરૂપે થયો છે. તેમાંનો "મોદક" એટલે "લાડુ" નહિ પણ શબ્દની વ્યુત્પતિ અનુસાર "આનંદ દાયક" એવો અર્થ થાય છે. રસનિષ્પત્તિમાં વિવિધ પ્રકારના ભાવ કે વ્યભિચારી ભાવની આવશ્યકતા રહે છે. આમાં પણ કેરી, આદુ, લીંબુ વગેરે દ્વારા બનાવતી સામગ્રીનો નિર્દેશ વ્યભિચારી ભાવો, જેવા કે માન, કલહ વગેરે પ્રતિ છે. તેવી જ રીતે, વાસણો, સાંબેલાં અને આસન-બાજઠ-ઉપર ચઢી ઉતારવાનો લાકડાનો ઘોડો ઇત્યાદિનો શીંકેથી ઊંચેથી દહીં-દૂધ-માખણને ઉતારવા માટે જે રીતે શબ્દોનો ઉપયોગ કર્યો છે, તે જોતાં તે બધા પ્રેમના સંદેશવાહક - દૂતરૂપે છે અને શીંકુ એ તો ગોપી હ્દયનું ઘોતક-પ્રતીક છે.[૧૧૦]

કેટલાક લોકોને આ બધામાં ભૌતિક-દેહ-વિલાસ જ દેખાય તથા આ શબ્દોના પ્રયોજવા પાછળ અશિષ્ટતાનાં જ દર્શન થાય એવું પણ શકય છે. આવી સંભાવના અને ટીકા થાય એથી જ શ્રીગોકુલનાથજી ભાવસુંદરવાળા શ્લોક-૨૦ની ટીકામાં કહે છે કે, ગોપીઓના કિસ્સામાં દૈહિકસુખોપભોગ ભોગવવાની ઇચ્છાનો સર્વથા અભાવ હતો-અંશ પણ હતો નહીં.[૧૧૧]

સંદર્ભ નોંધ : ૧૦૮ સરખાવો - "નિરૂપણેન સ્વનિષ્ઠશૃંગારાદિસાન્ત્યતા : ષડ્રસાઃ સૂચિતાઃ । યદ્યપિ તેષુ ભયબિભત્સરૌદ્રા રસા ઉકતા તથાપિ ન તેષાં મુલ્યે રસે તયોપયોગ - ઇતિ મુખ્યરસસહિતા વીરાદય ષડેવ ભવન્તિ" -એજન- પૃ. ૧

સંદર્ભ નોંધ : ૧૦૯ સરખાવો - "રસશાસ્ત્રે ત્રયો નાયિકાભેદા નિરૂપિતા : । મુગ્ધા, મધ્યા પ્રગલ્લભાચેતિ । તત્રાપ્યજ્ઞાતયૌવના જ્ઞાતાજ્ઞાતયૌવના જ્ઞાતયૌવન ચૈતિ । તત્રાનયોકત્યા જ્ઞાતાજ્ઞાતયૌવના મધ્યા નિરૂપિતા સાપિ સારિત્વકો સા હિ રજતસ્વભાવા ચાતુર્યાનભિજ્ઞા મધ્યાત્વાત્" હસ્તપ્રત પૃ. ૮

સંદર્ભ નોંધ : ૧૧૦ સરખાવો - તસ્ય શિક્યસ્ય પ્રતિનિધિ સ્વરૂપેણરસિ- બડી ટીકા પૃ. ૨૭૧ શ્રીગોકુલનાથજી સર્વોત્તમસ્તોત્રની દીર્ઘ ટીકામાં ગુપ્તરસનો ઉલ્લેખ કર્યો છે અને કેટલાક શ્લોકમાં પણ તેની સમજૂતી આપી છે. - જુઓ- હસ્તપ્રત (પી) પૃ. ૨૬૮ થી ૨૭૧

સંદર્ભ નોંધ : ૧૧૧ આ અંગે શ્લોક ૨૦ ની સંપૂર્ણ ટીકા છે તે વાંચવા યોગ્ય છે. તેના કેટલાક શબ્દો આ પ્રમાણે છે :-
"અતએવ તથા સંબોધનં ભાવસુંદરેતિ । શુદ્ધપુષ્ટિમાર્ગીયા ભાવાએવ સુંદરા : પ્રીતજ્ઞનકા યસ્થ હિ તાદશા અતઃ કામાદિદોષરહિત શુદ્ધ ભાવસંપાદિતપદાર્થાનાં ભોગ એવો ચિતો યોગ્યત્વાદિતિ વિજ્ઞાપિતમ્ ।" - નડિયાદની હસ્તપ્રત-પૃ. ૧૫.

આથી આ ટીકા જોતાં એવું સ્પષ્ટ થાય છે કે, શ્રીગોકુલનાથજી પુષ્ટિમાર્ગના સાચા હાર્દના જ્ઞાતા અને રસશાસ્ત્રથી કેવા માહેર છે - સુપરિચિત છે. આપશ્રી વિવિધ શબ્દોના મહત્ત્વને, તેમની વ્યુત્પતિને અને ઉદાહરણ સહિતની સમજૂતી અને આ ગ્રંથ-રચનાના રહસ્યનો બોધ સ્ફૂટ કરી બતાવ્યો છે. હું તો માનું છું કે, આપશ્રીએ આ ટીકા લખી નહોત તો ગુમરસની સાચી સમજ પામી શકાઇ નહોત.

ગુમરસ પર શ્રીઘનશ્યામજી લિખિત ટીકા પણ ઉપલબ્ધ છે[૧૧૨] તે ટીકા શ્રીગોકુલનાથજીની ટીકા જેટલી સૂક્ષ્મ - બારીક રહસ્યો ને સમજાવતી નથી અને વળી શ્રીગોકુલનાથજીએ ટીકામાં જે લખ્યું છે તેમાં કોઇ જ વધારો કરતી નથી.

શ્રીમદ્ વલ્લભાચાર્યની કેટલીક ગ્રંથ-રચના પર ટીકા

શ્રીમદ્ વલ્લભાચાર્યે નાના એવાં સોળ પ્રકરણ ગ્રંથો જે ષોડશ ગ્રંથના નામે જાણીતાં છે તેની રચના કરી છે. આ સર્વ ગ્રંથોની શ્લોક સંખ્યા ૨૨૧ $^{૧}/_{૨}$ જેટલી જ છે, પરંતુ તે બધા જ શ્લોકો અત્યંત મહત્ત્વના છે, કારણ કે તેમાં શ્રીમદ્ વલ્લભાચાર્યનો મહત્ત્વનો ઉપદેશ સમાવિષ્ટ છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટેના માર્ગદર્શક - પથપ્રદર્શક સિદ્ધાંતોરૂપે છે અને તે બધા શ્રીમદ્ વલ્લભાચાર્ય સંસ્થાપિત સંપ્રદાયના ધર્મશાસ્ત્ર અને નીતિશાસ્ત્રના સ્વરૂપનું પ્રતિપાદન કરે છે - દર્શન કરાવે છે. શ્રીમદ્ વલ્લભચાર્યની ભાષા ગૂઢ છે. તેથી આપશ્રીના ગ્રંથોમાં કેટલીક જગ્યાએ તેને સમજવામાં મુશ્કેલી પડે છે. આથી આપશ્રીનાં વક્તવ્યને સંપૂર્ણરીતે સમજવા માટે તેના પર ટીકા - વિવેચન થાય -હોય એ જરૂરી છે. શ્રીગોકુલનાથજીએ ષોડશગ્રંથો પૈકી ઘણાખરા પર ટીકા લખી છે. અલબત્ત આજે એ કહેવું મુશ્કેલ છે કે ષોડશગ્રંથ બધા પર આપશ્રીએ ટીકા લખી હતી કે કેમ? મેં વિવિધ સાધનો દ્વારા ઉપલભ્ય એવી સર્વ આપશ્રીએ લખી હોય તે સામગ્રી મેળવવા પ્રયાસ કર્યા છે, પરંતુ બાલબોધ, વિવિકધૈર્યાશ્રય પંચપદ્યાનિ અને સેવાફલ પરની લખેલી ટીકા મારા જોવામાં આવી નથી. જુદા જુદા હસ્તપ્રતોના સંગ્રહો પુષ્ટિમાર્ગીય મંદિરો-હવેલીઓ અને કેટલાક વૈષ્ણવો પાસે છે તેની રીતસરની યાદી- નોંધ બને નહિ ત્યાં સુધી એમ કહેવું કે, હવે પછી જેનો ઉલ્લેખ કરવામાં આવશે તે તમામ ષોડશ ગ્રંથોની ટીકાઓ શ્રીગોકુલનાથજીની જ લખેલી છે.

મેં તો એક કે બીજી ટીકાઓ અંગે ષોડશગ્રંથ બાબતમાં અન્ય લેખકોએ જે મંતવ્યો લખ્યાં છે તેનુ અનુસરણ કર્યું છે.

આ ગ્રંથો પર જે બીજા ટીકાકારોએ લખ્યું છે તે પણ હું જોઈ ગયો છું અને તેના મહત્ત્વને પણ જોઈ ગયો છું. શ્રીગોકુલનાથજી આ ગ્રંજોના પ્રથમ ટીકાકાર હશે એ સંભવિત છે, પરંતુ જે તે ટીકામાં રચના-કાળ કે ચોક્કસ સમય દર્શાવેલ નથી, તેથી આપણે તે બાબતમાં ચોક્કસપણે કંઈ કહી શકીએ-આખરી નિર્ણય પર આવી શકીએ નહીં. શ્રીગોકુલનાથજીની ષોડશગ્રંથોની આ ટીકાઓ તેના વિશે સમજૂતી આપે છે. એટલું જ નહિ પણ શુદ્ધાદ્વૈત સંપ્રદાયના વિવિધ સિદ્ધાંતો - મુદ્દાઓની ચર્ચા પણ કરે છે.

ષોડશ ગ્રંથો પરની શ્રીગોકુલનાથજીની લખેલી ટીકાઓનું મારુ અધ્યયન નીચે દર્શાવ્યા પ્રમાણેનું છે.

૧. યમુનાષ્ટક પર ટીકા

યમુનાષ્ટકમાં યમુના દેવીની સ્તુતિ કરવામાં આવી છે અને તે શ્રીમદ્ વલ્લભાચાર્ય લિખિત છે. ષોડશ ગ્રંથ પૈકીની અ પ્રથમ ગ્રંથ -રચના છે અને તેમાં નવ શ્લોક છે.

શ્રીવિઠ્ઠલનાથજીએ તેના પર વિવૃતિ લખી છે અને હરિરાયજી, પુરુષોત્તમજી અને દ્વારકેશજીએ તેની પર

સંદર્ભ નોંધ : ૧૧૨ ડભોઈની દયારામ લાઈબ્રેરીમાં મે આ ટીકાની હસ્ત-ત ક્રમાંક-૮૫ પોટલા ક્રમાંક ૧૦/૧માં બાંધેલી જોઈ છે જે વ્રજભાષામાં લખાયેલી છે. ઘનશ્યામજી લિખિત ટીકાની એક પ્રત કાંકરોલીમાં પણ છે. તે માત્ર શ્લોકોના અન્વયાર્થ જ બતાવે છે.

પેટા-ટીકા લખી છે જે શ્રીવિઠ્ઠલનાથજીની ટીકા પર લખાયેલી છે.[૧૧૩] પુરુષોત્તમજી અને દ્વારકેશજી કહે છે કે, શ્રીવિઠ્ઠલનાથજીએ છ શ્લોક પર ટીકા લખેલી અને બાકીના શ્લોક પર લખેલી ટીકા શ્રી ગોકુલનાથજીએ લખેલી છે.[૧૧૪] હરિરાયજી પેટા-ટીકામાં આ અંગે કશું કહેતા નથી, પરંતુ તેમની લખેલી ગોકુલેશ-નામાવલિમાં એવું જ કહે છે[૧૧૫] આ બધાં અધિકૃત લખાણો જોતાં એવું સાબિત થાય છે કે, પોતાના પિતાશ્રીની આજ્ઞાથી બાકીના છેલ્લા ત્રણ શ્લોકો પર શ્રીગોકુલનાથજીએ ટીકા લખી છે. શ્રીવિઠ્ઠલનાથજી અને શ્રીગોકુલનાથજીની બન્નેની ટીકા અત્યંત સરળ છે. તેમાં શ્લોકોનો અન્વયાર્થ લખવામાં આવ્યો છે જેની ભાષા સરળ અને સાદી છે. છેલ્લા શ્લોક પરની ટીકા જે ફલશ્રુતિરૂપ છે તેમાં શ્રીયમુનાજીની આ સ્તુતિ કરવાથી તેમાં દર્શાવેલું ફલ કેવી રીતે પ્રાપ્ત થાય છે તે દર્શાવ્યું છે. શ્રીહરિના પરમ ભકત શ્રીમદ્ વલ્લભાચાર્યનાં વચન પર આપણે ભરોસો-શ્રદ્ધા રાખવી એવું કહે છે.[૧૧૬]

ઉપરોક્ત ત્રણ પેટા-ટીકામાં શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીનાં વચનોમાં ભરોસો રાખવા ઘણું બધું કહયું છે - સવિસ્તાર કહયું છે.

છેલ્લા ત્રણ શ્લોક પરની લખેલી ટીકા ઉપરાંત શ્રીગોકુલનાથજીએ એક બીજી ટીકા પણ લખી છે. એ કહેવું મુશ્કેલ છે કે, આપશ્રીએ નવે શ્લોક પર કે પછી પહેલા અને/અથવા બીજા શ્લોક પર લખી હતી કે કેમ ?

શ્રીગોકુલનાથજીએ યમુનાષ્ટકના પ્રથમ શ્લોક પર લખેલી ટીકાની હસ્તપ્રત મેં જોઇ છે[૧૧૭].

પ્રથમ વાકયમાં "શ્રીમત્ પ્રભુચરણેભ્યો નમઃ" લખેલું છે. તે દર્શાવે છે કે, આ લખાણ શ્રીવિઠ્ઠલનાથજી કૃત નથી અને ટીકા શ્રીવિઠ્ઠલનાથજીની યમુનાષ્ટક પરની ટીકાથી ભિન્ન છે. વળી, આ ટીકાના અંતિમ ભાગે લખાણ છે "ઇતિ શ્રીયમુનાષ્ટક પ્રથમ શ્લોક - વ્યાખ્યાનં શ્રીગોકુલનાથજી કૃતં" એ પણ એવું જ દર્શાવે છે.

શ્રીગોકુલનાથજી કહે છે કે, શ્રીમદ્ વલ્લભાચાર્ય સૌ પ્રથમ શ્રી યમુનાજીની સ્તુતિ શા માટે કરે છે ? તો કહે છે કે, એકમાત્ર શ્રીમદ્ વલ્લભાચાર્ય શ્રી યમુનાજીના સત્ય સ્વરુપનાં અને તેના રહસ્યના જ્ઞાતા છે અને તેઓશ્રી પોતાના અનુયાયીઓ સમક્ષ પ્રગટ સ્વરુપે કહેવા માંગે છે. યમુનાષ્ટકના "સકલસિદ્ધિ" શબ્દ પર ટીકા લખતી વખતે, આપશ્રીનું કહેવું છે કે, યોગ દ્વારા પ્રાપ્ત થતી અષ્ટસિદ્ધિ તે નથી, પણ તે શબ્દનો અર્થ એવો છે કે, ભગવાનની સેવા કરવા માટે વિનિયોગ થઇ શકે એવો દિવ્યદેહ, ભગવાનની દિવ્યલીલાનાં દર્શન કરી શકે અને દિવ્યરસની અનુભૂતિ

સંદર્ભ નોંધ : ૧૧૩ આ રચનાનું સંપાદન શ્રી સી. એચ. શાસ્ત્રીએ કર્યું છે અને તે શ્રીવિઠ્ઠલનાથજીની ટીકા તથા ઉપરોક્ત પેટા-ટીકા સહિતનું તેનું પ્રકાશન વિક્રમ સંવત ૧૯૮૫ માં થયું છે.

સંદર્ભ નોંધ : ૧૧૪ સરખાવો - "એતાવદન્તં વ્યાખ્યાનં પ્રભુણામ્ । અગ્રે તદાપ્ત શ્રીગોકુલનાથાનાં ।" પૃ. ૨૬ - એજન- અને "અતઃ પરં પ્રભુચરણાજ્ઞપ્તાનાં લેખ : ।" પૃ. ૫૦ - એજન -

સંદર્ભ નોંધ : ૧૧૫ સરખાવો - "પિત્રાક્ષયા યમુનાષ્ટકવ્ય શેષાવ્યાસ્થાનકર્મેનમઃ ।" - શ્રીગોકુલેશ ધોળપદમાધુરી - (સંપાદિત શ્રી સી. એમ. વૈદ્ય) પૃ. ૨૮

સંદર્ભ નોંધઃ ૧૧૬ સરખાવો - "તેનાપ્તવાકયત્વેન પ્રામાણ્યયુકતં । નન્વિતઃ પૂર્વ કેનાપ્યુનુકતત્વાદ્ ભવદુકિતમાશ્રેણ કથં પ્રમાણ્યમિતિ ચેતત્રાહુ : શ્રી હરેરિતિ ।" - યમુનાષ્ટક - પૃ. ૩૫

સંદર્ભ નોંધઃ ૧૧૭ મુંબઇની શ્રી ગટ્ટુલાલજીની સંસ્થામાં હસ્તપ્રત ઉપલબ્ધ છે. વિક્રમ સંવત ૧૯૪૮ માં તેની નકલ લહિયા રામલાલ શર્માએ લખેલી છે. કયા ગ્રંથમાંથી તેની નકલ કરી છે તે દર્શાવેલ નથી. તે ટીકા કાંકરોલીના વિદ્યા વિભાગમાં (હસ્તપ્રત - ૫૪ સ) અને નાથદ્વારામાં (હસ્તપ્રત ક્રમાંક : ૧૧૭/૧૫) પણ ઉપલબ્ધ છે.

"વિદ્વવન્મંડનની પ્રસ્તાવનામાં ગુજરાતીમાં શ્રી એન. એન. ગાંધી કહે છે કે,

"મુકુંદરતિ-વર્ધિની" પર ટીકા લખવા શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીગોકુલનાથજીને આજ્ઞા કરેલી તે પ્રમાણે શ્રીગોકુલનાથજીએ લખી અને તેને સાંભળીને શ્રીવિઠ્ઠલનાથજી અત્યંત પ્રસન્ન થયા હતા. શ્રીગોકુલનાથજીની તે ટીકા મારા જોવામાં આવી નથી.

કરી શકે એવો દિવ્યદેહ તથા સર્વાત્મભાવને પ્રાપ્ત કરી શકે એવો દિવ્યદેહ પામવો.[૧૧૮] વળી, આપશ્રી "સકલસિદ્ધિ" શબ્દનો બીજો અર્થ, "સકલ" શબ્દનો વિગ્રહ "સ" અને "કલ" કરી કરે છે. તદનુસાર "સકલ" નો અર્થ "કુમારિકાઓ" એવો થાય છે. ભગવત્ પ્રાપ્તિના માર્ગમાં આવતી અડચણોને શ્રી યમુનાજી દૂર કરે ત્યાર પછી ભકત શ્રીયમુનાજીની કૃપા થકી, ભગવત્ સેવામાં વિનિયોગ થઇ શકે એવા દિવ્ય દેહને પ્રાપ્ત કરે છે.

ટીકા લખી તેનો સમય, છેલ્લા ત્રણ શ્લોકની બાબતમાં કહી શકાય કે, તે વિક્રમ સંવત ૧૬૪૨ પૂર્વેનો હતો શ્રીવિઠ્ઠલનાથજી નિત્યલીલામાં પધાર્યા હતા અને આપશ્રી એટલે કે શ્રીગોકુલનાથજીએ પિતાશ્રીની આજ્ઞા પ્રમાણે ટીકા સંપૂર્ણ કરી હતી. પ્રથમ શ્લોક પરની ટીકાની બાબતમાં, આપશ્રી બહેતર અને પ્રખર ટીકાકાર હતા એવું આપણને જોવા મળે છે. અલબત્ત તે આપશ્રીએ કયા વર્ષમાં લખી હતી એ કહેવું મુશ્કેલ છે.

૨. "સિદ્ધાંત-મુકતાવલિ" પર ટીકા

ષોડશ ગ્રંથો પૈકી "સિદ્ધાંત-મુકતાવલિ" નો ત્રીજો ક્રમાંક આવે છે. [૧૧૯]. ૨૧ શ્લોકવાળી આ ગ્રંથ-રચનામાં શ્રીમદ્ વલ્લભાચાર્ય બ્રહ્મ, અક્ષર અને (ગંગાના યોગ્ય ઉદાહરણ સહિતના) આ વિશ્વના સ્વરુપને સંક્ષિપ્તમાં સમજાવે છે તથા ભકિતમાર્ગના બ્રહ્મભાવને પામવાનાં સાધન લેખેના અને તેના વિવિધ પ્રકારોની સમજણ આપે છે. આ "ગ્રંથ" સિદ્ધાંત-મુકતાવલિના નામે લોકોમાં જાણીતો છે, પરંતુ શ્રીવિઠ્ઠલનાથજી તેમની વિવૃતિમાં તેને "સિદ્ધાંત-વનમાલા" કહે છે. [૧૨૦]. "સિધ્ધાંત-મુકતાવલિ" એવું નામ, શ્રીવિઠ્ઠલનાથજી લિખિત ટીકાના મંગલાચરણમાં પ્રથમ શ્લોકમાં પ્રયોજાયેલા શબ્દો "તદ્વાહ્ઃ મુકતાફલાવલીમ્" અને શ્રીગોકુલનાથજી પોતાની ટીકામાં અંતિમ ચરણમાં પ્રયોજેલા "સિદ્ધાંત વિવૃતે વિવૃતિ" એવા શબ્દોને કારણે કદાચિત પડયું, હોય એમ લાગે છે.

"સિદ્ધાંત-મુકતાવલિ" પર શ્રીવિઠ્ઠલનાથજીએ સૌ પ્રથમ ટીકા લખી હોય એમ જણાય છે. તેમની લખેલી ટીકા પર બીજી આઠ પેટા-ટીકા લખાયેલી છે. તેમના લેખક છે - શ્રીગોકુલનાથજી, કલ્યાણરાયજી, પુરુષોત્તમજી, વલ્લભજી, વ્રજનાથજી, લાલુભટ્ટ, દ્વારકેશજી અને હરિરાયજી. સંપાદકોએ દ્વારકેશજી લિખિત ટીકાને પરિશિષ્ટ કહી છે અને તે અપૂર્ણ છે. દ્વારકેશજી કહે છે કે શ્રીવિઠ્ઠલનાથજીની ટીકા પર શ્રીગોકુલનાથજીએ ઉપ-ટીકા શ્રીવિઠ્ઠલનાથજી નિત્યલીલામાં પધાર્યા તે પછી લખી હશે.[૧૨૧]. હરિરાયજીએ "સિદ્ધાંત-મુકતાવલિ" ના શ્લોક ક્રમાંક ૧૬ ઉપર માત્ર થોડી પંકિત લખી છે. શ્રીવિઠ્ઠલનાથજીની લખેલી ટીકા માત્ર સમજૂતી આપે છે અને અત્યંત સંક્ષિપ્ત પ્રકારની છે અને તેના પર ટીકા લખનારા પૈકી ઘણાખરાએ શ્રી વિઠ્ઠલનાથજી લિખિત ટીકાની કેટલીક પંકિત અને શબ્દોની સમજૂતી બહુધા આપી છે. આ બધામાં પુરુષોત્તમજીની ઉપ-ટીકા નામે "પ્રકાશ" અતિ વિગતપૂર્ણ અને સ્પષ્ટતા કરતી લખેલી છે. તે ગ્રંથના અર્થને સુપેરે સમજાવે છે અને તેથી તેને તે ટીકાઓમાં સર્વોત્તમ કહી શકાય. શ્રીગોકુલનાથજીની ઉપટીકા અત્યંત સંક્ષિપ્ત છે અને આપશ્રીના પિતાશ્રી લિખિત ટીકામાં પ્રયોજાયેલા શબ્દોની માત્ર સમજૂતી આપતી છે. આથી તેમાં કંઇ નોંધનીય હોય એમ લાગતું નથી. આ ટીકા આપશ્રીએ તેમના કાર્યકાળના આરંભનાં વર્ષોમાં લખી હોય એમ લાગે છે અને તેમની આ ટીકામાં શ્રીમદ્ વલ્લભાચાર્યના સંપ્રદાયના સિદ્ધાંતો અને તેમના તત્ત્વજ્ઞાનની મહત્તાનું નિરૂપણ કરવામાં , ઉચિત એવો ન્યાય થયો જણાતો નથી, હકીકતમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય સંસ્થાપિત સંપ્રદાયના મહત્ત્વના સિદ્ધાંતો અને તત્ત્વજ્ઞાનની વિગતપૂર્ણ સમજૂતી આપવામાં આવે તે સર્વથા જરૂરી છે.

સંદર્ભ નોંધ : ૧૧૮ સરખાવો - "સાક્ષાદ્ભગવત્સેવોપયોગિ- દેહાપ્તિતત્લીલાવલોકનતદ્રસાનુભવ સર્વાત્મભાવજનિત.મનોરથ - પૂરણામ્ સકલસિદ્ધયો જ્ઞેયા : । "- કાંકરોલી હસ્તપ્રત ક્રમાંક : ૫૪/૨૫ પૃ.૧

સંદર્ભ નોંધ : ૧૧૯ વિક્રમ સંવત ૧૯૭૯ માં શ્રી એમ. ટી. તેલીવાળા અને શ્રી ડી. વી. સાંકળિયાએ ઉપલબ્ધ ૮ ટીકાનું સંપાદન કર્યું છે.

સંદર્ભ નોંધ: ૧૨૦ જુઓ - એજન - પૃ. ૮

સંદર્ભ નોંધ: ૧૨૧ સરખાવો - "ઇતિ પિતૃપદ્રેણોઃ પરોક્ષત્વકથનેન શ્રીમદ્દ ગોસ્વામિનાં કન્દરા પ્રવેશાનન્તર ટિપ્પણી કૃતેતિ- એજન-પૃ.૭૭"

૩. "પુષ્ટિપ્રવાહમર્યાદા" પર ટીકા

ષોડશ ગ્રંથ પૈકીની "પુષ્ટિપ્રવાહ મર્યાદા" જે "પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ" નામે[૧૨૨] પણ જાણીતી છે તેના રચયિતા શ્રીમદ્ વલ્લભાચાર્ય છે અને તેનો સંખ્યા દૃષ્ટિએ ક્રમાંક ૪થો આવે છે. તેના શ્લોક ૨૫½ છે અને જીવના ત્રણ પ્રકાર છે એટલે કે પુષ્ટિ, પ્રવાહી અને મર્યાદી એવું કહે છે. વિશ્વના માનવીય જીવોનું નિરૂપણ કરતું વિજ્ઞાન-શાસ્ત્ર છે એમ એક રીતે તેને કહી શકાય. કલ્યાણરાયજી સિવાયના અન્ય ટીકાકારોના મતે તે અપૂર્ણ છે.

તે ગ્રંથની ભાષા કિલષ્ટ છે અને સમજવી મુશ્કેલ છે અને તેથી ટીકા મહત્ત્વની થઇ ગઇ છે. આ ગ્રંથ પરની શ્રીગોકુલનાથજી, રઘુનાથજી, કલ્યાણરાયજી અને પીતાંબરજી લિખિત ટીકાઓ ઉપલબ્ધ છે. સૌથી છેલ્લે લખાયેલી ટીકા પુરુષોત્તમજીએ લખી હોવી જોઇએ, જેમણે તેને પોતાના પિતાના નામે સમર્પિત કરી દીધી હોય એ સંભવિત છે.[૧૨૩]

આ બધી ટીકાઓમાં પીતાંબરજી લિખિત ટીકા સૌથી લાંબી અને વિદ્વદ્‌ભોગ્ય છે. લગભગ અડધીથી વધુ એવી ટીકા વિવિધ ધર્મશાસ્ત્રો અને અધિકૃત લખાણોથી ભરેલી છે. પીતાંબરજી વિવિધ શાસ્ત્રોનાં ઉદ્ધરણો ટાંકીને પ્રથમ ઉપસ્થિત કરેલા મુદ્દાઓનું ખંડન કરે છે. રઘુનાથજી અને કલ્યાણરાયજી લિખિત ટીકાઓ અત્યંત સંક્ષિપ્ત છે અને ગ્રંથની સ્પષ્ટ સમજણ આપે છે. કલ્યાણરાયજીની ટીકા પર શ્રીગોકુલનાથજી લિખિત ટીકાનો પ્રભાવ વર્તાય છે.

"પુષ્ટિપ્રવાહમર્યાદા" ગ્રંથ પર શ્રીગોકુલનાથજી લિખિત ટીકા અત્યંત સ્પષ્ટ છે. પીતાંબરજીની લખેલી ટીકામાં જોવા મળતી વિગત પ્રચુરતા અને અનાવશ્યક ઉદ્ધરણોથી આ ટીકા એટલે કે શ્રીગોકુલનાથજી લિખિત ટીકા સર્વથા મુકત છે. દાખલા તરીકે શ્લોક ક્રમાંક ૧૨ અને ૧૩ની બાબતમાં તે સ્પષ્ટતા કરતાં કહે છે કે, પુષ્ટિમાર્ગીય જીવ, ભગવાનથી સ્વરૂપ, અવતાર, લિંગ, ગુણ ક્રિયા ઇત્યાદિ દૃષ્ટિએ જોતાં જરાપણ ભિન્ન નથી અને તેમના કથનના સમર્થનમાં શ્રીમદ્ ભાગવતના ફલપ્રકરણનાં ઉદાહરણો ટાંકી સ્પષ્ટ સમજણ આપવામાં આવી છે.[૧૨૪] તેવી જ રીતે, કપિલદેવજીએ નિરૂપણ કર્યું છે તે ભકિતમાર્ગથી, પુષ્ટિમાર્ગ કે જેમાં પ્રેમનું સ્થાન સર્વોપરિ છે તેની ભિન્નતા આપશ્રીએ સ્પષ્ટતાપૂર્વક દર્શાવી છે.[૧૨૫] આથી, આપશ્રી કહે છે કે, પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથમાં શ્રીમદ્ વલ્લભાચાર્યે જે ત્રણ પ્રકારનું નિરૂપણ કર્યું છે તેવું અત્યાર સુધી કોઇએ કર્યું નથી[૧૨૬]. શ્લોક ૨ પર વિવરણ કરતાં આપશ્રી એક મહત્ત્વના પ્રશ્નની એટલે કે ભકત માટે ભગવાનનું માહાત્મ્યજ્ઞાન હોવું શું જરૂરી છે ? તેની ચર્ચા કરે છે.

નારદ પંચરાત્રમાં ભકિતની સર્વવિદિત વ્યાખ્યાને[૧૨૭] ટાંકીને આપશ્રી કહે છે કે, પુષ્ટિમાર્ગમાં ભગવાન માટે અત્યંત ઊંડો પ્રેમ હોવો જો કે જરૂરી છે, છતાં પુષ્ટિભકિતના વિકાસાર્થે ભગવાનનું માહાત્મ્યજ્ઞાન હોવું એ પણ એટલું જ જરૂરી છે, પરંતુ જયાં ભક્તનાં હૃદયમાં ભગવાન માટે અવિચળ પ્રેમ પ્રગટ થાય ત્યાં તેની આવશ્યકતા રહેતી નથી.[૧૨૮] આનું ઉદાહરણ યશોદા અને વ્રજવાસીને ટાંકીને આપશ્રી આપે છે. શ્લોક ૫ પર વિવરણ કરતાં

સંદર્ભ નોંધ: ૧૨૨ આ ગ્રંથ-રચનાનું તેના પરની ઉપલબ્ધ ચાર ટીકાઓ સહિત સંપાદન સર્વશ્રી એમ. ટી. તેલીવાળા અને ડી.વી. સાંકળિયાએ કર્યું છે અને વિક્રમ સંવત ૧૯૮૧ માં પ્રકાશન કર્યું છે

સંદર્ભ નોંધ: ૧૨૩ એજન - ઉપોદ્‌ઘાતનું પૃ. ૩ જુઓ.

સંદર્ભ નોંધ: ૧૨૪ એજન - પૃ. ૧૧ અને ૧૨ જુઓ

સંદર્ભ નોંધ: ૧૨૫ રખાવો - "તત્ર કપિલયોગેશ્વરાદ્યુક્ત પ્રકારેષુશુદ્ધપુષ્ટિ લક્ષણાભાવાત્ ર્નં શુદ્ધપુષ્ટિ ભકિતત્વમ્ ।" - એજન -પૃ. ૧૨૫

સંદર્ભ નોંધ: ૧૨૬ એજન - પૃ. ૧.

સંદર્ભ નોંધ: ૧૨૭ "માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદૃઢ : સર્વતોડધિક: । સ્નેહો ભકિતરિતિ પ્રોકતસ્તયા મુકિત ન ચાન્યથા ।" એજન-પૃ. ૨

સંદર્ભ નોંધ: ૧૨૮ સરખાવો - "પ્રથમતઃ એવાચાર્યપ્રકટિત ભકિતમાર્ગે પ્રવૃતસ્ય યાવસુદ્રઢ: સર્વતોડધિક: સ્નેહો ભવતિ, તાવત્સેવાદિકરણે અપરાધભાવાર્થ માહાત્મ્યજ્ઞાનસ્યોપયોગ: । સુદ્રઢસ્નેહોત્‌યનન્તરં તસ્ય સ્વત એવ નિવૃત્તે: ।" - એજન- પૃ. ૨

અને પુષ્ટિ ભકિતની મહત્તાને દર્શાવતાં, આપશ્રી ગીતામાંથી ભકિતમાર્ગ અને જ્ઞાનમાર્ગની વચ્ચેના ભેદને સમજાવતાં ભગવાનનાં ગીતા વચનોને ટાંકે છે. આપશ્રી કહે છે કે, ભકિતમાર્ગનો હેતુ ભગવાનનાં સાક્ષાત્ દર્શન પામવાનો છે જયારે જ્ઞાનમાર્ગનો હેતુ-લક્ષ્ય જ્ઞાન દ્વારા ભગવાનનો માનસિક સાક્ષાત્કાર કરવાનો છે[૧૨૯]. આ પ્રમાણે આપશ્રી સ્પષ્ટતાપૂર્વક બતાવે છે કે, પુષ્ટિભકિત પ્રકારે કરીને કેવી છે અને વળી એવું પણ કહી બતાવે છે કે, પુષ્ટિ જીવો પ્રવાહમાર્ગીય અને મર્યાદામાર્ગીય જીવોથી કેવી રીતે ભિન્ન પડે છે.

બે સ્થળે, શ્રીગોકુલનાથજી તાણીતુંસીને અર્થ આપતા જણાય છે - દા.ત. શ્લોક ૧ ની ટીકામાં આપશ્રી કહે છે કે, "ચકારાત્ સાધનેરપિ ભેદ:"[૧૩૦] અને શ્લોક ૧૬ ની ટીકામાં આપશ્રી કહે છે કે "અતીવશબ્દાદ્ ભગવદનુગ્રહૈકસભ્યા ઈત્યર્થ : ।" [૧૩૧] રઘુનાથજી અને પીતાંબરજી "સરલ" (શ્લોક ૨૩) નો આંશિક અર્થ બતાવે છે, જે શબ્દની વ્યુત્પત્તિ અનુસાર જો કે હોવા છતાં સાચો નથી જણાતો.

કેટલાંક સ્થળોએ ટીકાકારોએ જુદી જુદી સમજૂતી આપી છે. "કાપટય" શબ્દ જે શ્લોક ક્રમાંક ૨૦ માં આપ્યો છે તે અત્યંત મહત્ત્વનો છે. રઘુનાથજી તેનો અર્થ "અજ્ઞાનાત્" એવો અર્થ કરે છે, પરંતુ તે ચોકકસ સંદર્ભમાં સાચો જણાતો નથી. કલ્યાણરાયજી "કાપટ્યમ્ વિધાય" એવો અર્થ કરે છે અને "સ્વસ્ય બહિ: કર્માસકિતં દર્શયિત્વા"[૧૩૨] એમ કહે છે જે પણ સાચો નથી જણાતો. શ્રીગોકુલનાથજી કહે છે "કાપટયમ્ નામ લોકસંગ્રહ :"[૧૩૩] અને કલ્યાણરાયજી પણ તે અર્થને સ્વીકારે છે. શ્લોકની પાછળના હાર્દને સમજતાં તે અર્થ કદાચિત્ સાચો જણાય પરંતુ જે અર્થઘટન કરાયું તે સાચું નથી. પીતાંબરજી કહે છે "કાપટ્યમન્તર્બહિર્વિસંવાદ:" [૧૩૪] તે સાચો અર્થ છે.

તેવી જ રીતે, શ્લોક ૧૫ (કડ) અને ૧૬ (અબ) ના અર્થઘટનમાં ટીકાકારો વચ્ચે નોંધપાત્ર મતભેદ પ્રવર્તે છે. રઘુનાથજી કહે છે કે, જે જીવોનો ઉલ્લેખ તે શ્લોકમાં થયો છે તે પુષ્ટિ જીવો છે અને પીતાંબરજી પણ એવો જ અર્થ કરે છે[૧૩૫] કલ્યાણરાયજી જીવોનું ૯ પ્રકારનું વર્ગીકરણ નીચે દર્શાવ્યા પ્રમાણે કરે છે.[૧૩૬]

પુષ્ટિસ્થા: પુષ્ટ્યા વિમિશ્રા:
પુષ્ટિસ્થા: મર્યાદામિશ્રિતા :
પુષ્ટિસ્થા: પ્રવાહમિશ્રિતા :
પ્રવાહસ્થા: પુષ્ટિમિશ્રિતા :
પ્રવાહસ્થા: મર્યાદામિશ્રિતા :
પ્રવાહસ્થા: પ્રવાહમિશ્રિતા:
મર્યાદામાર્ગીયા: પુષ્ટિમિશ્રિતા:
મર્યાદામાર્ગીયા: મર્યાદામિશ્રિતા:
મર્યાદામાર્ગીયા: પ્રવાહમિશ્રિતા:

આ વર્ગીકરણ બુદ્ધિચાતુર્યયુકત છે તેમાં કોઇ શક નથી પણ શ્લોકની શબ્દરચનાને જોતાં તે જરૂરી જણાતું નથી. શ્રીગોકુલનાથજીનું અર્થઘટન એવું છે કે, જે જીવ પુષ્ટિમિશ્રિત હોય તેની વિશિષ્ટતા સર્વજ્ઞત્વ હોય છે, જે જીવ પ્રવાહમિશ્રિત હોય તેની વિશિષ્ટતા ક્રિયારતત્વ હોય છે અને જે જીવ મર્યાદામિશ્રિત હોય તેનામાં ભગવાનનું ગુણત્વ

સંદર્ભ નોંધ: ૧૨૯ સરખાવો - "ભકિતમાર્ગસ્ય સાક્ષાદ્દર્શનહેતુત્વં ન તુ જ્ઞાનમાર્ગકત મનસ્યેવેતિ નિયમ: ।" -એજન - પૃ. ૫ પણ, જુઓ "પુષ્ટિમાર્ગીયસ્ય સાઁક્ષાત્સ્વરૂપ સંબંધાનુભવરૂપફલ પ્રાપ્તયેવ ભગવદિચ્છા ।" - એજન - પૃ. ૯.

સંદર્ભ નોંધ: ૧૩૦ એજન - પૃ. ૧

સંદર્ભ નોંધ: ૧૩૧ એજન - પૃ. ૧૩

સંદર્ભ નોંધ: ૧૩૨ એજન - પૃ. ૩૧

સંદર્ભ નોંધ: ૧૩૩ એજન - પૃ. ૧૫

સંદર્ભ નોંધ: ૧૩૪ એજન - પૃ. ૫૫

સંદર્ભ નોંધ: ૧૩૫ જુઓ - એજન - પૃ. ૨૨ અને ૫૨

હોય છે. રઘુનાથજી અને પીતાંબરજીએ કરેલાં અર્થઘટનો જો કે ખરાબ નથી, પરંતુ શ્રીગોકુલનાથજીએ કરેલું અર્થઘટન શ્લોકની શબ્દરચના અનુસારનું જણાય છે.[૧૩૭]

૧૧માં શ્લોકમાં આવતાં "ઈતરો" અને "મોક્ષપ્રવેશત:" શબ્દોના અર્થઘટનમાં પણ મતભેદ પ્રવર્તે છે. રઘુનાથજી "ઈતરો" એટલે મર્યાદાપ્રવાહી અને "પ્રવેશ :" એટલે "પ્રાકત: લય:" એમ કહે છે. આ અર્થો તાણીતુંસીને કર્યા જણાય છે. શ્રીગોકુલનાથજી, કલ્યાણરાયજી અને પીતાંબરજી "ઈતરો" શબ્દનો અર્થ "મર્યાદા" અને "પુષ્ટિ" જીવો કરે છે, તે યોગ્ય જણાય છે, કલ્યાણરાયજી "પ્રવેશ" એટલે "લીલાપ્રવેશ" અને "મોક્ષ" એટલે "મર્યાદામાર્ગીય મોક્ષ" એવાં અર્થઘટન કરે છે. શ્રીગોકુલનાથજી "સ્વસ્થમાર્ગીયમોક્ષ પ્રવેશત:" એવો અર્થ કરે છે અને પીતાંબરજી તેનો "અક્ષરપ્રાપ્તિ, પુરુષોત્તમપ્રવેશ" એવો અર્થ કરી સમજાવે છે.

"પુષ્ટિ પ્રવાહમર્યાદા" ના ગ્રંથના વાંચનમાં ભિન્નતા વર્તાય છે, તે બાબતમાં કલ્યાણરાયજી અને પીતાંબરજી શ્લોક ૧૦માં "એકધા" એમ વાંચે છે જયારે ગોકુલનાથજી અને રઘુનાથજી તે શબ્દને "એકતા" એમ વાંચે છે, પરંતુ ભિન્નતા જે જણાય છે તેનું મહત્ત્વ નથી. પીતાંબરજી શ્લોક ૪ (કડ) ને શ્લોક ૫ (કડ), શ્લોક ૫ (અબ)ને ૪ (કડ) અને શ્લોક ૫ (કડ)ને શ્લોક ૫ તરીકે વાંચે છે-કહે છે, જે વિચિત્ર લાગે છે.

૪. "સિદ્ધાંત - રહસ્ય" પરની ટીકા

શ્રીમદ્ વલ્લભાચાર્ય લિખિત ષોડશગ્રંથમાં "સિદ્ધાંત-રહસ્ય" ગ્રંથ પાંચમા સ્થાને આવે છે. તેમાં માત્ર૮ ૧/૨ શ્લોક છે, પરંતુ આ ગ્રંથ ષોડશગ્રંથોમાં સૌથી મહત્ત્વનો ગ્રંથ છે, કારણ કે તેમાં પુષ્ટિમાર્ગનો પાયાનો સિદ્ધાંત, એટલે કે અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો એ વિશે કહયું છે. આ ગ્રંથમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે સાક્ષાત્ ભગવાને જીવને માટે બ્રહ્મસંબંધની અને જીવે ભગવાનને જાતે કઇ રીતે સમર્પિત થવું જોઈએ એ વિધિ વિશે આજ્ઞા મને કહી છે.

"સિદ્ધાંત-રહસ્ય" પર અગીઆર ટીકાઓ લખાઈ છે.[૧૩૮] તે ટીકાંઓ શ્રીગોકુલનાથજી કલ્યાણરાયજી, પ્રજોત્સવજી, ગોકુલોત્સવજી, હરિરાયજી, વિઠ્ઠલેશ્વરજી, પુરુષોત્તમજી, ગિરિધરજી, લાલુભટ અને શ્રીસમતાનુવર્તીજી દ્વારા લખાયેલી છે. આ ટીકાઓ પૈકી શ્રીગોકુલનાથજી, પુરુષોત્તમજી અને લાલુભટની ટીકાઓને મહત્ત્વની કહી શકાય. અન્ય બધી ટીકાઓ સાદી અને મહત્ત્વનું વધુ કંઈ કહેતી નથી. પ્રજોત્સવજી લિખિત ટીકા કરતાં શ્રીગોકુલનાથજીની ટીકા થોડીક લાંબી છે અને સિદ્ધાંત રહસ્યના શ્લોક ૧માં આવતા "શ્રાવણ" અને શ્લોક ૨માં આવતા "સર્વેષાં" વગેરે શબ્દોના અર્થને લંબાણપૂર્વક સમજાવતી છે. ગિરિધરજી કૃત ટીકા વિદ્વત્તાપૂર્ણ છે અને તેઓશ્રી પાંચ દોષોને લંબાણપૂર્વક સમજાવે છે. વિઠ્ઠલેશ્વરજી એવો પ્રશ્ન ઉપસ્થિત કરે છે કે, ભગવાને શ્રીમદ્ વલ્લભાચાર્યને દક્ષિણાયનના પ્રતિબંધિત સમયકાળ દરમિયાન શા માટે આજ્ઞા કરી હતી અને ઉત્તર આપતાં તેઓશ્રી કહે છે કે, ભગવાનની આજ્ઞાર્થે કોઈ જ કાળ અપવિત્ર કે બાધક નથી. આ આખી ટીકા તેઓશ્રીએ પ્રશ્નોત્તરરૂપે એટલે કે પ્રશ્ન કરે છે. શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તે પ્રશ્નનો ઉત્તર આપનાર સ્વયં ભગવાન છે.

અનુક્રમ દૃષ્ટિએ જોતાં , શ્રીગોકુલનાથજીની ટીકા ઘણું ખરું પ્રથમ સ્થાને આવે છે અને તે આ સિદ્ધાંત-રહસ્ય ગ્રંથનો અર્થબોધ સ્પષ્ટપણે સુંદરશૈલીમાં કરે છે. ભગવાને સાક્ષાત્ પ્રકટ થઈને શ્રીમદ્ વલ્લભાચાર્યને આજ્ઞા કરી તે

સંદર્ભ નોંધ: ૧૩૬ જુઓ - એજન - પૃ. ૩૦

સંદર્ભ નોંધ: ૧૩૭ કલ્યાણરાયજીનું નવપ્રકારનું વર્ગીકરણ સંપ્રદાયમાં સાધારણતયા સ્વીકાર્ય છે, પરંતુ પુરુષોત્તમજી પણ સિદ્ધાંતરહસ્યની ટીકામાં મર્યાદા પુષ્ટ અને પુષ્ટિમર્યાદાને અલગ પ્રકારનો ગણે છે. વાંચો - વસ્તુસ્તુ રાજા મર્યાદાપુષ્ટાવડગીકૃતો ન કેવલ પુષ્ટિ, ન યા પુષ્ટિમર્યાદાયામ્ -શ્રી તેલીવાળા અને સાંકળિયા સંપાદિત સિદ્ધાંત રહસ્ય

સંદર્ભ નોંધ: ૧૩૮ઉપલબ્ધ ૯ ટીકાના આધારે સર્વશ્રી એમ. ટી. તેલીવાળા અને ડી. વી. સાંકળિયાએ તેનું સંપાદન કરી પ્રગટ કર્યું છે.

મહિનાનું, તે પખવાડિયાનું, દિવસનું અને સમયનું મહત્ત્વ આપશ્રી સિદ્ધ કરી બતાવે છે. આપશ્રી એમ કહે છે કે ભગવાને જે આજ્ઞા કરી હતી અક્ષરશઃ તેને શ્રીમદ્ વલ્લભાચાર્યે પદ્યસ્વરૂપે - શ્લોકબદ્ધ કરીને આપણને કહી છે. અન્ય માર્ગોમાં પૂજા વિધિ નિયત કરેલી હોય છે. જયારે ભગવાને શ્રીમદ્ વલ્લભાચાર્યને દૈવીજીવોને શરણે લઇ તેમને ભગવાનને જાતે સમર્પણ થવા અને બધી જ વસ્તુઓ કૃષ્ણને સમર્પિત કરીને પછી જ તેનો ઉપયોગ કરવો એવો ઉપદેશ કરવા સ્વયં આજ્ઞા કરી છે. ભગવાન નિર્દોષ છે અને તેથી તેમને સમર્પિત થયેલી વસ્તુઓ પણ નિર્દોષ બને છે, અને તેથી ભગવાનને અર્પણ સમર્પણ કરેલી વસ્તુઓનો ઉપયોગ કરવામાં કોઇ દોષ લાગતો નથી. આ અંગે એક ઉદાહરણ આપ્યું છે જે આ મુદ્દાને વધુ સ્પષ્ટ કરે છે. સેવકો લૌકિક વ્યવહારમાં પોતાના સ્વામીની આજ્ઞા લઇ તે પ્રમાણે વર્તે છે, ઠીક તેવી જ રીતે, ભકતો પોતાના સ્વામી એટલે કે કૃષ્ણ ભગવાનને સર્વ ચીજ-વસ્તુઓ સમર્પિત કરીને પછી જ તે વસ્તુઓનો ઉપયોગ કરે છે. વૈદિક કાર્યોમાં વગેરેમાં વ્યકિત કેવી કેવી ક્રિયા-પૂજાવિધિ કરે છે અને વસ્તુઓ સમર્પિત કરે છે. તેનો ઉલ્લેખ કરતાં શ્રીગોકુલનાથજી કહે છે કે, આથી ભકતના મનમાં આ અંગે પ્રશ્ન શંકા ઊઠે એ સંભવિત છે. શ્રીગોકુલનાથજી શ્રીમદ્ ગોકુલનાથજી શ્રીમદ્ ભગવદ્ગીતા અને ભાગવતમાંથી ઉદાહરણો આપીને દાન અને નિવેદન વચ્ચેનો તફાવત સમજાવે છે અને કહે છે કે, આથી પુષ્ટિમાર્ગ અન્ય માર્ગોથી ભિન્ન પ્રકારનો છે. સિદ્ધાંત રહસ્યના અંતમાં "ચ" "એવ" અને "હિ" શબ્દો આવે છે અને તે બધા શબ્દોના આપશ્રી ભારે મૌલિક અર્થો કરી સમજાવે છે. શ્લોક ૩ ની ટીકામાં આપશ્રીએ પૂજામાર્ગ અને ભકિતમાર્ગ વચ્ચેનો ભેદ બતાવ્યો છે અને કહયું છે કે, પાંચ અવિદ્યાનો કોઇ પ્રભાવ પડતો નથી અને માત્ર ભગવાનને શરણાગત થવાથી, વસ્તુમાત્ર નિર્દોષ-દોષરહિત બને છે.

"બ્રહ્મસંબંધકરણ" એ શબ્દના અર્થઘટન પરત્વે શ્રીગોકુલનાથજીએ એક મહત્ત્વનો પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. આપશ્રી કહે છે કે, તે શબ્દનો અર્થ પુષ્ટિમાર્ગના આચાર્ય દ્વારા ભગવાનને સમર્પિત થવું એવો થાય છે.[૧૩૯] આપશ્રીએ "આચાર્ય"નો અર્થ સ્પષ્ટ કર્યો નથી. "આચાર્ય" શબ્દનો વિનિયોગ આપશ્રીએ બડી ટીકામાં શ્રીમદ્ વલ્લભાચાર્ય માટે જ કર્યો છે, જયારે આ ટીકામાં "એતન્માર્ગીયાચાર્ય" એવો શબ્દ શ્રીમદ્ વલ્લભાચાર્યના વંશજોને માટે વાપર્યો છે. અન્યથા આપશ્રીએ "માત્ર આચાર્ય " એવો શબ્દ વાપર્યો હોત. શ્રીમદ્ વલ્લભાચાર્યે કયાંય એવું કહયું નથી કે, બ્રહ્મસંબંધની વિધિ પોતાના વંશજો કરશે. પરંતુ (ભરૂચી વૈષ્ણવોના કિસ્સા સિવાય) પરંપરા એવી પ્રસ્થાપિત થઇ ગઇ છે કે શ્રીમદ્ વલ્લભાચાર્યના પુરુષવંશજો દ્વારા બ્રહ્મસંબંધનો વિધિ કરાવાય છે, પરંતુ આથી એ સાબિત કરવું મુશ્કેલ છે કે, આ પરંપરાના પ્રસ્થાપક શ્રીગોકુલનાથજી હતા. શ્રીવિઠ્ઠલનાથજીના સમયમાં પણ આ વિધિ શ્રીવિઠ્ઠલનાથ કે તેઓશ્રીના પુત્ર દ્વારા કરાતો હતો. કદાચિત્ શ્રીગોકુલનાથજીએ આ પરંપરાનું સૌ પ્રથમ આ પ્રકારનું અર્થઘટન કર્યું હતું, જેને કારણે "રીલીજીઅન એન્ડ એથિકસના એનસાઇકલોપીડિયાના વોલ્યુમ ૧૨ માં "[૧૪૦] આપશ્રીની ભારે ટીકા થઇ છે. એક પરંપરા અનુસાર તો "આચાર્ય" કે "ગુરુ" શ્રીમદ્ વલ્લભાચાર્ય જ છે અને અન્ય સૌ તો માત્ર "ગુરુ-દ્વારો" છે.

સંદર્ભ નોંધઃ ૧૩૯ સરખાવો-"બ્રહ્મસંબંધકરણં નામ એતન્માર્ગીયાચાર્ય દ્વારા ભગવદ્નિવેદનમ્ ।"- એજન - પૃ. ૨.

સંદર્ભ નોંધઃ ૧૪૦ સરખાવો - "વલ્લભાચાર્ય સિદ્ધાંત રહસ્ય" ગ્રંથ પરની ટીકામાં "સમર્પણભાવ" નો શબ્દ જે અર્થમાં પ્રયોજાયો છે અને સ્વીકાર પામ્યો છે, તેની સ્પષ્ટતા કરવામાં આવી છે. આ ટીકાના લેખક અન્ય કોઇ નહિ, પણ શ્રીમદ્ વલ્લભાચાર્યના પૌત્ર અને પુષ્ટિમાર્ગના બીજા ગુરુ શ્રીવિઠ્ઠલનાથજીના વિશ્વ વિખ્યાત ચતુર્થ પુત્ર શ્રીગોકુલનાથજી હતા, જેમણે આના વિશે સૂત્ર લખ્યું છે :

"મૂળ મંત્રમાં" "સર્વવસ્તુ" એવો શબ્દ છે. આથી આપણે જાતે પત્ની, પુત્રો (પુત્રાદિમાં પુત્રો સાથે પુત્રીઓ પણ આવી જાય) વગેરેના સુખ-આનંદને માણીએ તે પહેલાં પ્રારંભમાં તેમનું સમર્પણ કરવું જોઇએ. લગ્ન થયા પછી પત્ની આપણા ઉપભોગને યોગ્ય બને તે સારુ, આપણે જાતે તેનો ઉપભોગ કરીએ તે પૂર્વે તેનું (પત્નીનું) પણ સમર્પણ કરવું જોઇએ."- પૃ-૫૮૨

આના પરથી આ પ્રકારનું કથન કરનાર એવા એનસાઇકલો પિડિયાના સંપાદકે શ્રીગોકુલનાથજીની સિદ્ધાંત રહસ્ય પરની લખેલી ટીકા વાંચવાની દરકાર જ કરી નથી અને આપશ્રીને પુષ્ટિમાર્ગની અવનતિ માટે જવાબદાર ઠરાવ્યા છે એવું તારણ સહેલાઇથી કોઇપણ કાઢી શકે છે.

આ સ્પષ્ટતાને જોતાં શ્રીગોકુલનાથજી અનુસાર, બ્રહ્મસંબંધનો વિધિ શ્રીમદ્ વલ્લભાચાર્યના પુરુષ વંશજો દ્વારા થવો જોઇએ અને ભરુચી વૈષ્ણવો કે જેઓ આ વિધિ સારુ કોઇ ગોસ્વામી કને જતા નથી તેમની એ પદ્ધતિની વિરુદ્ધમાં તે જાય છે.

આ બાબતમાં એની નોંધ પણ લેવી ઘટે કે, શ્રીગોકુલનાથજીના કહેવા પ્રમાણે ભકતનો અંગીકાર ભગવાન વિવિધ પ્રકારે કરે છે કે ભકતનુ વિવિધ રીતે માર્ગદર્શન કરે છે. આપશ્રીના કહેવા મુજબ, ભગવાન ભકતને અન્ય ભકત દ્વારા કે સ્વપ્ન દ્વારા કે પછી ધ્યાનાવસ્થા કે વાણી દ્વારા ઉપદેશ કરી કે આજ્ઞા કરી શરણે લે છે કે માર્ગદર્શન કરે છે.[૧૪૧]

"સમર્પણ" વિશે પુરુષોત્તમજી લિખિત દીર્ઘ ટીકામાં ઘણું બધું એટલે કે લંબાણપૂર્વક કહેવાયું છે. આરંભમાં તેઓશ્રી "ગદ્યમંત્ર" જે તેમના મતાનુસાર "પંચાક્ષર" મંત્રના વિવરણરૂપે છે તેના વિશે ચર્ચા કરે છે.[૧૪૨] અને આ પવિત્ર મંત્રમાં "દ્વારા" શબ્દનો શા માટે ઉપયોગ કરાયો છે તેની પાછળની પ્રાથમિક દૃષ્ટિની ચર્ચા કરે છે. તેઓશ્રી "બ્રહ્મસંબંધ" નું મહત્વ દર્શાવે છે અને શ્રીમદ્ ભાગવતના ૧૧માં પ્રકરણમાં તેના વિશે કહેવાયું છે, છતાં પણ તેના વિશે અહીં ફરીથી ચર્ચા શા માટે કરે છે તો કહે છે કે, દત્તાપહાર એ શબ્દનો ઉપયોગ મંત્રમાં થયો છે તેના મુદ્દાની વિશદ ચર્ચા તેઓશ્રી કરે છે જેની શ્રીગોકુલનાથજીએ સંક્ષિપ્તમાં જ ચર્ચા કરી છે. તેઓશ્રી, સ્ત્રીઓ આત્મસમર્પણ કરી શકે કે કેમ ? તેની ચર્ચા પણ કરે છે.

આ અંગે શ્રીમદ્ વલ્લભાચાર્યની ગ્રંથ-રચનાઓમાં લખાયેલું હોવા છતાં પુરુષોત્તમજીએ આવા મુદ્દાઓની લંબાણપૂર્વક ચર્ચા શા માટે કરી એવો પ્રશ્ન સહેજે કોઇને પણ થાય, તો તેના ઉત્તરમા કહે છે કે તેમનો સમય-કાળ જ એવો હતો કે તેમના માટે એમ કરવું આવશ્યક બન્યું હોય એ સંભવિત છે.

લાલુભટ્ટની ટીકા પણ મહત્વની છે. તેઓ કહે છે કે, બ્રહ્મસંબંધ વખતે કરાતુ સમર્પણ સામાન્ય પ્રકારનુ છે. જયારે વસ્તુઓ ઉપયોગમાં લેતા પહેલાં ભગવાનને કરાતુ સમર્પણ ખાસ પ્રકારનું છે.[૧૪૩] શ્લોક ૮ ની ટીકા કરતાં તેમાં તેઓ કહે છે કે, શું એક વૈષ્ણવભકતે બીજા વૈષ્ણવભકત પાસે માંગી ભીખીને જીવન ગુજારવું ? એવો મુદ્દો ઉપસ્થિત કરે છે અને ચર્ચામાં ઉતરતાં અભિપ્રાય વ્યકત કરે છે કે, સેવામાં ગૃહસ્થીનું જીવન વૈષ્ણવ માટે વધુ ઉપયોગી બનશે જે સેવા તે અપરિણિત રહે તો ભારે મુશ્કેલી વેઠીને કરી શકે.[૧૪૪] આ ટીકામાં તેઓ એ પ્રશ્નની ચર્ચા પણ કરે છે કે, પત્ની અને પતિને બન્ને પુષ્ટિમાર્ગની દીક્ષા અલગ અલગ આપવી જોઇએ. આ ટીકામાંથી એવું પણ જાણવા મળે છે કે, બાળકોને પણ "ગદ્યમંત્ર" ની દીક્ષા આપવામાં આવતી હતી. જે પુષ્ટિમાર્ગના પ્રારંભકાળના ઇતિહાસમાં અપાતી જોવા મળતી નથી. વળી આપણને બીજી માહિતી પણ મળે છે. હાલમાં વૈષ્ણવો સામાન્ય રીતે વૃદ્ધિસૂતકને બાળકનો જન્મ કુટુંબમાં થાય તો અપવિત્ર ગણી ૧૬ દિવસ પાળે છે જયારે લાલુભટ્ટ કહે છે કે, તે ૧૦ દિવસ માટે પાળે છે.[૧૪૫]

સંદર્ભ નોંધઃ ૧૪૧ સરખાવો - "કવચિત્ ભગવાન્ સ્વોકિતં સેવકદ્વારા જ્ઞાપયતિ, કવચિત્ સ્વપ્રદ્વારા, કવચિત્ "ગિરં સમાધા" વિતિ ન્યાયેનાકાશવાણી દ્વારાપિ જ્ઞાપયતિ ।" સર્વોત્તમ - રહસ્ય (તેલીવાળા સંપાદિત) પૃ. ૨

સંદર્ભ નોંધઃ ૧૪૨ સરખાવો - "તદ્ધિ પંચાક્ષર મંત્રવિયરકત્વાદિતિ ગોપ્યમ્ ।" - એજન - પૃ. ૩૬

સંદર્ભ નોંધઃ ૧૪૩ સરખાવો - "તથા પંચાક્ષરમંત્રગ્રહણેન સ્વકીયપદાર્થાનાં બ્રહ્મસંબંધઃ સ તુ સામાન્યતઃ સમર્પણમ્ । પુનસ્તદુપયોગીકરણં વિશેષતઃ સમર્પણં જ્ઞેયમ ।" - એજન પૃ. ૫૯

સંદર્ભ નોંધઃ ૧૪૪ સરખાવો -"તથા સતિ સ્ત્રીપુત્રાદિભિઃ સહઃ કૃષ્ણસેવા સિધ્યતિ । તદ્દ્ભાવે તુ સેવાયા : ન નિર્વાહઃ ।" - એજન પૃ. ૬૧

સંદર્ભ નોંધઃ ૧૪૫ "દશદિવસાનંતરં યથાપૂર્વમાચરન્તિ તાક્તાકાલેન શુદ્ધં શાસ્ત્રસિદ્ધત્વાત્ । -" એજન - પૃ. ૫૯

આ ગ્રંથ-રચનામાં (શ્લોક ૧માં) ''અક્ષરશઃ'', (શ્લોક ૨માં) ''બ્રહ્મસંબંધકરણાત્'' , (શ્લોક ૫માં) ''નિવેદિભિઃ'' અને (શ્લોક ૮માં) ''બ્રહ્મતા'' એવા જે શબ્દો આવે છે તે મહત્ત્વના છે. ''અક્ષરશઃ'' એ શબ્દનો વાકયાર્થ શ્રીગોકુલનાથજીના મત મુજબ શ્લોકમાં વ્યક્ત થતો જણાય છે અને તે દરેક શબ્દનો થયેલ વિનિયોગનો અર્થ સમજવાથી સ્પષ્ટ થાય છે.[૧૪૬] અને બીજા ટીકાકારો તેમના આ મતને અનુસરે છે. ''બ્રહ્મસંબંધકરણાત્'' એ શબ્દનો અર્થ વિવિધ પ્રકારે કરાયો છે. શ્રીગોકુલનાથજી તે શબ્દનો અર્થ અગાઉ દર્શાવ્યા મુજબ પુષ્ટિમાર્ગના આચાર્ય દ્વારા ભગવાનને સમર્પિત થવું એવો કરે છે. રઘુનાથજી તેનો અર્થ ભગવાનના સંબંધમાં દેહ અને આત્માનુ સમર્પિત થવું એવો અર્ધ થાય છે એમ કહે છે.[૧૪૭] - કલ્યાણરાયજી શ્રીગોકુલનાથજીના કરેલા અર્થને અનુસરે છે. વ્રજોત્સવજી તે શબ્દને પરમેશ્વર સંબંધી હોવાનુ કહે છે.[૧૪૮] ગોકુલોત્સવજી અને અન્ય સર્વે પણ એવો જ અર્થ કહે છે. શ્રીહરિરાયજી વધારામાં કહે છે કે તે લગ્ન જેવા અર્થમાં વપરાયેલ છે.[૧૪૯] પુરુષોત્તમજી કહે છે કે, આ શબ્દનો અર્થ,, સર્વવસ્તુઓ પર ભગવાનનું સ્વામિત્વ સ્થાપિત કરવું એવો થાય છે.[૧૫૦]

શબ્દ ''નિવેદિભિઃ''ને શ્રીગોકુલનાથજીએ કર્તા તરીકે ગણ્યો છે અને તેનો અર્થ એવો કર્યો છે કે, જેમણે ભગવાનને પોતાની જાતને સમર્પિત કરી છે તેવા લોકો, અને મોટા ભાગના ટીકાકારોએ તેમને અનુસરી આ આવો અર્થ કર્યો છે. રઘુનાથજી અને શ્રીગોકુલોત્સવજી તેનો અર્થ કરે છે કે, ''ભગવાનને સ્વને અર્પણ કરેલ છે'' એવા લોકો, અને વિઠ્ઠલેશ્વરજી તથા ગિરિધરજી પણ એવો જ અર્થ કરે છે. પુરુષોત્તમજી અને લાલુભટ્ટ કહે છે કે આ શબ્દનો અર્થ થાય છે - ''ભગવાનને સમર્પિત કરવામાં આવેલી વસ્તુઓ'' શ્રીસમાનુવર્તી કહે છે કે, તેનો અર્થ થાય છે ''મહાત્માઓ મારફત વસ્તુઓ સમર્પણ કર્યા બાદ'', જે અર્થ તાણીતૂંસીને કર્યો લાગે છે. ''બ્રહ્મતા'' શબ્દનો શ્રીગોકુલનાથજી દ્વારા ''નિર્દોષતા'' અને ''સમાનત્વ'' એવો અર્થ અભિપ્રેત છે એમ કહેવાયુ છે અને ઘણા ખરા ટીકાકારો આપશ્રીના અર્થને અનુસરે છે. વ્રજોત્સવજી તેને ''સચ્ચિદાનંદતા'' કહે છે અને ગિરિધરજી તેને ''ભગવદ્રૂપતા'' કહે છે તથા લાલુભટ્ટજી પોતાની ટીકામાં આ બન્ને અર્થોને સમાવે છે. પહેલા અર્થના સંદર્ભમાં જોતાં બીજા અર્થઘટનો કરતાં આ વધારે સારુ અર્થઘટન લાગે છે.

આ ગ્રંથ-રચનાના વાંચનના સંબંધમાં જે ભેદ-તફાવત છે તે એ છે કે, શ્રીગોકુલનાથજી અને બીજાઓએ શ્લોક ૨માં ''સ્મૃતા'' અને શ્લોક ૪માં ''કાર્યમ્'' એમ વાંચ્યું જણાય છે જયારે તેના બદલે અન્ય કેટલાક ટીકાકારોએ ''મતાઃ'' અને ''કુર્યાત્'' એમ વાંચ્યું છે, પરંતુ સંબંધિત શ્લોકના અર્થઘટનમાં કોઇ ખાસ ફરક પડતો નથી, જો કે રઘુનાથજી ટીકામાં નોંધે છે કે, ''કુર્યાદ્'' શબ્દ એવું જે વાંચવામાં આવ્યું છે તે શરતચૂકમાં થયું છે.[૧૫૧]

સંદર્ભ નોંધઃ ૧૪૬ સરખાવો- ''વાક્યાર્થે એવ યથા યથા સમ્યગ્ હૃદયારૂઢો ભવતિ, તથા પ્રયાન્વયેન કથનં પ્રતિજાનતે તદક્ષરશઃ ઉચ્યતે ઈતિ । તદેવ પૂર્વોક્તમક્ષરશઃ પ્રત્યક્ષરાર્થવિચારપૂર્વકમુચ્યતે તિરૂપ્યત ઈત્યર્થઃ ।''
એજન-પૃ. ૨

સંદર્ભ નોંધઃ ૧૪૭ સરખાવો- ''બૃહત્વાદ બ્રહ્મં પુરુષોત્તમઃ તત્સંબંધસ્તસ્મિન્ દેહાત્મનોનિર્વેદનલક્ષણઃ તત્કરણાત્ ।''
એજન-પૃ.૮

સંદર્ભ નોંધઃ ૧૪૮ સરખાવો - ''સાક્ષાત્પુરુષોત્તમ સંબંધકરણં ।''- એજન - પૃ.૮

સંદર્ભ નોંધઃ૧૪૯ સરખાવો- ''આર્દા સંબંધ કરણં કન્યેવ સ્વયંવરે ।'' - એજન-પૃ.૨૬

સંદર્ભ નોંધઃ ૧૫૦ સરખાવો -''બ્રહ્મસંબંધો નામ સર્વસ્મિન્ ભગવત્સ્વામિકત્વરૂપઃ સંબંધઃ ।'' - એજન - પૃ. ૩૯

સંદર્ભ નોંધઃ ૧૫૧ સરખાવો - ''કુર્યાદિતિ પ્રમાદપાઠઃ ।'' - એજન - પૃ. ૯

૫. નવરત્ન ગ્રંથ પર ટીકા

ષોડશ ગ્રંથમાં નવરત્ન ગ્રંથનો ક્રમાંક છઠ્ઠો છે. કહે છે કે, શ્રીગોવિંદ દવે સાંસારિક બાબતોમાં ચિંતામગ્ન થઇ ગયા હતા અને તેનું નિવારણ કરવા તથા જીવન કેવી રીતે જીવવું જોઇએ તેનો ઉપદેશ કરવા શ્રીમદ્ વલ્લભાચાર્યે આ ગ્રંથની રચના કરી હતી. આ ગ્રંથનુ શીર્ષક "નવ રત્નો" એવું છે અને તેમાં ૯ શ્લોકોનું આલેખન થયું છે અને તેનું શીર્ષક વાસ્તવમાં સાર્થક છે, કારણ કે તેમાં આપેલો ઉપદેશ અત્યંત મૂલ્યવાન છે. ભકતે સંપૂર્ણ સમર્પણભાવે અને નિષ્કામભાવે જીવન કેવી રીતે જીવવું અને સર્વ ચિંતાઓને ભગવાનની લીલામાત્ર ગણવી એનો ઉપદેશ તેમાં આપેલ છે.

આજે[૧૫૨] નવરત્ન પર લખાયેલી પાંચ ટીકા ઉપલબ્ધ છે, પરંતુ તેમાંની એકપણ શ્રીગોકુલનાથજી લિખિત નથી. તે પૈકી એક ટીકાના લેખક શ્રીવલ્લભ છે પણ તે શ્રીગોકુલનાથજી નથી. સંપાદકોએ તદ્દન સાચું કહ્યું છે કે તે ટીકાઓ પૈકી એકપણ શ્રીગોકુલનાથજીની નથી, પણ કોઇ અન્ય વલ્લભે લખેલી છે. શ્રીવિઠ્ઠલનાથજીએ નવરત્ન પર પ્રકાશ લખેલ છે અને બીજી ચાર ટીકા ઉપટીકા છે.

અહીં પ્રશ્ન એવો થાય છે કે, શું શ્રીગોકુલનાથજીએ નવરત્ન પર કોઇ ટીકા લખી હતી કે નહીં ?

ગોપાલદાસ અને માધવદાસનાં વિધાનોને જોતાં એમ લાગે છે કે, શ્રીગોકુલનાથજીએ ટીકા કદાચિત લખી હતી.[૧૫૩] પરંતુ તે આજે ઉપલબ્ધ નથી. શ્રીવિઠ્ઠલનાથજી કૃત "પ્રકાશ"માં કેટલીક પંકિતઓ[૧૫૪] કાંઉસ કરીને લખાયેલી છે તે શ્રીગોકુલનાથજીએ ઉમેરેલી છે, પરંતુ પુરુષોત્તમજી અને વલ્લભજી (જેઓ ૧૮મી સદીમાં થઇ ગયા) તેમણે તેની નોંધ સુદ્ધાં લીધી નથી. આથી તે પંકિતના લેખન અંગે તેનો લેખક કોણ છે તે મુદ્દો વિવાદાસ્પદ બની રહે છે.

ગોપાલદાસ તેમના "તત્ત્વાર્થદોહન" માં નોંધે છે કે શ્રીગોકુલનાથજીએ તેમના અનુયાયીઓને નવરત્નના છઠ્ઠા શ્લોકનો ખરો અર્થ સમજાવ્યો હતો.[૧૫૫] શ્રીગોકુલનાથજીએ કહયું હતું કે, સુખ કે સ્વાથ્ય એ ભગદાનુભૂતિમાં અંતરાયરૂપ છે અને[૧૫૬] સાચા ભકતને માટે ઉપકારક નથી.

માધવદાસ લિખિત રસસિંધુમાં નવરત્ન અંગેના બે ઉલ્લેખો[૧૫૭] જોવા મળે છે. આ રચના માધવદાસ અને મોટાજી વચ્ચેના સંવાદરૂપે છે. મોટાજી શ્રીગોકુલનાથજીના અંતરંગ શિષ્ય હતા અને આ રચનામાં કહયું છે કે, મોટાજી શ્રીગોકુલનાથજીના વિચારોના પરમ શ્રદ્ધેય પ્રતિનિધિ હતા. નિવેદનનું અર્થઘટન જીવનું ભગવાન સાથેનું લગ્ન એવું કરવામાં આવ્યું છે અને તુલસી કે જેનો પુષ્ટિમાર્ગીય દીક્ષામાં ઉપયોગ કરાય છે તે એ વાતનું[૧૫૮] દ્યોતક

સંદર્ભ નોંધ : ૧૫૨ આ કૃતિ - રચનાનું સંપાદન સર્વશ્રી એમ.ટી. તેલીવાળા અને ડી. વી. સાંકળિયાએ કર્યું છે.

સંદર્ભ નોંધ : ૧૫૩ સરખાવો - "નવરત્નવિવરણંમાંહે વિશદ કર્યું ... નિવેદનનો પાઠ - શ્રી ગોકુલેશ - ધોળપદ-માધુરી -" પૃ. ૪૬૫. જુઓ-વળી "રસસિંધુ" (અપ્રકાશિત) પૃ. ૧૫ (ઓસીમોદીની હસ્તપ્રત)

સંદર્ભ નોંધ : ૧૫૪ જુઓ પૃ. ૪ અને ૨૦ નડિયાદ પ્રકાશન

સંદર્ભ નોંધ : ૧૫૫ જુઓ - અનુગ્રહ ગ્રંથભાગ-૧૪ મો ક્રમાંક - ૧૧-૧૨ પૃ. ૧૨૮

સંદર્ભ નોંધ : ૧૫૬ સરખાવો- "તે જેટલો સ્વાસ્થ્ય ઉપજે તેટલો સ્વરૂપ સાથે અંતરાય થાય : । સ્વપ્રમાંયે દર્શન આપીને સ્વાસ્થ્ય ન કરે । " - એજન - પૃ. ૪૨૮

સંદર્ભ નોંધ : ૧૫૭ જુઓ "રસસિંધુ" (બાલાસિનોરના ઓ.સી. મોદીની હસ્તપ્રત) પૃ. ૧૫ અને ૫૦

સંદર્ભ નોંધ : ૧૫૮ સરખાવો - "તુલસી તે વૃંદાનું સ્વરૂપ છે અને વૃંદા તે મહાપ્રતિવ્રતા છે । તે માટે શ્રીજી કહે છે જે વૃંદા જેહવી પતિવ્રતા છે - કેહેવિ છે, જે પુરુષ નામે ઝાડ હોય તેનું મુંહ જોયે નહિ. . . . . .એહેવા રહેશો તો શ્રીપુરુષોત્તમ સંબંધી સકલ સુખ પામશો, તુલસી દલનો એ ભાવ । " -એજન પૃ. ૧૫

છે કે તુલસી માધવપતિવ્રતા છે તેના જેમ જીવો જીવશે એવી અપેક્ષા તેમની પાસેથી રાખવામાં આવે છે. વળી, “નવ” એ શબ્દનો અર્થ વિવિધરૂપે કરવામાં આવ્યો છે. તે નવ પ્રકારની ભકિત હોવાનું દર્શાવે છે. તે લોકોમાં જાણીતી (શ્રવણ, કીર્તન વગેરે છે તે પ્રકારની નથી, પણ તે અન્ય પ્રકારની છે[૧૫૯] જેવી કે, રાજસી, તામસી, રાજસ સાત્ત્વિકી, રાજસરાજસી વગેરે.

સંભવિત છે કે, ગોપાલદાસ અને માધવદાસ એ બંન્નેએ શ્રીગોકુલનાથજીની ટીકામાંથી આ અવતરણો ટાંકયા હોય, વળી એ પણ સંભવિત છે કે, તેમણે શ્રીગોકુલનાથજીના કોઇ પ્રવચન - વચનામૃતમાંથી તે લખ્યાં હોય, તે ગમે તે હોય પણ એ બન્ને જણા તેમના ગુરુના એટલે કે શ્રીગોકુલનાથજીના દૃષ્ટિબિંદુને - વિચારોને વ્યકત કરે છે આપણે આ ઉલ્લેખમાંથી એવું જાણવા પામીએ છીએ કે, શ્રીગોકુલનાથજીએ પુષ્ટિમાર્ગ અનુસારના ભકિતના સાચા હાર્દને સર્વથા સ્પષ્ટ કરી દર્શાવ્યા છે[૧૬૦].

૬. અંતઃકરણપ્રબોધ ગ્રંથ પર ટીકા

અંતઃકરણ પ્રબોધ ગ્રંથ ષોડશ ગ્રંથો પૈકીનો એક ગ્રંથ છે અને સાતમા ક્રમાંકે આવે છે. તેમાં શ્લોકની સંખ્યા ૧૦ ૧/૨ ની છે અને તેનો છંદ અનુષ્ટુપ છે. આ ગ્રંથ-રચનાનો પ્રકાર અંતઃકરણને મનને સાવધાન કરે અને સ્તુતિ કરે એવા પ્રકારનો છે. આ ગ્રંથમાં શ્રીમદ્ વલ્લભાચાર્યને તેમના જીવનમાં ભગવાને કરેલી કેટલીક દિવ્ય આજ્ઞાનો ઉલ્લેખ જોવા મળે છે અને આ ગ્રંથ-રચના દ્વારા શ્રીમદ્ વલ્લભાચાર્ય અનુયાયીઓને ઠપકો આપતાં સાવધાન રહેવા કહે છે.

અંતઃકરણપ્રબોધ ગ્રંથ[૧૬૧] પર પાંચ ટીકા લખાયેલી ઉપલબ્ધ છે. તે શ્રીગોકુલનાથજી, રઘુનાથજી, હરિરાયજી, વ્રજરાયજી અને પુરુષોત્તમજી કૃત છે. તે બધી ટીકાનો આરંભ, ગ્રંથ-રચનાના હેતુને દર્શાવે છે. રઘુનાથજી કૃત ટીકા હંમેશની જેમ સાદી અને સરલ છે. તેમના કહેવા મુજબ, અંતઃકરણપ્રબોધ ગ્રંથમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય પોતાના મનને-અંતઃકરણને સાવધાન રહેવા કહે છે અને તે દ્વારા ભકતોને ઉપદેશ આપે છે. હરિરાયજીની ટીકા પદ્ય સ્વરૂપમાં લખાયેલી છે અને તે બહુધા શ્રીગોકુલનાથજીને અનુસરે છે. વ્રજરાયજી કહે છે કે, ગ્રંથ-રચનામાં શબ્દનો એકવચનમાં ઉપયોગ થયો છે તે પુષ્ટિમાર્ગમાં સર્વ વચ્ચેનું રહેલું એકત્વ દર્શાવે છે, પણ તે અર્થ ઘણો દૂરનો જણાય છે. તેઓ કહે છે કે, શ્રીમદ્ વલ્લભાચાર્યે ૧૧ શ્લોક લખ્યા હતા (જે વાસ્તવમાં ૧૦૧/૨ શ્લોક) છે અને તેનો ઉદ્દેશ અગિયાર ઇન્દ્રિયોને ઉપદેશ આપવાનો છે. પુરુષોત્તમજી આ ગ્રંથ-રચનાને સર્વોત્તમસ્તોત્ર અને નવરત્ન સાથે સાંકળે છે અને કહે છે કે, તેના દ્વારા તેઓશ્રી પોતાના મનને અંતઃકરણને ઠપકો નથી આપતા, સાવધાન રહેવા નથી કહેતા, પરંતુ પોતાના સર્વ અનુયાયી-ભકતોને સાવધાન રહેવા કહે છે.

ટીકાનો પ્રારંભ કરતાં, શ્રીગોકુલનાથજી પોતાની ટીકામાં પોતાના પિતાજી અને પિતામહને નમસ્કાર કરે છે અને પછી શ્રીમદ્ વલ્લભાચાર્યના પ્રાગટયના હેતુનું નિરૂપણ કરે છે. ભગવાને આપશ્રીનું અવતરણ કર્યું હતું.

સંદર્ભ નોંધઃ ૧૫૯ એજન - પૃ. ૫૦

સંદર્ભ નોંધઃ ૧૬૦ નવરત્ન પરની બે ટીકાઓની હસ્તપ્રતો (ગુજરાતી વિભાગના ક્રમાંક : ૯૮૪ અને ગુજરાતી -હિંદી વિભાગના ક્રમાંક : ૧૪૬૬) અમદાવાદની ગુજરાત વિદ્યાસભામાં છે. તે હિંદીમાં લખાયેલી છે અને બન્ને અપૂર્ણ છે. તેમના લેખકોનો ઉલ્લેખ જોવા મળતો નથી. તેમાં નવપ્રકારની ભકિતનો ઉલ્લેખ થયો છે પણ તે અધૂરો છે અને તેથી તેની રસસિંધુ સાથે તુલના થઇ શકે નહિ અને વળી તેના લેખકોનાં નામ પણ નથી.

સંદર્ભ નોંધઃ ૧૬૧ આનુ સંપાદન અને પ્રકાશન શ્રી સી. એચ. શાસ્ત્રીએ વિ.સં. ૧૯૮૧માં ઉપલબ્ધ પાંચ ટીકા સહિત કર્યું છે.

શ્રીગોકુલનાથજી કહે છે કે, ભગવાને શ્રીમદ્ ભાગવતનો સાચો અર્થ દૈવી જીવોને શીખવવા આપશ્રીને આજ્ઞા કરી હતી. તદનુસાર શ્રીમદ્ વલ્લભાચાર્યે ભાગવત પર સુબોધિની નામક ટીકા લખવાનો પ્રારંભ કર્યો હતો, પરંતુ તે પૂર્ણ થાય તે પહેલાં, ભગવાને આપશ્રીને દશમ સ્કંધ પર લખવાની અને પછી નિજધામમાં પરત આવવાની આજ્ઞા કરી હતી. દરમિયાનમાં, શ્રીમદ્ વલ્લભાચાર્યે ભાગવતના પ્રથમ ત્રણ સ્કંધો પર ટીકા લખી હતી અને ઉપરોક્ત આજ્ઞાનુસાર ભાગવતના બીજા સ્કંધોને બાજુએ રાખી દશમ સ્કંધ પર ટીકા લખવી શરૂ કરી હતી. જયારે દશમ સ્કંધની ટીકા સંપૂર્ણ થઇ ત્યારે આપશ્રીને ભગવાને નિજધામમાં પરત આવવાની બીજીવાર આજ્ઞા કરી હતી. તે સમયે શ્રીમદ્ વલ્લભાચાર્યે વિચાર્યું કે, તેમના પ્રાગટયનો હેતુ સુપેરે સિદ્ધ થયો નથી અને આપશ્રીએ ભગવાનની બીજી વારની આજ્ઞા માની નહિ અને તેથી ભગવાને રોષ વ્યક્ત કરવા છતાં ત્રીજીવાર કૃપારૂપે આજ્ઞા કરી હતી.[૧૬૨] તે સમયે શ્રીગોકુલનાથજી કહે છે કે, શ્રીમદ્ વલ્લભાચાર્યે અંતઃકરણપ્રબોધ ગ્રંથની રચના નિજના અંતરને સાવધાન થઇ શુદ્ધ કરવા માટે કરી હતી અને ભગવાનની આજ્ઞાનું અનુસરણ કર્યું હતું. ઘરૂ વાર્તા પણ કહે છે કે અંતઃકરણપ્રબોધ ગ્રંથની રચના શ્રીમદ્ વલ્લભાચાર્યે સંન્યાસ ગ્રહણ કર્યા પછી કરી હતી.[૧૬૩]

આ ગ્રંથ-રચનામાં દૈવી-આજ્ઞા કે આદેશોના સંબંધમાં કેટલાક લોકોને તે અર્થહીન અને બુદ્ધિગમ્ય લાગે નહીં. પરંતુ ધર્મ અને તત્ત્વજ્ઞાનની બાબતમાં આપણે એ યાદ રાખવું ઘટે કે આધ્યાત્મિક અનુભવોની બાબતે બુદ્ધિનું સ્થાન ગૌણ બની રહે છે. અર્વાચીન પરિભાષામાં એમ કહી શકાય કે, દૈવી-આજ્ઞા એ આત્માના અગમ્ય અવાજની સમાન છે.

શ્રીગોકુલનાથજી વિવિધ શબ્દોના અર્થ કહે છે જેમાં "તુ" જેવા નાના શબ્દનો પણ સમાવેશ થાય છે. આપશ્રીએ "દૈવમ્" એ શબ્દની વ્યુત્પત્તિ અનુસાર થતા ૧૦ જેટલા અર્થ સર્વથા સાચી રીતે કહી બતાવ્યા છે. આપશ્રી સ્પષ્ટતા કરતાં કહે છે કે, જયારે જીવ ભગવાનને સમર્પિત થાય છે ત્યારે ભગવાન તેને શરણે લઇ સ્વીકારે છે અને તેથી જીવે અંતિમ ફળની પ્રાપ્તિની ચિંતા સહિતની કોઇ જ ચિંતા કરવી જોઇએ નહીં.

શ્રીગોકુલનાથજી દેહત્યાગના પ્રશ્નની ચર્ચા કરે છે. સામાન્ય રીતે, દેહત્યાગ કરવો એને પાપ ગણવામાં આવે છે, પરંતુ તે જો દૈવી-આજ્ઞાને અનુસરીને કરવામાં આવે તો એ પાપ નથી.[૧૬૪]

પ્રથમ બે આજ્ઞાના અનાદર બાબતમાં આપશ્રી કહે છે કે, ચિંતા કે પશ્ચાત્તાપ કરવાનું કોઇ કારણ રહેતું નથી, કારણ કે ફલપ્રાપ્તિમાં થયેલો વિલંબ એજ તેની સજા છે. અહીં શ્રી ગોકુલનાથજી અંતિમફલ વિશે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. આપશ્રી કહે છે કે, જો શ્રીમદ્ વલ્લભાચાર્યે ભાગવત પરની ટીકા લખવાનું સંપૂર્ણ કાર્ય કર્યું હોત તો તે એક મહાન ભૌતિક સિદ્ધિ બની રહેત, કિંતુ અંતિમફળની તત્કાળ પ્રાપ્તિ તે બની રહેત નહીં. શુદ્ધાદ્વૈત મતાનુસાર મોક્ષ એ કંઇ અંતિમફલ નથી. આપશ્રીના કહેવા મુજબ તો કોઇપણ કાર્ય કરતી વખતે દરેક વૈષ્ણવ-ભક્તે એમ વિચારવું કે તે કાર્ય અંતિમફલની પ્રાપ્તિમાં અંતરાયરૂપ બનશે નહીં.

છેલ્લી બે પંક્તિઓની ટીકામાં આપશ્રી સ્પષ્ટતા કરતાં કહે છે કે, "કૃષ્ણ" શબ્દનો જે વિનિયોગ કરાયો છે તે "લીલારસ" ને દર્શાવે છે અને "દાસ" શબ્દનો જે વિનિયોગ કરાયો છે તે "દાસ્ય" દર્શાવે છે જે વિશુદ્ધ પુષ્ટિમાર્ગનું ફલ છે.[૧૬૫] "વલ્લભ" શબ્દનો અર્થ બે પ્રકારે સમજાવે છે (વિશેષ વ્યક્તિવાચક નામ અને ભગવાનને વહાલો) અને "વચસ્" નો અર્થ કરે છે "આપ્તવાક્ય".

સંદર્ભ નોંધ: ૧૬૨ સરખાવો - "દતામાજ્ઞામપિ અન્યથા કૃત્વા અતિકૃપારોષપૂર્વક પુનઃ સ્વનિકટાગમનાર્થ તૃતીયાજ્ઞાં દત્તવાન્ ।" - એજન -પૃ. ૨

સંદર્ભ નોંધ: ૧૬૩ જુઓ વાર્તા ક્રમાંક ૧૧, પૃ. ૧૨૫ (નિત્ય વાર્તા, ઘરુવાર્તા વગેરે - સંપાદક - લલ્લુભાઇ સી. દેસાઇ).

સંદર્ભ નોંધ: ૧૬૪ સરખાવો- "દેહત્યાગ વિષયે સર્વાત્મના પ્રભુ સંતોષાભાવાદ્ વિલંબનં ન કાર્યઃ । અંતકરણ -બોધગ્રંથ પૃ-૭-સંપાદકઃ સી.એચ.શાસ્ત્રી"

સંદર્ભ નોંધ: ૧૬૫ સરખાવો - "શ્રીકૃષ્ણદાસસ્ય શ્રીકૃષ્ણપદેન ભકતસહિતલીલારસાવિષ્ટત્યં જ્ઞાપિતં, તદ્વાસત્યેન શુદ્ધપુષ્ટિમાર્ગીય ફલરૂપદાસ્યં પ્રાપ્તસ્ય. . . .વગેરે "-એજન- પૃ.૭

પુરુષોત્તમજી શ્રીગોકુલનાથજીની તેમના લખેલા આ શબ્દો[૧૬૬] "દર્શયન્ સ્વાસ્થ્ય સૌભાગ્યં સ્ત્રીયાનાં ભક્તિવર્ત્મ ચ"ના સંબંધમાં ટીકા કરે છે, કારણ કે શ્રીમદ્ વલ્લભાચાર્યે "સ્વસૌભાગ્ય" એવો શબ્દ સુબોધિનીજીમાં લખ્યો છે.[૧૬૭] પરંતુ તેમની આ ટીકા વજુદવાળી જણાતી નથી. શ્લોક ૫ અને ૭ પરત્વે પુરુષોત્તમજી એક વધારાની નોંધ ઉમેરે છે જે સ્વતંત્ર પ્રકારની છે. તેમાં તેઓ કહે છે કે, ભગવાને શ્રીમદ્ વલ્લભચાર્યને જે પ્રથમ બે આજ્ઞા કરેલી તે પૈકી પહેલી આજ્ઞા હતી પૃથ્વી પર અવતરવાની અને બીજી આજ્ઞા હતી શ્રીમદ્ ભાગવતના રહસ્યનો બોધ કરવાની. બીજી જે આજ્ઞા કરી હતી તે "ગંગાસાગરસંગમ" પરની હતી અને ત્રીજી આજ્ઞા જે કરી હતી તે "મધુવન" ખાતે કરી હતી. છેલ્લી બે આજ્ઞા ભકતો પ્રત્યેના આપશ્રીના કારુણ્યની કસોટી કરવા માટે હતી. આ કારણે પુરુષોત્તમજી કહે છે કે, ભગવાનની પ્રથમની બે આજ્ઞા શ્રીમદ્ વલ્લભાચાર્યે માની નહોતી. ગ્રંથ-રચનાને જોતાં પુરુષોત્તમજીનું આ અર્થઘટન અનાવશ્યક જણાય છે બલકે શ્રીગોકુલનાથજીએ આ ગ્રંથ-રચનાનું વધારે વિશ્વસનીય એવું અર્થઘટન કર્યું છે અને કારણ કે સમય-કાળની દૃષ્ટિએ જોતાં શ્રીમદ્ વલ્લભાચાર્યની તેઓ વધુ નજીક હતા તેથી આ ગ્રંથ-રચનાના ખરેખરા અર્થનું શ્રવણ પોતાના પિતાજી કે પિતામહ શ્રીમદ્ વલ્લભના અંતરંગ શિષ્યો પાસેથી કર્યું હોય એ સર્વથા સંભવિત છે. કેટલાક અંશે ગૂઢ એટલે કે રહસ્યમય જણાતો એવો આ શ્રીમદ્ વલ્લભાચાર્ય લિખિત અંતઃકરણપ્રબોધ ગ્રંથ-તેના પરની શ્રીગોકુલનાથજીની લિખિત આ ટીકા જ તેને સમજવામાં સહાયકર્તા છે.

૭. કૃષ્ણાશ્રય પરની ટીકા

શ્રીમદ્ વલ્લભાચાર્યે લખેલા ષોડશ ગ્રંથમાં કૃષ્ણાશ્રયનો ક્રમ લ્મો છે. તેમાં ૧૧ શ્લોક છે અને કૃષ્ણ જ એકમાત્ર જીવોના આશ્રય છે એવો બોધ-ઉપદેશ કરે છે. આ ગ્રંથની છ ટીકાઓ ઉપલબ્ધ છે.[૧૬૮] પરંતુ તમાંની એકપણ ટીકા શ્રીગોકુલનાથજી લિખિત જોવા મળતી નથી. આ ઉપલબ્ધ ટીકાઓમાં કલ્યાણરાયજી અને એક અનામી લેખકની ટીકા મહત્ત્વની છે.

કાંકરોલીના વિદ્યા વિભાગમાં બે હસ્તપ્રતો છે તે વ્રજભાષામાં લખાયેલી આપણને જોવા મળે છે. ઉકત હસ્તપ્રતોનું સંસ્કૃત ટીકાનું ભાષાંતર છે કે કેમ એ અંગે કંઇ લખાણ તેમાં જોવા મળતું નથી. હસ્તપ્રત ક્રમાંક : ૮૯ /૧૬ (હિંદી વિભાગ)ના અંતિમ ચરણમાં નીચે મુજબ લખેલું છે :

"ઇતિ શ્રી વલ્લભાચાર્ય વિરચિતં કૃષ્ણાશ્રયગ્રંથ તાકિ ટીકા શ્રીગોકુલનાથજી કૃત ભાષામેં સંપૂર્ણ ।"[૧૬૯]

અન્ય ટીકાની હસ્તપ્રત (હિંદી વિભાગ ક્રમાંક ૯૦ / ૨) માં તેના લેખકનું નામ જોવા મળતું નથી. ત્રીજી હસ્તપ્રત ટીકાની મેં ખેડા જિલ્લાના કપડવંજમાં જોઇ છે.[૧૭૦] તે ઉપરોકત ટીકાઓ જેવી જ છે, સિવાય કે તેમાં અહીં કે ત્યાં થોડા તફાવત જોવા મળે છે. આ બધી ટીકામાં ન તો શ્રીમદ્ વલ્લભાચાર્ય કે ન તો શ્રીવિઠ્ઠલનાથજીને નમસ્કારાદિ શબ્દો લખેલા જોવા મળે છે તેમ જ લેખકનું નામ પણ લખેલું નથી અને તે લખ્યાની સાલ પણ દર્શાવી નથી. ટીકાનો પ્રારંભ એકદમ સીધો થયેલો છે અને તેનો હેતુ દર્શાવવામાં આવ્યો છે. ઉપરોકત હસ્તપ્રતો પૈકી પ્રથમની અંતિમ પંકિત જે પ્રકારે લેખકે લખી છે (જેમા વચનામૃતની જેમ ઉદાહરણો આપેલાં આપણને જોવા મળે છે) તેના આધારે મેં તે ટીકા શ્રીગોકુલનાથજી લિખિત છે એવું તારણ કાઢયું છે.

---

[૧૬૬] સંદર્ભ નોંધઃ ૧૬૬ એજન - પૃ. ૧

[૧૬૭] સંદર્ભ નોંધઃ ૧૬૭ સરખાવો - "સૌભાગ્યપ્રદર્શનસ્ય સુબોધિન્વારંભ. . . .શ્લોકનૈવ કૃત્વાત્. . . પ્રકૃતાનુપયોગત્વાત્ ।" - એજન- પૃ. ૨૭

[૧૬૮] સંદર્ભ નોંધઃ ૧૬૮ છ ટીકાઓ સાથે શ્રી હરિશંકર શર્મા - શાસ્ત્રી દ્વારા આ સંપાદિત અને પ્રકાશિત થયેલી છે. વિક્રમ સંવત - ૧૯૮૩.

[૧૬૯] સંદર્ભ નોંધઃ ૧૬૯ આ ટીકાની હસ્તપ્રતના પાન ક્રમાંક - ૧૫૦ થી ૧૬૭ છે અને તેનું કદ ૧૪½" X ૮" એવું છે.

[૧૭૦] સંદર્ભ નોંધઃ ૧૭૦ આ ટીકાની હસ્તપ્રત શ્રી સી. એમ. વૈદ્ય પાસે છે અને ટીકા પૃ. ૩૫૩ થી ૩૬૫ જોવા મળે છે.

આ ટીકા કહે છે કે, મોક્ષપ્રાપ્તિના જુદા જુદા માર્ગો છે, જેવા કે કર્મ, જ્ઞાન અને ઉપાસના. કલિયુગમાં કાળ અને સ્થળો દૂષિત થયેલા છે એટલે આ માર્ગો નિરર્થક બન્યા છે અને તેના દ્વારા મનુષ્યોને મોક્ષપ્રાપ્તિ સર્વથા થઇ શકે તેમ નથી. આથી, શ્રીગોર્વધનનાથજીએ જ સમર્પણ માર્ગ શ્રીમદ્ વલ્લભાચાર્યને કહયો હતો. આ સંદર્ભમાં ભાગવતનાં વચનો ટાંકતા, ટીકાકાર કહે છે કે, કલિયુગમાં મોક્ષપ્રાપ્તિનાં સાધનો કષ્ટદાયક બન્યાં છે, પરંતુ કલિયુગમાં એક વસ્તુ સારી એ છે કે થોડાંક સાધન દ્વારા મોટું ફલ પ્રાપ્ત થાય છે.[૧૭૧] જે મનુષ્ય પોતાને સંપૂર્ણપણે ભગવાનને સમર્પણ કરી દે છે તેને તેડવાને ઊંઘમાં પણ યમદૂતો આવતા નથી એવું ભારપૂર્વક કહયું છે. ૬ઠ્ઠા શ્લોકની ટીકામાં કહયું છે કે, દશમ ઉપરાંતની એકાદશી કરવી જોઇએ નહિ અને તે કરવામાં આવે તો વૈષ્ણવ-ભકત દોષ કરે છે.[૧૭૨] (આ જ વસ્તુ એકાદશી નિર્ણયમાં કહી છે[૧૭૩-અ] અને ભવિષ્યોત્તર પુરાણ અને પદ્મપુરાણને પ્રમાણ તરીકે ટાંકવામાં આવ્યાં છે.

જે કેટલાક મુદ્દાઓ પર ટીકાકારે ભારપૂર્વક કહયું છે તે નોંધપાત્ર છે. પ્રથમ તો તીર્થોનાં પવિત્ર સ્થળો દૂષિત થયાં હોવાથી, જે તે તીર્થના અધિષ્ઠાતા દેવો તેમાં નિવાસ કરતા નથી અને તેથી તેમનું દૈવત ચાલી ગયું હોવાથી તીર્થ ફલદાયક રહયાં નથી. આથી કલિયુગમાં તીર્થોને ભગવદીયો પાવન કરે છે અને તેથી ઊલટું તીર્થો ભગવદીયોને પાવન કરતાં નથી. ભગવાનના ભકતોને આથી સર્વોચ્ચ અને સર્વોત્તમ ગણવામાં આવે છે. બીજું કહે છે કે, ભગવાન કૃષ્ણ જયારે પણ પ્રસન્ન થાય છે ત્યારે ભૌતિક ફલ આપતા નથી, પરંતુ દિવ્ય ફલ આપે છે. આનું ઉદાહરણ ધ્રુવનું આપવામાં આવે છે. ત્રીજું , એમ કહે છે કે, બીજા દેવોની પૂજા-અર્ચનમાં ભકત દ્વારા જો કોઇ દોષ થઇ જાય તો તેનાં પરિણામો માઠાં આવે છે, જયારે કૃષ્ણ તો ભકતોના અને તેમની પૂજા-અર્ચનામાં જો કોઇ દોષ કરે તે કદાપિ ધ્યાને લેતા નથી.[૧૭૩-બ]

ચોથું, ટીકામાં કહયું છે કે, વેદો અને પુરાણો મનુષ્યને મોક્ષ આપે છે, જયારે કૃષ્ણ તો પરબ્રહ્મ પરમાત્મા છે અને તેઓ પક્ષીઓ અને પશુઓને પણ મોક્ષ આપે છે. આ મુદ્દે, ગજેન્દ્રમોક્ષ અને જટાયુમોક્ષનાં ઉદાહરણો રૂપે છે. ટીકા કહે છે કે, વૈષ્ણવે આ લોક કે પરલોકમાં ફલની પ્રાપ્તિ થાય તે માટે પ્રાર્થના કરવી જોઇએ નહીં.[૧૭૪-અ]

ઉપરોકત મુદ્દાઓને ધ્યાને લેતાં આ ટીકા શ્રીગોકુલનાથજીની જ લખેલી છે એવું તારણ કાઢીએ કારણ કે તેમના જેવા જ વિચારો તેમાં જોવા મળે છે, પરંતુ તેથી કંઇ આપણે ઉપસ્થિત થયેલ પ્રશ્નના આખરી પ્રમાણ તરીકે તેને સ્વીકારી શકીએ નહીં.[૧૭૪-બ]

સંદર્ભ નોંધ: ૧૭૧ સરખાવો - "તાતે કલિયુગ મેં બડો ગુણ હૈ જો થોડે સાધન સે બહૂત ફલ હોતા હૈ। " - એજન પૃ. ૩૫૪

સંદર્ભ નોંધ: ૧૭૨ સરખાવો - "વહ દશમીવેધ એકાદશી મહાપાપરૂપ હૈ। " - એજન - પૃ. ૩૫૯.

સંદર્ભ નોંધ: ૧૭૩(અ) જુઓ પ્રકરણ - ૩ (ઇ).

સંદર્ભ નોંધ: ૧૭૩(બ) સરખાવો - "ઔર દેવતાનકે ભજન કરત મેં જો યા જીવકી ચૂકિ પરતિ હૈ તબ તાકો ભજન કીયો સબ વૃથા હી હોઇ જાત હૈ ઔર ઉલટો ભજનકરિદેવારે કો વહ દેવતા બુરોઇ કરત હૈ ।ઓર શ્રી કૃષ્ણકે ભજન કરત મેં જો જીવ કો ચુકિ પરતિ હૈ સો શ્રીકૃષ્ણજી સો બાકે સબ દોષન કો નિવારણ કરતે હૈં । " - કાંકરોલીની હસ્તપ્રત ક્રમાંક : ૮૯/૧૬, પૃ. ૧૬૩

સંદર્ભ નોંધ: ૧૭૪(અ) સરખાવો - "જો વૈષ્ણવભકિતમાર્ગમેં આએ કો શ્રી ભગવાન કો ભજન કરે પરી લૌકિક અલૌકિક ફલ હૈ તામેં એકકું ફલ કો શ્રી ભગવાન સો પ્રાર્થના કરનો નહીં ।" - કપડવંજ - હસ્તપ્રત -પૃ. ૩૬૨

સંદર્ભ નોંધ: ૧૭૪(બ) શ્રીગોકુલનાથજીએ કૃષ્ણાશ્રય પર ટીકા લખેલી એ વસ્તુનું વચનામૃતમાં કરાયેલ વિધાન સમર્થન કરે છે - જુઓ એમ. વી. ગાંધીની વચનામૃત પરનું નોંધ-પુસ્તક (ક્રમાંક ૪) પ્રસરિગા ક્રમાંક - ૨૨૫ "ત્યારે શ્રીજીને ભટ્ટ સંચાલિત સહ કૃષ્ણાશ્રયની ટીકા લખાવી " -

આ ટીકા શ્રીમદ્ ભાગવત અને ગીતામાંથી વ્યાપક પ્રમાણમાં અવતરણો ટાંકે છે અને પદ્મપુરાણ, ભવિષ્યોત્તર પુરાણ, યાજ્ઞવલ્કય સ્મૃતિ, નારદ પંચરાત્ર, ગોતનીતંત્રમાંના ઉલ્લેખો - સંદર્ભો ટાંકે છે.

આ ટીકા તદ્દન સરળ અને સાદી છે. એક શ્લોકની બીજા શ્લોક સાથેની સંગતિ - સંબંધને સુપેરે કહે છે. તેની લેખન-શૈલી આકર્ષક છે અને તેનું વાંચન આનંદદાયક છે. મનને દૃઢતા પ્રાપ્ત કરવામાં અને આ ટીકા-ગ્રંથનો જે હેતુ છે તે કૃષ્ણાશ્રયની પ્રાપ્તિની ભાવના સિદ્ધ થાય તે સારુ, આ ટીકા પર્યાપ્ત ક્ષમતા ધરાવે છે.

૮. ચતુઃ શ્લોકી પર ટીકા

ષોડશ ગ્રંથ પૈકી ચતુઃશ્લોકી ટીકાનો ક્રમાંક ૧૬મો આવે છે. તેમાં લખેલા શ્લોકની સંખ્યા માત્ર ચાર છે અને તે આપણને કહે છે કે, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ જીવનમાં ચાર કયા કયા પુરુષાર્થો સિદ્ધ કરવા જોઇએ.[૧૭૫] આ ગ્રંથ પર સાત ટીકાઓ થઇ છે.[૧૭૬] તે પૈકી છ ટીકા વ્રજરાયજી, શ્રીગોકુલનાથજી, મથુરાનાથજી, ભટ્ટ કૃષ્ણારાયની તથા ચતુઃશ્લોકી ગ્રંથના માત્ર પ્રથમ શ્લોકની જેમણે લખી છે તે નાથાભટ્ટની છે તથા દ્વારકેશની એમ મળીને કુલ છ ટીકા થાય છે અને સાતમી ટીકા છે જે માત્ર સ્પષ્ટીકરણરૂપે છે તે જે નોંધપાત્ર નથી તે એક અનામી લેખકની છે.

આ ટીકાઓમાં વ્રજરાયજી અને મથુરાનાથજીની ટીકા વિગતસભર છે અને વિષયનું સુપેરે નિરૂપણ કરે છે. તેમાંની મથુરાનાથજીની ટીકા પર શ્રીગોકુલનાથજીનો પ્રભાવ પડેલો જોવા મળે છે અને તેમાં શ્રીગોકુલનાથજી લિખિત વલ્લભાષ્ટકની ટીકાનો ઉલ્લેખ એક સ્થળે થયેલો જોવા મળે છે.

મથુરાનાથજીએ શ્લોક ૧ની ટીકાનું પ્રથમ વાકય લખ્યું છે તે, શ્રીગોકુલનાથજીની "બડી ટીકા" માં પણ જોવા મળે છે.[૧૭૭] તેઓ પ્રત્યેક શબ્દની સમજૂતી આપે છે અને તેના સમર્થનમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય અને વિઠ્ઠલનાથજીનાં લખાણોમાંથી પ્રમાણ ટાંકે છે, તેઓ જ એક એવા લેખક છે જેઓ ત્રીજા શ્લોકમાંના "અપર" શબ્દને "અપરૈ" વાંચવાની વાતને સ્વીકારે છે. શ્રીનાથભટ્ટ આ ગ્રંથ પરની તેમની લખેલી ટીકામાં કહે છે કે, બધા જ શાસ્ત્રો-પુરાણો પરના થયેલા વાદ-વિવાદો અંગેનો અંતિમ નિર્ણય શ્રીમદ્ વલ્લભાચાર્યે આ ગ્રંથમાં લખ્યો છે[૧૭૮]. "સાકાર" અને "નિરાકાર" ના પ્રશ્નની પણ તેમણે ચર્ચા કરી છે.

શ્રીગોકુલનાથજીની ટીકા સંક્ષિપ્ત અને સરળ છે તેમાં નોંધપાત્ર એવું કંઇ જ નથી. હંમેશની રીતે, તેમણે વિવિધ પ્રમાણો ટાંકયાં છે અને ગ્રંથમાં વ્યકત થતા ઉદ્દેશને સમર્થિત કર્યો છે, "સર્વભાવ" ને "સર્વાત્માભાવ" તરીકે તેમણે સમજાવ્યો છે.[૧૭૯] અને ત્યારબાદ તેમણે લખ્યું છે તે પ્રમાણે, દૈવીજીવો દ્વારા તેનો વિકાસ સાધવાનો રહે છે, સર્વોત્તમસ્તોત્ર પરની દીર્ઘ ટીકામાં[૧૮૦] બડી ટીકામાં તેમણે "ચતુઃશ્લોકી" ના પ્રથમ શ્લોકની પણ સમજૂતી આપી છે. આ લખાણમાં શબ્દો જુદા છે પણ તેનો અર્થ તો એવો જ છે.

સંદર્ભ નોંધઃ ૧૭૫ આવું જ લખાણ જરા જુદી રીતે પણ ચોકકસપણે નીચે દર્શાવેલ શ્લોક કે જે શ્રીમદ્ વલ્લભે લખેલ કહેવાય છે તેના પર એટલે વૃત્રાસુર - ચતુઃ શ્લોકી પર વિઠ્ઠલનાથજી દ્વારા લખાયેલી ટીકામાં જોવા મળે છેઃ-
"પુષ્ટિમાર્ગે હરેર્દાસ્યં ધર્મોર્થો હરિરેવ હિ । કામો હરેર્દિદક્ષૈવ મોક્ષઃ કૃષ્ણાસ્ય ચેદ્ ધ્રુવમ્ ॥" -
વૃત્રાસુર ચતુશ્લોકી વિવૃતિ-સંપાદક સી.એચ. શાસ્ત્રી, એચ. વી. શાસ્ત્રી

સંદર્ભ નોંધઃ ૧૭૬ આ ટીકાનું સંપાદન સર્વશ્રી સી. એચ. શાસ્ત્રી અને એચ. વી. શાસ્ત્રીએ છ ટીકાની સાથેનાં સંપાદન સાથે કર્યું છે.

સંદર્ભ નોંધઃ ૧૭૭ "સાવધાનતયા. . . . . અન્વયઃ" જે ઉકત ગ્રંથમાં છે તે અક્ષરંશઃ "બડી ટીકા" માં જોવા મળે છે.
પોરબંદરની હસ્તપ્રત - પૃ-૧૯૧

સંદર્ભ નોંધઃ ૧૭૮ "શ્રીવલ્લભાચાર્યચરણાઃ.... સમાસત.... સર્વશાસ્ત્રાર્થ નિરૂપયન્તિ ।" એજન- પૃ. ૩૩

સંદર્ભ નોંધઃ ૧૭૯ એજન-પૃ. ૧૦

સંદર્ભ નોંધઃ ૧૮૦ પોરબંદર હસ્તપ્રત